પ્રકરણ ૫ મું] વિનાશીની વામા



પ્રકાશક—શા. હરીલાલ અને પ્રાણલાલ

સ્ટેશન રોડ, સુરત.

આર્ટિસ્ટ શ્રીયુત તુલસીદાસ ઠાકોર

"ચુપ રહે ચંડાળ નારી ! હું પણ પ્રાર્થના કરૂં છું વિસર્જન નહિ"
એના બનાવે કહ્યું અને તે નીચ રાક્ષસી ચેષ્ટા કરવામાં પ્રવૃત્ત થઈ.

ફકત રૂપીયા ૧૦૦માં એક સારી (નમુનેદાર લાયબ્રેરી) તમારા ગૃહમાં વસાવો.

નીચે જણાવેલા પુસ્તકોમાથી ૧૦૦ સો રૂપીયાના પુસ્તકો મગાવનારને રૂા ૪૦) ચાળીસ રૂપીયાના પુસ્તકો અમારી પસંદગીના ભેટ આપીશુ કોઇપણ એક પુસ્તક મગાવનારને બાર આનાનુ એક પુસ્તક ભેટ મળશે આજેજ મગાવી લાભ લ્યો.

મૃગલોચની ભાગ ૧થી૧૦ રૂા ૨૧)
કામરૂ દેશની કુંટીલ કામીની (સચીત્ર) ૨)
પ્રમાદ ધનની પ્રભુતા „ ૪)
નવ દંપતીને શીખામણ ૨)
રતીશાસ્ત્ર કોકશાસ્ત્ર „ ૩।।
મણીકાન્ત કાવ્યમાળા „ ૪)
કલાપીનો કેકારવ „ ૪)
હીંદુસ્તાનનો વૈદ્યરાજ ૫)
ઝેરી જમાનો ૧થી૫ „ ૧૧)
કાળરાત્રીનુ ખુની ખંજર ૧-૨ „ ૬)
તરૂણ તપસ્વીની ૧-૨ „ ૭।।
બહાદુર બાળા ૩)
જુંમી જાલીમ „ ૩)
પુષ્પલતા કંટકમા ગુલાબ „ ૩)

સૈનિકની સુંદરી ૪)
શ્રીમતી વીજયા ૩)
વીલક્ષણ વેર ૨)
દુર્ગાદામ રાઠોડ ૧।।।
ચમ્ચ અને નુદપી ૨)
ચુડેલના ચમત્કાર ૩)
વેર વસુલ ૧-૪ ૧૭)
આશ્ચાનો ખજાનો ૨)
શેર લોક હોમ્સના પરાક્રમો ૭)
ભયંકર ભેદ ૨।।
દુર્ભાગી દારા ૭।।
સ્નેહ લગ્નની નૃદર્ગ ૨।
અનંગ મોહીની ૩।।
બસરીબાળા ૩)
અડંગ ઉઠાવગીર ૧-૨ ૪)

ખીશોરનો ખુચ	૨)
વીશ્વમોહીની ૧–૮	૧૬)
વીશ્વલીલા	૨)
અંધકારપર પ્રકાશ	૭)
અબળાની આત્મકથા	૨॥
પેશ્વાઈની પડતી	૭)
પાણીપતનુ યુદ્ધ	૩)
પલાસીનુ યુદ્ધ	૩)
ઓખા મંડળના શુરવીર વાઘેરો	૧)
બે ભેદી ભયંકર ડીટેક્ટીવ	૧)
પાકશાસ્ત્ર	૩)
રસદાયક રત્નનીધી	૨।
વીનાશીની વામા	૩)
બાદશાહ બાબર (જુની)	૨)
શીવાજીનો વાઘનખ	૧)
હળદીઘાટ	૧)
રજીયાબેગમ	૧)

વાંચવા લાયક અંગ્રેજી તથા પારસી સંસારી નોવેલો

નેકખમતત નરગીસ	૪)
દુખી દાદીબા	૧)
દેલજંગ દલેર	૩)
ચમત્કારીક ગુફા ૧–૨	૫)
દાદીશેઠનો દીકરો	૨॥
નખોદાબાદ	૪)
તોખમની તકોબરી	૨)
ચુમીની મહોકાણુ (જુની)	૪)
ટોચકા સંગ્રહ	૭)
કર ને જો	૨)
સપલની સુના	૧॥
બોસ્તાનનુ બુલબુલ	૪)
ગમગીન ગુલા	૧॥
સૌંદર્ય વીજય ૧ થી ૫	૧૨॥
પાતાળની પ્રેમદા	૧।
ભાઈ કે કસાઇ (જુની)	૧॥
રતનયોજનું રંખાણુ („)	૨)
તડકામા એક વાદળી („)	૩)
રાજાના મહેલમા	૨॥
કાળો નાગ	૨॥
બાપના શ્રાપ	૨॥
કુમી કલાટ	૭)
સત્તરમી સદીનુ ફ્રાન્સ	૨)
ગામડેની ભીખી	૪)

અઢી રૂપીઆમાં બારસો પાનાનું વાંચન.

સ્થપાયુ] સાહિત્ય કુંજ ગ્રંથમાળા. [ઈ. સ. ૧૯૨૦ સવંત ૧૯૭૭

આશ્રમ-નડીઆદ.

ઉદ્દેશ.

જુદી જુદી કોમો વચ્ચે એકતાનો પ્રચાર કરવા તેમજ મજબુત કરવા બધી કોમને એક સરખી રીતે ઉપયોગી થઇ પડે તેવી જાતનુ વાચન સસ્તામા સસ્તી કિમતે બહાર પાડવુ

પુસ્તકો.

રાષ્ટ્રીય, રાજકિય, સસારિક, ધાર્મિક, ઐતિહાસિક, સ્ત્રીઉપયોગી, ડિટેકટીવ ઇ વિષયો ઉપર નવલકથા, નાટકો, જીવનચરિત્રો, કાવ્યો, વાર્તાઓના પુસ્તકો, સાદી, સરળ, સુદર અને સચોટ ભાષામા જોસ્દાર શૈલીથી લખાએલા હોય છે

લોકમત.

દેશ નાયકો, વિદ્વાનો, રાજા મહારાજાઓ, વર્તમાનપત્રો, માસિકો, લેખકો, કવિઓ અને ડગલાબધ વાચનારાઓએ ગ્રથમાળાની અને પુસ્તકોની મુક્ત કંઠે પ્રશસા કરેલી છે

નિમંત્રણ.

આશ્રમના કાર્યને એકવાર જોવા ગ્રથમાળાના ગ્રાહક થવા, પુસ્તકમા જાહેરાત આપવા ખાસ ભલામણ છે

આ સેવાધર્મ બજાવતા આશ્રમને સખત નુકશાનમા ઉતરવુ પડ્યું છે. તમે ગ્રાહક થઈ અને કરી આપી તેમજ બીજી રીતે બનતી દરેક મદદ કરી કરાવી પુણ્ય સચય કરશો ?

ઑન. તત્રી. મત્રી

વેણીલાલ રંગીલદાસ પટેલ. અંબાઇદાસ રામોલકર.

અનુક્રમણિકા.

જગત્વંદનીય અખિલ આર્યાવર્તની ઝળહળતી જ્યોતિ
સ્વરૂપ, સ્વદેશોદ્ધાર—નૌકાને સત્યાગ્રહનુ સનાતન સુકાન
શોધી આપનાર, અહિંસાના ઉપદેશક, ને શાંતિના
સંચાલક પરમપૂજ્યનિય કર્મવીર મહાત્મા

મોહનદાસ કરમચંદ ગાંધી.



ચી૦ સેવકો,
ચુનીલાલ અને મગનલાલ.

આપની ગ્રીવામા આવા એક તો શુ પણ અનેકાનેક પચરંગી પુષ્પોની માળા અનેકાનેક સજ્જનો, અનેમનેક જીવનપર્યંત સુધી ધરાવે તોય ઓછીજ છે !

પ્રભો ! એમને દીર્ઘાયુષ આપો ! એજ પ્રાર્થના.



પ્રકાશક —

રા૦ રા૦ ઠા. પ્રાણલાલ જીવણદાસ વજાણી,

ભાવનગરવાળા.

પરમકૃપાળુ પરમાત્માની અપાર કૃપાથી અમારૂં આ પ્રથમ સાહસ નિર્વિઘ્ને સમાપ્ત થાય છે આ સાહસને જો ગ્રાહકો ઉત્તેજન આપશે તો ભવિષ્યમાં આવાજ પ્રકારની સાહિત્યસેવા ઉત્તરોત્તર બજાવવાને શક્તિમાન થઈશું એજ

લી ગ્રાહકોના કૃપાભિલાષી,

પ્રકાશકો — { પ્રાણલાલ જીવણદાસ વજાણી.
હરીલાલ જીવણલાલ ઠક્કર.

ભારતગૌરવ ગ્રંથમાળા. પ્રથમ ગ્રંથ.

વિનાશિની વામા

અથવા

રામરાજાનો સર્વનાશ.

લેખક—માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક—સુરત.
સ્વામિભક્ત સુરપાળ, રાજર્ષિ ભર્તૃહરિ,
સદ્ગુણી શશીકળા આદિના લેખક.

પ્રકાશક—
હરિલાલ જીવણલાલ અને પ્રાણલાલ જીવણલાલ.
બુકસેલર્સ અને પબ્લીશર્સ.
૯૦ પોલીસ લાઈન, તારઑફિસ સામે,
સ્ટેશનરોડ—સુરત.
સુરત—ચૌટાના પૂલ ઉપર આવેલા "શંકર" પ્રિન્ટીંગ પ્રેસમા
નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યુ

પ્રથમ સંસ્કરણ] પ્રત ૨૦૦૦ [સને ૧૯૨૩
મૂલ્ય રૂ. ૨-૦-૦.

ભારત ગૌરવ ગ્રથમાલા.

(૧) વર્ષમા ગ્રાહકને પુરા બે રૂપિઆ ભરવા પડે એવી રીતે સાહિત્યના ઉત્તમ પુસ્તકો બહાર પાડે છે

(૨) માત્ર આઠ આના દાખલ ફી આપી ગ્રાહક થઈ શકાય છે

(૩) બે રૂપીઆમા સુદર અને ઉત્કૃષ્ટ સાહિત્યના પુસ્તકો સસ્તામા સસ્તી રીતે આજ સસ્થા આપે છે

માટે આજેજ નામ નોધાવો અને સાહિત્યના સુદર પુસ્તકોથી તમારી લાયબ્રેરી શણગારો

થોડા સમયમા ગ્રથમાલાના દ્વીતિય પુસ્તક તરીકે નીચલુ પુસ્તક બહાર પડશે

“ રૂસ દેશમાં રામરાજ્ય ”

લેખક—માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક.—સુરત.

રૂશિઆના એક પ્રાચીન ઇતિહાસનુ અનુપમ ચિત્ર.

લખો—હરિલાલ અને પ્રાણલાલ.

માલેકો—‘ભારત ગૌરવ ગ્રથમાલા’ અને નવજીવન
પુસ્તકાલય—સ્ટેશનરોડ
તારઑફીસ સામે—સુરત.

પ્રસ્તાવના

પ્રસ્તુત નવલકથા પ્રાતઃસ્મરણીય મહારાષ્ટ્રની ઐતિહાસીક ભૂમિકા ઉપર રચાએલી છે અને મુખ્ય ઐતિહાસીક વસ્તુ કાયમ રાખી તે સમયના વાતાવરણ અનુસાર કેટલીક કથાઓ કાલ્પનિક રીતે નવીન ઉમેરવામા આવી છે છતા પણ તે પ્રકરણો અસંબંધ અથવા કઢોર ન થાય તે વિશેષ લક્ષમા રાખવામા આવ્યુ છે વિદ્યાપુર અથવા વિજયનગરનો નાશ શી રીતે થયો તત્સંબંધે સીઝર ફ્રેડરીક નામના ઇટાલીયન પ્રવાસીએ આ પ્રમાણે નોંધ કરી છે-"વિજયનગરના યુધ્ધમા હિંદુઓનો પરાજય થવાનુ કારણ તેના સરદારોનો સ્વામી દ્રોહ હતો રામરાજાના સૈન્યમા કેટલાક મુસલમાન સરદારો પણ હતા તે પૈકી બે મુસલમાન સરદારોના આવા ગુપ્ત ષડયંત્રથી રામદેવનો પરાજય થયો" સીઝર ફ્રેડરીક ઇ સ ૧૫૬૭મા એટલે તાલીકોટાના રણસંગ્રામ પછી બે વર્ષે વિજયનગરમા ગયો હતો આ ફિતુરી સરદાર કોણ હતા તત્સંબંધે તેમા કશો ઉલ્લેખ નથી પરતુ આસરે ૭ સાત વર્ષ પર 'હિંદુસ્થાન રિવ્યુ' નામક માસીક પત્રિકામા એક મદ્રાસી ગૃહસ્થે 'વિજયનગરનૂ સામ્રાજ્ય' એ વિષય ઉપર સુલલિત લેખ લખ્યો હતો તે લેખમા તેણે વિજયનગરના નાશ વિષે નિમ્ન દંતકથાનો ઉલ્લેખ કર્યો હતો 'રામરાજાની યુવાવસ્થામા તેને એક મુસલમાન કુમારીકા સાથે પ્રેમ બંધાયો હતો અને તે મુસલમાન કુમારીથી તેને એક પુત્ર થયો કઇક દિવસે પુત્રને લઇ તે મુસલમાન કુમારીકા અન્યત્ર પ્રસ્થાન કરી ગઇ, કઇક વર્ષો પછી તેજ પુત્ર રામરાજાના દરબારમા આવ્યો. તેને

નિ નાગતાંજ રામરાજાને તેના પ્રત્યે વાત્સલ્ય ઉત્પન્ન થયું અને તેણે તેને પોતાનો શરીર સંરક્ષક બનાવ્યો કેટલાક કાળ પછી તેને અને રામદેવરાવને અતિ સ્નેહ બંધાયો તથા તેના વિના રામરાજાને સંસાર શુન્યવત થયો એક સમયે રામરાજાના અનુચરોએ એક મુસલમાન કુમારીને દરબારમા બંદીવાન તરીકે આણી, રામરાજાએ તેનો ધર્મ ભ્રષ્ટ કરવાની આજ્ઞા કરી, પેલા યુવકને રામરાજાના આવા કૃત્યથી અકથીત ક્રોધ ઉપજ્યો અને રામરાજાની આજ્ઞાનો તેણે પ્રતિરોધ કર્યો રામરાજાએ તે સ્ત્રી પેલા યુવકને સોંપી દીધી અને તેની સાથે વિવાહ સંબંધથી યુક્ત થવા આજ્ઞા કરી પરંતુ તે યુવતીએ રામરાજા-કે જેણે ભર દરબારમા પોતાનું અપમાન કર્યું હતું તેનો સર્વ નાશ કરનારનેજ પોતે વરવાની પ્રતિજ્ઞા લીધી આ પ્રતિજ્ઞા તરી જાય તે સુંદરીને મેળવવા માટે તે યુવકે અનેક પ્રપંચ યંત્રથી વિદ્યાપુરનો અને રામરાજાનો સર્વ નાશ કર્યો'

આ દંતકથા પર સઘળી નવલકથાનો આધાર છે તેમા સત્યાંશ કેટલો છે તે જાણવાને કશા સાધનો ઉપલબ્ધ નથી તેમ તે દંતકથા અસત્ય છે એ કહેવાને લેશમાત્રપણ અવકાશ નથી આજ દંતકથાને આધારે મરાઠી સુપ્રસિધ્ધ નવલકથાકાર સ્વ શ્રી હરિ નારાયણ આપટે એ 'વજ્રાઘાત અથવા વિજયનગરચા વિનાશકાલ' નામક દંતકથા રચી છે અને તેજ પાયાપર પ્રસ્તુત નવલકથા મંદિર પણ ચણાયું છે વન વિહારનું સ્થાન શ્રિયુત આપટે કૃત નવલકથામા વિદ્યમાન હોવાથી તેજ કલ્પનાને મે અત્રે પણ સ્થાન આપ્યું છે, તે સિવાય સર્વ રીતે ઉપરોક્ત 'વજ્રાઘાત' ની નવલકથા કરતા આ નવલકથા સર્વથાજ ભિન્ન છે રા આપટેની કાદંબરી પ્રેમરસ પ્રધાન છે પ્રસ્તુત નવલકથામા તેજ સ્થાન મે તે સમયના હિંદુમુસલમાન કલહને લક્ષમા લઇ વિરરસને

આપ્યુ છે પ્રભાવતી અને અફઝલખાન એ નામો કલ્પિત છે છતા પણ તે વ્યક્તિઓ હશે એનો ઉપરોક્ત દંતકથાને આધારે નિર્વિવાદ છે ગમે તે હોય વિદ્યાપુરીનુ સામ્રાજ્ય આર્ય પ્રજાને એક ગૌરવદાયી મહારાજ્ય હતુ એ તો નિસશય છે વિજયનગરના રાજ્યની સત્તા કૃષ્ણભદ્રા સરિતાથી છેક કેપ કોમોરીન પર્યન્ત હતી અને તેમા અનેક ખડિયા રાજાઓ હતા, તે સર્વમા મૈસુરનો નરેશ મહામાડલીક હતો વિજયનગરનુ રાજ્ય સ્થાપનાર હરિહર અને બુક્કરાય નામક બે સહોદર હતા જ્યારે વરગુલમા બ્રાહ્મણી રાજ્યનો ઉદય થયો તેજ સમયે વિદ્યાપુરનો પણ પાયો રખાયો આ વશમા નરસિંગ નામે મહાબળવાન રાજેન્દ્ર થઇ ગયા, ત્યારથી તે 'નરસિંહકુળ ના રાજાઓ કહેવાયા, ઇતિહાસકારો કૃષ્ણદેવ અને આદિલશાહના સગ્રામમા આદિલશાહનો વિજય થયો જણાવે છે છતા અનેક યુદ્ધોમા વિજયપુરે વિજાપુર પર વિજય મળવ્યા હોવાની તેજ ઘટનાને અત્રે સ્થાન આપવામા આવ્યુ છે વિજયનગરને સ્થળે હાલ મોટામદિરો મહેલો અને કિલ્લાના ખડેર દષ્ટિગત થાય છે તે ઉપરથી તે કેવુ બળવાન અને સમૃદ્ધિશાળી શહેર હશે તેની કલ્પના આવી શકે છે, વિજયનગરનુ રાજ્ય ભારતના ગૌરવનુ અતિમ ક્ષેત્ર હતુ એ વાતપણ સ્વય સિદ્ધ છે આ રાજાઓ શૈવ પથી હતા અને તેઓ નૃસિહભગવાનના ઉપાસક હતા તેથી તે સમયે મહારાષ્ટ્રમા જૈન અને બૌદ્ધ ધર્મને સ્થાને પુન બ્રાહ્મણ ધર્મ સ્થપાયો મહા અમાત્ય માધવાચાર્યે બ્રાહ્મણ ધર્મની પુન સસ્થાપના કરવા માટે ઘણો પ્રબળ યત્ન કર્યો હતો વિજયનગરના રાજાઓ દક્ષિણી ભાષા બોલનારા હતા તેથી અત્રે 'મહારાષ્ટ્ર' શબ્દમાજ વિજયનગરના સામ્રાજ્યનો સમાવેશ કરવામા આવ્યો છે. એ રાજ્યમા નરસિંહરાજ, કૃષ્ણરાજ અને રામરાજના

મહાપ્રતાપી અને સર્વશ્રેષ્ઠ મહારથીઓ હતા એ સ્પષ્ટ છે અને આર્ય પ્રજાને માટે તે ઘટના ખાસ કરીને ગૌરવ પ્રદ છે, બ્રાહ્મણી રાજ્ય પરથી વિજાપુરનુ રાજ્ય કેમ સ્થપાયુ તે માટે થોડો આવશ્યક ઉલ્લેખ આગળ કરવામા આવ્યો છે, તેનુ અત્રે પિષ્ટ પેષણ કરવુ અનર્થ કર છે અતમા ભારત વર્ષમા પુન કૃષ્ણરાજ, રામરાજ જેવા નરશ્રેષ્ઠ મહારથીઓ જન્મોએ ભાવના સાથે આ પ્રસ્તાવનાની પરિસમાપ્તિ કરતા રા હરિનારાયણ આપટેનો તથા આ નવલકથા સત્વર જન સેવામા રજુ કરવા માટે પ્રસ્તુત પુસ્તકના પ્રકાશકો મેસર્સ હરિલાલ અને પ્રાણલાલનો લેખક સહૃદય આભાર માને છે આ નવલકથા બેવર્ષ પૂર્વે આરભાઇ હતી અને લગભગ થોડા સમય પૂર્વે તે પૂર્ણ કરવામા આવી હતી, એ દરમ્યાન પૂર્ણ સભાળથી તેને પુન તપાસવામા આવી છે છતા આ મારો પ્રથમજ ગદ્ય પ્રયાસ હોવાથી તેમા થતા દોષો માટે વાચક ક્ષમા આપશે જોડણીનો ક્રમ કેટલાક કારણોથી જાળવી શકાયો નથી, ભાષા દોષ હોય તો મારી માતૃભાષા દક્ષણી હોવાથી તે ક્ષમા યોગ્ય છે અસ્તુ **ઓમ્** શાન્તી શાન્તી શાન્તી

કર્મવીરકૃષ્ણચદ્રની
જન્મતિથિ ૧૯૭૯
ગોપીપુરા સુરત.

સેવક
માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક–સુરત.

વિનાશીની વામા

અથવા

રામરાજાનો સર્વનાશ.

પ્રકરણ ૧ લું.

પ્રમદાનું પ્રયાણ.

ભારતવર્ષ કોઈક અલૌકિક દેશ છે જગતભર જ્ઞાનનો પ્રવાહ આયા વતની અનેરી કુંજોમાંથી વહ્યો છે ક્ષમા શાન્તિ અને અહિંસાના પાઠો આર્યાવર્તેજ યુગોથી વિશ્વને ચરણે ધર્યા છે, સ્વદેશયજ્ઞમાં સર્વસ્વની આહુતી આપનાર ધર્મવિરોને ભારતી માતાએ જન્મ આપી જગતની સમસ્ત પ્રજાઓમાં પોતાની મહત્તા સ્થાપી છે. યોગેશ્વર કૃષ્ણચંદ્ર મહારાજ, ધર્મવીર ધનંજય, બાલબ્રહ્મચારી અંજનીકુમાર, સર્વસ્વત્યાગી ભીષ્મપિતા-મહજી, મહાસતી અર્જુનપત્નિ, દેવી તારામતી એ ભારત માતાના અપૂર્વ સંતાન છે જગતની સઘળી પ્રજાઓ જ્યારે જંગલી દશામાં વિદ્યમાન હતી ત્યારે ભારતવર્ષેજ પોતે ઉન્નતી અને સંસ્કૃતિના ઉપભોગો ભોગવ્યા હતા અને આર્યાવર્તના આરેજ એકવાર યુરોપ, અમેરીકા એશીયા આફ્રીકા અને ઑસ્ટ્રેલીયા આદિ સર્વ પૃથ્વીના અધીન હતા જગતની સમૃદ્ધિઓ

હિંદભૂમિને ચરણે ઝુકતી, આર્યાવર્તમા વૈભવના પુર ચઢયા તેના ઉછળતા મોજાઓ જોવાને સસારની આખો મુગ્ધ થઇ, ઇશ્વરનુ જ્ઞાન આર્યાવર્તે સસારને સમર્પણ કર્યું, રવિરાજ ભરમધ્યાહ્ન રાશીમા આવ્યા, કર્મવીર કૃષ્ણચદ્રનો યુગ મડાયો, વિમાન, વિધવિધ અગ્નીઅસ્ત્ર, પર્જન્યશસ્ત્ર આદિ અનેક વૈજ્ઞાનીક શોધો થઈ, તેનો મહાભારતના મહાયુદ્ધમા ઉપયોગ થયો, પાડવો વિશ્વવિજયી થયા મધ્યાહ્નકાળ નમ્યો સધ્યા થવાની નોબતો ગર્જવા માડી મહાભારતના મહાયુદ્ધોમા ધર્મવીરોના વિધ્વંસ થયો સધ્યા પડી ઝાખા પ્રકાશમા પણ મેવાડના પ્રતાપે અને દક્ષિણકેસરી શિવાજીએ સવિતાનારાયણને પાછળ હઠાવવા યત્નો કર્યા જગતભર પોતાની કિર્તી પ્રસારી રવિરાજ તો આગળ વધતાજ ગયા વિભાવરીનો વિકટ અવસર આવ્યો પ્રજાને નિશ્ચય થયો કે પુન દિવાકર ઉદયાચળે આવવાનાજ છે પુણ્યપર્વનો તે મહોત્સવ ઉજવવા પ્રજાએ પોતાના પ્રાણ પાથર્યા તે આજનો દિવસ અથવા ગાધીયુગ

પરતુ પાઠકગણ ! આપણે એ ભારતી માતાના સંતાનોનુ એક દૃશ્ય અવલોકવાનુ છે વિજય નગરની વિજયીભૂમિમા પ્રવેશી ત્યાનો અપૂર્વ અવસર નિહાળવાનો છે ત્યાનુ માનવ હૃદયને ભયપૂર્ણ લાગતુ નિબિડ અરણ્ય મનુષ્યોના કોલાહલથી આજે કેવળ નિર્ભય બની રહ્યુ છે ઠામઠામ યાત્રાળુઓના ઉતારા દૃષ્ટિગોચર થાય છે આસપાસનો આખો પ્રદેશ હિંદુવસ્તીથી ખીચોખીચ ભરેલો હોવા છતા આ મધ્યસ્થાને એક મહાન દરગાહ દૃશ્યમાન થાય છે અને તેનુ મહત્વ સમસ્ત હિંદુ મુસલમાન પ્રજામા મનાય છે અનેક બાધા આખડીઓ વડે ધનપ્રાપ્તિથી પ્રેરાઇ હજારો મનુષ્યોની મેદની તેને ચરણે નમવા ઢળી પડે છે વસ્તુત પ્રજાનો અંતિમ પ્યાર અને અવર્ણનિય વિશ્વાસ તે પીરની દરગાહ ઉપર છવાઈ

ચિત્ર ૧૭ મુ   વિનાશીની વામા



'આર્ટીસ્ટ હનિર'

"તેજ ક્રોધમા તેણે રામરાજાનુ ધડ અને શીર જુદા કરી નાખ્યા"

પ્રકરણ ૨૫ મુ]

રહ્યો છે અને કશીપણ ભિન્નતા વગર ત્યા આવા ઉત્સવને પ્રસગે ચતુરગી પ્રજાનો મહા મેળો થાય છે

દરગાહના અગ્ર ભાગમા ચકચકીત આરસનો લાબો અને મનોહર ચોક આવેલો છે માહેના ભાગમા પાધડીપનેહ ચિત્રવિચિત્ર રગબેરગી લાદીઓથી છવાએલો ચોપાટ આકારનો ભાગ હોઇ તેની ઉપર પીરસાહેબની દરગાહ ચણેલી છે તેની ઉપર શ્વેતરગીય બહુમૂલ્ય વસ્ત્ર ઓઢાડેલુ છે અને સમિપમા કોડીઆમાથી શુદ્ધ લોબાનનો ધુમાડો ગોટેગોટા આકાશ તરફ વિહરતો જતો જણાય છે બાજુએ એક બેઠા ધાટનુ છાપરુ દ્રષ્ટિએ પડે છે દરગાહના ધાર્મિક કાર્યકર એજ નાનકડી પર્ણકુટીમા રહે છે સામેનો રસ્તો અહીં ઉભા રહી ઘણે દૂર પર્યન્ત અવલોકી શકાય છે, અનેક યાત્રાળુઓ અને વાહનો હજી અસ્ખલીત રીતે ધસી આવે છે

ચોડીવાર થતા એ માર્ગ પર એક સુદર રથ દ્રષ્ટિએ પડયો બહારથી તેના સૌદર્યમા કૃત્રીમ વસ્તુઓથી અપલ વધારો કરેલો હતો તેને જોડેલા સુદર શ્વેત બળદો લાબી મુસાફરી કરવા છતા પણ થાક્યા નહોતા, કે તેમની ગતિ લેશ માત્ર પણ ક્ષિણ થતી નહોતી રથનો આકાર સોહામણો હતો તેવોજ માહેનો ભાગ પણ રેશમી ગાલીચા પાથરી ઉત્તમ વસ્ત્રોથી આચ્છાદિત કરેલો હતો દરગાહનુ પ્રવેશદ્વાર અતિ સાકડુ અને બેડોળ હતુ, તેથી બે મનુષ્યોને પણ સાથે પેસતા અતરાય નડતો હતો અર્થાત વાહનસહ અતર ભાગે પ્રવેશ થઈ શકતો નહોતો, વળી દેવદર્શને જવા માટે કાયાને જેટલુ અધિક કષ્ટ પડે તેટલુ અધિક પુણ્ય હોવાનુ શાસ્ત્રવચન હતુ. આવી ધમ ભાવનાને વશ થઇ શ્રીમત સ્ત્રી પુરૂષો પણ પગે ચાલીનેજ પીરસાહેબને દર્શને

જતા આવતા હતા ઉપરોકત રથ પીરસાહેબના દ્વારસમીપ આવીને અટક્યો ત્વરીતજ બુરખામા સજ્જ થએલ બે સ્ત્રીઓ અને એક સાહામણો બાળક નીચે ઉતર્યા અને અતિ તિવ્ર ગતિએ દરગાહના અન્તસ્થાન પ્રતિ પ્રયાણ કરી ગયા સારથીએ થોડે દૂર એક ઝાડની છાયા તળે રથ હાક્યો, ત્યાથી સમીપમા સરીતા દેવી વહેતી હતી આસપાસ વૃક્ષ વગરેઓ તો હતીજ કારણ કે આ ધર્મસ્થાન સ્વત અરણ્યના મધ્ય ભાગમા આવેલુ હતુ સારથી રામનાથે ત્યા રથ છોડયો અને બળદોને ચારો નાખી પોતે રથમા સુદર ગાલીચા ઉપર આડો પડયો શ્રમથી થાકેલા હોવાથી તેને ધસઘસાટ નિદ્રા આવી અને જોતજોતામા એક પ્રહર વીતી ગયા

સધ્યાકાળ થયો અને દરગાહમા નોબત વાગવાની શરુ થઈ તેના મોટા અવાજથી રામનાથ જાગી ઉઠયો થોડીવાર રાહ જોઈ તેણે પોતાનુ ભાથુ છોડી ઉદરદેવને આહુતી આપી રજનીના એક પ્રહર વિત્યો છતા પણ દરગાહને ગયેલી સ્ત્રીઓ પુનઃ આવી નહિ એકાએક તેને કાંઈ સ્મૃતિ થઈ આવી હોય તેમ તે ઉઠયો અને સિધો દરગાહ તરફ જવા નિકળ્યો

થડીમા બે ચાર ડગલા આગળ ભરતો તો વળી ક્ષણ ભર આસપાસ દૃષ્ટિ નાખવા ઉભો રહેતો રામનાથ પીરસાહેબની દરગાહ નજીક આવી પહોચ્યો રાત્રીએ માત્ર એક ફકીર સિવાય સઘળા દર્શનાભિલાષી લોકો દરગાહની બહાર હતા રામનાથ સભાગપૂર્વક પેલી બે સ્ત્રીઓની તપાસ કરી. દરગાહના સર્વ ભાગો કેવળ ખુલ્લા મેદાન જેવા હતા એટલે અધિક તપાસ કરવા જેવુ કશુ હતુજ નહિ રામનાથને માત્ર દરગાહના ફકીરની ઝુપડી પર સશય ગયો, તેથી તેણે ઝુપડીમા જઈને બરાબર તપાસ કરી પણ પેલી બે સ્ત્રીઓ કે બાળક કોઈ પણ દૃષ્ટિએ પડયુ નહિ રામનાથના ભયનો હવે પાર રહ્યો નહોતો તેણે ત્વરીતજ શીઘ્રગતિએ

૧૧૧૨૬

બળદો જોડી પોતાના રથ વિજયનગરના રાજમાર્ગ તરફ હાકી મૂક્યો આઠ દસ કલાકની મુસાફરીમા એક પણ ક્ષણ તેને વિશ્રામ માટે મળી ન હોતી છતા પણ તે શ્રમિત થએલો જણાતો નહોતો રામનાથનો રથ વિજયનગરના રાજગઢમા દાખલ થયો

રાજગઢ એક નાનુ ગામ જેવુજ હતુ વચ્ચોવચ્ચ વિજયનગરના મહારાજનો ભવ્ય ગગનચુબીત મહાલય દૃષ્ટિગોચર થતો હતો, પાસે તેવાજ બીજા ચાર બગલા હતા, તેનુ સૌંદર્ય પણ અકથ્ય અને અવર્ણનીય હતુ તેની સમીપમા નાના પણ મજબુત ઘરોની ચાળી હતી, તે સિવાય અન્યથા પણ કેટલાક ન્હાના મોટા મહાલયો ઉપવનો વગેરે હતા અને તેની ફરતે એક ઉંચો અને સુદર પાષાણનો કિલ્લો બનાવેલો હતો એથી તે ક્ષેત્ર રાજગઢ કહેવાતુ રાજગઢમા એક મહાલય પાછળ બળદો છોડી જે મહાલયમા નગરના પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ જઈ શકતા નહિ તેમા રામનાથ દાખલ થયો, અને સઘળા મહાલયથી પરિચિત હોય તેમ જમણે દાદરે સડસડાટ ઉપર ચઢી ગયો દાદરના શિરોમુખપર ઓરડાનુ દ્વાર પડતુ હતુ તે માર્ગે અદર જઇ પુન બીજા દાદર વાટે તે અગાસીમા ચઢયો અગાસીની પાસેજ રામરાજાનુ રગભુવન હતુ એ ઓરડો 'વિશ્રાતીગૃહ'ના નામથી પણ ઓળખાતો ધોળા આરસના ચકચકીત પત્થરથી તથા સુશોભિત રગબેરગી ચિત્રોથી તે ઓરડાના સૌંદર્યમા અભિવૃદ્ધિ થતી હતી. પ્રભાત થવાથી આપણો કથા નાયક રામરાજા સૌચાદિ કર્મોથી નિવૃત્ત થઇ ગયો હતો અને ઓરડામા રેશમના ગાલીચાવાળી બહુ મૂલ્ય ખુ રશીપર બેઠો હતો આસપાસ આઠેક મનુષ્યોનો જમાવ હતો અને કઇક રાજ્ય પ્રકરણી બાબતોપર વાદવિવાદ ચાલતો હતો રામનાથને તેવી વ્યગ્રહાલતમા જોતાજ રામરાજાએ સઘળા મનુષ્યોને

વિદાય થવાનું સુચન કર્યું. તત્ક્ષણ આખા ઓરડામાં માત્ર રામરાજા અને રામનાથ એજ મનુષ્યો અવશેષ રહ્યા. રામનાથ ભય અને ચિંતાથી એક પણ શબ્દ બોલી શક્યો નહિ. એ ક્ષણ વીતી ગઈ અને રામચંદ્રદેવેન્દ્ર અધિરાઈથી પ્રશ્ન કર્યો, "કેમ રામનાથ! આટલો ભયગ્રસ્ત કેમ દેખાય છે? શા સમાચાર છે વારુ?"

"ક્ષમા કરો મહારાજ! મહાશોકની વાત છે. બન્ને સ્ત્રીઓ રઘુનાથને લઈ મને દગો આપી છટકી ગઈ છે." રામનાથે અત્યંત મ્લાન અને ભયગ્રસ્ત વાણીથી પ્રતિઉત્તર આપ્યો.

'અરે ચંડાળ! શું કહે છે મૂર્ખ! બન્ને સ્ત્રીઓ ક્યાં છટકી ગઈ? શી રીતે ચાલી ગઈ અને તે ચાલી ગઈ તો તું હજી અહીં કેમ? સાથમાં જવાનું પડતું મૂકી અહીં શા માટે આવ્યો?" રામદેવે આશ્ચર્ય અને ક્રોધાન્વિત મુદ્રાએ કહ્યું.

પ્રત્યુત્તરમાં રામનાથે બનેલી સઘળી ઘટના આદિથી અંત પર્યન્ત વર્ણવી બતાવી. રામરાજાએ શાંત ચિત્તથી રામનાથના સઘળા શબ્દો સાંભળી લીધા.

"ઠીક રામનાથ," રામરાજાએ પ્રશ્ન કર્યો "જ્યારે પ્રભાવતી અને ગંગા ગાડીમાં બેસીને જતા હતા ત્યારે માર્ગમાં શું વાતો કરતા હતા તે કાંઈ જાણું છે?"

"ના મહારાજ! એક શબ્દ પણ સઘળા માર્ગમાં તેમના મુખમાંથી નીકળ્યો નહોતો. તેઓ કેવળ વિચાર નિમગ્ન થઈ સ્વસ્થ ચિત્તે બેસી રહ્યા હતા."

'ત્યારે ક્યાં ગયા,' અને તેમની પાસે તે વખતે શું શું હતું?"

"આપનો અનુચર એક પત્ર લઇ આવ્યો હતો તે તેમણે બાઇ સાહેબને આપ્યો પછી થોડીજ ક્ષણોમા બાઇ સાહેબે દરગાહમા યાત્રાએ જવા રથ તૈયાર કરાવ્યો અને કઇપણ વસ્તુ લીધા સિવાય શરીર પર પહેરેલા વસ્ત્રો સાથેજ તેઓ રથમા બેઠા માત્ર ઘોડા પુષ્પો અને લોબાન ગગાએ પોતાની સાથે લીધો હતો " રામનાથે કહ્યુ

"વાઠ તે તેમની દરગાહમા શુ નુ તપાસ કરી અને તેઓ નાશીજ ગયા છે, એમ તને શી રીતે ખાત્રી થઈ ?'

"દરગાહમા જે જે સતાવાની જગ્યા હતી તે સઘળી મે જોઈ ફકીરની ઝુપડી પણ શોધી નાખી છતા પણ બાઈ સાહેબનો પ તો લાગ્યો નહિ ત્યારે અનુમાન કર્યું કે તેઓ અવશ્ય પલાયનજ કરી ગયા હશે તેથી પાછો વનવિહાર તરફ ન ગયો અને આપને આ વર્તમાન કહેવા અહીંજ આવ્યો"

રામનાથના આ વચનો સાભળ્યા પછી તે ન્હાશીજ ગયા હોવા જોઇએ એમ રામદેવરાવની પણ ખાત્રી થઇ છતા પણ તેનુ હૃદય સ્વસ્થ થયુ નહિ અનેક વિચાર તરગો તેના હૃદયમા ઉઠવા લાગ્યા ચિત્ત અસ્વસ્થ થયુ રામરાજને પૃથ્વીના પ્રલયકાળનો તેજ પળે આભાસ થયો પુન મેચાપર જઈ જરા આડો પડયો પણ તેને શાતીનો આભાસ સરખો થયો નહિ પુષ્કળ વિચાર કરતા કરતા અતે તેણે રામનાથને પોતાનો અશ્વ અને તેના મૃગયાના સાહિત્ય લાવવાની આજ્ઞા આપી સાથે રામનાથને પણ અશ્વ સ્વાર થઇને આવવા ફરમાવ્યુ અને પોતે સવ પોષાક પહેરી સજ્જ થયો, પરતુ જેવો દાદર ઉતરી નીચે પાગ નાખે છે કે એક અનુચરે આવી ખબર આપી કે "જ્યેષ્ઠ ભ્રાતા અર્જુનદેવ પધારે છે."

કથવાઇ, ગુસ્સે થઈ રામદેવરાવ પાછો વળ્યો અને પોતાના વસ્ત્ર ઉતારી મૂકી વડીલ બંધુની માર્ગ પ્રતિજ્ઞા કરતો પલંગ પર બેઠો. થોડી ક્ષણોમા એક મજબુત રૂષ્ટપુષ્ટ કદાવર શરીર પુરૂષનો ત્યા દાખલ થયો

પ્રકરણ ૨ જું.

નિર્ણય.

વિદ્યાપુર અથવા વિજયનગરના સામ્રાજ્યની સમિપમા વનવિહાર નામક સુદર ક્ષેત્ર હતુ અને વિજયનગરના રાજકુબીઓ માટે ત્યા સર્વ પ્રકારની ઉત્તમ વ્યવસ્થા કરેલી હતી મૃગયા જતા આવતા અથવા અન્ય પ્રસગે પણ ઘણી વખત વિજયનગરના મહારાજા વનવિહારમા પધારતા હતા, અને ઉનાળામા તો બહુધા મહારાજાનો મુકામ ત્યાજ રહેતો હતો તેથી મહારાજાના નિવાસ માટે વનવિહારના મધ્ય ભાગમા શ્યામવર્ણીય પાષાણનો સુદર માહાલય બાધેલો હતો અને મહેલની અદર રાજકુમારોને વસવા માટે જુદા જુદા ખડો પાડયા હતા મહાલયના અગ્ર ભાગે પત્થરની સુદર કમાન હતી અને કમાનની પાસેથી ચોકના મધ્ય ભાગમા સુદર ઉચો ફુવારો હતો ફુવારાની ચારે મેર લલિત સુગધીમય પુષ્પ તરૂઓનુ નાનકડુ ઉપવન હતુ અને પાસે આરસપહાણનો મનોહર ચોક દૃષ્ટિગોચર થતો હતો રાજકર્મચારીઓ અને મહારાજા રાત્રીએ અગણ્ય આનદ અનુભવવા ત્યા એકત્ર થતા હતા ચારેગમ ઉગેલા સુદર મોટા વૃક્ષો અને ન્હાના પુષ્પતરૂઓથી તે ઉપવન કોઇ સ્વર્ગીયવાટીકા કરતા

પણ અધિક પ્રિયકર લાગતું હતુ હાલ એ ઉપવન-વનવિહાર રામદેવની સત્તા નીચે હતુ

અત્યારે આખો મહાલય કેવળ અન્ધકારમા અદૃષ્ય થઇ ગયો હતો વનવિહારમા વિભાવરીનુ સર્વ વ્યાપી સામ્રાજ્ય પથરાઈ ગયુ હતુ વનચર પશુ પક્ષીઓના ભીષણ ધ્વનીકર્ણ ગોચર થતા હતા અને અરણ્યની ભયકરતાને વિશેષ ભયપ્રદ બનાવતા મહાલયના શિરો ભાગના એક ઓરડામા મીણબત્તીનો ઝાખો પ્રકાશ જણાતો હતો અને બે સ્ત્રીઓ બેઠા બેઠા વાર્તાલાપમા ગુથાઇ ગઈ હતી તેઓના વદનપર ગ્લાનીનો અવિર્ભાવ નિરખાતો, અને તે ઉભય અબળાઓ માતા અને પુત્રી હોય એમ સ્વાભાવિક અનુમાનીત થતુ

"ગગા!" એક સ્ત્રીએ બીજી અબળાને ઉદ્દેશીને કહ્યુ "હવે થોડીજ ક્ષણોમા મારે આ મહાલયનો ત્યાગ કરી કોઈ અન્ય સ્થાને જતા રહેવુ છે અને મારો અવશેષ જીવન વ્યવસાય ત્યાજ પરિપૂર્ણ કરવો છે, બોલ, હુ જ્યા જઇશ ત્યા મારી સાથે તુ આવશે?"

'બેટા પ્રભાવતી! આજપર્યન્ત હુ તારી પાછળ પાછળ તારી છાયાની માફક ફરી છુ અને જ્યા તે આનદ માન્યો ત્યાજ મે પણ સુખ અનુભવ્યુ છે તો હવે આજે આવો પ્રશ્ન ઉપસ્થિત કરવાનુ શુ પ્રયોજન છે? માટે તુ આવો ઉદ્વેગ તજી દે અને પુન ઉચ્ચાસથી મને કહે બાપુ' તારે પાછુ આ નદનવન જેવુ વનવિહાર તજીને કયા જવુ છે? બીજી સ્ત્રીએ શાત અને ગભીરમુદ્રાથી પ્રતિઉત્તર આપ્યો

"તે નિશ્ચય નથી, પ્રભુ જ્યા માર્ગ બતાવશે ત્યા જઇશ અને સુખેદુખે ગમે તેમ મારૂ આયુષ્ય પૂર્ણ કરીશ પણ હવે તો આ વન-

વિહારમા એક ઘુટડો સરખોય પાણીનો નહિ લઉં કે આ વનવિહારપર દૃષ્ટિ સરખીયે નહિ નાખુ ”

“ પણ તુ બોલતી શા માટે નથી તને આ મનોમય સુદર સ્થાન પર આમ એકદમ તિરસ્કાર શા માટે આવ્યો છે ! જે સ્થળ તજી જવુ તને ઘડીભર પણ ગમતુ નહોતુ તેજ તારો મહાલય તેનાપર આજ આવો પ્રકોપ શો ? અને તેને તજી અન્યત્ર ચાલ્યા જવુ એટલો બધો એ સ્થાન પ્રત્યે તને તિરસ્કાર શા માટે ?

“ ગગા ! હવે એ વનવિહાર નથી પણ નર્કનો આગાર છે આ મહાલય, તેને અનવોકતાજ તેના પ્રત્યે તિરસ્કાર આવે છે ગમે તે રીતે હવે આ નર્કસ્થાનનો ત્યાગ કરવો એજ મારો અતિમ નિર્ણય અને નિશ્ચય છે છતાપણ જો તારે ન આવવુ હોય તો ભલે રહે અત્રે ! હુ તો ગમે તે પ્રકારે આ સ્થાનનો પરિત્યાગ અવશ્યજ કરીશ અને તુ ન આવશે તો એકલી પણ આ પૃથ્વીપર જ્યા સ્થાન મળશે ત્યા જઈ વિશ્રામ લઈશ ”

“ બ્હેન ! સમસ્તવિશ્વમા હુ જ્યા સુધી જીવત રહીશ ત્યા સુધી જરૂર તારી સાથે આવીશ અને તારી સેવા બજાવીશ, પૃથ્વીના પટપર જ્યા જશે ત્યા તારી સાથેજ રહીશ પણ આ વૈભવ અને આવો અકથ્ય આનદ સમસ્ત જગતમા તને અન્યત્ર મળશે નહિ, દુ ખદર્દમા તારી કાયાને અપાર કષ્ટો પડશે અને એક ભિક્ષુકાના જેવુ વિષમ જીવન તારે ગાળવુ પડશે, માટે હજીએ નિશ્ચય કર અને પછી મને કહે હુ તો તારી સાથે આવવા તૈયારજ છુ.”

"મને એવા દુખ દર્દની પરવા નથી, કષ્ટથી હુ કદી ભયભીત થતી નથી. માટે તેનો ભય તુ જરાપણ રાખીશ નહિ ગગા ! જ્યા પ્રેમ નથી, સ્નેહ નથી, ત્યા પળવાર પણ રહેવુ ઉચિત નથી. રામરાજાને હવે મારા પ્રત્યે અપ્રિતિ ઉપજી છે તો મારે પણ તેમનો પરિત્યાગ કરવોજ જોઇએ એવા પ્રેમ વિનાના સુખો ભોગવવા તેના કરતા શોકમા સસાર ગાળવો એજ શ્રેષ્ઠ છે. અને તેથીજ આ વન વિહારનુ પાણી પણ મારી કાયાના પોષણ કાજે અનુચિત છે એક સમયે મને વન વિહાર પ્રિય હતુ ત્યારે હુ રામરાજાની સહચારીણી હતી આજે મારો એ અધિકાર નષ્ટ થયો છુ હુ પણ તારા જેવી એક દાસીજ થઈ છુ માટે લાવ મારે માટે પણ તારા જેવા જીર્ણ વસ્ત્રોજ લાવ હુ તે પહેરી લઉ અને આ એક કાળનો વૈભવ, તેને છેલ્લા વદન કરૂ."

" ભલે તારી એમજ ઇચ્છા હોય તો તેમા પ્રતિરોધ કરવાની મારી મનો ભાવના નથી પણ હુ પ્રયાણની તૈયારી કરૂ તેટલામાં તમે સત્વર ભોજન વ્યવસાયથી નિવૃત થઇ જાઓ કે પછી માર્ગનો શ્રમ તમને અધીક પીડા કરશે નહિ "

" જરાપણ નહિ ગગા ! તને મે અનેક વેળા કહ્યુ છે કે અત્રે હવે જળનુ બિદુ અરે ... ગે મારે લેવુ હરામ છે તો તે સ્થળે ભોજન લેવા બેસુ એ કેમ બને ? હવે તો તુ રામનાથને કહી ગાડી મગાવ કે આપણે સત્વર અત્રેથી પ્રયાણ કરીયે "

" તો તેમ કરો, લ્યો આ મારા વસ્ત્ર તે પરિધાન કરો એટલે હુ રામનાથને કહી વાહન મગાવુ છુ " ગગાએ કહ્યુ અને પોતાના જીર્ણ વસ્ત્રો પ્રભાવતીને આપ્યા ગગા શોકાન્વિત મુદ્રાએ મહાલયથી નીચે આવી. પ્રભાવતીના કથનનો હેતુ તે સમજી શકી નહોતી પણ

તેની અને રામરાજાની વચ્ચે કંઇ અંટસ પડયો હોય એમ તેને સાહજીક કલ્પના થઇ વનવિહારનો પરિત્યાગ કરતાં ભવિષ્યમાં કેવી વિષમ દશા આવશે તેનો તેને આભાસ થયો પણ હઠીલી પ્રભાવતી હવે પોતાની શિક્ષાનો લેશ પણ અનુગ્રહ નકરે એ ગંગા જાણતી હતી તેણે રામનાથને બોલાવ્યો અને સત્વર ગાડી લાવવાની આજ્ઞા કરી પોતે પુનઃ ઉપર ગઇ પ્રભાવતી ઓરડામાં રામરાજાની પ્રતિમા સમક્ષ ઉભી રહી અશ્રુપૂર્ણ નેત્રે તેને નિહાળી રહી હતી જે પ્રતિમા એક દિવસ તેને અત્યંત પ્રિય લાગતી હતી તેજ પત્થરની મૂર્તિ આજ જાણે તેનો તિરસ્કાર કરતી હોય એમ જણાયું તેને ભૂત પૂર્વની સઘળી ઘટનાઓની સ્મૃતિ થઇ તેમ તેમ પ્રબળ વેગથી તેના હૃદયની પ્રતિકૃતિ રૂપ અશ્રુધારાઓ વહી અને તેનો પાલવ ભીનો થઇ ગયો ક્ષણાર્ધમાં તેના હૃદયમાં પરિવર્તન થઇ ગયું તેણે અશ્રુઓ લુછી નાખ્યા અને પાસેની પેટીમાંથી કુહાડો કાઢી જોતજોતામાં તેણે તે પાષાણ પ્રતિમાને છિન્ન ભિન્ન કરી નાખી તેના ટુકડા બહાર ફેંકી દીધા રામરાજાની સુંદર ચિત્રેલી છબીઓ હતી તે પણ તેણે સળગાવી મૂકી વસ્તુતઃ રામદેવના સઘળાં સ્મારક ચિન્હોનો તેણે નાશ કર્યો અને ઉન્માદની દશામાં બકવા લાગી, 'હાય પ્રભો ! દુઃખ અને કષ્ટો અવલોકવા જ તેં મારી કાયાને જન્મ આપ્યો છે બાળપણથી મેં અનેક આફતો સહન કરી છે પણ તારી દયા હજી પણ મોત આજ ક્યારે થશે ! જે રામરાજાને હું, પ્રાણથી પણ અધિક પ્રિય ગણતી, મારૂં સર્વ આયુષ્ય મેં જેને અર્પવાની પ્રતિજ્ઞા કરી હતી તેજ વ્યક્તિ જ્યારે મારો પરિત્યાગ કરવાને તત્પર થાય ત્યારે હવે સંસારની કઇ આશા અને ઉર્મિ પર મારે દેહને આશ્વાસન



'આર્ટિસ્ટ ઠાકોર'

“ આમ બોલતા બોલતા પ્રભાવતી ઉઠી અને ગમગજાની તરવાર લઇ પોતાના કંઠપર તેનો પ્રહાર કર્યો, પરતુ તેનો પ્રાણ ઘાતક પ્રહાર તેના કંઠપર પડે તે પહેલા ગગાના હાથ પર તે ઘા ઝીલાયો ”

પ્રકરણ ૨ જુ]　　[પૃષ્ટ ૧૯

આપવું ? ક્ષેત્ર ક્ષેત્રજ્ઞનો સંયોગ શામાટે અધિક ટકાવી રાખવો ? મે પ્રારંભથીજ ભૂલ કરી, હું એક મુસલમાન સરદારની કન્યા અને તે આ દુષ્ટ રામરાજા સાથેના પ્રેમમા પડી મારૂ સઘળુ જીવન ભ્રષ્ઠ કરી માતા પિતાનો પરિત્યાગ કર્યો અને રામરાજાને મારા કરીને રહી પણ વિધર્મી હિંદુ પુરૂષ તે મને મુસલમાન સ્ત્રીનો અને તે પણ ધર્મ ભ્રષ્ટ કુળહિન અબળાનો શાનો સ્વિકાર કરે ? એજ મારા દુષ્ટ આચારવિચારનુ પરિણામ છે ધર્મ ત્યાગનુ જે ફળ મળવુ જોઇએ તે મને સર્વાંશે યોગ્યજ મળ્યુ છે તો હવે મારે સસાર પર દેહ ધારણ કરી શામાટે અધિક અવસર ગાળવો જોઇએ, તો બસ આજ પળે શામાટે મારા પાપી જીવનનો અંત ન લાઉં ? શામાટે રામ-રાજાએ મારો પરિ ત્યાગ કર્યો તેમ હુ આ મારી દેહનો ત્યાગ ન કરૂ ! ચાલ પ્રભાવતી ! તૈયાર થા અને તારા દુચારિત્રનો પ્રતિલાભ મૃત્યુ મેળવવા સજ્જ થા

આમ બોલતા બોલતા પ્રભાવતી ઉઠી અને રામરાજાની તલવાર લઇ પોતાના કંઠપર તેનો પ્રહાર કર્યો પરંતુ તેનો પ્રાણઘાતક પ્રહાર તેના કંઠપર પડે તે પહેલા ગંગાના હાથપર તે ઘા ઝીલાયો અને તેના હાથમાથી રક્ત પ્રવાહ વહેવા લાગ્યો પ્રભાવતી આ દ્રશ્યથી ઘણીજ શરમાઇ ગઇ યોગ્ય ઉપચાર કરી ગંગાએ હાથે પાટો બાધી દીધો એટલામા રથ આવીને દ્વારમા ઉભો હતો બન્ને જણા નીચે ઉતર્યા અને રથમા બેઠા

"કેમ પ્રભાવતી ! એજ તારો નિશ્ચય ?" ગંગાએ ગાડીમા બેસતા બેસતા પ્રભાવતીને પ્રશ્ન કર્યો.

"હા ગંગા એજ" પ્રભાવતીએ ટુંક ઉત્તર આપ્યો ગંગા અને પ્રભાવતી બન્ને રથમા બેસી ગયા. ગાડી ધીમે ધીમે માગ

કાપવા લાગી ધીમે ધીમે વનવીહાર દૃષ્ટિએથી દૂર જવા લાગ્યો. પ્રભાવતિ અનિમેષ નયને મહાલય અને વનવિહારને અવલોકી રહી હતી પુન તેના હૃદયમા શોકનો આવિર્ભાવ થઇ આવ્યો. તેણે અશ્રુપૂર્ણ નયને ગગાને કહ્યુ, "ગગા! ગગા! મારો મહાલય, મારૂ વનવિહાર સવ તજીને હુ જાઉ છુ જેને મે આજ પયન્ત પ્રાણાધીક ઉપવન ગણીને જેની અપૂર્વ સભાળ રાખી હતી તેજ વનવિહારનો હુ ત્યાગ કરૂ છુ. આ મારો ઉચો મહાલય, જો ધીમે ધીમે મારી દૃષ્ટિએથી દૂર થાય છે ફરી મારે આ સ્થળો સમામાગે નથી અવલોકવા, નથી દેખવા, ફરી આ સુદર ભદ્રાના નીરમા સ્નાન કરી તૃપ્તી નથી મેળવવી ફરી ભદ્રા માતાનો સુદર પ્રવાહ આ નયનોએ નથી દેખવો! ભદ્રામા! આજથી હવે મારી પાપી કાયાના સ્પર્શ વડે તને પાપ ધારીણી નથી કરવી. તારા નિર્મળ સલીલને મારા અપવિત્ર શરીર વડે નથી બગાડવુ! ઓ પવિત્ર વનવિહાર! તારી દેહ પરથી આ પાપીણી હવે સર્વથા દૂર થાય છે છતા તુ આવો શોકિત કેમ? ગગા! જો જો જાણે વનવિહારના વૃક્ષોની ડાળીઓ મારો તિરસ્કાર કરે છે"

'પ્રભાવતી! નહિ નહિ, વનવિહારના વૃક્ષ પલ્લવો તને ભળી ભળીને પુન આમત્રણ કરે છે" ગગાએ કહ્યુ

શોકથી લજ્જાથી, શ્રમથી પ્રભાવતીએ પોતાનુ શીર ગગાને ખોળે મૂકી દીધુ ગગાએ તેને આશ્વાસન આપી સુવાડી પોતાના પાલવથી પવન નાખવા માડયો થોડી ક્ષણોમા તેને નિદ્રા આવી ગઇ ગાડી ધીમે ધીમે આગળ વધી વનવિહાર દેખાતો બધ થયો દૃષ્ટિ બહાર થઇ ગયો. ગાડી વનવિહારથી પિરમાહેમની દરગાહને માગે વળી ગઇ પછી શુ બનાવ બન્યો તે આપણે પ્રથમ પ્રકરણમા યથા વિધિ અવલોકયો

પ્રકરણ ૩ જું.

મહારાજા કૃષ્ણદેવ

પ્રસ્તુત નવલકથા ઐતિહાસીક નવલકથા છે અને વિજયનગરના પ્રાતઃસ્મરણીય આર્ય રાષ્ટ્રનો સંધ્યાકાળ કેવી રીતે થયો તથા આવું પ્રબળ મહારાજ્ય અસ્તવ્યસ્ત કેમ થયું તે જાણવાને માટે વિજયનગરનો સંક્ષિપ્ત ઐતિહાસીક ઉલ્લેખ અત્રે આલેખવો આવશ્યક છે જ્યારથી ભારતવર્ષીય આર્યોએ 'પંજાબનું રક્ષણ' તે 'સમસ્ત ભારતનું રક્ષણ છે' એ ભાવનાને પોતાના હૃદય ક્ષેત્રમાંથી તિલાંજલી આપી ત્યારથી નંદનવન ભારતવર્ષ ઉપર અનેક પ્રજાઓનું આક્રમણ થયું પરંતુ મુસલમાન પ્રજાએ વિજય મેળવી પોતાની ગાદીજ ભારતવર્ષમાં સ્થાપી, ત્યારથી આર્યાવર્તમાં ધર્મકલહનો જન્મ થયો. ક્રમશઃ મુસલમાન નરેશોએ મહારાષ્ટ્રમાં પણ પોતાની સત્તા દૃઢીભુત કરી અને વિજાપુરનું બળવાન રાજ્ય સ્થાપ્યું. ઈ. સ. ૧૩૪૭માં દિલ્હીમાં ગંગદેવ નામક મહાવિદ્યાસંપન્ન જમીનદાર વસતા હતા તેમને ત્યાં કૃષિકાર તરીકે જાફરખાં નામનો મુસલમાન સેવક હતો. એક દિવસ ખેતરમાં ખોદતાં જાફરખાંને દ્રવ્યથી દાટેલા ધનના સાત ચરૂઓ જડી આવ્યા પ્રમાણિક ગુલામે તે સઘળી સંપત્તિ તેસમયના મુસલમાન રાજકર્મચારીઓના શીરસ્તા પ્રમાણે સ્વાહાન કરતાં ગંગદેવને ચરણે ધરી. ગંગદેવે જાફરખાંનો આવો અદ્વીતીય નિર્લોભી સ્વભાવ જોઇ તેનું ભવિષ્ય જોયું અને ભાવીમાં તે 'મહાન સમ્રાટ થશે' એવું ભવિષ્ય ભાખી તેને પોતાની સેવામાંથી મૂક્ત કર્યો. જાફરખાંએ દક્ષિણ ભારતમાં જઇ 'જાફરખાં હસનગંગુ' એ અભિધાન ધારણ કરી પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને પોતાના સ્વામી ગંગ-

દેવનુ સ્મારક અમર રાખવા પોતાનુ રાજ્ય 'બ્રાહ્મણી' રાજ્ય એ અભિધાનથી ઓળખાવ્યુ એના વશમા એ રાજ્ય સુમારે ૧૭૧ વર્ષ ચાલ્યુ છેલ્લા પાદશાહો નબળા થવાથી તેમના સમયમા એ રાજ્યના અન્યાન્ય અધિકારીઓએ પોતપોતાની સુબેગીરીના ગામો સ્વતંત્ર રાજ્ય તરીકે બ્રાહ્મણી સલ્તનતથી જુદા પાડ્યા બાદશાહ આદિલશાહે વિજાપુરમા ઇ. સ. ૧૪૮૯મા પોતાનુ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યુ. ઇ. સ. ૧૩૪૭મા બ્રહ્મણી રાજ્યનુ બીજ દક્ષિણ ભારતમા રોપાયુ તેજ સમયમા તુંગભદ્રા નદિથી છેક કન્યાકુમારી પર્યન્ત એક બીજા પ્રબળ હિંદુ રાજ્યની સ્થાપના થઇ તેનુ પાટનગર વિજયનગર હતુ વિજયનગરનુ રાજ્ય નરસિંહ કુળના નરેશોને હસ્તગત હતુ જે સમયે વિજાપુરની ગાદી ઉપર આદીલશાહ આરૂઢ હતા તે સમયે વિજયનગરની ગાદીએ પરમ પ્રતાપી કૃષ્ણદેવ મહારાજનુ આધીપત્ય હતુ અખૂટ દ્રવ્ય અને અગણિત સૈન્ય સમુદાયના પ્રભાવથી વિજયનગરના મહારાજાનો પ્રતાપ દશે દિશામા વ્યાપી ગયો હતો. અનેક માંડલીક રાજાઓ કૃષ્ણદેવ મહારાજને ચરણે નમતા અને કૃષ્ણદેવનુ અભિધાન શ્રવણ કરતા મુસલમાન રાજ્યો ગવગળીત થઇ જતા હતા, પરંતુ વિજાપુર સમ્રાટ આદિલશાહનુ હૃદય રજપુતોની પ્રભુતાથી છિન્નભિન્ન થઇ જતુ હતુ. આર્ય રાજ્ય અને આર્ય પ્રજાનો દક્ષિણ ભારતમાથી સર્વથા વિધ્વંશ કરવો એ આદીલશાહનો અંતિમ હેતુ હતો એક દિવસ બાદશાહ આદિલશાહના દરબારમા બાદશાહના જન્મ દિવસ નિમિત્તે મોટી મીજલીસ હતી બાદશાહ મદિરાપાનની નિશામા કેવળ ચાકટો બન્યો હતો, તેવીજ દશામા તેણે વિજાપુરના રાજ્યના દ્રવ્ય કોષમાથી એક લક્ષ રૂપિઆ આપવાનો જહાગીરી હુકમ કર્યો આવી અયોગ્ય વર્તણુકથી

મહારાજા કૃષ્ણદેવને અતિશય ક્રોધ વ્યાપ્યો અને તેમણે વિજાપુરનો એક ગઢ જીતી પોતાના સામ્રાજ્યમા જોડી દીધો આ વર્તમાન વિજાપુરના દરબારમા ગયા કે ત્વરીતજ મુસલમાન વિરોને જન્નતમા દોડી જવાનુ મન થઇ આવ્યુ તેજ દિવસે બાદશાહ આદિલશાહે પ્રચડ સૈન્ય સાથે રણચડિકા ખેલવાનો નિશ્ચય કર્યો આદીલશાહનુ સૈન્ય વિજયનગરની સીમમા આવી પહોચતા વિજયનગરના આર્ય સૈનીકો પણ સ્વદેશ અને સ્વધર્મ રક્ષા માટે તૈયાર થયા વિદ્યાપુરના માડલીક રાજાઓ કૃષ્ણદેવ જેવા પવિત્ર અને પ્રતાપી રાજેન્દ્રની છાયા તળે રહેવાનુ પસદ કરતા અને જ્યારે જ્યારે યુદ્ધ પ્રસગ ઉપસ્થિત થતો ત્યારે કૃષ્ણદેવના સૈન્ય સાગરમા આનદથી આવી મળતા વિજાપુરનો અનાર્ય બાદશાહ વિજયનગર પર આક્રમણ કરવા માટે તુગભદ્રાની સીમમા આવી પહુચ્યા છે, એ વર્તમાન મળતા ઠામઠામથી માડલીક સરદારો સૈન્ય લઇ આવવા લાગ્યા અને વિદ્યાપુરીમા મોટો સમારભ મચી રહ્યો શુરવીર રજપુત વિરો પોતાનુ આયુષ્ય રણક્ષેત્રમા અવશેષ રહે કે ન રહે તેની પણ પરવા કર્યા વિના યથેચ્છ રીતે વિહરવા લાગ્યા કૃષ્ણદેવે સઘળા અતિથિઓનો આદર સત્કાર કર્યો અને યુદ્ધ વિચાર માટે ખાસ દરબાર ભરવાનુ નક્કી કર્યું તેને માટે રાજમહાલયની સમીપમા સુદર મડપ ઉભો કરવામા આવ્યો.

બીજે દિવસે પ્રાતઃકાળથીજ નરશ્રેષ્ઠ સરદારો 'યુદ્ધ ભુવન' મા જઇને બિરાજ્યા, સસ્થાનકાળ થયા અને પુર દબદબા સહિત મહારાજા કૃષ્ણદેવની સ્વારી દરબારમા અપૂર્વ દબદબા સાથ દાખલ થઇ. માડલીકો, સરદારો અને નગરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોએ ઉભા થઇને તમને આવકાર આપ્યો. અને મહારાજા કૃષ્ણદેવ સિહાસન ઉપર આરૂઢ થયા. એક

તિવ્ર દૃષ્ટિપાત સવત્ર કર્યા પછી તેમણે સભાજનોને ઉદ્દેશીને કહેવાનું શરૂ કર્યું, "મારા માંડલીકો ! સરદારો અને પુરજનો ! તમને અત્ર નિહાળતા મારૂ હૃદય કોઇ અપૂર્વ આનંદનો ઉપભોગ અનુભવે છે તમારી રગે રગમા વહેતુ ક્ષાત્ર લોહી આજે ઝળકી ઉઠયુ છે. મારે અધિક વિસ્તૃત કરવાની આવશ્યકતા નથી. પરતુ તમે જાણો છો કે વિજાપુરના વિધર્મી બાદશાહે વિજયનગરની મહાન કિર્તાનો ડોલાવવાનો નિશ્ચય કર્યો છે અને તેનુ સૈન્ય તુગભદ્રાના ઉત્તર તિરપર ધસી આવ્યુ છે. આપણી ટેક, આપણો ધર્મ, આપણુ રાજ્ય રક્ષણ કરવાનો છે. તે તમે જાણો છો તે સિવાય આપણી દેહનો જગતને બીજો કશો ઉપયોગ નથી મુસલમાન સૈન્ય સાગર મર્યાદા તોડીને પ્રાત સ્મરણીય આર્યાવર્તમા ધસી આવ્યું છે અને ઉત્તર ભારતના સઘળા આર્ય રાજ્યો તેમા નાશ પામ્યા છે ત્યારે મહારાષ્ટ્રનુ નાક દક્ષિણ ભારતની કિર્તિ તમારાથી અને વિજયનગરથી અદ્યાપિ પર્યન્ત વિદ્યમાન છે જો આજ આપણે પ્રમાદમા કાળક્ષેપ કર્યો અથવા પરાજય મેળવ્યો તો અવશ્ય જે દશા ઉત્તરના રજપુતરાજ્યોની થઇ તેજ દશા આપણી થવાની અને મહારાષ્ટ્રની પુનિતભૂમિમા ધર્મ અને આર્યમંદિરોનો સર્વનાશ થવાનો તેથી ક્ષત્રિયો ! આ કૃષ્ણદેવની ખાતર નહિ પરતુ વિજયનગરના રાજ્યની એટલે તમારા રજપુતોની અને આર્યભૂમિને ખાતર ચાલો બધુઓ ! પુન એકવાર યુધ્ધે ચઢો અને આપણી નિષ્કલંકીની, વિરપ્રસવિની, ધર્મધારિણી ભારતમાતાનો ત્રિલોકમા ત્રિકાળે જય જયકાર ગરજાવો"

" આયુષ્ય કહો શા કામનુ જો દેશસેવા ના કરી
ધિક્કાર તેના દેહને હૈયે ન જો હિમત ભરી.

ના મેક્ષનો અધિકારી તે રજપુત થૈ ઘેરે મર્યો
નિષ્ફળ ગયુ આયુ બધુ એ જન્મ પણ મિથ્યાધર્યો
નહિ દેશ વ્હારે સચરે લેવુજ તેનુ નામ શુ
કિરતારના આ વિશ્વમા તે કુતરાનુ કામ શુ ?"

વિદ્યુત સમાન તિવ્ર વેગથી આવતા કૃષ્ણ દેવના વચનો વડે રજપુત વિરોના હૃદય ક્ષેત્રમા શૌર્યનુ આચ્છાદન થવ લાગ્યું સર્વત્ર શાતીનુ સામ્રાજ્ય પથરાઇ ગયુ છતા પ્રત્યેક રાજવિરોના મુખમડળ પર ઉગ્રતા અને શૌર્ય સ્પષ્ટ અવલોકાતા હતા. પ્રત્યેક નરકેસરીના હૃદયમાથી એકજ ભાવના નીકળતી હતી કે —

" માતા તણુ દૂધ જે પીધુ પછી ના ઉજાળ્યુ સર્વથા,
કાયા કહો શા કામની તે જીદગી પણ છે વ્યથા.
દઇને દગો જે દેશને વિશ્વાસઘાતી થાય છે,
પિતૃ બધા તે નિચના નક્કીજ નર્કે જાય છે.
અમ જન્મ રણુ કજે દીધો સસારમા ક્ષત્રાણીએ,
નવ દેશના દ્રોહી બની કઇ દોષ કુળમા આણીએ."

થોડીક ક્ષણો આમ શાતીમા વહી ગઇ અને મહિસુરાધિપતિ મુખ્ય માડલીક નરેશે કૃષ્ણદેવની ઇચ્છાને અનુમોદન આપતા કહ્યુ - "સરદારો ! આજનો પ્રસગ કેવળ વિદ્યાપુરના સરક્ષણનો નથી કિંતુ સમસ્ત ભારતની કિર્તિ અને ધર્મના રક્ષણનો આજનો અવસર છે. આર્ય પ્રજાના માન, કિર્તિ અને ગૌરવપુન પ્રાપ્ત કરવાને વિજયનગરનું રક્ષણ કરવુ અત્યત આવશ્યક છે. આપણા પ્રમાદથી કદાચિત નકરે

નારાયણુ અને વિજયનગરને વિનાશ થયો તો તેથી આયસૃષ્ટિમા ભારે ઉત્પાત થશે અને સમસ્ત આર્યાવર્તના રજપુતોના શીર નીચા પડશે સમસ્ત ભારતવર્ષમા અત્યારે વિજયનગરનુ એકજ રાજ્ય પોતાની પ્રભુતા અને પ્રૌઢતા જાળવી રહ્યુ છે તેનો નિ'વશ થતા આપણો ધમ, રાજ્ય અને કિતિ સર્વનો નાશ થશે. આપણી સત્તાનો નાશ થતા આર્ય પ્રજા માર્ગના પાષાણુ પ્રમાણે રઝળતી થશે અને ધોળે દિવસે આપણી વહુ દિકરીઓની આબરૂ લુટાશે આપણા ધર્મસ્થાનોના ટુકડેટુકડા થૈ જશે અને બા તમાથી આય ધર્મ અને આય પ્રજાનુ અસ્તિત્વ પણુ નામ શેષ થશે પરદેશીઓના વિષમયપાય નીચ આપણુને અને આપણા સતાનોને કુદાવુ પડશે અને આ અવસર મિથ્યા થયો તો પછી આપણા પૂર્વજોની સ્મૃતિ આણી આણીને વ્રથા આસુઓજ સારવાના અવશેષ હેશે સમસ્ત વિશ્વ અનિત્ય છે આપણા શરીર–સ્ત્રી–પુત્ર–કલત્રાદિ અને ધરા ધામ ધન વભવાદ પણુ સવ અનિત્ય છે તેનો માહ તજીને આપણી નશ્વર દેહને તુચ્છમાનીને માતૃભૂમિની સ્વતત્રતા માટે, આપણા ગૌરવ માટે, ગાબ્રાહ્મણુ પ્રતિપાલન માટે અરે વેદધર્મના અને આર્ય સન્નારીઓના શિયળ રક્ષણને માટે તથા આર્યોના ઉદ્ધાર માટ રણમા પડીને આપણા નામ 'यावत्चन्द्रदिवाकरौ' અમર કરી સ્વગ વિહરવામા કાતો વિજય પ્રાપ્તી કરી આપણુ અખડ કિતિધન અસ્ખલિત રાખવામાજ આપણા જીવનની શોભા છે અને તેજ રજપુતોનુ સાચુ જીવન કર્તવ્ય છે એવો કોણુ અભાગી રજપુત હશે કે જેને સ્વધર્માભિમાન ન હોય ! માટે શુરાઓ ! સાવધ થાઓ અને મ્યાનમા મુકેલી તમારી શુરી સમશેરોને એકવાર ફરી ચમકાવી ભારતની ભગ્ન થએલી ભવિતવ્ય

તાનો ભાનુ પુન આર્યભાગ્યાકાશમા ઝળકતો કરો. માતાને ઉદરે જન્મીને વિશ્વના ઐહિક ભોગવિલાસો સેવવા રજપુતોના શરીર સૃજાયા નથી તે તો રણમાં રમતા રિપુને મૃત્યુદાન દેવાને, તલવારને ભાલાના પ્રહાર ઝીલવાને અને સ્વર્ગે જવાને સૃજાયા છે. સ્વધર્મ માટે જૌહાર કરતા શીખેલી ક્ષત્રાણીના સતાનો ! તે સાબીત કરો, અને મહારાજા કૃષ્ણ દેવની કિર્તિને ગગનમા વિહરતી કરો બોલો "હરહરમહાદેવ."

"હરહરમહાદેવ" સવ સામતોએ પ્રચડનાદથી મૈસુરનરેશનો રણ શબ્દ વધાવી લીધો અને મહારાજા કૃષ્ણદેવના સૂચનથી તોપનો અવાજ કરવામા આવ્યો, રણક્ષેત્ર સચારનો નિશ્ચય થયો અને રાજ ગાયકાએ પોતાના સુલલિત કઠ વડે સગીતનો પ્રારભ કર્યો

લાવણી.

નભ જુઓ ! પવનુ ચીરી પ્રકાશ્યો ભાનુ,
રણશુરા ક્ષત્રીયો ! પછી ડરવુ તે શાનુ ?
ગઇ નિશા ફિટિ અહીં થઇ તેજમય સૃષ્ટિ,
તમ ઉભા પૂર્વજો કરે પુષ્પની વૃષ્ટિ.

ઓ નિડર કેસરી આવો !
તલસી તલવાર ચલાવો !
તમ રગે આયતા વહે છે,
તે પુકારી તમને કહે છે

તમ પિતૃરક્તના જુઓ ! પડયા આ ડાઘા ?
તમ સ્મરણ પયેથી કરો શુ તેને આઘા,

એ દિવ્ય પથ પર પ્રયાણુ કરવાનુ છે,
નિભય થઇને આ હવે વિચરવાનુ છે.
એ ક્ષાત્ર ધર્મની લ્હાણુ લગીર ભૂલાશે,
તમ ધર્મ કિર્તિને ટેક નષ્ટ સૌ થાશે

ઓ સત્ય વિર સહુ જાગો!
બસ ચેતો! ઉધમે લાગો,
તમ પ્રણય વિષે ગઇ ડુબી,
જો ઉંચે! અપ્સરા ઉભી

રહી ભરત ભૂમિની લાજ તમારે હાથે,
જઇ વસો સ્વર્ગમા દિવ્ય સુંદરી સાથ

" જે પુનિત ભૂમિ તમ કાય હજી પોષે છે,
જે ધરાપરે તમ દેહ આશરો લે છે,
એ દિવ્ય ધામ કરી આર્તનાદ પોકારે,
ઓ વિર પુત્ર! સૌ ચઢો જનેતા વ્હારે "

ઓ વિરા! તજો ભિરૂતાને,
બસ રહો, મરત અભિમાને,
બધી તજી જગતની માયા,
ઘા સમર્પિ યુદ્ધે કાયા.

નશ્વર તજી 'ક્ષણિક' દેહ મરી જાવાનુ,
રણશૂરા! ક્ષત્રીયો પછી કરવુ તે શાનુ.

સંગીત અપૂર્વ થયું. મહારાજા કૃષ્ણદેવના વિરતાયુક્ત ભાષણ વડે અને મહામાડલીકના ઉ-તેજક શબ્દોવડે પણ જે અસર ન થઇ તે અસર રાજગાયકોના શબ્દોથી થઇ ગઇ કૃષ્ણદેવ મહારાજાની સ્વારી પોતાની સાથે મુખ્ય મુખ્ય માડલીકોને લઇને મહાલય પ્રતિ વિદાય થઇ દરબાર વિસર્જન થયો

સૂર્યાસ્ત થયાને બે પ્રહર વીતી ગયા, છતા લોકો લગભગ સઘળાજ જાગૃત અવસ્થામા હતા અને ઠામ ઠામ યુદ્ધની વાતો જોરશોરથી ફેલાઇ રહી હતી કોઇ વિજાપુરના રાજ્યને જીતી તેને વિદ્યાપુરીના સામ્રાજ્યમા જોડી દેવાના તો કોઇ મુસલમાનોને દક્ષીણમાથી સર્વથા દેશપાર કરવાના વિચાર તરગોમા ગુલતાન થઇ ગયા હતા કોઇને કૃષ્ણદેવના યુવા વસ્થાના પરાક્રમોની સ્મૃતિ થઇ આવતી તો કોઇને માડલીકોની સ્વામી ભક્તિ પર પ્રેમ ઉપજતો હતો ઘણાક મનુષ્યો પ્રાત કાળ થતા યુદ્ધારભના શુ સમાચાર આવશે તેનાજ વિચારમા મશગુલ હતા તો કોઇને વિજયનગના રાજ્યના ભાવી સર્વનાશના સ્વપ્ના આવતા ! કોઇ મુસલમાનોએ ઉત્તર ભરતખડમા કરેલી દુષ્ટ આવૃત્તિઓનુ સ્મરણ થતાજ ભયભિત થઇ જતા તો કોઇ મોટા મોટા તડાકા મારી લોકોને ઉત્સાહ આપી રહેલા દૃષ્ટિગોચાર થતા હતા

મહારાજા કૃષ્ણદેવે સર્વ પ્રકારની યુદ્ધ વ્યવસ્થા કરી નાખી હતી. અને પ્રાત કાળે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો હતો વિદ્યાપુરીનો સેના સમુહ ભદ્રાનદિના તટ પર છવાઇ ગયો હતો અને રણધેલા રજપુતો પ્રાત કાળની પ્રતિક્ષા કરતા લલકારતા હતા કે —

" વાટ જુવે વ્હાલા તણી વનિતા વિયોગી જેમ,
વ્યાકુળ થઇ વ્હાણા તણી વાટ જુએ સૌ તેમ.

રણુ સંગ્રામે જે પડે ભારતમા છે સાર,
તેને તો ઇંદ્રજ તણી મળે અપ્સરા નાર.
અધિરા થઇ આનદથી એમ કરે ઇચ્છાય,
કાષ્ટ ધુળના ગૃહતજી સ્વગે જઇ વસાય
ક્યારે રાત વિતિ થશે સ્વર્ગીય દિવ્ય સ્હવાર,
ક્યારે રણુમા ઘુમશે આ શુરી તલવાર
રણુ જીતી વળવા તણો હૈયે નવ અભીલાષ,
સ્વર્ગે જઇને અપ્સરા છે વરવાની આશ
નિરખી નિશ્ચય સુભટનો સ્વર્ગ તણી સૌનાર,
તત્પર થઇ છે પરણુવા સોળ સજી શણુગાર *

પ્રભુની લીલા અદ્દભુત છે માનવહ્રદયના ઉત્સાહને પળવારમા ઉભરાવી ગિરિને શ્રગે ચ્હઢાવનાર તો પલકમા તેને નીચે ખીણુમા ઢકેલી દેનાર કિરતારની કળા અજબ છે સૃષ્ટિને જેની ઉપેક્ષા નથી હોતી તે વસ્તુને તત્તજ સૃષ્ટિમા ખડી કરી દેની અને જેને માટે જગત તલસતુ હોય તેના સસારને દર્શન પણુ થવા, ન દેવા એવો કાઇ અજબ ઇશ્વરી પ્રભાવ છે બળ વૈભવ અને ધનમદમા મસ્ત બનેલા ઓને રકની ઝુપડીમા બેસાડી દેનારનો અને જાફરખા જેવા ગુલામને બાદશાહી રાજ્યનો સસ્થાપક બનાવનાર પણુ કિરતારજ છે તે મનુષ્યનુ ધાર્યું થવા દેતોજ નથી તેજ નિયમાનુસાર કૃષ્ણુદેવે પ્રાતકાળે રણુ-

---

* આ કાવ્ય રાસમાળામાથી થોડા ફેરફાર સાથે લીધુ છે નવલકથામા આવતા બાકીના સઘળા શેરો કાવ્યો મે લખ્યા હોવાથી તેના શુભાશુભ ગુણોનો અધિકારી હુ છુ લેખક,

સંગ્રામ ખેલવાનો નિશ્ચય કરેલો ત્યારે સર્વશક્તિમાન જગદાધાર એથી ઉલટી દિશાએજ કાર્ય કરી રહ્યો હતો. એક પળ પણ વધારે વિજા-પુરનું સૈન્ય આર્યભૂમિપર ટકે એ ઇશ્વરનેજ અનુકુલ નહોતું તેથી મધ્યરાત્રીએજ યુદ્ધનો આરંભ થયો.

રાજપુત સૈન્ય જ્યારે દૃઢ નિશ્ચય કરી પ્રાતઃકાળે યુદ્ધ આરંભવા તત્પર થઇ રહ્યું હતું ત્યારે મુસલમાન સૈનીકોમાં તેથી સર્વથા જુદોજ પ્રકાર દૃષ્ટિગોચર થતો હતો. વિજાપુરની મહાન સૈન્ય સામે યુદ્ધ આરંભવું ઘણા સરદારોને ઉચિત લાગતું નહતું. સૈનીકો મધપાનની નીશામાં ડોલતા હતા અને શસ્ત્રાસ્ત્ર પણ સઘળાં અવ્યવસ્થિત હતા. સુલતાન પોતે પણ નિદ્રાદેવીના સુખદાયી સામ્રાજ્યનો અનુપમ આસ્વાદ ભોગવતો હતો. અર્થાત્ સઘળાજ મનુષ્યો નિદ્રાધીન થયા હતા. આદીલશાહ યુદ્ધનો વિચાર કરતાજ નિદ્રાધીન થયો હોવાથી તેનો આત્મા સ્વપ્ન સૃષ્ટિમાં વિહરવા લાગ્યો. તેને ગીઝનીના મહમદશાહે ભારતવર્ષમાં સોમનાથનું મહા યુદ્ધ કર્યું હતું તેનો દેખાવ ભાસમાન થયો. મહમુદ વિજયી બન્યો અને સોમનાથ મહાદેવનું લિંગ ભાંગવા મંદિરમાં પ્રવેશ કર્યો. મૂર્તિપર મહમુદે પ્રબળ પ્રહાર કરવા માંડ્યા. તેના અવાજથી આદિલશાહ એકદમ ભયગ્રસ્ત બની જાગૃત થઇ ગયો. આ સ્વપ્ન તેણે એક દૈવી સુચન ગણ્યું અને શસ્ત્રાસ્ત્ર સજીને યુદ્ધને માટે તૈયાર થઇ રણવાદ્ય વગાડવાની આજ્ઞા કરી, આદિલશાહે સ્વય યુદ્ધની વ્યવસ્થા કરવા માંડી અને સરદારોને ભદ્રાનદિ ઉતરી સામે તિર પડેલા વિજયનગરના સૈન્ય પર હુમલો કરવાની આજ્ઞા આપી. રાત્રીના આવા ભયાનક અંધકારમય સમયમાં એક પણ સરદાર સરિતામાં સૈન્ય ઉતારવા તૈયાર નહોતો. પરંતુ ખુદાઇ સંદેશો

સાભળેલું બાદશાહી હૃદય હવે હાથથી છટક્યુ હતુ. મુસલમાની ધર્મનો વાવટો ઉડાવવાની ઇચ્છાવાળુ તેનુ ભેજુ કોઇપણ અતરાયનો વિચાર ન કરતા સગ્રામમા યશ મેળવવાને તલ્પી રહ્યું હતુ અંતે બાદશાહ પોતેજ એક હઝાર સૈનીકો સાથે ભદ્રાના શાત સલિલમા ઉતર્યો મધ્યરાત્રીનો પ્રબળ અંધકાર અને મધ્યાનની ભરતીનો અવસર ! એટલે બાદશાહનુ સૈન્ય મહાશ્રમથી પાર ઉતર્યું બાદશાહની સાથે સઘળાજ સરદારોને તેને અનુસરવુ પડ્યુ. મહારાજા કૃષ્ણ દેવને આ વર્તમાન મળ્યા કે તતક્ષણેજ કૃષ્ણ દેવે ગુપ્ત રીતે એક હઝાર સૈની-કોનુ બળવાન સૈન્ય સામે તિરે મોકલ્યુ અધકારમા એ સેનાએ જઇ મુસલમાન સૈનીકો ઉપર એવો પ્રબળ છાપો માર્યો કે સઘળા સૈનિ-કોની કતલ કરી નાખી અને તે સ્થાને પોતાનુ સૈન્ય ગોઠવી દીધુ આ તીરે આદીલશાહ અને કૃષ્ણુદેવને અપૂર્વ સગ્રામ મચ્યો હતો આદિલશાહનુ સૈન્ય કૃષ્ણુદેવના બળવાન રણવીરો સામે પરાજીત થઇ પાછુ વળ્યુ, પણ જેવુ તે ભદ્રાના અર્ધ નિર કાપી આગળ ગયુ કે સામે તીરેથી પણ તીરનો વરસાદ છુટ્યો અને સઘળા સૈનીકોને ત્યાજ જળ સમાધી લેવી પડી આદિલશાહ માત્ર સાત સૈનીકો સાથે અવ શેષ રહ્યો અને મહા પ્રયત્ને કૃષ્ણુદેવના હાથમાંથી છટકો વિજાપુર જઇ પહોચ્યો રાજપુતવિરોમાં દર્પની હેલી મચી રહી વિજયનગરનો સપૂર્ણ વિજય થયો વિદ્યાપુરીને "સ્વર્ગ સદન સમ" શ્રૃગારવામા આવી અને ઠામઠામ અપૂર્વ આનદ ની રે[illegible]

આદિલશાહનુ આ કરણ [illegible] વિ[illegible] બહુ ખિન્ન બની ગયુ હતુ. પોતાના સૈન્યની દુર્દશા તેને [illegible] શલ્ય વત ખૂચવા લાગી. વિજાપુરમા પ્રકટ થવાને પણ લજ્જા આવવા માડી પણ કોઇરીતે

નિરૂત્સાહિ ન થતા તેણે કૃષ્ણદેવનો નાશ કરવા પોતાના સરદારોને એકત્રિત કર્યા અને વિદ્યાપુરનુ રાજ્ય કેવુ બળવાન છે અને તે મુસલમાની સલ્તનતનો કોઇ દિવસ અવસ્ય નાશ કરશે' તત્સબંધે પોત્સાહક વાણીમા તેમને ઉશ્કેર્યા, અને પુન અતિ અલ્પ સમયમા વિદ્યાપુરનુ વૈર વાળવા માટે સૈન્ય તૈયાર કરવાની આજ્ઞા આપી કૃષ્ણદેવે પોતાનુ સૈન્ય રાયપુરના કિલ્લાપર મોકલ્યુ અને તે સર કર્યો ગામના હિંદુમુસલમાન સર્વને અભયદાન આપ્યુ અને વિજયપુર પ્રતિ ભક્તિભાવ અને આદર ઉત્પન્ન કરી રાયપુરના જાગીરદારને તે ગઢ સોપી દીધો તથા તેને વિજયનગરનો માંડલીક નરેશ બનાવી પોતાનુ સૈન્ય પાછુ બોલાવી લીધુ તેજ સૈન્યે આદિલશાહનુ પાટનગર વિજાપુર પણ સર કર્યું કૃષ્ણદેવે આદિલશાહના જ્યેષ્ઠ પુત્રને બધન મૂક્તિ આપી તેનેજ વિજાપુરનો ઉત્તરાધિકારી નિયત કર્યો પણ અલ્પ સમયમાંજ આદિલશાહે પોતાના પુત્ર પાસેથી વિજાપુર જીતી લઇ તેનો નિર્દય રીતે વધ કર્યો અને પોતાનુ પાયતખ્ત પુન વિજાપુરમા સ્થાપ્યુ કૌટિલ્ય મતિ કૃષ્ણદેવે આદિલશાહના કર્મ ધર્મ પ્રત્યે દુર્લક્ષ કર્યું અને પોતાના સામ્રાજ્યનેજ અધિક બળવાન બનાવવાનો વ્યવસાય આરભ્યો.

પ્રકરણ ૪ થું.

રામરાજા

વિજયનગરના મહારાજા કૃષ્ણદેવને ત્રણ રાણીઓ હતી પરંતુ મોટી વય સુધી મહારાજાને એક પણ સંતાન નહોતું. આથી ઘણા સરદારો અને ભાયાતોના આગ્રહથી તેમણે ચોથીવાર એક ધનવાન કુટુંબથી કન્યા જોડે પોતાનું લગ્ન કર્યું ભાગ્યયોગે તે રાણીને એક કન્યા અવતરી અને તે રાણી મરણ પામી. એટલે ભવિષ્યમાં વિદ્યાપુરની ગાદીનો સાચો વારસ કોણ થાય તેને માટે સરદારોમાં માહોમાહે ખટપટ થવા લાગી. મહારાજાએ આવા છળ પ્રપંચથી વિદ્યાપુરને બચાવી લેવા તે કન્યાના વિવાહ રામરાજા જોડે કરી તેને દત્તક લઈ વિદ્યાપુરની ગાદીનો ઉત્તરાધિકારી ટેનેજ બનાવવાનો વિચાર કર્યો હતો અને તે સબંધે રામરાજાનો શો અભિપ્રાય છે તે જાણવા અર્જુનદેવ રામરાજાને મળવા આવ્યો હતો એ ઘટના આપણે પ્રથમ પ્રકરણમાં અવલોકી આવ્યા છીએ. રામરાજા અર્જુનદેવના કથનને સહમત થયો અને કૃષ્ણદેવની ઇચ્છા પ્રમાણે તેની પુત્રી જોડે વિવાહ કરવામાં પણ અનુમતિ આપી, અર્જુનદેવે હવે પછી રામરાજાને કૃષ્ણદેવની આજ્ઞા વિના વિદ્યાપુરની બહાર ન જવા આજ્ઞા કરી રામરાજાને તેની આ વાત બહુજ અસહ્ય થઈ પડી કારણ કે તેને પ્રભાવતીની શોધ કરવા માટે વનવિહારમાં જવુંજ હતું વનવિહાર પાસેની દરગાહમાં મુસલમાન લોકો અનેકવાર બંડ ઉઠાવતા હતા અને આસપાસની વિદ્યાપુરની પ્રજાને લુટી લેતા. બેત્રણ વાર તો કૃષ્ણદેવ મહારાજને એ દરગાહના

ખંડપરથી વિજાપુર જોડે મોટા યુંધો કરવા પડયા હતા આથી રામરાજાએ 'દરગાહમા મોટો બળવો થયો છે' એવું અસત્ય કાલ્પનીક બહાનુ બતાવી અર્જુનદેવની બહાર જવા માટે આજ્ઞા લીધી અને રામનાથ સાથે તેણે વનવિહાર તરફ પ્રયાણ કર્યું રામરાજા અને રામનાથ ઘણુંજ અલ્પ સમયમા વનવિહારમા આવી પહોચ્યા. રામરાજાએ પ્રભાવતીની સંપૂર્ણ તપાસ કરી અને અંતે તેના દર્શનની આશાનો ત્યાગ કરી નિરાશ થઇ ભગ્ન હૃદયે વિદ્યાપુર પાછો આવ્યો કૃષ્ણદેવના ઉપરોક્ત વિચારની રામરાજાને પ્રથમથી ખબર પડી ગઇ હતી અને તે વાત પ્રભાવતીને પત્રદ્વારા જણાવતા પ્રભાવતી તેથીજ ક્રોધાન્વિત થઇ વનવિહારનો પરિત્યાગ કરી અન્યત્ર પ્રસ્થાન કરી ગઇ હતી વનવિહારથી રામરાજા કઇ સ્થિતિમા પાછો ફર્યો તેનો ઉલ્લેખ કરવોજ અશક્ય હતો ક્ષોભથી, લજ્જાથી, પોતાની મુર્ખાઇથી અને રામનાથની બેદરકારીથી તેનુ મન સંતપ્ત થયુ હતુ એક તરફથી કૃષ્ણદેવ મહારાજના જામાત્ર થઇ તેના દત્તક પુત્ર બની રાજ્ય મેળવવાની મહાત્વાકાંક્ષા અને એક તરફ પ્રભાવતીનો નિર્મળ પ્રેમ એ બે વચ્ચે કયો લાભ અધીક શ્રેયસ્કર છે, તે નિશ્ચિત કરવામાં તેનુ મન ગોથા ખાતુ હતુ. એક તરફ તે વિદ્યાપુરનુ વિશાળ સામ્રાજ્ય મેળવવા માટે તલસતો હતો ત્યારે બીજી તરફ પ્રભાવતીના વિયોગથી ઘોર આક્રંદ કરી રહ્યો હતો માત્ર તેના પુરૂષ હૃદયની કઠોરતાને લીધે તેના નયનમા અશ્રુઓનો અભાવ હતો. નેત્રો બંધ થઇ ગયા હતા શ્રવણશક્તિ શુન્યવત બની હતી. રામરાજા એક તરફથી પ્રેમતૃપ્તિ અને બીજી તરફથી રાજ્યતૃપ્તિ એમ બન્ને લાભ સાથે મેળવવાનો પ્રયાસ કરતો હતો પણ તેમા તેનુ પ્રારબ્ધ અનુકુળ થયુ નહિ રાજ પ્રાપ્ત કર્યા પછી પ્રભાવતીને કોઇપણ રીતે સમજાવી પુન તેની સાથે પૂર્વવત સબંધ કાયમ રખાશે એવી તેની મહત્વાકાંક્ષા

હતી, પણ પ્રભાવતીના ક્રોધથી અને વનવિહાર ત્યાગથી તેની સઘળી ઇચ્છાઓ ધૂળ મળી ગઇ તેને અનેક પ્રકારે પશ્ચાતાપ અને ક્ષોભ થવા લાગ્યો "શુ મે આ વર્તમાન પ્રભાવતીને આપ્યાજ ન હોત અથવા લગ્ન થયા પછી જાતેજ તેની સમક્ષ સર્વ કથા નિવેદન કરી હોત તો શુ તેથી પ્રભાવતીને કોઇ પણ પ્રકારે શાત કરી શકાત ? અહા ! હુ કેવો ઘાતકી ! નિર્દય ! નિચ પ્રકૃતિનો, કે જેણે પોતાના માતા પિતાનો પરિત્યાગ કર્યો, સ્વધર્મને સર્વકાળ માટે તિલાજલી આપી અને મારેજ આશ્રયે આવીને રહી ત્યારે મે પણ તેનો ત્યાગ કર્યો ? પણ મે ક્યારે તેને વનવિહારનો ત્યાગ કરવાનુ કહ્યુ હતુ ? શુ મારે એક સ્ત્રી માટે મારૂ સમસ્ત સામ્રાજ્ય મૂકી દેવુ ? અતૂલ વૈભવ અને કિર્તિને તજી દેવા ! નહિ નહિ, એમા પ્રભાવતીને ખેદ થાય એવુ કશુજ મે તેની સાથે વર્તન ચલાવ્યુ નહોતુ પણ પરસ્ત્રીની બુદ્ધિજ કુમિ હોય છે તદ્ગત પ્રભાવતી ક્રોધાન્વિત થઇ મારો ત્યાગ કરે તેમા મારો શો દોષ ? પરતુ પ્રભાવતીને અત્રે લાવતી વખતે મારી શી પ્રતિજ્ઞા હતી અને આજનુ મારૂ વર્તન તેથી કેવુ પ્રતિકુળ છે, તો પછી પ્રભાવતીને દોષ આપવો પણ શુ ઉચિત છે ! છતા ભલે ગમે તે થાય વિદ્યાપુરનુ સામ્રાજ્ય અને તેથી આર્ય ધર્મની ઉન્નતિ એ લક્ષનો ગમે તે ભોગે સાધ્ય કરવાજ છે ત્યારે હવે પ્રભાવતીનો પ્રેમ વિસર્જન કરવો પડે તો તેથી શુ થયુ ? આમ પરસ્પર વિરૂદ્ધ કલ્પનાઓ તેના મનમા આવતી હતી તેને કોઇ પણ રીતે શાતીનો આભાસ સરખોય થયો નહિ કોઇ મહાવ્યાધિથી આત્માકલુષીત થઇ જેવી દયાજનક ચેષ્ટા કરે તેજ પ્રમાણે તેનુ હૃદય શોક કરવા લાગ્યુ એક તરફ રામરાજા આ પ્રમાણે વ્યગ્ર હૃદયથી સતાપ કરી રહ્યો હતો ત્યારે બીજી તરફ કૃષ્ણદેવ અને અર્જુનદેવની મન સ્થિતિ પણ તેવીજ હતી કારણ કે

રામરાજાએ વનવિહારમા જતી વખતે ત્યા મળવો થયાનુ બ્હાનુ આગળ ક્યુ હતુ રામરાજાના ઉદ્ધત–ઉચ્છૃંખલ અને યુદ્ધપ્રિય સ્વભાવથી તેઓ લેશ પણ અનાત ન હોતા કદાચિત પ્રારબ્ધ યોગે રામરાજા મુસલમાન સમશેરનો ભોગ ન અપય તે માટે અર્જુનદેવ અહોનિશ તેને કોઇપણ તોફાની સ્થળે જવા દેતો નહોતો બીજી તરફથી કૃષ્ણદેવને મુસલમાની રાજ્ય તરફના ઉપદ્રવનો ઘણો ભય હતો પ્રસ્તુત સમયે કૃષ્ણદેવ વૃદ્ધાવસ્થાએ પહોચેલા હતા અને રામરાજાની દત્તકન્યા અને પોતાની પુત્રીનો લગ્ન મહોત્સવ એ બે શુભ કાર્યોનો તેમણે પ્રારભ કર્યો હતો કૃષ્ણદેવ રણયજ્ઞથી ભયભિત થતા નહોતા પણ દૈવયોગે પોતાનો કાળ થયો તો પુત્રી લગ્ન મહોત્સવ અવલોકવાની તેમની ઇચ્છા પરિતૃપ્ત ન થાય એજ તેમના ઉદ્વેગનો વિષય હતો અને તેટલા માટે તેમણે અર્જુનદેવને રામરાજા આવે કે તરીતજ તેની પાસેથી એ સ્થાનપરત્વે શુ ઘટના બની છે તે જાણી લઇ પોતાને ખબર આપવાની આજ્ઞા કરી હતી રાત્રીના બારેક વાગ્યાનો અવસર થયો વિજયનગરના પ્રજાજનો નિદ્રાદેવીના સામ્રાજ્યમા મ્હાલવા લાગ્યા રજનીચર પશુપક્ષીઓના સ્વર વિભાવરીની ભયાનકતામા અભિવૃદ્ધિ કરતા હતા. અર્જુનદેવ પોતાના મહાલયની બારીમા બેઠો બેઠો રામરાજાની માર્ગ પ્રતિક્ષા કર્યા કરતો હતો. જેવો રામરાજાનો અશ્વ દરબાર ગઢના દ્વારમા દાખલ થયો કે તરતજ અર્જુનદેવ રામરાજાને મહાલયે ગયો કૃષ્ણદેવ મહારાજાના સેનાધિપતિ વિજયદેવને અર્જુનદેવ અને રામદેવ એવા બે સતાન હતા પ્રસ્તુત નવલકથાનો પ્રધાન નાયક તે આજ રામદેવ અથવા રામરાજા હતો. રામરાજાએ જેવો મહાલયમા પ્રવેશ કર્યો કે તેને અર્જુનદેવે એકદમ પ્રશ્ન કર્યો, "કેમ

રામદેવ ! દરગાહના અને વનવિહાર તરફ મુસલમાનોએ કરેલા બંડના શુ સમાચાર છે ?

અર્જુનદેવનો આવો પ્રશ્ન સભળી રામરાજા કેવળ આશ્ચર્ય ચકિત થયો તેને હવે શુ ઉત્તર આપવો તેનુ પણ યથા સ્થિત સ્મરણ રહ્યુ નહિ કારણ કે વનવિહારમા પ્રયાણ કરતી વખતે તેણે સર્વ મન કલ્પીત વાતોજ અર્જુનદેવને કહી હતી છતા રામરાજા પોતાના બુદ્ધિ-કૌશલ્યથી અર્જુનદેવને ઉત્તર દેવા માટે સાવધ થઇ ગયો અને શાતીથી જાણે સઘળી ઘટનાઓ સત્ય જ બની હોય તેમ વર્ણન કરવા માડયુ "હા, વનવિહાર અને દરગાહના બડની સ્થિતિ ઘણી ભયાનક હતી. અસખ્ય મુસલમાન ફકીરો અને મુસલમાન પ્રવાસીઓએ જગ મચાવ્યો હતો અને આપણી હિદુ પ્રજાને અતિશય કષ્ટ આપ્યુ હતુ છતા મારા ગયા પછી ત્યાંની સ્થિતિ ઇશ્વરેચ્છાથી સત્વર સુધરી ગઇ છે અને બળવો સમી ગયો છે હવે પ્રસ્તુત કાળમા તેની ચિતા કરવા જેવુ કઇ નથી પણ હજીએ ત્યા મુસલમાન ફકીરો એકત્રિત થાય છે અને આપણી હિદુ રૈયતને દુ ખ આપે છે તેનો બદોબસ્ત કરવાની આવશ્યકતા છે"

"જો આમજ હોય અને એ સ્થાન વિજયનગરના નાગરિકો માટે એવા ભયનુ સ્થળ હોય તો તે મ ટે અત્યારથીજ ઉપાયો લેવા જરૂરી છે. પાછળથી તેમનું પરિબળ વૃદ્ધિ પામશે અને આપણા રાજ્યમાજ યવનોનુ આવુ પ્રબળ થાણુ થાય તો કોઇ સમયે વિદ્યાપુરને તેથી ભયકર હાનિ થશે. માટે અત્યારેજ આપણા સૈન્યની સહાયતાથી એ દરગાહનો નાશ કરી નાખીએ તો એ ચિતા સર્વથા નિર્મૂળ થાય અને ભયનુ કશુ પ્રયોજન રહે નહિ"

"આપનુ કથન જો કે સર્વથા સત્ય છે છતા આજ ફીજ એવુ કરવાની કશી આવશ્યકતા નથી, કારણકે પોતાના ધર્મસ્થાનોપર આઘાત થવાથી સમગ્ર મુસલમાનોનો વિદ્યાપુર પ્રતિ કોપ ઉતરશે અને આપણા સૈન્યમા જે આરબ સૈનિકો છે તે પણ આપણો વિદ્રોહ કરતા થઇ જશે. હજી આર્યાવર્તના રક્ષણ માટે તો આપણે વિધર્મી વિદેશીઓ સાથે અનેક રણયજ્ઞ ખેલવા પડશે તો હવે અત્યારથીજ ઉતાવળ કરવાનુ શુ પ્રયોજન છે ? હાલને હાલ દરગાહનો વિદ્ધ્વંશ કરવા પ્રયત્ન કરવો એ તો સ્વહસ્તેજ ભયનુ આવાહન કર્યા જેવુ છે." રામરાજાએ કહ્યુ.

"પરતુ જો એ ક્ષત્ર આપણા રાજ્યને ભય કર્તા હોય તો પછી તેને એક ક્ષણ પણ અધિક આયુષ્યમાન થવા દેવુ એ પણ અયોગ્યજ છે મુસલમાનો આજ એ ધર્મક્ષેત્રમા ગમે તેવા તોફાન કરે છે તેને પછી વધારે તોફાનો કરતા વાર લાગશે નહિ અને ત્યારે એવી આપત્તિનો પ્રથમથી પ્રતિકાર ન કરવા માટે આપણને પશ્ચાત્તાપ કરવાનો સમય આવશે, વળી હાલ બાદશાહ સાથેના વિજયથી વિજયનગરનુ સૈન્ય પણ અતિ ઉલ્લાસમા છે તેને અત્યારેજ પુન સગ્રામમા દોરીએ તો કોઇપણ પ્રકારના કષ્ટ પડયા વિના અતિસરળતથી આપણો વિજય થશે" અર્જુનદેવે રામરાજાની માન્યતા કેવી ભ્રમમુલક છે તેનું દિગ્દર્શન કરાવતા કહ્યુ.

પરતુ વાસ્તવ રીતે વનવિહારમા બળવા જેવી સ્થિતિજ નહોતી. રામરાજાએ પોતાનો સ્વાર્થ સાધવા આવુ બહાનુ માત્ર શોધી કાઢ્યુ હતુ. જો ખરેખર યુદ્ધની તૈયારી થાય અને વિજયનગરનુ સૈન્ય

દરગાહનો નાશ કરવા માટે મોકલવામા આવે તો રામરાજાનું આ સવ મિથ્યાત્વ પ્રકટ થવાનો ભય હતો પ્રસ્તુત કારણથી કાઇપણ અધિક તોફાન ન થાય અને સર્વ સ્થિતિ જેમની તેમ કાયમ રહે તે માટે રામરાજાએ અર્જુનદેવના કથનનો પ્રતિકાર કરતા કહ્યુ "એ વાત સર્વથા અસત્ય તો નથીજ પણ એ દરગાહ ઉપર ત્યાના આસપાસના હિંદુઓની પણ ઘણી શ્રદ્ધા છે અને આપણા આર્ય દેવ દેવી પ્રમાણેજ તેઓ પીરસાહેબને પોતાના ઇષ્ટ ઇશ્વર ગણી પુજે છે પીરની દરગાહનો વિનાશ કર્યા પછી જો ત્યા કોઇ મહામારીનો ઉપદ્રવ થશે તો એ હિંદુ પ્રજા પણ આપણી સામે થશે અને વિજયનગરના સૈનિકોને હિંદુઓની સાથેજ સગ્રામ ખેલવો પડશે"

"ત્યારે તમે તેને માટે શી વ્યવસ્થા કરી છે અને આપણી હિંદુ રૈયતને યવનોના સકષ્ટમાથી ટાળવા માટે શુ પ્રયત્નો કર્યા છે? જો ત્યાના વતનીઓ મહારાજા કૃષ્ણદેવની પાસે પડેજ આ બળવા માટે પોતાનુ રક્ષણ માગવા આવશે તો આપણા શાસન નીચેની ભૂમિમા હિંદુઓની નીચ પ્રકારે નિર્ભત્સના કરવા માટે આપણેજ મહારાજાના ઠપકાપાત્ર બની શુ."

"મે હાલમાં ત્યા પુષ્કળ ગુપ્ત અનુચરો ને મુસલમાન ફકીર અને મોલવીઓના વેશમા દરગાહમા રાખ્યા છે તેઓ સર્વત્ર ભ્રમણ કરી એ પિશાચોની પાપલીલા અવનોકી તેના પૂર્ણત વતમાન મને આપે છે, વળી અલ્પ અવસરમા દક્ષિણના સઘળા મુસલમીન રાજ્યોના સરદારો પોતાના સૈન્યસહ એ દરગાહમા યાત્રાર્થે આવનાર છે અને તેમા તેમનો અતસ્થ હેતુ વિજયનગરપર એકદમ આક્રમણ કરવાનો

છે એ સંઘને યાત્રાએ આવતા અટકાવીશું કે તેજ સમયથી સંગ્રામનો આરંભ થશે આવા કારણથી પદરેક દિવસ ત્યાં જાતે જઇ રહેવું એવો મે નિર્ણય કર્યો છે" રામરાજાએ પોતે નિશ્ચિતરીતે વનવિહારમાં રહી શકે તે માટે નવો પ્રપંચ રચ્યો.

"પરંતુ અલ્પ સમયમાંજ તમારો લગ્નમહોત્સવ છે અને પછી સત્વર મહારાજા તમને દત્તક લેવાની ક્રિયા કરનાર છે માટે એ અવસરો સાનંદ પૂર્ણ થાય, ત્યાં સુધી હવે કોઇપણ ઠેકાણે જઇ શકાય એમ નથી એ શુભ કાર્યો પુરાં થયા પછી તમે પ્રસ્તુત કામોનો આરંભ કરજો અને મહા સાવધાનીપૂર્વક એ પરચક્રનો વિનાશ કરી આપણો એ ભય સર્વથા નષ્ટ કરી દેજો"

"તેની આપે લેશ માત્રપણ ચિંતા કરવાનું પ્રયોજન નથી કારણકે હાલ તો પ્રભુનોજ વિજાપુર ઉપર કોપ ઉતરેલો હોય એમ લાગે છે અને એમના જેવીજ કાપટ્યકળાથી યવનોનો વિનાશ કરવો એ હું પણ ઉત્તમ પ્રકારે જાણું છું એટલે પલક ભરમાં ચાચડ મચ્છર વત એમને મસળી નાખવા એ માત્ર રમત તુલ્ય છે"

"તે એમ તે હોય પરંતુ નમળાપણ શત્રુનીએ અપેક્ષા કરવી એ અયોગ્ય અને અનિચ્છનીય છે માટે શાંત રીતે ત્યાંનો સર્વ પ્રકાર સમી જાય અને તેમાંથી કોઇ નવો અગ્નિ કોપ ન ઉદ્ભવે એ લક્ષમાં રાખવાનું છે. હવે આ સઘળી વાત હું મહારાજાને કહું છું કે તેમનો પણ ભય દૂર થાય." અર્જુનદેવ પોતાનો અંતિમ અભિપ્રાય જણાવી કૃષ્ણદેવના મહાલય તરફ પ્રયાણ કરી ગયા.

અર્જુનદેવ રામરાજાનો મહાલય છોડી ગયો કે રામરાજાનું મન પુન પ્રભાવતીનો સ્નેહ મંત્ર સ્મરવામાં ઉદ્યુક્ત થયું. શ્રમથી તેના ગાત્રો મંદ પડી ગયા હતા નિદ્રાથી આંખો ઘેરાતી હતી ચિત્તમા અસ્વસ્થતા લાગતી હતી પ્રાતઃકાળ થતા સુધી તેને સુખમય નિદ્રાનો લેશમાત્રપણ આભાસ થયો નહિ પ્રાતઃકાળના પક્ષીઓ મંજુલ સ્વરે પોતાનું ગાન આલાપવા લાગ્યા. સૂર્યનારાયણ ધીમે ધીમે જેમ વિજેતા મહારથી પોતાની સત્તા પરાજિત રાષ્ટ્રપર સ્થાપે છે તેમ પોતાના કિરણકર જગતને પુન પ્રવૃત્તિના અંકમા યુક્ત બનાવવા માટે પ્રસારવા લાગ્યા. રામરાજાના મહાલયથી દૂર એક પર્વતના શ્રૃંગપર ભગવાન સવિતાનારાયણની મનોમુગ્ધ રમ્ય તામ્રવર્ણીય મુર્તિ દૃષ્ટિ ગોચર થવા લાગી તેનો આ ા પ્રકાશ રાજગઢના એક નાના સરોવર પર પડતો હતો અને તેની અંદર વિકસતા સુંદર કમળ પોતાની પાંખડી પ્રસારી રામરાજાના તપ્ત મનને આનંદ તૃપ્ત કરતા હતા અનિલની મંદમંદ લહરો વાતી હતી તે સંગે પુષ્પ તરૂઓની ઘસડાઇ આવતી સુવાસ નાસિકાને આનંદ અર્પતી હતી સરોવરને તીરે ઉગેલા નાના નાના તરૂઓ, પુષ્પલતાઓ અને નવીન વૃક્ષપલ્લવો સૂર્ય પિતાના મધુર કિરણો પડવથી ઔર નવીન યૌવનમા પ્ર ાશતા. એવો મંગળમય અવસર પણ રામરાજાને પૂર્ણત આનંદ અર્પી શક્યો નહિ રામરાજાએ પોતાનો અશ્વ મંગાવ્યો અને ગુપ્ત રીતે પુન વનવિહાર તરફ પ્રયાણ કર્યુ વનવિહારના રમણીય માર્ગપર રામરાજા અને સાથે તેનો પ્રાણ પ્રિય અનુચર ગમનાથ બન્ને અશ્વા પર પુર ઝપાટે ચાલ્યા જતા હતા. રામરાજાની સ્થિતિ અત્યારે જેમ ડુબતો મનુષ્ય તણખલાની સ્હાયતાથી પણ આયુષ્ય બચાવવા ઇચ્છે તેવીજ હતી તે કોઇપણ ઉપાયે પ્રભાવતીને પુન મેળવવા યત્ન કરવા લાગ્યો. રામરાજાનો પત્ર વાંચ્યા

પછી પ્રભાવતી શોકાન્વિત મુદ્રાએ વનવિહારના એક સુંદર વૃક્ષની છાયા તળે વિચાર નિમગ્ન થઇ બેઠી હતી તે સમયનું રામનાથે જેવું વર્ણન કર્યું હતું તેવોજ આભાસ, તેવીજ પ્રભાવતીની પ્રતિમા રામરાજાના નયનો આગળ પ્રત્યક્ષ થઇ. રામરાજા, પ્રભાવતીએ ઉદ્વેગમાં આવીને વનવિહારનો પરિત્યાગ કર્યો હોય તો તે પોતાનો ઉદ્વેગ પૂર્ણ થતાં અવસ્ય પાછી આવશે એમ અનુમાનતો હતો પરંતુ પ્રભાવતીનો નિશ્ચય વજ્ર જેવો અચળ હતો અપ્રિય વસ્તુપર દૃષ્ટિપાત કરવાને પણ તે તૈયાર નહોતી રામરાજાનો ત્યાગ કરતી વખતે પ્રભાવતીએ પૂર્ણ નિશ્ચયથી તેનો ત્યાગ કર્યો હતો અને અવશેષ જીવન ફકીરી લઇ ઇશ્વર સ્મરણમાં વિતાવવાનોજ તેનો મનોભાવ હતો પાર્થિવ ભોગ વિલાસને તેણે તિલાંજલી આપી દીધી હતી અને પુનઃ કદીપણ સંસારમાં પ્રવૃત્ત ન થવાનો તેનો દૃઢ અભિપ્રાય હતો વનવિહારનો અશ્વમાર્ગ પુર્ણ થતાં ત્યાંથી પર્વતપરનો એક બીજો માર્ગ પડતો હતો. બન્ને બાજુએ પર્વતની ઉંડી ખીણો આવેલી હતી અને વચ્ચેથી એક માત્ર અશ્વ જઇ શકે તેટલોજ માર્ગ હતો. બન્ને બાજુની ખીણો એવી હતી કે જો માગ પરથી અશ્વ પડી જાય કે તેનો એકપગ પણ જરા ખસી જાય તો અશ્વસ્વાર છે કે ખીણની નીચેના ભાગોમાં ગબડી પડવાનો સંભવ હતો ત્યાંથી એક પ્રવાસી સામો આવતો રામરાજાની દૃષ્ટિએ પડ્યો, એ માર્ગથી આજ પર્યન્ત કોઇપણ અશ્વસ્વાર કે અન્ય પથીકોને આવતા રામરાજાએ નીહાળ્યા નહોતા. આજે એ ભયજનક માગપરથી રુષ્ટપુષ્ટ શરીરના સ્યામવર્ણીય કદાવર અશ્વસ્વારને આવતા જોઇ રામ-રાજાના હૃદયમાં સ્વાભાવિક રીતેજ ભયનો અવિર્ભાવ થયો ધીમે ધીમે તે અશ્વસ્વાર આગળ વધવા લાગ્યો. રામરાજાનો અશ્વ પણ આગળ વધતો હતો થોડીજવારમાં બન્ને અશ્વો સામસામે થઇ ગયા કે

આગતુક વ્યક્તિએ પોતાનો સાંગ્નીક શબ્દ અતિપ્રબળતા પૂર્વક ઉચ્ચાર્યો તતક્ષણેજ સર્વ દિશાએથી પાચ પાચ મુસલમાન સૈનીકો દોડી આવ્યા અને રામરાજા તથા રામનાથને બદીવાન બનાવી દીધા, રામરાજાએ પોતાની સમશેરથી અસખ્ય મુસલમાન વિરોને સ્વર્ગગામી બનાવી દીધા પણ તેમનો મનુષ્ય જથો ઘણો હોવાથી રામરાજા પરાસ્ત થયો અને બદીવાન બની તેમનો અનુગામી બન્યો રામરાજાને સાથે લઇ એ સઘળુ સૈન્ય જે વિકટ પથ પરથી પેલો શ્યામવર્ણીય પુરૂષ આવ્યો હતો તેજ માર્ગે વળ્યુ, પણ થોડે રસ્તે જતાજ તે પુરૂષ સામેથી રામરાજાના એક દૂતને સૈન્ય લઇ આવતા નીહાળ્યો આ નવીન ભયથી નિવૃત્ત થવા તેણે પર્વતની નીચેની એક ગુફાના દ્વારપર આવી બદુકના ત્રણ અવાજ કર્યા તે સાથે ગુફાનુ દ્વાર ઉઘડી ગયુ, રામરાજા અને રામનાથની આખો વસ્ત્રથી બાધી લેવામા આવી અને સઘળુ સૈન્ય એ અજ્ઞાત માર્ગે વળ્યુ થોડે ગયા પછી સઘળા પર્વતના મધ્યભાગમા જઇ પહોચ્યા, ત્યા ગયા કેડે રામરાજા અને રામનાથનુ નેત્રબધન છોડવામા આવ્યુ એ પર્વતના મધ્યભાગમા પર્વતને કોરીને અપૂર્વ સૌદર્યવતી ગુફા બનાવવામા આવી હતી અને ત્યાજ પર્વત કોરી નાખીને થોડા ઓરડા બનાવેલા હતા રામરાજાને અને રામનાથને ભિન્ન ભિન્ન ઓરડામા પુરી ત્યાથી પેલો સરદાર અને તેના સૈનીકો તેજ ગુફામા અન્યત્ર પ્રસ્થાન કરી ગયા પાર્વતીય પ્રદેશ હોવાથી ગુફામા સદા કાળ માટે અધકારજ વ્યાપેલો હતો રાત્રી હતી કે દિવસ તે જાણવાને કોઇપણ સાધન ઉપલબ્ધ હતુ નહિ એટલે રજની રૂપી કુટિલ કમસ્થાનમા ખરેખરી વિભાવરીજ વ્યાપેલી રહેતી હતી.

પ્રકરણ ૫ મું.

અબળા ઉદ્ધાર.

ગુફામા જો કે રાત્રી વ્યાપ્ત થએલી જણુની નહોતી પરંતુ રાત્રીનો મધ્યાનમાળ પ્રસ્તુત સમયે ચાલતો હતો રામરાજા પોતાના ઓરડામા બંદિવાનની અવસ્થામા પડેલો હતો. એટલામા નખશીખ શ્યામવસ્ત્રાધારી એક અજ્ઞાત વ્યક્તિએ પાછળથી આવી રામરાજાના દ્વારપર રક્ષા કરનારનો કંઠ પોતાની શમશેરના પ્રભાવે ધડથી જુદો કરી નાખ્યો અને તેનુ શબ જરા દુર જઇ એક કુવામા નાખી દીધુ પછી ધીમેથી રામરાજાના આરડામા દાખલ થઇ તેણે રામરાજાને જાગ્રત કર્યો અને પોતાની પાસેથી થોડા ફળ ખાવાને આપ્યા પાણી પાયુ અને તેના હાથપગના બંધન દૂર કર્યા રામરાજા પોતાની સાથેના આવા દયામય વર્તનથી વિચારસાગરમા લિન બની ગયો પણ તેના આશ્ચર્યનો ભંગ કરતા તે વ્યક્તિયે રામરાજાને કહ્યુ, "વત્સ ! તુ મને ઓળખતો નથી પણ હુ તને ઓળખુ છુ તુ કૃષ્ણદેવ રાજાનો જામાત્ર અને વિજયદેવનો નાનો પુત્ર રામદેવ છે નહિ વારૂ ?" રામરાજાનો સત્યદર્શક પ્રત્યુત્તર મળે તેને માટે વાટ ન જોતા તે વ્યક્તિએ પોતાની વાક્ સરીતાનો પ્રવાહ આગળ વધાર્યો 'હાલ તુ જો કે કષ્ટમા છે છતા મને આશા છે કે તારો મારે હસ્તે ઉદ્ધાર થશે અને આ પાપી સ્થળના દુખમય જીવોનો તારે હાથે ઉદ્ધાર થશે"

"હુ આપને ઓળખતો નથી છતા આપનો હુ અત્યંત રૂણી થયો છુ દેવ ! મને જણાઓ કે આપ કોણ છો ? આ રંકપર કૃપા

વરસાવવા કયાથી પધારો છો ? અને અહીના દુ ખમય જીવોનો ઉદ્ધાર કરતા પહેલા મને અહી બદીવાન બનાવનાર રાક્ષસોનો હુ શી રીતે સહાર કરીશ ? આ દુ ખમયસ્થાનમા મારા ગાત્ર ભાગી ગયા છે. નયને અધારા વળે છે અને મારી હિમત સર્વથા નષ્ટ થઇ છે આપ શો માર્ગ બતાવો છો ?"

"બાપુ ! આ ગુફાનો હુ માલીક છુ આ ભૈરવી માતાનુ સ્થાન છે. ભૈરવીમાતા મહા પ્રભાવશાળી, સેવકો ઉપર સત્વર દયા કરનાર અને અતિ ઉદાર છે, પણ હાલમા આ સ્થાનક યવનોને હસ્તગત છે તેમણે તે જીતી લઇ અત્રે મહા અધર્મ પ્રવર્તાવ્યો છે તેથી માતાજી પોતાનુ સ્થાનક ઉઠાવી ગયા છે પણ મને આ એક તેમનુ સુદર ચિત્ર આપી ગયા છે અને મારા વચન સિદ્ધ થાય તે માટે મને વચન સિદ્ધિનો આશીર્વાદ આપ્યો છે હુ પ્રથમ કોઇ વિચારનુ મનમા ચિતન કરૂ છુ અને પછી આ ચિત્ર ઉરાડુ છુ તે જો ચત્તુ પડે તો તે વિચાર સિદ્ધ થવાનો હુ આશીર્વાદ આપુ છુ તે સત્ય નિવડે છે અને જે વખતે માતાજીની છબી અવળી પડે ત્યારે તે વસ્તુ સિદ્ધ થવાનો આશીર્વાદ ન આપવો એવી તેમની મને આજ્ઞા છે. બેટા ! ભૈરવી માતા મહા સમર્થ છે અને તેમને શરણે જનારાનુ યથાકાળ કલ્યાણ થાય છે પરંતુ અત્યારે માતાજી પોતાનુ સ્થાનક ઉઠાવી ગયા હોવાથી મારા સિવાય અન્યને તે સહાયતા કે દર્શન આપતા નથી માત્ર મનેજ દર્શન આપે છે"

"ભગવન ! જો આપના કથનાનુસાર મહામાયા ભૈરવી આટલા બધા પ્રબળ છે તો પછી એવા કયા કારણને લીધે માતાએ યવનોના દળથી પરાજીત થઇ પોતાનુ સ્થાનક અત્રેથી ઉઠાવી લીધુ છે અને જો

તેમજ હોય તો પછી માતાજી પોતાના અન્ય સેવકોની રક્ષા કરી શકે છે એ ઘટના શી રીતે માન્ય થઇ શકે ?"

"અહા નાદાન ! તારી માન્યતા ભ્રમમુલક છે માતાજીએ ધાર્યું હોત તો તેજ ક્ષણે એમણે યવનોનો સર્વથા વિદૂશ કર્યો હોત પરતુ તેમ કરવુ ભૈરવી માતાને યોગ્ય લાગ્યુ નહિ અને તેથી તેમણે સ્વે-ચ્છાથી પોતાનુ સ્થાનક અત્રેથી ઉઠાવી લીધુ અને યવનોને માટે આ સ્થાન કેવળ નિર્ભય બનાવી આપ્યુ કેટલોક સમય તો મ્લેચ્છોએ અહી બહુ ધાર્મિકતાપૂર્વક સમય ગાળ્યો પણ હાલમા યવન સેનાપતિએ અત્રે અસખ્ય સ્ત્રીઓને આણીને બદીવાસ આપ્યો છે અને તેમને ધર્મ કર્મથી દિન અને હિન બનાવી નાખી છે જ્યારે એનો વિષમ અત્યાચાર મારાથી દેખી શકાયો નહિ ત્યારે મે અનુષ્ઠાન કરી માતાજીને પ્રત્યક્ષ કર્યા અને તેમને એ નિર્દોષ અબળાઓનો ઉદ્ધાર કરવાની અભ્યર્થના કરી મહામાયાએ મારી પ્રાર્થના સ્વિકારી અને તમારે હાથે એ અબળા ઓનો ઉદ્ધાર થવાનુ વરદાન આપ્યુ " તે શ્યામ વસ્ત્રધારી વ્યક્તિએ પોતાની મનોભાવના વ્યક્ત કરી

'ઠીક મહારાજ ! જો આપની ઇચ્છા હોય તો એ મહામાયા શી રીતે જગતમા મુત્તિમત થાય છે, તે જણાવશો ? અને આ દુષ્ટોનો વિનાશ પણ શી રીતે થાય તેનુ સવિસ્તર જ્ઞાન મને આપશો તો આપની મહા કૃપા થશે આપથી અજ્ઞાત નથી કે વર્તમાન સ્થિતિમા હુ અત્રે નિ સહાય છુ તથા મારી પાસે શસ્ત્રાસ્ત્રોનો પણ અભાવ છે તો મહારાજ ! હું શસ્ત્રધારી યવનોનો પ્રાણ લઇ એ અબળાઓનુ શી રીતે રક્ષણ કરીશ તેની મને ચિતા થાય છે" રામરાજાએ પોતાની નિર્બળતા દર્શાવી.

"તારા બીજા પ્રશ્નનો પ્રતિઉત્તર સરળ છે રાત્રીએ સઘળા મ્લેચ્છો મદ્યપાનની નિશામા એવા તો મગ્ન થઇ જાય છે કે આ સમસ્ત પૃથ્વી કપાયમાન થાય અને તેની ગર્જનાથી બ્રહ્માડ ગર્જી ઉઠે છતા તેઓની સુષુપ્તિનો ભગ થતો નથી માટે જ્યારે એવી દશામા તેઓ સુતા હોય ત્યારે સમશેરના પ્રહારથી તેનો નાશ કરી નાખશો તો બહુ સરળતાથી તમે ભયમૂક્ત બની આ નર્કવત સ્થાનને પુન સ્વર્ગપુરી જેવુ સુદર બનાવી શકશો અને અહીં કારાગૃહ નિવાસ સેવતી નિરાધાર અબળાઓનો પણ ઉદ્ધાર કરી શકશો હવે તમારા પ્રથમ પ્રશ્નનો ઉત્તર અવશેષ રહ્યો એ ગૂઢ જ્ઞાનનો વિષય છે અને સાધારણ બુદ્ધિ એવી ધાર્મિક બાબતો સમજવામા નિષ્ફળ નીવડે છે છતા પણ એ સબધે હુ તમને અલ્પાલ્પ જ્ઞાન આપવાનો યત્ન કરૂ છુ માનવ પ્રાણીનો આત્મા આદૃષ્ય શરીરમા રહેલો દેખાય છે પરતુ તે સિવાય તેને વિચારોનુ એક અન્ય અવ્યકત શરીર હોય છે મનુષ્ય આત્માની અતકાળે જેવી વાસનાઓ હોય છે તે પ્રમાણે પ્રત્યેક આત્મા મરણ પામ્યા પછી સ્થુલકાયા વિનાની અદૃશ્ય કાયા ધારણ કરે છે મનુષ્યોના વિચારો અતકાળે જો પરમાર્થીક અને જનકલ્યાણ-કારી હોય તો તેનો આત્મા દેવઅથવાદેવી સ્વરૂપે જગતમા વાસના શરીરનો આશ્રય કરીને વિદ્યમાન રહે છે અને જો આત્માના અતિમ વિચારો મલિન હોય તો તેજ આત્મા ભૂત પ્રેત અથવા પિશાચ તરીકે વાસના શરીરનો આશ્રય કરી જગતમા વિરામે છે પોતાના બળથી દેવદેવીઓ જગતનુ કલ્યાણ કરે છે અને ભૂતપિશાચો જગતનુ અકલ્યાણ કરે છે જ્યારે તેમની વાસના પુર્ણ થાય છે અને વાસના શરીરનો લય થાય છે ત્યારે તે આત્મા પરિબ્રહ્મમા મળી જાય છે અને

જે દેવ અથવા દેવીનો પ્રભાવ અતિ જાજ્વલ્યમાન હોય તે આત્મા પણ આમ વિસ્તારમાં મળી ગયો કે તેમનો પ્રભાવ નાશ પામે છે. આજ પરિસ્થિતિ પ્રમાણે ભૈરવી માતાનું વિચાર શરીર અતિ જીર્ણ થયું છે અને અલ્પકાળમાજ તેનો વિનાશ થતા એ આત્મા પરિગ્રહમાં મળી જશે અને એમનો સર્વ પ્રભાવ નષ્ટ થશે. આ તમારા પ્રથમ પ્રશ્નનો ઉત્તર છે. આ સમશેર લે, અને અત્યારેજ બહાર જા યવનોના સંહારનું તારૂં કાર્ય પૂર્ણ કર અને આ સ્થાનનો ઉદ્ધાર કર એ મારી તને આજ્ઞા છે" એમ કહી તેમણે રામરાજાના હાથમાં એક દૈવી સમશેર આપી

"હે પ્રભો ! આપની વાણી જેમ વધારે સાંભળું છું તેમ મને અધિક ઉત્સાહ આવે છે અને મારો ભય તથા શોક ટળી જાય છે. હવે આપ કૃપા કરી કહેશો કે ભવિષ્યમાં મારૂં મૃત્યુ ક્યારે અને કેવી રીતે થશે ?"

રામરાજાનો પ્રશ્ન સાંભળી તે શ્યામવસ્ત્રધારી યોગીરાજે પોતાની પાસેની માતાની છબી નીચે નાખી, છબીનો ઉપલો ભાગ નીચો ગયો અને પાછલો ભાગ ઉપર આવ્યો તે જોઇ તેમણે રામરાજાને કહ્યું, "વત્સ રામરાજા ! તારૂં ભવિષ્ય કથવાની મહામાયાની ઇચ્છા નથી માટે એ અભિલાષ મૂકી દે અને સત્વર તારો શું ધર્મ છે તેનો વિચાર કરી તારા કામે લાગી જા."

રામરાજા પુનઃ કાંઈ પૂછવા જતો હતો પણ તે પહેલાં તે યોગીરાજ ઓરડાની બહાર નીકળ્યા. રામરાજા પણ તેના દર્શન કરવા બહાર નીકળ્યો પણ પળવારમાં તો તેઓ અદૃશ્ય થઇ ગયા હતા.

રામરાજાએ તેની શોધ કરવાને મિથ્યા યત્ન કર્યો નહિ અને સમશેર લઇને યોગીરાજે બતાવેલા માર્ગે વળ્યો. માર્ગમા જે જે નિદ્રાંધીન મનુષ્યો દૃષ્ટિએ પડયા તેનો રામરાજાએ સહાર કરી નાખ્યો અસખ્ય માનવ પ્રાણીઓ પલકમા તેમણે કરેલા સત્યાસત્ય કર્મોનો ઉત્તર આપવા કિરતારના દરબાર પ્રતિ પ્રસ્થાન કરી ગયા એમ આસરે સાડાત્રણસો માણસોનો રામરાજાએ નાશ કર્યો, આગળ જતા જતા ગુફા પુરી થઇ એટલે રામરાજાને ત્યાજ અટકવુ પડયુ રામરાજા જ્યાં ઉભો હતો તેની સામેજ વધારે અધકારમય ગુફામાથી ઝાખો દીપક પ્રકાશ આવતો તેની દૃષ્ટિએ પડયો તેણે ત્યા જઇને વધારે દ્રઢતાથી એ ગુફામા શુ બનાવો બને છે તે અવલોકવાનો નિશ્ચય કર્યો રામરાજાએ બહુજ ધીમે પગલે એ ગુફામાં પ્રયાણુ કર્યું અને એક વૃક્ષને ઓથે ભરાઇ રહીને ત્યાનુ પ્રપચ નાટક ગુપ્ત રીતે નિહાળવા લાગ્યો એ ગુફાના મધ્યભાગમા એક વૃક્ષના થડ સાથે એક નિર્દોષ સ્ત્રીને નિર્દયતાથી બાધવામા આવી હતી અને જે મુસલમાન સરદાર રામરાજાને બદી વાન બનાવી લાવ્યો હતો તેજ તેની સામે ક્રુદ્ધ મુદ્રાએ બેઠેલો દૃષ્ટિ ગોચર થતો હતો તે સુદરીના નેત્રોમાથી અસ્ખલિત અશ્રુપ્રવાહ વહી રહ્યો હતો.

"સરદાર સાહેબ ! આ દોરડાના એવા સખ્ત બધ મારા શરીરે બધાએલા છે કે મારાથી આ સ્થિતિમા એક પળ પણુ હવે અધિક જીવી શકાય તેમ નથી. મારા ગાત્ર કપી ઉઠે છે અને જાણે હમણુાજ મારો પ્રાણુ આ દેહનો પરિત્યાગ કરશે એવુ કષ્ટ પડે છે માટે કૃપા કરીને આ બધનથી મને પ્રભુને ખાતર પણુ મૂકિત આપો" તે સ્ત્રીએ અત્યત કરૂણોત્પાદક સ્વરે સામે બેઠેલા મનુષ્ય રાક્ષસને વિનતી કરી.

"મોહિની ! તારી વિનતી માન્ય કરવામા કશો પણ પ્રત્યવાય છેજ નહિ પણ તારા હઠનુજ આ પરિણામ છે તારા ઉપર મને અત્યત સ્નેહ છે અને તને જરાપણ કષ્ટ ન આપવુ એવો મે નિશ્ચય કર્યો છે માટે મારૂ કહ્યુ માનીજા અને બધન મુક્તિ મેળવી સર્વ પ્રકારે આનદ ભોગવ" તે સરદારે જણાવ્યુ.

"સરદાર સાહેબ ! ભવિષ્યમા મારે આપની પ્રત્યે કેવુ વતન રાખવુ તે પણ હૃદય શાતીમા ન હોય ત્યા સુધી કાંઇ વિચાર થઇ શકતો નથી અને એવી દશામા જે કથન મનુષ્યો તરફથી કહેવામા આવે તોપણ તે સત્ય નિવડવાનો સભવ હોતો નથી માટે કૃપા કરી પ્રથમ મને બધનમુક્ત કરો એજ મારી આપને અભ્યર્થના છે" તે સ્ત્રીએ પુન પ્રાર્થના કરતા કહ્યુ.

સરદાર સાહેબના પાષાણવત હૃદયમાં કાઇક દયાનો સચાર થયો તેમણે ઉઠીને તે દોરડાના બધન કાપી નાખ્યા અને તેને પોતાની સામે બેસવાની આજ્ઞા કરી તે સ્ત્રીએ સામે પત્થરની શીલાપર સ્થાન લીધુ અને પોતાનુ રક્ષણ કરવા સર્વશકિનમાન જગદાધારને વિનતી કરતા તે અનિમેષ નયનો એ ધરતી માતા પ્રત્યે નિહાળી રહી

'મોહિની," થોડીવાર રહી તે સરદારે પુન પોતાની પ્રશ્નમાલા શરૂ કરી 'મે કાલે જે સ્ત્રીને અત્રે આણી હતી તેને નસાડી મૂકવા માટે તને સખ્ત શિક્ષા થવાની જરૂર છે, મે તારી વિનંતીપરથી આજ સુધી તને અહી એક દાસી તરીકે રહેવાની સગવડ આપી હતી પણ હવે તે નાસી જનાર સ્ત્રીનુ સ્થાન તારે સ્વિકારવુ પડશે અને મારી બેગમ તરીકે તારે તારૂ અવશેષ આયુષ્ય પૂર્ણ કરવુજ પડશે"

'તે સ્ત્રીની અત્યંત અસંત કરૂણોત્પાદક દશા જોઇ મને તેની પ્રત્યે દયા આવી અને જે સ્ત્રી સ્વાત્મ ઇચ્છાથી આપની બેગમ બનવા ન ઇચ્છતી હોય તો તેને વિના કારણ એવું કષ્ટ ન આપવું એવો નિશ્ચય કરી મેં તેને નસાડી મૂકી."

"બસ ચંડાળ! તારા એ ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા માટે હું તને અત્રે લાવ્યો નથી તું જો મારી આજ્ઞા નહિજ સ્વીકારશે તો ગમે તેવા પ્રયત્નોથી ગમે તેવા કષ્ટ આપીને પણ હું તને મારી બેગમ બનાવીશ તારૂં પતિવ્રત ભ્રષ્ટ કરી નાખીશ અને પછી આ તરવારથી તારી કાયાનું છેદન ભેદન કરી તને યમદ્વારમાં પહોચાડી દઇશ તું હજી નાદાન છે એટલે મારો પ્રભાવ જાણતી નથી અને મારી શક્તિને પીછાનતી નથી

"કરી ભસ્મ હું બ્રહ્માંડની ડોલાવું દુનીયા લાતથી,
તામ્મે કરૂં ત્રણ લોકને આકાશ તોડું હાથથી,
હાંકે ગજાવી સૃષ્ટિને ગૃહની ગતિ ખાળી શકું,
ઉપજાવી અગ્નિ ફુંકથી દુનીઆ બધી બાળી શકું
મુજ નાગણી તલવારથી સંસાર સૌ અકળાય છે,
કે સુંદરીના ગર્ભ પણ મુજ શબ્દથી ગળી જાય છે"

"સરદાર સાહેબ! તમારા આવા ભયજનક શબ્દોથી મારો નિશ્ચય જરા પણ ડગતો નથી કહો તો હું આપની જન્મ પર્યન્ત દાસી તરીકે સેવા ઉઠાવીશ અથવા આપ સોંપશો તેવું નીચમાં નીચ કૃત્ય પણ કરીશ પણ મારૂં અમુલ્ય પતિવ્રત, તેને હું દેહના ટુકડા થતા પણ ત્યાગીશ નહિ અને મારી એ ધર્મ પ્રતિજ્ઞાને પ્રાણાન્તે પણ ભાગીશ નહિ

"જલાવો ભઠ્ઠીમા કયા અગર તલવારથી કાપો,
જડાવો બેડીઓ પગમા પીવાને ઝેર પણ આપો
ભલે આ વજ્ર બધનથી સુકોમળ દેહને બાધો,
શરીર સઘના કરો ટુકડા છતાએ ના–નથી વાધો
ન દૂખ કે કષ્ટ કે શોકે હ્રદય આ વજ્રવત મારૂ,
નહિ કરશે પતિવ્રતને કદી નિજ પ્રાણથી ન્યારૂ."

"જ્યારે મૃત્યુ નજર સનમુખ આવીને ઉભુ રહે છે ત્યારે તેનો સાક્ષાત પરિચય થાય છે અને એવીજ દશા તારી થઇ હોવાથી આ નિચ અને અઘટિત વચનો બોલાય છે પણ નિશ્ચય જાણજે કે મારો ટેક દૃઢ છે, તારા પ્રત્યે હવે મને લવલેશ પણ દયા નથી અને હુ તારા પતિવ્રતનો ભગ કરવાજ તૈયાર થયો છુ માટે માનીજા અને આ વિષમ કષ્ટથી દેહને બચાવી લે "

"ધર્મને માટે પતિવ્રતને ખાતર ગમે તેવા કષ્ટો વેઠવા પડે ગમે તેવા સકષ્ટ સહન કરવા પડે તેનો મને લેશ પણ ભય નથી અને એના ભયથી હુ કદાપી પણ તારે વસ થવાની નથી હુ પણ ક્ષત્રાણી છુ અને સિહની પુત્રી છુ યાદ રાખજે કે તમારા જેવા નર પિચાશોનો પ્રાણ લેવો એ મારે રમતની વાત છે અને તેવો પ્રસગ આવશે તો મારા વચનો કેટલા સત્ય છે તેની આપને ખાતરી પણ થશે. મારી કાયા ક્ષત્રાણીની છે અને તે મૃત્યુ પર્યન્ત ધર્મનુ પાલન કરવાજ વિધાતાએ સૃજેલી છે

ભાનુ ઉગી અસ્તાચળે જગને શીતતા આપશે,
રજની પતિ નિજ તાપથી સંસારને સતાપશે.

સાગર થશે મીઠો ભલે સરિતા બધી ખારી થશે,
ડોલે હિમાચળ વિશ્વમા એવા દિવસ કદી આવશે.
પણ દેહ ક્ષત્રાણી તણી જીવતા પરાધીન થાય ના,
જ્યમ શસ્ત્ર રજપુત લોકના પર હાથમા કદી જાય ના ”

“ તારા આવા ગુમાની વચનો માટે તારૂ શિયળ ભગ કરવુ એજ તારે માટે યોગ્ય શીક્ષા છે. ચાલ દુષ્ટ ! તારા બળનો પરિચય આપવા તૈયાર થા હુ જોઉ છુ કે તારા પતિવ્રતનુ તુ શી રીતે રક્ષણ કરે છે અને તારી કાયા મારા હાથમા આવતા કેવી રીતે બચાવે છે જે વચનો અભિમાન પૂર્વક તુ ઉચ્ચારે છે તેના સત્યાસત્યનો તને અત્યારેજ મારે પરિચય આપવો પડશે તને અત્યારે પુન કહુ છુ કે સ્ત્રીઓના શરીર બહુ કોમળ અને બળહીન હોય છે માટે તારી વૃથાઘેલછા મૂકી દે અને મારે સ્વાધીન થા.”

“ નહિ થાય, નહિ થાય, જ્યા સુધી આ દેહમા પ્રાણ હોય, શ્વાસે પ્રવાસે શિયળવ્રતનુ ભાન હોય અને આ દેહમા રક્તનો સચાર હોય ત્યા સુધી તારી પાપી માગણીને હુ કદી પણ વશ થવાની નથી તે નથીજ મારી દેહ નિબળ હશે, હુ મારૂ આત્મરક્ષણ કરવામા નિષ્ફળ નિવડીશ તો જગતનો સર્જનહાર સચરાચર કિરતાર મારી વ્હારે આવશે અને મારૂ રક્ષણ કરશે ”

“ જેના વડે આ વિશ્વનુ મહાચક્ર ફરતુ જાય છે,
જેની અડગ શક્તિ વડે રાત્રી દિવસ બદલાય છે
શશી સૂર્ય આ સસારને જે શક્તિએ અર્પણ કર્યા,
ઉદ્ધાર ભક્તોનો કરી પાપી તણા જીવનો હર્યા.

તે આવીને નિજ સ્હાયથી આ દેહકંટો તોડશે,
તુજ પ્રાણને પણ સત્યના શુભ પથમાં એ જોડશે."

"અહા કેવી હાસ્ય જનકવાત છે! મોહિની! આવા મિથ્યા પ્રલોભનોથી શા માટે કષ્ટો ભોગવવા તૈયાર થાય છે અને તારા ભાવી કલ્યાણનો વિનાશ કરવા પ્રેરાય છે સંસારમાં પ્રભુએ કોઇને સ્હાયતા આપી નથી અને ને કોઇને એવી સ્હાયતા આપ તો પણ નથી માટે આવો અસત્ય હઠાગ્રહ તજી હજીએ મારે શરણુથા."

"નહિ થાય તે નહિજ થાય, પ્રાણ જાઓ, ગમે તેવા કષ્ટ પડો પણ એ પ્રતિજ્ઞા નહિ તૂટે તે તો નહિજ તૂટે"

"ઠીક ત્યારે જો અત્યારે તારૂ શિયળવ્રત ભાગે છે કે નહિ? જો તારો કિરતાર તને કેવી મ્હાયતા, આપે છે અને મારા હાથમાંથી તે તને કવી રીતે બચાવે છે" આમ બોલતો ને સરદાર તે સુંદરીના શરીર પર ધસી ગયો અને કંઠમાથી તેને પકડીને નીચે ભૂમિ ઉપર પટકી મોહીની પુન ઉઠવાને પ્રયત્ન કરતી હતી પણ તેટલામાં તેના પગ દબાવી તેના કંઠપર પોતાનો હાથ મકી તે એવા જોરથી દબાવ્યો કે મોહીની એ પુન ઉઠવાની આશા છોડી દીધી તે કિરતારને વિનતી કરતી અને પોતાની ધર્મ રક્ષા માટે સર્વેશ્વર જગદાધારની પ્રાર્થના કરતી હિંમત રાખી ને બોલી "સરદાર સાહેબ! એટલેથી શા માટે અટકી જાવો છો લાવો, તમારી તલવાર લાવો અને મારો કંઠ કાપી નાખો, કાતો ગળુ દબાવી મારા પ્રાણ લ્યો પણ કૃપા કરી મને અન્ય પ્રકારે દુખી કરશો નહિ કે મને વ્રતભ્રષ્ટ કરશો નહિ."

"ચુપ રહે ચડાળ! તારી એક પણ પ્રાર્થના હવે હુ સ્વિકારીશ નહિ" પેલા સરદારે કહ્યુ અને તે નીચ રાક્ષસી ચેષ્ટા કરવામા પ્રવૃત્ત થયો, મોહીનીએ રહાયતા માટે મોટી ચીસ પાડી. તેમ તે અધિક અને અધિક ઉન્મત બની તેનો સ્પર્ષ કરવા લાગ્યો મોહીનીને ધમ ભ્રષ્ટ થવાને અલ્પક્ષણોનીજ ખોટી હતી પણ તેટલામા રામરાજાની તલવારે તે દુષ્ટ શરીર પ્રાણ ભ્રષ્ટ કરી નાખ્યુ મોહીની લર્જાથી વ્યાકુળ વદને ઉભી થઇ, રામરાજાના મુખમાથી તેની સામે જોતાજ અસ્પષ્ટ ઉદ્દગારો નીકળી ગયા 'કોણ મહારાજા કૃષ્ણ દેવની કન્યા વિશ્વમોહિની?"

વિશ્વમોહિનીએ મહારાજા કૃષ્ણદેવની કન્યા અને રામરાજાની ભાવી પત્નિ હતી મોહિનીએ ત્યા બીજી જે જે સ્ત્રીઓનો એની કુટિલ વાસના માટે બદીવાસ થયો હતો તે ગુહાગૃહો બતાવ્યા રામરાજાએ તે સર્વને મુક્તિ આપી અને ગુફાથી બહાર આવી તેમને યથાસ્થાને મોકલી દીધા વિશ્વમોહિની પણ વિજયનગરમા પોતાના મહાલયમા આવવાને પુન સદભાગ્યશાલી થઇ. રામરાજાએ રામનાથની શોધ કરી પણ માત્ર તેનો પ તો લાગ્યો નહિ આથી તેણે એકલાએજ વનવિહારનો માર્ગ લીધો.

વનવિહારમા આવી તે સિધો મહાલયમા ગયો અને દરેક ઓરડા બરાબર તપાસી ને બધ કરી દીધા. વિશ્વમોહિનીના મોહક દર્શનથી પ્રભાવતીનો પ્રેમ ધીમે ધીમે કૃષ થવા લાગ્યો હતો. જે ઓરડામાં પ્રભાવતી રહેતી હતી તે ઓરડો બધા ઓરડાથી મ્હોટો હતો અને દરબારી શસ્ત્ર અસ્ત્ર અને થોડા સુવર્ણ અલકારો પણ ત્યા હતા સર્વ બરાબર તપાસી રામરાજા બહાર નીકળ્યો બહાર નીકળતાજ તેને ઉર્દુ અક્ષરોમા નિમ્ન

ભાવાર્થવાળી કાવ્ય પંક્તિઓ લખેલો પત્ર ઓરડાના ધ્વાર પાસે પડી રહેલો જડયો. રામરાજાએ લક્ષપૂર્વક તે પત્ર ઉઘાડી અંદરનું કાવ્ય વાચવા માંડયું —

"જ્યાં પ્રેમ ત્યાં પ્રેમી વસે એ ધર્મ છે પ્રણયી તણો,
વસવું શશીના પથમાં અભિલાષ પંકજને ઘણો,
પણ ચંદ્ર દૂર દેશે વસી સતાય અબ્જે જોકદા,
નાખે નયનથી અશ્રુને રડતું કુમુદ રહે સર્વદા,
વિશ્વાસ ઘાતી થાય જો રવિરાજ વિસરી સ્નેહને,
થઇ પ્રેમ યોગીની વિસરવું અવશેષ એ રહે કુમુદને,
તે કાજ કુમુદિની જાય છે ઉધ્વેગથી પસ્તાય છે,
પણ ચંદ્ર કંચન કે કથીર તેની પરિક્ષા થાય છે."

કાવ્ય વાચીને તુચ્છકારથી તે કઠોર રીતે હસ્યો. અને પત્ર ફાડી નાખ્યું મહાલયના સર્વ ઓરડા આમ વ્યવસ્થિત કરી તે બહાર આવ્યો અને મહાલયના મુખ્ય ધ્વારને તાળું વાસ્યું. બહાર રામરાજાના અશ્વની લગામ પકડી ત્યાંનો માળી કાશીનાથ ઉભો હતો. રામરાજાએ અશ્વ સ્વાર થઇ પેલા માળીને ઉદેશી કહ્યું —

"કાશીનાથ! હવે વનવિહારમાં આવવાનું મારૂં ઘણુંજ ઓછું થશે કારણ કે મહારાજાની તહેનાતમાંજ સદા સર્વદા હાજર રહેવું એવી તેમની આજ્ઞા છે. છતાં પણ ક્વચિત ક્વચિત હું અહીં આવી ચઢીશ અને વનવિહારની સૌદર્યતામાં કંઇપણ ઉણપ આવશે તો તે માટે હું તને સખ્ત શિક્ષા કરીશ માટે વનવિહાર પર સંપૂર્ણ લક્ષ રાખજે. વળી આજ પર્યન્ત જેમ અહીંની સર્વ ઘટના ગુપ્ત રાખવામાં આવેલી તેજ પ્રમાણે હવે પણ સઘળું ગુપ્ત રાખવાનું છે.

આજ પર્યન્ત અત્રેનુ સર્વ આધિપત્ય જેમ રામનાથના હસ્તગત હતુ તેજ કાર્ય હવે હુ તને સોપુ છુ તેને દક્ષતાપૂર્વક સભાળજે અને પુન જ્યારે જ્યારે મારૂ અત્રે આગમન થાય ત્યારે પૂર્વવત મને આનદ મળે તેમ વનવિહારનુ સૌદર્ય કાયમ રાખજે" એટલુ કહી તેણે પોતાના અશ્વને વિજયપુરને માર્ગે દોડાવી મૂક્યો વનવિહારનો ત્યાગ કરતી વખતે જેટલી દિલગિરી પ્રભાવતીના અતરમા થઇ હતી તેનાથી અનેકધા રામરાજાને દુ ખ થવા લાગ્યુ વનવિહાર શુષ્ક જણાવા લાગ્યો તેનુ સૌદર્ય કરમાઇ ગયુ હતુ પ્રાણ નિકળી ગયા હતા નિ પ્રાણ પડેલી કાયા ભયાનક લાગે તેમ પ્રભાવતી વિનાનુ વનવિહાર ભયજનક લાગે એ સ્વાભાવીકજ હતુ રણાગણમા સિહનાદ કરનાર, મોટા મોટા મહારથીઓને મુઝાવનાર, દેશ અને ધર્મને માટે પ્રાણ પાથરનાર અને યવનોનો તિરસ્કાર કરનાર રામરાજા પોતેજ એક અર્ધયવન સુદરીના મોહમા ઘેલો બની શોક અને સતાપથી પ્રજળી રહ્યા હતો નયનો ઉઘાડા છતા જાણે અવલોકન શક્તિ નષ્ટ થઇ હોય એમ થયુ અશ્વ ધીમે ધીમે ચાલતો હતો અનેક તર્ક વિતર્કની હારમાળા ગુથતો ગુથતો રામરાજા વિદ્યાપુરને પરિચિત માર્ગ વળી ગયો શ્વાસે શ્વાસે પ્રવાસે નિરાશા અને પશ્ચાતાપ છવાએલા હતા રાત્રીનો અધકાર વ્યાપતા પહેલા તે વિદ્યાપુર પહોચી ગયો

પ્રકરણ ૬ ઠું.

વનવિહારને બદલે કારાગૃહ !

પ્રાત કાળનો આછો પ્રકાશ માર્ગપર પડતો હતો છતા અરણ્યના ઘાડી ઝાડીવાળા રસ્તાપર જતુ રહેતુ નહોતુ પક્ષીઓનો મજુલ કર્ણ-પ્રિય ધ્વની સભળાતો હતો માર્ગપર અનુપમ નિર્મળ શાતી પથરાએલી હતી આકાશ સ્વચ્છ હતુ મદમદ પ્રકાશમા ચોગરદમ જણાતા મોટા ગિરિરાજો દૂરથી જાણે મહારાષ્ટ્રનુ માન જાળવતા તપસ્વીઓ ન હોય, એમ લાગતુ. કોઇ કોઇ જગ્યાએ નિર્મળ પાણીના ઝરા વહેતા હતા. પ્રભાતનો સમય ! અને ઘોર અરણ્ય ! એટલે માર્ગનુ દૃશ્ય ખરેખર કાઇ અલૌકીક લાગતુ હતુ એ રમ્ય માગ ઉપરથી ત્રણ ઘોડે સ્વાર વ્યક્તિઓ અતિ શિઘ્ર ગતિએ પ્રયાણ કરતી હતી આગળ બે અશ્વોપર સજ્જ થએલી બે મુસલમાન અબળાઓ હતી. તેમના મુખપર નાખેલા બુરખાથી અને નખ શીખ ઢકાએલી કાયાથી તે વ્યક્તિઓ કોણ છે એ જાણી શકાતુ નહોતુ. પરતુ ખાનદાન કુટુબની તે અબળાઓ હોવી જોઇએ એમ સાહાજીકજ અનુમાન થતુ છેક પાછળના અશ્વપર એક શ્યામવર્ણો યુવક પોતાની સોડમા રાજકુમાર જેવી દિવ્યકાતીવાળા બાળકને અને એક બાળાને લઇને બેઠો હતો તેમના હૃદય અશાતીમા ઘેરાએલા હતા પ્રતિપળે પકડાઇ જવાના ભયથી તેમની દૃષ્ટિ આમતેમ ફરતી હતી અને અબળાઓના હૃદયના થડકા પાછળના યુવકને સ્પષ્ટ જણાતા હતા, પરતુ તે સાભળવા જેટલો તેને અવકાશજ નહોતો. તેનુ હૃદય જુદીજ વિચારમાળામા તલ્લિન બની ગયુ હતુ. એ

ઘોડેશ્વારને આગથી સ્ત્રીઓના સંરક્ષણનુ કાર્ય સોંપેલુ હતુ. તે થોડાજ સમયપર મુસલમાનોના પાશવીક બળથી અનિચ્છાએ મુસલમાન થએલો ક્ષત્રીય પુત્ર હતો તેની રગેરગમા આર્યતાનો પ્રબળ જુસ્સો વહેતો હતો આર્યધર્મનુ જ્વલંત અભિમાન તેના અંતઃકરણમાથી કરમાયુ નહોતુ તેના વસ્ત્રો અને મુખપર વધેલી દાઢી સિવાય વાસ્તવ મુસલમાન જેવુ તેનામા કાઇજ નહોતુ હિંદુઓપર થએલા અત્યાચારોને તેનુ દેશપ્રેમી અંતર વિસરી ગયુ નહોતુ અને તે વૈર લઇ આર્યપ્રજાની ઉન્નતી અવલોકવા તેનુ હૃદય તલપી રહ્યુ હતુ અરણ્યમા આગળ ચાલતા બે ઉંચા ગિરિરાજોની સાંકડી ખીણમાથી પસાર થવુ પડતુ હતુ અને માર્ગ એવો ભયપ્રદ હતો કે દિવસના મધ્યાન્હ કાળે પણ ત્યા જાણે રાત્રીજ ન હોય એમ ભાસતુ એવા ભયજનક સ્થાનમાથી પણ તે યુવક નિર્ભય રીતે પસાર થતો હતો. વનચર પશુઓની કે લુટારાઓની તેને જરાપણ ભિતિ ન હોય એમ તેના મુખમંડળપરથી લાગતુ થોડે દૂર જતા સ્વચ્છ પાણીનો એક ઝરો આવતો હતો તેમણે પોતાના અશ્વને શ્રમનિવૃત્ત થવા તે ઝરામાથી પાણી પાયુ. લાબા પ્રવાસથી ઘોડાઓ અતિશય શ્રમિત થયા હતા. પાણી પીને ત્રણે અશ્વસ્વારો જરા આગળ ચાલ્યા એટલામા નીચે નમી પડતા પર્વતોની ઢાળો પરથી પચાસ અશ્વારોહી સૈનીકો લઇ એક મનુષ્ય ધસી આવ્યો અને તેણે તેમને કેદ કર્યા પેલો રક્ષક સરદાર—રજુદ્દિન આવી અણચિંતવી ઉપાધીથી જરા ગભરાયો પણ પુનઃ સ્વસ્થ થઇ તણે બુમ મારી 'ખબરદાર! કોણ છે આ? શા માટે માર્ગ રોકી ઉભા રહ્યા છો. અમને આગળ જવાનો સત્વર માર્ગ આપો"

"રજ્જુદ્દિન !" પેલા નવીન આવેલા મનુષ્યે કહ્યું 'તમારી સાથે જે બે સ્ત્રિઓ છે તેને અમને સોંપી દઇ નિર્ભય બની તમે ચાલ્યા જાઓ તમને રોકી રાખવાનું અમને કશું પ્રયોજન નથી માત્ર આ બે સ્ત્રીઓને અને બે બાળકોને અમારે સ્વાધીન કરી દો નહિ તો શસ્ત્ર સજી મરવાને માટે તત્પર થાઓ."

"મને માર્ગ આપો છો કે નહિ ? શા માટે આમ રસ્તે ચાલતા નિર્દોષ પ્રવાસીઓને દુખી કરો છો અને વિના કારણ આપત્તિ વહોરી લો છો ?" રજ્જુદ્દિને ક્રોધપૂર્વક ઉત્તર આપ્યો.

"અમને આ બે સ્ત્રીઓ સોંપી દેશો તો પછી તમારો માર્ગ અમે રોકી રાખવાનાજ નથી પણ એ યાદ રાખજો કે આ સ્ત્રીઓને મેળવ્યા સિવાય અમે પાછા જનાર નથી. બાદશાહ સલામતનો હુકમ છે કે આ નવજુવાન નાજનીઓને અમને સોંપી દઇ તમારે અમને તાબે થઇ જવું માટે તેમ કરશો તો પછી તમને કોઇપણ જાતનો ઉપદ્રવ કરવામા આવશે નહિ અને નિર્ભયતાથી તમે તમારે માર્ગે જઇ શકશો."

"બેઇમાન ! તારા આવા શબ્દો સાંભળી તને પાક પરવરદિગારની હુઝુરમા મોકલી આપવો એમ મારો વિચાર થાય છે પણ તારી પાછળ તારા પરિવારની જે ભયંકર દુર્દશા થશે તેની મને દયા આવે છે એ અનુકંપાથી હુ તારા સઘળા શબ્દપ્રહારો સહન કરૂ છુ ત્યારે તુ અધિક મસ્તાન બની ગમે તેવો લવારો કરે છે. તને ખબર છે આ ભૂમિ બાદશાહ મુઝફ્ફરશાહના તાબામા છે અને આ સ્ત્રીઓ તેમના પાલકની પુત્રી એટલે તેમની ભગિનિ છે આ તમારા કુટિલ કર્મની વાત સુલતાન સાંભળશે તો તમારા ટુકડે ટુકડા કરી નાખશે."

"અહો ! ત્યારે જેનો તુ મને ભય બતાવે છે, તે જાગીરાબાદનો સુલતાન મુઝફ્ફર પોતેજ તારી સામે ઉભો રહી વાત કરે છે તેનુ તને કયા ભાન છે ? તારાજ ઇન્સાફ પ્રમાણે તુ વર્તમાન સમયમા મારા રાજ્યમા ઉભો છે અને મારી આજ્ઞા શીરે ધાર્ય કરવી એ તારો ધર્મ છે" એટલુ કહી તેણે પોતાને મોઢે બાંધેલી બુરખાની છોડી નાખી રજ્જુદિન અને મુઝફ્ફરશાહની દ્રષ્ટિ પરસ્પર મળી અને તેમણે એક બીજાને બરાબર ઓળખ્યા મુઝફ્ફરશાહને ઓળખતાજ ક્રોધથી રજ્જુદિન અસ્ત વ્યસ્ત બની ગયો અને તેણે કહ્યુ, "અહા બાદશાહ મુઝફ્ફર ! શુ તુ પોતેજ આમ તારી પ્રજાનુ સરક્ષણ કરવાનુ તજી સ્ત્રીઓને ઉપાડી જવાનો નીચ ધધો કરતા શીખ્યો છે ! સુલતાન તરીકે તારી શી ફરજ છે તેનુ તને જરા ભાન છે ?"

"હુ જાણુ છુ કે તુ એક પાકો શયતાન છે હુ જાગીરાબાદનો સુલતાન છુ અને મારી શી ફરજો છે તેનુ બરાબર મને જ્ઞાન છે માટે સીધી રીતે જો ન માનશે તો આ શમશેરથી તારો પ્રાણ લઇ પણ મારૂ કાર્ય પાર પાડીશ એ મારો દૃઢ નિશ્ચય છે !"

"મુઝફ્ફરશાહ !" રજ્જુદિને ઉત્તર આપ્યો મુઝફ્ફરશાહ જ્યારે સ્વત પોતજ તેમને પકડવા માટે આવ્યો છે ત્યારે હવે તેની સાથે વધારે તોફાન કરવામા તથ્યાશ નથી એમ રજ્જુદિને વિચાર કર્યો અને કઇક ક્રોધ કઇક વિનતી વડે પોતાનો સ્વાર્થ સાધ્ય કરવા માટે જણાવ્યુ "આ સ્ત્રીઓ તે નવાબ નસરૂલ્લાખાનની પુત્રી છે નવાબ સાહેબે બાલ્યાવસ્થાથી તમને પાળીપોષીને મોટા કર્યા છે, જાગીરાબાદનો મુકુટ તારે શીરે કાયમ રાખ્યો છે અને તને અનેક આપત્તિઓમાં બચાવ્યો છે માટે તેમની પુત્રીનુ એટલે તમારી ભગિનીનુ રક્ષણ કરવુ એ તમારી

ફરજ છે સુલતાન સાહેબ ! પોતાની પાલક પુત્રી ઉપર એટલે તમારી ભગિની ઉપર આવો નાચ સીતમ ! જાગીરદારનો બાદશાહ સ્વયંજ માર્ગમાં નિરાધાર અબળાઓની લજ્જા લુટશે અને તે પણ મુસલમાન સુંદરીઓનીજ ? ! મુઝફ્ફરશાહ ! જરા ખુદાનો ડર રાખો અને નિર્દોષ સ્ત્રીઓપર જુલમ કરવાની કુટિલ વાસનાને હૃદયમાંથી દૂર કરો ”

‘પશુ પક્ષી પ્રાણી સર્વ આ કિરતારનો પરિવાર છે,
સૌંદર્યવન ઉપવન બધા કિરતારનો સંસાર છે,
બંધુ ભગિનિ આપણે પ્રભુ એક પાલનહાર છે,
ડરતા ખુદાથી જે નથી તેને સદા ધિક્કાર છે
તે દુષ્ટ દોઝખમાં જઇ દુખ ભોગવે બે જહાનમાં,
અબળા તણા અભિશાપોનું છે સ્થાન કબ્રસ્થાનમાં ”

“ખુદાનો ઘણો ડર રાખ્યો સ્વતંત્ર રાજ્ય જતાં દઇ વિજાપુરનો ગુલામ બન્યો, હવે તો અલ્લાહને પણ નથી ઓળખતો અને તમારા જેવા દરવેશના ભપકો પણ નથી સાંભળવા ”

“નથી કિરતાર દુનીયામાં નથી મઝહબ રહ્યો માનો,
ખુદા તો શબ્દ છે ખલી ખુદાનો હોય ડર શાનો,
નથી જન્નત તણી પરવા બને જીવ નર્કમાં જોડું,
મળી આ ગુલબદનવાળી પરી હું તે નહિ છોડું,
આ બાદશાહ જન્નત થકી ક્યારે કહો લોભાય છે,
મીઠી મઝાની નાઝની તેને જીગર બસ ચ્હાય છે ”

“મુઝફ્ફરશાહ ! તમારો પ્રત્યેક શબ્દ નાદાનીનો છે અને તે માટે પરવરદિગાર તમને દોઝખમાં નાખ્યા સિવાય નહિ રહે. મને આશ્ચર્ય

થાય છે કે કયામતને દિવસે ખુદાના દરબારમા તમે શુ જવાબ આપશો? અને આ પાપની શિક્ષા કેવી રીતે સહન કરશો? જ્યારે ખુદાના પણ ખોફની પરવા કર્યા વગર આવુ નીચ કર્મ કરવા તમે ઉદ્યુક્ત થયા છો ત્યારે હુ પણ જોઉ છુ કે મારા પ્રાણમા પ્રાણ છે ત્યા સુધી એ ઘોડાને કે એ સ્ત્રીઓને સ્પર્શ કરવાની કોની તાકાત છે?"

"રજ્જુદ્દિન! તમે નહિ માનશો તો વ્યર્થ તમારી પ્રાણ હાની થશે અને એ સુદરી તો અતે મારાજ હાથમા આવશે. હુ આવ્યો છુ તો કોઇ પ્રકારે એમને લીધા વિના પાછો ફરવાનો નથી મારૂ સમગ્ર રાજ્ય જતુ રહે કે મારા સઘળા સૈનીકોની પ્રાણ હાની થાય, એવા કષ્ટ પણ આ સુદરીને માટે વેઠવા પડે તો તેમા કોઇ જાતનો મને સતાપ નથી"

'નવાબસાહેબ! તે ગમે તે હોય પણ અબળાઓ ઉપર હુમલો કરવો એ શોભા સ્પદ નથી અને હુ કદીપણ તેવુ મારી નજર સમક્ષ થવા દેનાર નથી વિજાપુર નરેશના જુલ્મથી કટાળી એ સુદરી તેમના પિતાજી પાસે જાય છે તેમા વિઘ્નરૂપ થઇ નિર્દોષ સ્ત્રીઓના શાપ લેવાએથી તમારૂ કલ્યાણ થશે નહિ. આપનો ધર્મ તમારી રૈયતનુ રક્ષણ કરવાનો છે અને તેમાજ તમારૂ શ્રેય છે"

"રજ્જુદીન! બસ એ ખટપટને હુ ચ્હાતો નથી. કોઇપણ રીતે એ સુદરીને હુ જવા દેનાર નથી માટે કાતો એ સુન્દરીને મને સોપી દો કાતો મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થાઓ."

સુલતાન મુઝફ્ફરખાનના આ શબ્દ સાભળી રજ્જુદીને પોતાનો અશ્વ સૌથી ઠેકાવીને આગળ આણ્યો અને મ્યાનમાથી સમશેર ખેચી

કાઢી તતક્ષણેજ બધાએ સમશેર ખેચી કાઢી, અને મુઝફ્ફરખાનના સૈનીકો રજુદીનનો વધ કરવા માટે પોતાના સુલતાનની આજ્ઞાની રાહ જોવા લાગ્યા રજુદીન પણ તેજ દશામા સ્તબ્ધ થઇ ઉભો રહ્યો એક પળ પણ જો અધીક ગઇ હોત તો ત્યાંની ભૂમિ રૂધિરથી રક્તવર્ણી થઇ ગઇ હોત પરતુ તેટલામા આગલા અશ્વ પર સ્વાર થએલી સુદરીએ બુરખામાથીજ મુઝફ્ફરશાહને ઉદ્દેશીને કહ્યુ.

"બસ મુઝફ્ફરશાહ ! યુદ્ધ કરી રજુદ્દીનનો નાશ કરવાનુ કાઇ પ્રયોજન નથી તમારા જેવા ઘાતકી નરપિશાચોના હાથમા કેદ પકડાવુ એને હુ મારા અહોભાગ્ય માનુ છુ ભલે આવો અને મને પકડી લ્યો પણ સ્મૃતિમા રાખજો કે મારા અપમાનનુ અને મને બદિવાસ આપ્યાનુ પરિણામ સારૂ નહિ આવે. આજ મારા એકજ શબ્દથી મહારાષ્ટ્રનુ એક બળવાન રાજ્ય તમારો સર્વ નાશ કરી નાખવા પ્રવૃત્ત થાય એટલી મારી સત્તા છે જ્યારે તમારા પાપનુ પરિણામ તમે તમારી નજરે અવલોકશો ત્યારે તમને તમારી ઉદ્ધતાઇનો અપૂર્વ પશ્ચાતાપ થશે મારા પિતાના છત્ર તળે બાલ્યાવસ્થા ગાળી તેને આશ્રયે મોટા થઇ રાજ્ય મેળવનારને આટલી પણ શરમ ન હોય કે પોતાની ભગિનિ ઉપરજ આવા ભિષણ અત્યાચાર કરવાને તે પ્રવૃત્ત થશે !"

"તારૂ નામ સાભળતાંજ હુ ધર્મ કર્મ અને દુનીયાને ભૂલી જાઉ છુ અને તારાજ વિચારમા તલ્લિન થાઉં છુ પછી મને કોઇજ જાતનુ ભાન રહેતુ નથી, જેમ મધુકર કમળમા, પતગરાજ દિપકમા, અને ચકોરી ચદ્રકિરણોમા મુગ્ધ થાય છે તેમ હુ પણ સર્વથા તારામા

અનુરક્ત છુ ! તારોજ ભક્ત છુ ! અને તારામા આશક્ત છુ માટે કોઇ પણ જાનનો ભય રાખ્યા વિના તુ મારે તાબે થઇ જા અને મારી મનોભાવના પૂર્ણ કર, જો તેમા જરા પણ કોઇ પ્રકારનો તે અંતરાય ઉપસ્થિત કર્યો તો પ્રસ્તુત સમયે જે દશા રજ્જુદિનની છે તેજ દશા તારી પણ થશે અને તારે આખો જન્મ કષ્ટ શોક અને દુ ખમા વ્યતિત કરવો પડશે."

"સુલતાન ! તે કદી પણ બનશે નહિ અને આ તારી નીચ વાસના કદી પણ ફળશે નહિ, હુ પ્રાણ જાતા પણ તારી આવી નીચ ભાવનાને વશ થવાની નથી જગત માત્ર ચાર દિવસનુ છે, તન ધન અને યૌવન એ ઘડીની છાયા છે અને કિરતારની બક્ષીસ છે તેનો દુરૂપયોગ કરી પાપભગિની થવુ, એવુ હુ કદી પણ કરીશ નહિ, તમે પણ તમારા આત્માનુ અકલ્યાણ ન થાય તે માટે આવો વ્યભિચારી સ્વભાવ તજી દો અને ખુદાની ભક્તિ કરવામા અનુરક્ત થાઓ જેથી તમારૂ પણ કલ્યાણ થશે અને બેહિસ્તમા ખુદાના રૂહ થઇ તેમા રહેવાનુ સ્થાન મળશે, હું ગમે એવી સુદર છુ પણ મારી દેહ માટીની બનેલી છે અને તે અંતે માટીમાજ મળી જવાની છે એ વાત નિસંદેહ છે"

"બુરો અભિલાષ નવ રાખો બની આ દેહ માટીની,
ડરો, શાને બગાડોછો તમારી દેહ માટીની,
ઝહર કા નેત્રમા આણો ખુદાનુ નુર ખુબસુરતી.
છતા પણ તે નકામી છે બનેલી દેહ માટીની,

મધુરા સ્તન અને જોબન જીવન પળવારનુ આપુ !
ચહે જો માસ મારૂ તો જરૂર હુ તે તને આપુ "

'તારા સુદર વચનો સાભળવા અને તારો ઉપદેશ ગ્રહણ કરવા હુ તને લઈ જતો નથી કિંતુ મારી બેગમ બનાવવાની અભિલાષાથી હું તને લઇ જવા માગુ છુ જો હઠીલાઇથી તું નહિજ માનશે તો ગમે તે પ્રકારે પણ તને અતે મારે વશ થવુ પડશે અને મારી ઇચ્છાને અનુસરવુ પડશે, નહિ તો તારા શરીરની ચામડી જીવતી ઉતારી તને અગ્નિમા બાળીને મારી નાખીશ તે કષ્ટ વેઠવું પડશે મુઝફ્ફરશાહ ઘણોજ અડગ વિચારનો અને ક્રુર છે, તેનો વિચાર એકવાર થયો તે ફરી બદલાતો નથીજ સ્મરણમા રાખ, તારા શરીરના ટુકડે ટુકડા થઇ જશે અને આ સૃષ્ટિમાથી તારો સદાને માટે નિકાલ આવી જશે એ નિશ્ચય જાણજે"

"દિવાલો આ હૃદયની તે નથી તુજ શબ્દથી ચળતી,
અડગ પાષાણ આ તેમાં દયાદૃષ્ટિ નથી મળતી,
જપુ તુજ નામની માળા મળી આજે હવે પ્યારી,
કહે કયા જાય છે ન્હાસી કટારી કાળજે મારી ?
થઇ હુ બાદશાહ પોતે તમારે પાય લાગુ છુ,
નથી અભિલાષ કૈં બીજો તમારો હાથ મગુ છુ"

"મુઝફ્ફરખા ! તો શુ જોઇ રહ્યો છે ? અત્યારેજ તારી તલવાર ચલાવ અને ભલે મારા કંઠને કાપી નાખ હુ તેનો કદાપી પણ શોક કરવાની નથી મૃત્યુ તો મનુષ્યો માટે વિધાતાએ સર્જેલુજ છે અને

આજ નહિ તો વર્ષો પછી મારી તારી સર્વની એ સ્થિતિ આવવાનીજ છે તો પછી તેનાથી ડરીને તારી ભ્રષ્ટ વાસનાને તાબે થાઉં એવું મારૂં હૃદય નિર્બળ નથી ગમે તેવા કષ્ટો પડે પણ તે સર્વ વેઠવા અને મરવા હું તૈયાર છું મારા ધર્મને માટે અગ્નિમાં બળી મરતા પણ હું ડરવાની નથી માટે પછી જે માર્ગ લેવો હોય તે માર્ગ અત્યારેજ બેશક લઇ લે "

"ભાનુ ચળી નિજ માર્ગથી ઉગશે ભલે અસ્તાચળે,
કે સર્પના મુખથી કદી અમૃતતણી વૃષ્ટિ ગળે,
સિંહ ખાય જો ખડ ખંતથી સાગર નદિને જઇ મળે,
સિંધુ બને મિઠો કદીને ક્ષાર સરિતામાં ભળે,
ઉપભોગ આ કાયા તણો તો એ તેને મળશે નહિ,
આ શ્વાનની તારી દશા સંસારથી ટળશે નહિ,

'ઠીક, હું જોઇશ કે આ તારી પ્રતિજ્ઞા તું કેવી રીતે પાર પાડે છે, હાલ તો રસુલ ! એ સર્વને બંદીવાન બનાવો" મુઝફ્ફરશાહનો હુકમ મળતાજ રસુલ નામના મુસલમાન સરદારે બન્ને બાઇઓને સાથે આણેલી પાલખીમાં બેસાડી દીધી પરંતુ રજુદ્દિનને કોણે પકડવો એ ગુંચવાડો ઉભો થયો તેને હાથ સરખોયે લગાડવાની કોઇની હિંમત ચાલતી નહોતી રજુદીન એકલો હોવાથી અને પ્રતિ પક્ષે ઘણા માણસો હોવાથી તથા એ સ્ત્રીઓથી વિમુખ થવું પડે તે ખાતર તેણે પોતાનાં શસ્ત્રાસ્ત્ર નીચે ફેંકી દીધા અને કહ્યું, 'મુઝફ્ફરશાહ ! આવો મને પણ પકડો અને તમે કેવળ નિર્ભય થાઓ" તરતજ રસુલે તેની પાસેના બે બાળકને પેલી પાલખીમાં બેસાડી દીધા અને

રજુદ્દિનને બદિવાનની દશામા પોતાની સાથે રાખ્યો સઘળો રસાલો લઇ મુઝફ્ફરશાહે પોતાના મહાલય તરફ પ્રયાણ કર્યું.

પાઠકગણ ! એબે અબળાઓ તે અન્ય કોઇ નહિ પણ આપણા સુપરિચીત પ્રભાવતી અને તેની દાસી ગગાજ હતા, પ્રભાવતી દરગાહમા આવીને ફકીરના ઝુપડા નીચેના ગુપ્ત ભોયરામા રહી હતી પ્રભાવતીનુ મૂળ નામ નુર–ઉન–નિરસા હતુ પરતુ તે અભિધાન અત પર્યન્ત જગતને અપરિચિતજ રહ્યું હતુ પ્રભાવતીનો પિતા નસરૂલ્લાખાન આદિલશાહના દરબારનો મૂખ્ય સેનાધ્યક્ષ હતો તેને બળાત્કારે મુસલમીન બનાવેલી એક ખાનદાન બ્રાહ્મણ અબળાના ઉદરથી પ્રભાવતીની પ્રાપ્તી થઇ હતી આદિલશાહ વિજાપુરી સલ્તનતનો કટ્ટર શત્રુ હતો તેને પ્રભાવતી સાથે પ્રેમમા નાખી વિષ પ્રયોગ કરી તેનો સર્વકાળ માટે નાશ કરવો એવો નસરૂલ્લાખાનનો અભિલાષ હતો પરતુ પ્રભાવતીના અતરની નિર્મળતાને લીધે તેનુ એ ષડયત્ર ફળ્યુ નહિ અને તેટલામા કેટલાક રાજદ્વારી કારસ્તાનોને લીધે નસરૂલ્લાખાન પર બાદશાહ આદિલશાહના જનાનખાના પ્રતિ કુદ્રષ્ટિ કરવાનો આક્ષેપ આવ્યો, બાદશાહે તેને દેહાત દડની સજા ફરમાવી પણ તેટલામા નસરૂલ્લાખાન કોઇ અજ્ઞાત સ્થળે ન્હાસી ગયો પદચ્યુત થયા છતા પણ નસરૂલ્લાખાન વિજાપુરનુ રાજ્ય કેમ વિજયી થાય અને રામરાજાનો સર્વ નાશ કેવી રીતે થઇ શકે તેને માટે દરગાહમા આવીને રહેતો અને વિદ્યાપુરના રાજ્યતત્ર વિશે માહિતી મેળવતો, એક દિવસ એજ કાર્ય માટે નસરૂલ્લાખાન દરગાહમા આવ્યો હતો, ત્યા તેને પ્રભાવતીનો પુન મેળાપ થયો પિતાને પુત્રીએ પોતાની દુ ખદશાની સઘળી કહાણી સાદ્યત કહી સભળાવી, અને પુન પોતાને સાથે લેવા માટે વિનતી કરી. વનવિહારનો ત્યાગ

करती वखते प्रभावती सगर्भा हती प्रस्तुतकाळमां तेने ७ वर्षनो पुत्र अने ४ वर्षनी कन्या एम बे संतान हतां. नसरूल्लाखाने पोताना विश्वासु सरदार रजुद्दिन साथे तेमने पोताने गाम मोकली दीधां, त्यां मार्गमां आ नवो उपद्रव उभो थयो अने तेणे पुनः प्रभावतीने शोक सागरमां विलिन करी नाखी. मुझफ्फरखानने पिता जागीराबाद नामना नाना संस्थाननो बादशाह हतो परंतु तेणे विजापुरनी सामे विद्यापुरनो पक्ष लई एक वार युद्ध कर्युं हतुं तेथी गुस्से थइ विजापुरना सुलताने तेने सहपरिवार बंदीवान तरीके पोताना कारागृहमां नाख्यो हतो अने त्यांज तेमनो सघळानो काळ थयो मुझफ्फरखाननी बुद्धि बालपणथीज बहु चंचळ हती अने मुखमंडळ वात्सल्य उपजावे एवुं होवाथी नसरूल्लाखाने तेने बचावी लइ पोताने त्यां राख्योहतो अने आदिलशाह पासे तेना पितानुं राज्य तेने पाछुं अपाव्युं हतुं त्यारथीज तेणे कोइ पण रीते प्रभावतीने प्राप्त करवानो निश्चय कर्यो हतो प्रभावती दरगाहमांथी नीकळी तेना पिताने घेर जाय छे ए वर्तमान तेने गुप्त अनुचर द्वारा मळता तेणे पोताना सैनीको साथे तेनो मार्ग घेरी तेने पकडी लीधी हती आ वातनी ज्यारे तेना मोतवीने खबर पडी त्यारे तेणे मुसलमान ओने आवी रीते छळवा माटे तेने सख्त ठपको आप्यो अने ते सघळाने विजापुरमां बादशाह आदिलशाह पासे मोकली आप्या नसरूल्लाखानना कुटुंबने पकडी आपवा माटे आदिलशाह बहु संतुष्ट थयो अने तेणे बीजा दश गामोनी मुझफ्फरशाहने बक्षीस करी मंगा, प्रभावती, पेलो बाळक रघुनाथ, रजुद्दिन, अने प्रभावतीनी नानी पुत्री सत्वळा आदिलशाहना कारागृहमां पड्या, प्रभावतीने वनविहारने बदले कारागृह मळ्युं.

પ્રકરણ ૭ મું.

મહારાજાનુ મૃત્યુ.

અસ્તોદયનો અચળ નિયમ અખીલ સૃષ્ટિમા રાજા હો યા રંક હો સવને સર્વત્ર સરખી દશામાજ લાગુ પડે છે આર્યાવર્તના પ્રાચીનમા પ્રાચીન મહારાજ્ય પર અસ્તોદય મહોદધીના કરાળ મોજા અનેકવાર ફરી વળ્યા છે, અને ઘણા સામ્રાજ્યો પોતાની કિતિને અવશેષ રાખી સદાકાલને માટે નાશ પામી ગયા છે પ્રાતસ્મરણીય અયોધ્યાના સૂર્યવશી રાજ્યો અને હસ્તિનાપુરના ચદ્રવશી વિરોની કિર્તિનુ આજે માત્ર આપણને શુષ્ક સ્મરણજ થાય છે મિસર, રોમ, ગ્રીક અને કાર્ટેજીઅનોની પ્રભુતા સર્વ ધૂળ ભેગુ થઇ ગયુ છે, અને તેમની શ્રી, ધી અને શકિતનો પ્રભાવ પણ પ્રતિદિન વિસ્મરાતો જાય છે. જે પુષ્પ ખીલીને પોતાની સૌરભ ફેલાવી મધુકરોને લોભાવે છે, તેજ કોમળ કુસુમ કરમાઇને ખરી પડે છે પ્રભાત થયા પછી પુન નિશા-દેવી પોતાની સત્તાથી જગતને આચ્છાદિત કરવા તત્પરજ હોય છે. જે રાજ્યો એક વાર ઉત્કર્ષને શીરે પહોચેના હોય છે, તેનાજ શેષ હાડ રહી સવ સુરભી કાળને શરણે વહી જાય છે એ અસ્તોદયના પ્રભાવથી એક વ્યકિત પણ સસારમા વિરકત નથી તો પછી તેનાથી આખુ વિદ્યાપુરનુ સામ્રાજ્ય તો કેમજ દૂર રહી શકે? એવુ એક ભિષણ મોજુ ધીમે ધીમે વિદ્યાપુર ઉપર ચઢવા લાગ્યુ અને અતે તેનો છેલ્લો આઘાત થયો પરિણામે આર્યસૃષ્ટિનુ અમોલુ રત્ન મહારાજા કૃષ્ણદેવનો કાળ થયો યુવાનીમા મેળવેલા અસખ્ય વિજયોથી

અને છેલ્લા યુદ્ધના શ્રમથી તેમની શારીરીક પ્રકૃતિ ધીમે ધીમે બગડતી ગઇ હતી અને તેમનો આત્મા અવિનાશીની અબાધીત શકિતને શરણે ગયો. અનેકવાર વિધર્મિઓને થરથર કંપાવનાર અને સમગ્ર ભારતવર્ષમા નૃસિહકુલનો વિરહાક વગાડનાર મહારાજા કૃષ્ણદેવની ચૈતન્યરહિતદેહ કાળની આગળ ગગનવિહારક કિર્તિનો અને વિજેતા શીષનો ગર્વ છોડી માથુ નમાવીને પડી પ્રજાના પ્રાણપ્રિય મહારાજાનો, સૈનીકોના સર્વમાન્ય મહારથીનો અને દક્ષિણના બળવાન આર્ય નરકેસરીનો વિનાશ થયો, વાતાવરણમા ગભિરતા પથરાઇ ગઇ, આખા સામ્રાજ્યમા શોક ફેલાયો અને સમસ્ત પ્રજા નૃસિહકુળના નર-સિહનુ પ્રેમપૂર્વક હાર્દીક શોકથી ઉષ્ણાશ્રુ વરસાવી શ્રાદ્ધ કરવા લાગી. મહારાજશ્રીના શબને વિદાયગીરી આપવા હઝારો મનુષ્યોની મેદની ભેગી થઇ વિદ્યાપુરના નાગરીકો પોતાના ધર્મ પિતાનુ છેવટનુ દર્શન કરવાને તુટતે હૈયે સ્મશાન તરફ વળ્યા રાજમહાલયે પ્રત્યક્ષ શોકનુ સ્વરૂપ ધારણ કર્યું રાજવાડાની પદ્ધતી પ્રમાણે એક સપ્તાહ પર્યન્ત ગામમા શોક પાળવામા આવ્યો મહારાજાની મર્ણક્રિયા પુરી થઇ અને બીજે દિવસે રામચંદ્રદેવનો રાજ્યભિષેક કરવાનુ નિયત થયુ પરતુ માનવ ઇચ્છા ધારે છે કાઇ અને પ્રભુ શકિતથી બને છે કાઇ એ નિયમાનુસાર એકજ રાત્રીમા અનેક કારસ્થાનો રચાવા લાગ્યા અને બાર કલાકમા આખુ ચક્ર પલટાઇ ગયુ કૃષ્ણદેવ મહારાજા પણ ગાદીપતી થતી વખતે અનેક પ્રપંચોથીજ મહારાજ પદ પામી શકયા હતા અને ગાદીના સાચા હકદારને તેમણે જીવનપર્યન્તનો કારાગૃહવાસ આપ્યો હતો ગાદીના સાચાવારસ કૃષ્ણદેવના પિત્રાઇ વિનાયકપત હતા. મહારાજા કૃષ્ણદેવની કિર્તિના

પ્રારંભકાળમાં વિનાયકપંતના પક્ષકારોએ અનેક પ્રકારે તોફાનો જગાવી પ્રજાને કૃષ્ણદેવની સામા ઉશ્કેરી મહારાજાનો કાબુ અસ્તવ્યસ્ત કરી નાખ્યો હતો અને તેમની પ્રભુતામાં વિક્ષેપ પડાવવા અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ મહારાજા કૃષ્ણદેવ જેમ શુરવીર યોદ્ધા હતા તેમ પાકા મુત્સદી પણ હતા અને કપટકળાનો પ્રત્યક્ષ અવતાર હતા. તેમણે વિનાયકપંતના પક્ષકાર રાજકર્મચારીઓને શામ, દામ અને દંડની રાજ્યનીતિ વડે દેશહિતના બ્હાના હેઠળ જીતી લીધા હતા શરૂઆતમાં મહારાજાની સત્તાને દૃઢીભૂત કરનાર રામચંદ્રના પિતા અને મહારાજાના માનીતા સેનાધ્યક્ષ વિજયદેવજ હતા, અને તેમણે પ્રતિપક્ષીની પ્રભુતાને છિન્નભિન્ન કરી નાખી હતી

એ રીતે વિનાયકપંતનો પક્ષ કરનાર સઘળા સરદારો કૃષ્ણદેવના અનન્ય ભક્ત બની ગયા હતા, અને રણસંગ્રામમાં મહારાજાને પડખે ઉભા રહી અતુલ સાહસ કરી બતાવ્યું હતું. પરંતુ જ્યારે કૃષ્ણદેવનો કાળ થયો અને રામરાજાને રાજતિલક કરવાનું ઠર્યું ત્યારે તેમના હૃદયમાં ભય ઉપસ્થિત થયો કારણ કે એ પટાવતોએ વિનાયકપંતનો પક્ષ લઇ વિજયદેવની સામા ઘણો વખત સુધી યુદ્ધ ચલાવ્યું હતું અને અંતે તેમાંજ વિજયદેવનો પણ વિનાશ થયો હતો તેથી વિનાયકપંતના પક્ષકારોએ પુનઃ ખટપટ ચલાવવા માંડી અને છેવટે જે દિવસે રામરાજાનો રાજ્યાભિષેક થવાનો હતો તેજ દિવસે વ્યંકટેશ્વરદત્ત નામના ગૃહસ્થની આગેવાની નીચે પ્રભાતકાળમાંજ વિનાયકપંતને બંધનમુક્ત કરી વિદ્યાપુરીના સામ્રાજ્યાધિપતિ તરીકે જાહેર કરવામાં આવ્યો, અને તેમનો રાજ્યાભિષેક થયો રામચંદ્રની હૃદયોર્મિ એમની એમ કરમાઇ ગઇ, રાજ્યમાં ભારે પરિવર્તન થયું વિનાયકપંતે ભવિષ્યમાં પોતાની વિરુદ્ધ

કાઇ પણ કારસ્થાનો ન રચાય અને પોતાની પ્રભુતાનો કોઇ પણ ઉપહાસ ન કરે તેથી જુના રાજ્યાધિકારીઓને પદચ્યુત કરવાનો ઉપક્રમ આરંભ્યો આ નવિન ખટપટમા રામચદ્રદેવ અને અર્જુનદેવ પણ પદભ્રષ્ટ થયા દરબારમાથી દૂર થયા છતા પણ આર્યત્વના ઉત્કર્ષને માટે અહોનીશ તલસતો રામરાજા પોતાની સત્તા દ્રઢ થવા પ્રયત્ન કરવા લાગ્યો પ્રતિપક્ષી તરફથી પણ તેવાજ પ્રયત્નો થતા હતા એટલે રામરાજાને વિદ્યાપુરનો ત્યાગ કરવો પડયો અને તે વનવિહારમા જઇને રહ્યા, વનવિહારમા રહ્યો રહ્યો રામરાજા ગુપ્ત અનુચરો દ્વારા વિનાયકપતની સર્વ પ્રવૃત્તિઓની માહીતી મેળવતો હતો અને તેમની સામે થવા લશ્કર અને દ્રવ્ય એકત્રિત કરવા લાગ્યો નવો મહારાજા વિનાયકપત રાજ્યધર્મથી કેવળ ભિરૂ હતો રજપુતોને અને રાજકર્તાઓને છ જે એવો એક પણ ગુણ તેનામા નહોતો આખી જીદગી કારાગૃહમા ગાળવાથી અને અતે દ્રવ્ય અને સત્તા મળવાથી તે તદ્દન વિલાસી બની ગયો. રાત્રી ક્યારે પૂર્ણ થાય છે અને પ્રભાત ક્યારે ઉગે છ, તેનુ પણ તેને ભાન રહેતુ ન હતુ એટલે રાજ્યનો સઘળો કારભાર તેનો મહાઅમાત્ય વ્યકટેશ્વરદત્ત ચલાવતો હતો વ્યકટેશ્વર વિનાયકપતને પણ કુદી જાય એવો હતો તેણે પેતાના સગાસ્નેહીઓને રાજ્યના મોટા હોદ્દાઓ આપવા માંડયા જુના અને અનુભવી સેવકોને પદભ્રષ્ટ કર્યા, અને વિદ્યાપુરની ત્રિજોરી લુટી પોતાનુ ઘર ભરવાનો વ્યવસાય શરૂ કર્યો, આમ વિદ્યાપુરના વિજયી રાષ્ટ્રનો કાયભાર કેવળ અસ્તવ્યસ્ત થઇ ગયો

પ્રકરણ ૮મું.

વિદગ્ધ વ્યંકટેશ

જેમ જેમ અધિક સમય થતો ગયો તેમ તેમ વિનાયકપત અને વ્યકટેશ્વરદત્તની પાશવિકતાની પરાકાષ્ટા થઇ, રાજતત્ર કેવળ જર્જર થઇ ગયુ, અને પરસ્પર દ્વેષ અને વૈર એટલા બધા પ્રજવલિત થયા કે આખુ ચક્ર અટકી પડવાની અણી ઉપર આવી ગયુ થોડા દિવસના ટુક અવસરમા એક એક સ્થાને બે ત્રણ વ્યક્તિઓ આવી ગઇ કારણ કે જ્યા સુધી જુના અધિકારીઓ પ્રત્યે પ્રપચોજ રચાતા હતા ત્યા સુધી નવીન અધિકારીઓ કૃત્રિમ શાતી ધારણ કરી બેઠા પરતુ જ્યારે સઘળી મોટી મોટી જગ્યા ઉપરથી વિનાયકપતના વિરોધીઓને નિકાલની મળી ગઇ, કે તતક્ષણેજ નવા અધિકારીઓના અત કરણોમા લોભ વૃત્તિ ઉભરાઇ અને એકજ સ્થાન માટે માહોમાહે કલેશ અને ઇર્ષા ઉત્પન્ન થયા બદોબસ્ત કે વ્યવસ્થા જેવુ કાઇજ રહ્યુ નહિ. સૈન્ય પણ બેદિલ થઇ ગયુ અને ઘણા સરદારો વ્યકટેશના વચસ્વથી કટાળી નિવૃત થઇ ગયા વિદ્યાપુરના,સામ્રાજ્યની આવી દશા જોઇ વિજાપુર નરેશ આદીલશાહનુ લોભી અત કરણ જાગૃત થઇ ગયુ અને તેણે વિદ્યાપુરનો નાશ કરવા પુન એકવાર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો પ્રથમ યુદ્ધમા પ્રારબ્ધ જેમ મુસલમાનોને પ્રતિકુળ હતુ તેમ આ વખતે હિદુસામ્રાજ્ય પર શનિશ્ચરની છાયા હતી। એક તરફ આદીલશાહનુ બળવાન લશ્કર બીજી તરફ રામરાજાનુ સૈન્ય અને ત્રીજી તરફ પોતાના સાથીઓમા કલહ કકાશ। આમ એક સામટી ત્રણ ઉપાધીઓથી વ્યકટેશ્વરદત્ત કેવળ ભયભિત થઇ ગયો અને ગમે તે પ્રકારે પોતાનો પ્રાણ અને પ્રતિષ્ઠા બચાવવા

તત્પર થયો આદીલશાહનુ સૈન્ય કુચ કરતુ ભદ્રાનદિને તિરે આવી ને પડયુ ત્યાજ તેમને વ્યંકટેશનો દૂત સામો મળ્યો અને આદીલશાહને સંધી કરવાના વર્તમાન આપ્યા જે રાજ્ય જીતવા તેણે પોતાના હજારો સૈનીકોના પ્રાણ હોમ્યા હતા અને પોતે પણ મરતો મરતો જે નરકેસરીના હાથમાથી બચ્યો હતો, તે રાજ્ય વિના પ્રયત્ને પોતને હસ્તગત થવાનો પ્રસગ આવ્યાથી તેનો હર્ષ ઉછળવા લાગ્યો બીજે દિવસે રાત્રીએ આદીલશાહ પોતનુ થોડુ સૈન્ય લઇ વિદ્યાપુરીમા દાખલ થયો વ્યકટેશ્વરે તેનો ઘણોજ સારો સત્કાર કર્યો અને પ્રાતઃકાળે બાદશાહને વિદ્યાપુરના સિહાસન ઉપર આરૂઢ કરી વિદ્યાપુરના નરેશ તરીકે વ્યકટેશ્વરે તેના ગુણાનુવાદનુ ગાન લલકાર્યુ જે ગાદી આજ પર્યંત શુદ્ધ રહી હતી, જેને માટે હજારો રજપુતવિરોએ પોતાના રક્ત રેડયા હતા, જેને માટે શતાવધી નરવીરો કપાઇ ગયા હતા તે સિહાસન મ્લેચ્છ રાજના પદાર્પણથી અપવિત્ર થયુ વિદ્યુતને વેગે એ સમાચાર ગામમા પ્રસરી ગયા પ્રજાનો દવાનળ પુન સચેત થયો પરતુ સેનાકોની અને શસ્ત્રાસ્ત્રોની બિલકુલ અવ્યવસ્થા હતી તથા આદિલશાહ સૈન્ય સાથે આવીને પડયો હતો એટલે સઘળુ સકટ અને અપમાન પ્રજાએ મૌન્ય રહી સહન કરી લીધુ જે સિહાસન ઉપર આર્યરાજેન્દ્રો વિરાજતા અને જે સિહાસન આર્યગૌરવના અદ્દભુત નમુના રૂપ હતુ તેના ઉપર આવો પ્રબળ આઘાત થવાથી નાગરીકોના હૃદય શોકગ્રસ્ત થાય એ કેવળ સ્વાભાવીકજ હતુ આખુ નગર એને માટે વ્યકટેશ્વરને ધિક્કારવા લાગ્યુ રામરાજાને નર્તવિહારમા આ ઘટનાની ખબર મળી કે તેજ રાત્રે તેણે પોતાનો અશ્વ વિદ્યાપુરને માર્ગે દોડાવ્યો. આદિલશાહ જેવો પ્રબળ શત્રુ ઘરમા હોય તે વખતે વ્યકટેશ્વરદત્ત

જોડે યુદ્ધ કરી દુશ્મનોને ગૃહકલહ બનાવી દે એટલો રામરાજા અવિચારી ન હોતો તેણે વ્યંકટેશને મેળવી લઇ કોઇપણ પ્રકારે આદીલશાહને રાજધાનીમાંથી બહાર કાઢવાનો વિચાર કર્યો વ્યંકટેશ્વરે રામરાજાનુ ઘણીવાર અપમાન કર્યું હતુ અને તે વેરની વસુલાત તો હજી બાકી હતી છતા રામરાજા પોતાના દેશની પવિત્રતા ખાતર પોતાનુ ગ રવ અને અભિમાન મૂકી વ્યંકટેશ્વરદત્તને ઘેર ગયો લગભગ રાત્રીના દસવાગ્યાનો સમય હતો વ્યંકટેશ્વર ભોજનકાર્યથી નિવૃત્ત થઇ આરામ લેતો બેઠો હતો વ્યંકટેશ્વરની ધારણા બાદશાહની પધરામણી કરી પોતાના શત્રુઓના હૃદયમા અને ખાસ કરી રામરાજાના અતરમા ભય ઉત્પન્ન કરવાની હતી વિદ્યાપુરને માંડલિક બનાવી દેવુ કે પોતે યવનોના ગુલામ થઇ જવુ એવી તેની પણ અભિલાષા નહોતી, પરતુ વિદ્યાપુરની સપત્તિમા મુગ્ધ બનેલો શાહ પાછો ફરવાની વાતજ વિસરી ગયો હતો તેની ઇચ્છા વિદ્યાપુરના સામ્રાજ્યને કેવળ પાયમાલ કરવાની હતી આમ પોતાની ધારણા નિષ્ફળ નિવડવાથી વ્યંકટેશ્વરની સ્થિતિ 'સાપે છછુદર ગળ્યા સમાન થઇ પડી' રામચદ્રે વ્યંકટેશ્વર દત્તને દ્વારે આવી ઘોડો થેભાવ્યો પોતે નીચે ઉતર્યો, અને કમાડ ખડખડાવી બુમ મારી, "પ્રધાનજી! પ્રધાનજી!"

"કોણ છે અત્યારે? રત્રીએ પણ જપવા દેશો કે નહિ?" અફિણની લહરમા ઝોકા ખાતાખાતા વ્યંકટેશ્વરે ઉપરથીજ મોટે સાદે પ્રત્યુત્તર આપ્યો

"એ તો હુ રામચદ્ર, આપને ખાસ અગત્યના કાર્ય માટે મળવા આવ્યો છુ, માટે કૃપા કરી દ્વાર ખોલશો તો આપનો આભાર થશે, મારે આપને ઘણીજ જરૂરની વાત કહેવાની છે."

'રામચંદ્ર' શબ્દ કાને પડતાજ વ્યંકટેશ્વરના શરીરની ઉષ્ણતા દ્વી-ગુણીત થઇ ગઇ, તેમણે એક અનુચરને દ્વાર ખોલવાની આજ્ઞા આપી. બારણુ ઉઘડયુ, રામચંદ્ર મેડે આવ્યો અને પ્રણામ કરી સામે બેઠો બે ત્રણ પળ શાંતીમા વહી ગઇ.

'કેમ રામચંદ્રદેવ! રાત્રીએ તમારે અત્રે આવવુ પડયુ ? વ્યંકટેશ્વરે ગભીરતાથી પ્રશ્ન કર્યો

"પ્રધાનજી! જે સમયે રાજ્યનાપર અને આપનાપર આફત ઝઝુમતી હોય તે સમયે રાત્રી દિવસ જોવાનુ શુ પ્રયોજન છે ? અત્યારે નૃસિંહકુટુંબના રાજસિંહાસનની રાત્રી છે, તેનો પુન દિવસ કરાવવા આપ મથન કરી રહ્યા છો, તેમા આપની યત્કિંચીત પણ સેવા બજાવાશે તો હુ મને ધનભાગ્ય સમજીશ" રામચંદ્રદેવે ઠાવકાઇથી પોતાની જાળ પાથરી.

"તદ્દન અસત્ય વાત રામચંદ્ર! પરમપ્રતાપી નૃસિંહકુળનુ સિંહાસન સંકટમા આવે એ ત્રિલોકમા પણ થઇ શકે એવુ નથી વળી આફતો આવે તો તેનો બંદોબસ્ત કરવો એતો રાજપુતોનો ધર્મજ છે, કારણ કે આપણા અવતાર એવાજ સત્કાર્યને માટે પૃથ્વીમા થાય છે સંકટોમાથી કેમ ઉગરવુ એ વિદ્યાપુરના રાજકર્મચારીઓ બરાબર સમજે છે. માટે તમને ચિંતા રાખવાનુ કશુ પ્રયોજન નથી"

"પ્રધાનજી! વિદ્યાપુરના સુભાગ્યે આપના હસ્તમા રાજ્યની સત્તા છે, ત્યા પ્રર્યન્ત વિદ્યાપુર સદાસર્વદા નિર્ભય છે એ નિર્વિવાદજ છે, પરંતુ અત્યારનુ સંકટ એવુ મહાન છે કે તે ટાળવા માટે પ્રત્યેક વિદ્યાપુરવાસીએ પ્રયત્ન કરવોજ જોઇએ એ સંકટ તે આપ જાણતાજ હશો કે આપણા રાજ્યમા ફેલાએલી ."

"મારી અને વિનાયક પતની સત્તા" તેને બોલતો વચ્ચેજ અટકાવી વ્યંકટેશ્વરદ તે પોતાનુ ડહાપણુ વ્યક્ત કર્યું

"નહિજી, આપની સત્તા મને સર્વદા વધ છે, પરતુ મહારાજાનો પ્રબળ શત્રુ આદીલશાહ આપણા પ્રૌઢપ્રતાપી સિહાસન પર વિરાજે એ વિધાપુરના વતનીથી કેમ સહન થાય ?

"મિત્ર, મિત્રની ગાદીપર બેશે તેમા શો અપરાધ છે ? મહારાજા અને આદીલશાહ વચ્ચે હાલમા પરમ મૈત્રિ થઇ છે અને તેથીજ અતિથિ તરીકે મહારાજાએ પડે તેમને અત્રે નિમત્ર્યા છે તેમા તમે શાના નીચે ઉપર થઇ જાઓ છો ? વિધાપુરના નરેશ બની આવી કાયરતાથીજ રાજ્ય કરવાના હતા કે ?" તિરસ્કાર યુક્ત હાસ્ય કરતા વ્યંકટેશે જણાવ્યુ

ઓઠે આવેલા શબ્દો રામરાજા કડવા ઓસડ માફક ગળી ગયો, પોતાની પરિસ્થિતિનો વિચાર કરી અમાત્યના વચનો વિસરી જવાની ચેષ્ટા કરતો તે બોલ્યો "પ્રધાનજી ! આપનુ હૃદય નિર્મળ છે એટલે આપ આખી પૃથ્વીને કાચ જેવી શુદ્ધ ધારો છો, પરતુ આપણા શત્રુઓ પાકા શયતાન છે આપ તેમને ક્યા ઓળખતા નથી તેમની કપટ કળાથી તેઓ સમગ્ર આર્યાવર્ત ગળી ગયા છે, અને અતે વિધાપુરની પણ એજ દશા થશે માટે હવે એ દુષ્ટને ગમે તે પ્રકારે પાછો વાળવો જોઇએ આદીલશાહના આવા વિપરિત સ્વાગતથી વિધાપુરની કીર્તિનો વિનાશ થયો છે, અને પ્રજા આપની સામે ઉશ્કેરાય છે મહારાજા કૃષ્ણદેવનો આત્મા પણ પોતાના દેશની આવી દુર્દશા નિહાળી સ્વર્ગમા ઘોર આક્રંદ કરતો હશે"

"ગમે તે હોય, પણ એ ચર્ચા કરવાનો અધિકાર રાજ્યના અધિકારીઓનો છે, તેમનો મિથ્યા ઉપહાસ કરી તેમના ક્ષેત્રમા માથુ મારવાનુ તમને શુ પ્રયોજન છે તે હુ સમજી શકતો નથી રાજ્ય રક્ષા કરવાનુ બળ અમારા બાહુમા હજી વિદ્યમાન છે અને પ્રજાનુ તથા રાજ્યનુ કેમ સરક્ષણ કરવુ તે મહારાજા સ્વત સારી રીતે જાણે છે"

"પ્રધાનજી! મહારાજાના પ્રબળ શત્રુ આદિલશાહ જેવાને લાવી આપણા પવિત્ર સિહાસન પર અધિકૃત કરવા અને સમસ્ત રાષ્ટ્રને નિદ્ય કલક લગાડવુ એ મહાઅધર્મ છે, વળી આદિલશાહને કદાચિત વર્તમાન મહારાજાની સાથે મત્રી હોય તો પણ દુશ્મનમિત્રોને ઘરમા આણવા બહુ સ્હેલ છે, પરતુ તેમને પુન ઘર બ્હાર કાઢવા એ બહુ દુષ્કર છે, તેમજ મ્લેચ્છોની પ્રકૃતી સર્વથા એવી નીચ હોય છે કે જેટલી પવિત્રતા અને આર્યતા આપણામા હોય છે, તેટલાજ એ લોકો કપટી અને દગલબાજ હોયછે આદીલશાહ પણ માત્ર એજ કોટીનો માનવી છે, અને તેને સત્કાર આપી સામ્રાજ્યના સિહાસન ઉપર આરૂઢ કરવો એ વિદ્યાપુરના સામ્રાજ્યનો મહાન અપરાધ છે એકવાર મુસલમાનોનુ પ્રબળ વધી પડયુ તો પુન તેને નિર્મૂળ કરવુ અશક્યવત છે આપ સુજ્ઞ છો એટલે અધિક શુ કહેવાનુ હોય પણ ગમે તે પ્રકારે આદિલશાહને વિદાય કરી આપની કિર્તિ કાયમ રાખો એજ તમારી પાસે પુન પુન અભ્યર્થના છે, અને તેમાંજ કૃષ્ણદેવ મહારાજાનુ ગૌરવ છે" રામચદ્રે બહુજ નમ્રતાથી બ્યકટેશ્વરદત્તને વિનતી કરતા કહ્યુ

"રામચદ્ર! આપણે સઘળા વિદ્યાપુરની ભૂમિથી પોષાએલા છીએ એટલે તેનુ ગૌરવ જેટલુ તમને છે તેટલુજ મને પણ છે, હુ પણ

વિદ્યાપુરનોજ નાગરીક છુ, અને મારા પ્રત્યેક શ્વાસમાં તેનું હિત રહેલુ છે પ્રસગોપાત રાજ્યને નિર્ભય રાખવા પ્રજાને અપ્રિય થાય એવે માર્ગે પણ પ્રયાણ કરવુ પડે છે તમે જાણો છો કે અત્યારે મહારાજા કૃષ્ણદેવ નથી, તે સમયનો સૈનીકોમા ઉત્સાહ પણ નથી, અને આપણી પાસે પુરતા શસ્ત્રાસ્ત્ર પણ નથી આ તકનો લાભ લઇ દક્ષિણની ચારે મુસલમીન શાખાઓ એકત્ર થઇ વિદ્યાપુરનો વિનાશ કરવાની તૈયારીમા હતી ત્યારે તેમાના આ મોટા રાજ્યને વશ કરી મે એ ભય સર્વથા નિમૂળ કીધો છે તે સિવાય આદિલશાહને નિમત્રવાનુ અન્ય એક પણ કારણ નથી આપણુ તત્ર વ્યવસ્થિત થાય, પછી ભલે ઇદ્ર પણ આપણી સામો આવે ! પરતુ ત્યા સુધી તો છળ બળ અને કળથી ગમે તે પ્રકારે રાજ્યની રક્ષા કરવી એજ આપણો ધર્મ છે, અને બહુધા તો આદિલશાહ પરમદિવસેજ પાછો સ્વદેશ ચાલ્યો જશે "

"આપ એમા પણ ઠગાઓ છો આદીલશાહનો નિશ્ચય આપનુ ખુન કરવાનો છે" રામચદ્રે નક્કી કર્યા પ્રમાણે પાસા નાખવાનો પ્રારભ કર્યો

" હે, મારૂ ખુન કરવાનો ?" જાણે આકાશ તૂટી પડતુ હોય તેવી મુખમુદ્રા કરી વ્યકટેશે આશ્ચર્યથી પૂછ્યુ.

"હાજી, જ્યારે આપ એને વળાવીને પાછા ફરો ત્યારે માર્ગમા આપનો ઘાત થાય એવી એ ચડાળે ગોઠવણ રચી છે. અને હજી આપ તેને વિશ્વાસે રહો છો આ ખબર આપને આપવાજ હુ મુખ્યત્વે અત્રે આવ્યો છુ તેથી જ્યારે આપ એને વિદાયગીરી આપીને પાછા

ફરો ત્યારે રાજમાર્ગપરથી ન આવશો પણ આપણે મૃગયા માટે જઇએ છીએ તે માર્ગે આવશો તો આપનો ભય નિર્મૂળ થઇ જશે જો આપની આજ્ઞા હોય તો એ માર્ગથી પરિચિત અનુચરને હુ કાલે આપને ત્યા મોકલી દઇશ" રામરાજાએ જણાવ્યુ

"ઠીક, તમે કાલે પ્રાત કાળેજ એ અનુચરને અત્રે મો લજો અને આવા કાઇ અન્ય સમાચારો હોય તે પણ કહાવજો"

"જેવી આજ્ઞા, આપ ફરમાવશો તે પ્રમાણે અવશ્ય અમલ થશે" રામચદ્રે પ્રતિઉત્તર આપ્યો રાત્રી ઘણી જવાથી અને અફીણ તથા મદ્યપાનની નિશાથી વાતો કરતા કરતા વ્યકટેશ્વરદત્તને ત્યાજ નિદ્રા આવી ગઇ રામચદ્ર હવે ભવિષ્યમા શુ શુ પ્રપચ રચવા તેની હાર-માળા રચતો રચતો દાદર ઉતર્યો અને પોતાના પા ઘીદાર અશ્વપર સ્વાર થઇને વનવિહારને પથે વળ્યો

કૃષ્ણપક્ષ હતો ચદ્રનુ ઝાખુ અજવાળુ ઉદય પામતુ હતુ જગત શાંતીના અકમા ઝુલવા લાગ્યુ

પ્રકરણ ૯ મું.

રામરાજાનો રાજ્યાભિષેક.

રામરાજા વ્યંકટેશ્વર જોડે વાતો કરીને વનવિહાર તરફ ચાલ્યો ગયો અને રાત્રીએજ એક મનુષ્યને વ્યંકટેશ્વરની હજુરમા મોકલી દીધો. વિભાવરીનો અવશેષ ભાગ ઝપાટાબધ વહી ગયો, ઉષાના ઓવારણા લેવાને જગત જાગૃત થયુ. પ્રભાતકાળનો રમ્ય અવસર, પક્ષીઓના મધુર સ્વર અને અનીલની મજુલ લહેરીઓ માનવહૃદયને શાંતી અર્પતી હતી આખુ જગત ઉત્સાહમા ઝુલતુ હતુ પરતુ આદીલશાહનુ અતઃકરણ નિરાશા અને ક્રોધથી ઉદ્વેગમય બની ગયુ હતુ. પ્રાતઃકાળ પહેલાજ વિજાપુરથી તેનાપર એક પત્ર આવ્યો હતો આદીલશાહના પુત્ર અલ્લીઆદીલશાહે કોઇ મુસલમીન સરદારની તરૂણ કન્યા ઉપર બળાત્કાર કર્યાથી તે સરદારે બળવો કર્યો હતો, આ વર્તમાનથી આદી-લશાહને એકદમ વિદ્યાપુર છોડી ચાલ્યા જવુ પડ્યુ અને પોતાની સઘળી મહદેચ્છાઓ મનમાજ રહી ગઇ જતા જતાં તેણે પોતાની ઇચ્છા મુજબનો એક ખતીનો તૈયાર કરી તેના ઉપર વિદ્યાપુરના રાજ્ય તરફથી વ્યંકટેશ્વરની સહી લીધી અને બે કરોડ રૂપિઆ પ્રથમ વર્ષની ખડણી તરીકે લીધા. વ્યંકટેશ્વર ભદ્રાનદિના તીર સુધી તેને વળાવવા ગયો. રામરાજાને આ સઘળા વર્તમાન મળ્યા કે ત્વરીતજ તેણે પોતાનુ સૈન્ય એકત્રિત કર્યું રામરાજાના પૂર્વસકેત પ્રમાણે વ્યંકટે-શ્વરને બીજે માર્ગે આવતા લગભગ પાચ કલાક વિતી ગયા તેટલામા રામચદ્રદેવે વિદ્યાપુરના રાજમહાલયને અને દ્રવ્યકોષને કબજે કરી

લીધા સૈનીકોના નાયકોને પણ બહિવાસ આપ્યો અને તેમને સ્થાને પોતાના વિશ્વાસુ માણુસોને નિયત કીધા. વ્યકટેશ્વરને વિદ્યાપુરમા પેસતાજ આ સુતકના સમાચાર મળ્યા રાજમહાલયમા આવવાને બદલે તે સિધોજ પોતાને મહાલયે ગયો, અને પોતાના અનુચરોને પોતાનો સર્વ ખજાનો આણીને તેના નયન સન્મુખ મૂકવાની આજ્ઞા કરી થોડી વારમા વિદ્યાપુરના ખજાનામાથી લુટેલા અસખ્ય હિરા મોતી અને માણેકનો ત્યા ઢગલો થઇ ગયો. કેટલા વર્ષે, કેટલા શ્રમને અતે વિદ્યાપુરના નરેશે પરરાજ્યોને પરાજ્ય કરીને આ દ્રવ્યસચય કરેલો તે પ્રલયકાળના તોફાનમા મળી ગયો તેણે તે સર્વને ખડાવી ભુકો કરી નાખ્યો અને મહાલયમાના હાડી ઝુમ્મર, આરસા વિગેરે ભાગી નાખ્યા.

જ્યારે આમ ભાગતા ભાગતા થાક્યો ત્યારે પોતાનુ પાપ જાણે હજી અવશેષ ન રહ્યુ હોય તેમ તેની દૃષ્ટિ નિર્દોષ પશુઓ પર પડી અશ્વ-શાળામા જઇ તેણે અશ્વ, બળદ, ભેસ ગાય વિગેરે નિર્દોષ પ્રાણીઓના નેત્ર ફોડી નાખ્યા અને તેમને હાકી મૂકયા ! મહાલયમા પોતાના સઘળા વસ્ત્રો સળગાવી દીવા, તેની ભસ્મ આખે શરીરે ચોળી, શરીર પર એક ધોતીઉ નાખી તે મહાલયની બહાર નીકળ્યો અને તેને સળગાવી મૂકયો ભડભડ થતી અગ્નિની જ્વાળાઓ આકાશમા વિહરવા લાગી વ્યકટેશ્વરે જન્મભુમિને છેલ્લા પ્રણામ કર્યા વિદ્યાપુરના ભગવા વાવટાને અતિમ નમસ્કાર કર્યા અને 'ભભુત લગાયો અલખ જગાયો' કરીને તે સન્યાસી થઇ ન્હાસી ગયો રામચદ્રના અશ્વારોહી સૈનીકોએ ચારે તરફ તેની શોધ ચલાવી પણ વિજયનગરની સમસ્ત ભૂમિમા કોઇ પણ સ્થળે તેનો પત્તો લાગ્યો નહિ. પ્રજાનો જેના ઉપર અતિશય દ્વેશ અને તિરસ્કાર હતો તે આમ ગુમ થઇ જવાથી તેમના હૃદય

શાંત થયા. બીજે દિવસે રામરાજાએ જે જે જુના અધિકારીઓ પદભ્રષ્ટ થએલા હતા તેમને પુન તેમના અધિકારપદપર નિયત કર્યા અને વિનાયકપત આદિ બીજા તેર મનુષ્યોને પકડીને કારાગૃહવાસ આપ્યો ત્રીજા દિવસનો પ્રભાતકાળ રામરાજાના રાજ્યભિષેકનો મગલ દિવસ હતો પ્રાત કાળે રાજ્યાભિષેકનો પ્રારભ થયો, આર્યવિધિ પ્રમાણે રાજગારે તેને તિલક કર્યું અને નારાયણપત મહાઅમાત્યે કૃષ્ણદેવના શસ્ત્રો અર્પણ કરી વિદ્યાપુરના સામ્રાજ્યના સમ્રાટ કહી નમસ્કાર કર્યા એક પછી એક માડલીકોએ રામરાજાને અભિનદન આપ્યુ મહારાજા કૃષ્ણદેવના સિહાસન ઉપર પુન તેવોજ આર્યધર્મનો પરમ પક્ષપાતી નરકેસરી આરૂઢ થયો નગરમા અનુપમ હર્ષ ફેલાઇ ગયો પુરજનોના ટોળેટોળા વિદ્યાપુરનરેશના પુણ્યદર્શન માટે ભેગા થવા લાગ્યા રામરાજાની આજ્ઞા પ્રમાણે તે સર્વનો સત્કાર કરી તેમને મિઠાઇ વહેચવામા આવી સ્થળે સ્થળે મહારાજાને દિર્ઘાયુ અને વિશ્વવિજયી બનાવવા માટે પ્રાર્થના થવા લાગી સભાસ્થાન જાણે હર્ષનો પ્રત્યક્ષ આવતાર ન હોય તેમ અલૌકીક ક્ષેત્ર બની ગયુ સભાજનોની આનદની અપૂર્વ ગર્જના વચ્ચે મહારાજા રામચદ્રદેવે સભાજનોને ઉદ્દેશીને પોતનો ભાવી ઉદ્દેશ શુ છે તત્સબધી દિશા સૂચન કરતા જણાવ્યુ " પરમ પ્રિય ધર્મપ્રાણ નગરજનો ! વિજયનગર પર ઇશ્વરની અપ્રતિમ દયાને પ્રભાવે અનેક કપટયત્રોનો નાશ કરીને હુ વિદ્યાપુરના ધર્મપિતાના રાજ-સિહાસને આવ્યો છુ તેમા તમારી પ્રત્યક્ષ વા પરોક્ષ સ્હાયતા અને તમારા હાદિક આશિર્વાદથી મારો માર્ગ ઘણોજ નિષ્કટક થઇ ગયો હતો એ વાત નિ:સશય છે. વિદ્યાપુરના મહારાજાઓએ પોતાની પ્રજાનું

સંરક્ષણ કરવાને અને આર્યધર્મનો વિનાશ થતો અટકાવવાને સર્વસ્વનો ભોગ આપવાનો પોતાનો ધર્મ પ્રમાણ્યો છે અને તેને માટે આજ પર્યન્ત અનેક સમર્થ નરકેસરીઓના પુણ્યરૂધિરથી વિદ્યાપુરની ભૂમિ લાવણ્યવતી બની છે, હુ પણ એજ સિંહાસન ઉપર આરૂઢ થઇ પુનઃ એજ પ્રતિજ્ઞા લઉછુ કે આકાશમા દિવાકરરાજ જ્યા સુધી તપતા રહેશે, રત્નાકરમા સલિલનુ એક બિંદુ પણ અવશેષ હશે અને ભારતગૌરવના મુકુટમણિ હિમાલયનો એક પાષાણ પણ જગતમા વિદ્યમાન હશે ત્યાસુધી મારા ધર્મનુ વિસ્મરણ કર્યા વિના હુ વિજયનગરના સંરક્ષણ માટે, આર્યધર્મનો પુનરૂદ્ધાર કરવા માટે અને સમસ્ત આર્યપ્રજાના ઉત્કર્ષ માટે અહોરાત્ર અને દિવસ પ્રયત્નવાન રહીશ અને મારા પ્રાણ અર્પણ કરવા પડે તો તે પણ અવશ્ય કરીશ જે વિરપુરુષની તલવાર મારા હસ્તમા મૂકવામા આવીછે અને જે મુકુટ મે અત્યારે શિર ઉપર પરિધાન કરેલો છે તેને લવલેશ પણ શરમાવીશ નહિ તથા તમારી આજ્ઞા વિરૂધ તમારો વિધ્વંશ કરનાર કાર્ય મારા પ્રાણ હશે ત્યા સુધી મારા હસ્તથી વિસ્તરવા દઇશ નહિ, તથા સદા કાળ આર્યધર્મ અને આર્યાવર્તના કલ્યાણનેજ મારૂ સર્વસ્વ બનાવીશ. નરશ્રેષ્ઠ નગરવાસીઓ ! કેવી પરિસ્થિતિમા હુ વિજયનગરના તખ્તપર આરૂઢ થયો છુ તેથી તમે અજ્ઞાત નથી એ કાર્યમા વિદ્યાપુરના પક્ષમા રહી મને અખંડ સહાયતા આપનાર આપણા મહાઅમાત્ય નારાયણપતનો હુ અને તમે અત્યંત રૂણી છઇએ અને તેના અલ્પાલ્પ પારિતોષક તરીકે હુ રામદુર્ગની જાગીર જે ધર્મઘાતક આર્યકુલાંગાર નરપિશાચ વ્યંકટેશ્વરદત્તના હસ્તગત હતી તે એમને અર્પણ કરૂ છુ અને વ્યંકટેશ્વરનો પુત્રપરિવાર જેને મારા સૈનીકોએ બંદિવાસ આપ્યો છે તેમનો સઘળો

ખર્ચ રાજ્યના દ્રવ્યભાંડારમાંથી આપવાની અને તેમને બંધનમુક્ત કરી આનંદયુક્ત કરવાની આજ્ઞા કરૂં છું "

" મહારાજ ! વિદ્યાપુરની અને આપની અલ્પ સેવાના પારિતોષક તરીકે કાંઇપણ મેળવવાનો મારો અધિકાર નથી, પરંતુ અપ્રતિમ ઔદાર્યતા દર્શાવી મહારાજશ્રીએ મારો જે પુરસ્કાર કર્યો છે તદર્થ હું તેમનો આભારી છું, અને આપની સેવા અધિકાધિક કરવાની હજી વધારે તક મળવા માટે ઈશ્વરની પ્રાર્થના કરૂં છું " નારાયણપંતે પોતાની સુજ્ઞતાનો પરિચય આપ્યો.

" નારાયણપંત ! આપના જેવા દેશદિક્ષિત સર્વસ્વત્યાગીને જેવાં વચનો શોભે તેવાંજ વિર વચનોનો તમે સત્કાર કર્યો છે અને તમારી અંતરભાવના વ્યક્ત કરી તમે ઋણમુક્ત થયા છો તે જોઇ મારા હૃદયમાં હર્ષનો અધિક આતરેક થાય છે બીજા પણ જે જે સરદારોએ મને સહાયતા આપી છે તે સર્વને હું સહસ્ત્ર રૂપિઆની બક્ષિસ કરૂં છું અને તે દ્રવ્ય તેમને અર્પણ કરવા મહાઅમાત્યને આજ્ઞા કરૂં છું " રામદેવરાવ બોલ્યા

રાજ્યારૂઢ ઉત્સવ પૂર્ણ થવા આવ્યો અને મહારાજાએ સંગિતનો આસ્વાદ સભાજનોને આપવા માટે રાજગાયકોને આજ્ઞા કરી રાજગાયકોએ પોતાના સુલલિત કંઠસ્વરનો સભાજનોને ઉપભોગ આપવાનો પ્રારંભ કર્યો

અનુપમ ભારતવર્ષ, અમારો અનુપમ ભારતવર્ષ,
અમારો અનુપમ ભારતવર્ષ......(૨)
ફેલાવી નિજ બાહુ હિમાલય,

અચળ અનાદિ કાળથી નિર્ભય,
આર્યજગતની પુકારતો જય,
પરમ એ દ્વારપાલ દુર્ધર્ષ અમારો.. (૩)

પદતલપર વિસ્તૃત મહાસાગર,
મોહે કૈં મહિના અહિ મધુકર,
પ્રસરાવી નિજ પ્રભા જગતપર,
સહ્ય નહિ અધર્મનો આમર્ષ...અમારો . (૩)

પુષ્પવલ્લરીથી થઇ સજ્જિત,
દિવ્યપ્રભાથી બની અતિરંજીત,
નંદનવનને કરી દઇ લજ્જિત,
જગતનો એક માત્ર આદર્શ અમારો...(૩)

અનંત વૈભવનો કરી સંચય,
જ્ઞાનાગાર અપરિમિત અક્ષય,
આત્મવિજયથી બની મહિમામય,
થશે એનો 'કણિક' ઉત્કર્ષ...અમારો ..(૩)

સંગીત સંપૂર્ણ થયું અને દરબાર વિસર્જન થવાની તૈયારી થઇ પરંતુ તેટલામાં એક નવો પ્રસંગ ઉપસ્થિત થયો અને તેથી મહારાજાને ત્યાં અધિક સમય રોકાવું પડયું આદિલશાહે વિદ્યાપુર જોડે કરેલા તહનામા પ્રમાણે બે મુસલમાન પ્રતિનિધિઓને તે વિજયનગરમાં મૂકી ગયો હતો તે આ સમયે સભાગૃહમાં દૃષ્ટિએ પડતા નહોતા. રામરાજાએ કરેલા વિપ્લવના સમાચાર આદિલશાહને મળી ગયા હતા પરંતુ રામરાજા જેવા પ્રબળ શત્રુ સાથે પુનઃ યુદ્ધ કરવાનું તેને ઠીક લાગ્યું

નહિ હોય, યા ગમે તે હોય પણ તેણે રામરાજાનો પ્રતિરોધ કરવાનો યત્ન માત્ર પણ કર્યો નહોતો, અને રામરાજા રાજ્યારૂઢ થાય તે વખતે નજરાણા તરીકે એક મહામૂલ્ય પોષાક તેમણે રામરાજાને અર્પણ કરવા પોતાના દૂત સાથે મોકલી આપ્યો હતો આદિલશાહના પ્રતિનિધિ તરીકે અફ્ઝલખાન અને રજુદ્દિન નામના બે મુસલમાનો તે વખતે વિજયનગરમા વિદ્યમાન હતા બાદશાહે રામરાજાને મોકલેલો પોષાક અર્પણ કરવા તે ઉભય ગૃહસ્થો સભાસ્થાનમા આવી પહોચ્યા અને રામરાજાને નજરાણુ કરી પોતાને નિયત સ્થળે સ્થાન લીધુ એટલામા દ્વારપાળે આવીને વર્તમાન આપ્યા કે 'ગોવિંદસિંહ દરબારમા આવવાની આજ્ઞા માગે છે"

ગોવિંદસિંહ, રામરાજાના ગુપ્ત અનુચરોનો મુખ્ય સેનાપતિ હતો. મહારાજાની આજ્ઞા મળતાજ શરીરે કદાવર ઘઉં વર્ણો, શુરવીર મુખાકૃતિવાળો યુવક દરબારમા પ્રવેશ્યો અને મહારાજાને વંદન કર્યા

"મહારાજ ! આજે વનવિહારના માર્ગ પરથી એક જનાનાબધ પાલખી પકડાઇ છે. તેના રક્ષકો કહે છે કે તેમા એક ખાનદાન મુસલમીન અબળા છે અને તે પિરસાહેબના દર્શને જાય છે પરતુ મને સશય છે કે તેમા વિજાપુરના રાજ્યના કાઇક કારસ્થાની પત્રો છે હુ તે પાલખીને પકડીને અત્રે લઇ આવ્યો છુ. આજ્ઞા હોય તો દરબારમા હાજર કરૂ પાલખી સાથે ૨૫ સૈનીકો છે, તે સર્વને મે બદિવાન તરીકે કારાગૃહમા રાખ્યા છે" ગોવિંદસિંહે મહારાજાને કહ્યુ.

"ઠીક, તે સૈનીકોને બહાર રાખો માત્ર તેના મુખ્ય રક્ષકને અને પાલખીને દરબારમાં હાજર કરો, અને તે સૈનીકો ઉપર એવો પ્રબળ

બંદોબસ્ત મૂકી દો કે હવે તેમાથી એક પણ સૈનીક જઇ શકે નહિ" રામરાજાએ આજ્ઞા કરી.

ત્વરીતજ પાલખી અને તેની સાથે તેનો રક્ષક મહારાજાની સેવામા હાજર થયા

"કેમ મિયા ! આ પાલખીમા કોણ છે તે સાચે સાચુ એવી દેજો નહિ તો રામરાજાના દરબારમા તમારૂ શિર અને ધડ જુદા પડી જશે" રામરાજાએ પાલખી સાથેના અનુચરને ગુસ્સાથી પુછ્યુ

"નામદાર ! તેમા વિજાપુરના બાદશાહના એક સરદારની પુત્રી છે અને તે પીરસાહેબના દર્શને જાય છે તે સિવાય આપ ધારો છે તેવા રાજકારસ્થાની પત્રો તેમા કાઇજ નથી" દૂતે નમ્રતાથી મહારાજાને પ્રતિઉત્તર આપ્યો

"પરતુ તમે મુસલમાનો બહુ દગાબાજ અને શાઠય પ્રકૃતિના છો. પ્રપચકળાનો પૂર્ણ અવતાર છો, અને જે રીતે અનેક વખતે અમને દગો આપી તમે હિદુઓનો વિનાશ કર્યો છે એટલે અમને શી રીતે ખાત્રી થાય કે તમે કહો છો તે ઘટના સવથા સત્યપૂર્ણ છે. માટે અમને તે બાનુ મુખ જોવા દો તો અમે તમને નિર્ભયપણે જવા દઇએ. જો તમારા કથન પ્રમાણે તેમા સ્ત્રીજ હશે તો તમને પછી કોઇપણ પ્રકારનો ભય રહેશે નહિ કારણકે અબળાઓનુ સરક્ષણ કરવુ એ મારો ધર્મ છે અને નિર્દોષ સ્ત્રીઓના ધર્મનુ ભક્ષણ કરવુ એ તમારૂ કર્મ છે" રામરાજાએ સત્યની સપૂર્ણ શોધ કરવાના ઉદ્દેશથી મેલા સરદાર આગળ પોતાની મનઃસ્થિતિ વર્ણવી.

મહારાજ ! ઇસલામી મઝહબ પ્રમાણે યુવાન અબળાઓ પતિ સિવાય અન્યાન્ય મનુષ્યોને પોતાનુ મુખ બતાવે એ અધર્મ ગણાય છે અને એવા ધર્મવિઘાતક માર્ગે પ્રવર્તનાર સ્ત્રીઓ પ્રભુના દરબારમા પ્રવેશવાને અનાધિકારી થાય છે. માટે આપ એનુ મુખ અવલોકવાનો જે આગ્રહ કરો છો તે અમારી દ્રષ્ટિએ અસહ્ય અન્યાય છે, વળી હુ મહારાજશ્રીને ખાતરી આપુ છુ કે તેમા કાઇ પણ રાજદ્વારી કારસ્થાની પત્રો નથી અને કોઇ દગો અથવા પ્રપચ થવાનો પણ ભય નથી માટે આપ કૃપા કરી અમને બધનમુક્ત કરશો તો અમે તમારા સદાના રૂણી બનીશુ. તે કરતા પણ આપનો સશય કાયમ રહેતો હોયતો પાલખી સાથેના અમારા સૈનીકો છે તેને કેદ કરી તેની જોડે આપના હિદુ સૈનીકો રાખો એટલે પછી ભયનુ કાઇપણ કારણ ઉપ-સ્થિત થશે નહિ " પેલી પાલખીના રક્ષકે તત્સબધે સત્ય ઘટના શુ છે તે સભાજનો સન્મુખ વ્યક્ત કરી

"ના, ના એવી નકામી ખટપટો કરવાનુ અમને કાઇ પ્રયોજન નથી અમારે પાલખીની તપાસતો કરવીજ પડશે અને તેમા સ્ત્રી કે પુરૂષ કોણ છે તે અવલોકવુ પડશે હનુમતરાવ ! આ પાલખીના પડદા ખોલી અદર તપાસ કરો અને બરાબર નિહાળો કે તેમા વિદ્યાપુર પ્રતિ કપટ કરવાના કાગળ, પત્રો કે શસ્ત્રાસ્ત્ર કૈ છે કે નહિ ?" રામચદ્રે હનુમતરાવ નામના એક સરદારને આજ્ઞા કરી.

રામરાજાની આજ્ઞા મળતાજ તે ઉઠયો અને પાલખીની પાસે ગયો, પરતુ જેવુ પાલખીનુ બારણુ ઉઘાડવા જાય છે કે રજુદિન સાથેનો બીજો યુવાન સરદાર અફ્ઝલખાન ઉભો થયો અને તેણે

હનુમતરાવના હાથ પકડી લઇ રામદેવરાવને અત્યંત નમ્ર અને મૃદુ સ્વરે પ્રાર્થના કરી.

"મહારાજ ! આપની આજ્ઞા સર્વથા ભયજનક અને ધર્મ વિઘાતક છે, કારણ કે અમારા ધર્મનુ એવુ ફરમાન છે કે કોઇપણ મુસલમીન યુવતી પરપુરૂષને પોતાનુ મુખ બતાવી શકતી નથી, આપની આજ્ઞા પાલખીની ઝડતી લઇ અદર બેઠેલી યુવતીનુ મુખ નિહાળવાની છે, એ મુસલમાનોનુ અને વિજાપુરની સલ્તનતનુ ભયકર અપમાન છે"

"અફ્ઝલખાન ! તે વાત સત્યપૂર્ણ છે, પરંતુ તમારી પારાવોકતાએજ એ સમય આણ્યો છે, અમે સ્ત્રીઓને ઇશ્વરી અવતાર માનીએ છીએ અને તેમની કિર્તિ જાળવવા મર્યાદાએ છીએ જ્યા હિદુઓની વીર હાકલ વાગે છે, ત્યા સ્ત્રીઓ તો સદા નિર્ભયજ હોય છે પરંતુ અમારી આની પવિત્ર ભાવનાનો લાભ લઇ ઘણા મુસલમાનો પોતાનુ કાર્ય સાધી લે છે ઘણી પાલખીઓને તપાસતા તેમાથી ઘણે ભાગે મુસલમાન સ્ત્રીઓને બદલે તમનો વેષ ધારેલા હિંમતવિનાના નામર્દ મુસલમાનો મળી આવ્યા છે" રામરાજાએ સત્ય વસ્તુ સ્થિતિ અફ્ઝલખાનને દર્શાવી.

"પણ આ પાલખીમા તેવુ કશુ નથી માત્ર એક યાત્રાર્થી અબળાજ છે એવુ તેના રક્ષક સ્પષ્ટ રીતે કહે છે પછી તે પ્રતિ આપ દુર્લક્ષ કરી પાલખી તપાસવાનુ સાહસ શા માટે કરો છો ? આથી વિજાપુરનુ જે અપમાન થાય છે તે વિજાપુરના વિરો કદી સહન કરવાના નથી તેમના હાથમા હજી યુદ્ધ કરવાની શક્તિ છે

અને તેમના બાહુમાં અપૂર્વ બળ છે ને આખા વિદ્યાપુરને ગળી જવા માટે મહાસમર્થ છે" અફઝલખાને ધીમે ધીમે પોતાનુ પ્રોત પ્રકાશ્યુ

રામરાજા તેના પ્રતિ એક તિવ્ર દ્રષ્ટિપાત કરી જરા તિરસ્કાર યુક્ત હસ્યો અને બોલ્યો, "અફઝલખાન! રામરાજાને તેના દરબારમાજ મ્હાત કરવો એ કોઇ મહાદેવી પુરૂષ આવે તોપણ થઇ શકે એમ નથી તો તમારાથી એ ભગિરથ કાર્ય પાર પડે એ આશાજ સર્વથા મિથ્યા છે વિદ્યાપુરના દરબારમા તમને અમારા ઉપરી તરીકે બેસાડવામાં આવ્યા નથી પરતુ વિદ્યાપુર અને વિજાપુરમાં સતાકાલ માટે મૈત્રીભાવ ચિરસ્થાયી રહે તેટલા માટેજ તમારો અત્રે સતકાર કરવામા આવ્યો છે અમારા રાજ્યકારભારમા કોઇ પણ પ્રકારનો પ્રત્યવાય ઉપસ્થિત કરવામા તમે સાધનભૂત થશો તો તમને પણ શિક્ષા કરવા વિદ્યાપુરના રાજકર્મચારીઓ ડરશે નહિ તમારા આવા અવિનયી વર્તનથી તમારો સઘળો ખર્ચ જે અમારી તિજોરીમાથી આપવો પડે છે તે હુ બધ કરૂ છુ અને હવે પુન એવા દુષ્કર્મથી તમે દૂરજ રહો એમ ઇચ્છુ છુ"

"રામચદ્રદેવ!" અફઝલખાન છેક મર્યાદાની બહાર જઇને બોલ્યો, "આપ ગમે તે કરો ગમે તેવો ભય બતાવો તોપણ મારી દ્રષ્ટિ સમીપ હુ એક મુસલમીન સુદરીની લજ્જા કાળાતરે પણ લુટાવા દેનાર નથી અને એવુ અધાર્મીક કૃત્ય આપના હસ્તથી ઘડે તે આનદથી અવલોકનાર નથી ધર્મરક્ષા કરતા મૃત્યુનો આસ્વાદ ભોગવવો એને હુ મારા મહાભાગ્ય માનુ છુ અને આપને સ્પષ્ટ કહી દઉ છુ કે જો આપ અતે આવો અત્યાચાર કરવાજ પ્રવૃત્ત થશો તો મારે સમશેરની ધારથી પણ તે અત્યાચાર અટકાવવો પડશે."

"જીગર અંગાર પર રાખી જુલમ જલ્લાદનો ચાખી,
સીતમગરનો સીતમ સાખી સદા હું ધર્મને ધારૂં,
જડાવો લોહના બંધો નયન ફોડી કરો અંધો,
ખુદાનો હું ખરો બંદો ખમીર મારૂં ન ખૂટનારૂં,
નીચે આસમાનને લાવો ભલે અંગાર વરસાવો,
ન હું મુનકીર બનું આવો તજીને રાસ્ત પણ મારૂં"

"તો તેવે સમયે સમશેરનો ઉપયોગ કેમ કરવો તે વિજયનગરના વિજયી વિરો પણ જાણે છે હવે હું જોઉં છું કે કેવી રીતે તમે મારી અનુજ્ઞાનો લોપ કરી સંસારમાં જીવત રહી શકો છો. તમારા પર જેમ વધારે દયા દર્શાવીએ તેમ દયાદાનદાતા ઉપર અધિક અત્યાચારોજ કરી તેનો બદલો કપટથીજ વાળવો એ તમારી ધર્મનિતિ છે એનો મને પૂર્ણંત પરિચય છે તમે મારી આજ્ઞાનો ભંગ કેવી રીતે કરો છો તે પણ હમણાંજ જણાશે" રામરાજાએ અફ્ઝલખાનના દંભપૂર્ણ શબ્દોનો તેવાજ છદ્મવેશી વાક્યોમાં પ્રતિકાર કર્યો"

"શયતાન! તારા લફ્ઝ આ એ છે નિશાની મોતની,
આ લક્ષણો ઉન્માદના લાગે બિમારી મોતની,
તુજ શબ્દની ધારા મહીં જે ઝેર કાતીલ છે વસ્યું,
આપી રહ્યું તે વિશ્વને આગાહી તારા મોતની,
સમશેરથી તુજ દેહના ટુકડા કરૂં દિલ ચ્હાય છે,
તારૂં બદન અવલોકતા પાછી દયા ઉભરાય છે."

"પરંતુ મહારાજા ! એથી આપને શું અધિક લાભ મળશે તે હું કલ્પિ શકતો નથી આવી રીતે અલ્પ બાબતોમા ખોટો હઠાગ્રહ કરી નવી નવી વિપત્તિઓનો સચય કરવો અને નકામા યુદ્ધો ઉપસ્થિત કરવા એજ જો તમારો નિશ્ચય હોય તો પછી તમારી ઇચ્છાનો કેમ ઉત્તર આપવો તેથી અમે પણ અજ્ઞાત નથી, પણ જો આપની ઇચ્છા તેવી નહિજ હોય તો તો પછી આવી વૃથા ખટપટોથી આપણે દૂર રહેવુ એજ ધર્મયુક્ત અને સદ્દમાર્ગરૂપી છે" અફઝલખાને પોતાના પક્ષનુ સમર્થન કરવા પુન પોતાની એકની એક દલિલ રામરાજા સન્મુખ નિવેદન કરી

રામરાજા અફઝલખાનના આવા ઉદ્ધત કાર્ય પરત્વે એટલો બધો કે ખિન્ન થઇ ગયો હતો કે તેને તેજ ઘડીએ જાણે અફઝલખાનનુ શીર અને ધડ જુદા કરી દેવા એમ થયુ પણ શાતી રાખી તેણે પોતાના તે વિચારને ત્યાજ સમાવી દીધો અને હનુમતરાવ નામના સરદારને આજ્ઞા આપી, "હનુમતરાવ ! આ પાલખી તોડી ફોડી નાખો અને જુઓ તેમા કોણ છે ? સ્ત્રી હોય કે પુરૂષ હોય તેને ખેચી કાઢી મારા નેત્ર સન્મુખ હાજર કરો"

તેજ ક્ષણે હનુમતરાવ ઉઠયો, પરતુ તે બારી તોડીને પાલખીમા બેઠેલી સ્ત્રીને નિર્ભત્સનાપૂર્વક બ્હાર ખેચી કાઢે તે પહેલાજ તે પાલખીનુ બારણુ ઉઘડી ગયુ અને તેમાથી બુરખામા સજ્જ બનેલી એક સ્ત્રી રામરાજા આગળ આવીને ઉભી રહી

"રામરાજા !" તે સ્ત્રીએ મહારાજાની મન્જુલ સ્વરે અભ્યર્થના કરતા જણાવ્યુ, "આપને મારા વિષયક એવો સદેહ હતો કે આ

પાલખીમાં કાંઇ કપટ હશે અને તેથી મારા રાજ્યને કોઇપણ પ્રકારની હાની થશે, પરતુ આપનુ તે અનુમાન કેવળ અસત્ય છે હુ વિજાપુરના એક સરદારની પુત્રી છુ અને દરગાહમા મારે દર્શનાર્થે જવુ છે"

"તમારો બુરખો કાઢી નાખો અને મને પૂર્ણત ખાત્રી થવા દો કે તમે પુરૂષ નથીજ જો પહેલાજ તમે આમ કહ્યુ હોત તો હુ તમને જરાપણ કષ્ટ આપત નહિ પણ અફ્ઝલખાનનો મદમર્દન કરવા હવે તો મારે તમારો બુરખો ઉતરાવવોજ છે" રામરાજાએ પોતાના હૃદયની સત્યભાવના દર્શાવી આપી

"આ તો આપનો ન્યાય પાડાને વાકે પખાલીને ડામ દેવો તેવોજ છે આપનુ અપમાન જો અફ્ઝનખાને કર્યું હોય તો તે બદલે તેજ દડપાત્ર છે તેમા મારો બુરખો કાઢી મને ધર્મભ્રષ્ટ કરો તે સર્વથા અયોગ્યજ છે." તે સ્ત્રીએ પોતાના પક્ષનુ વાસ્તવીક સમર્થન કર્યું

"ઉદ્યુકત આપ બનો નહિ નિર્દોષને સતાપવા,
હઠ હોયના રણધીરનો અબળા બિચારી તાવવા,
જે ધર્મના ધીરવીર છે તે રકનુ રક્ષણ કરે,
રામા તણી વ્હારે ચઢી પ્રભુ દ્વારમાહી સચરે,
અબળા ઉપર અધા બની દુખ નાખવા એ પાપ છે,
મહારાજા એવા કાર્યમા કિરતારના પણ શ્રાપ છે"

"હનુમતરાવ! આ સ્ત્રીનો બુરખો ખેચી કાઢો" રામચદ્રે તે અબળાના કથનની જરાપણ પરવા ન કરતા તેનો ઉપહાસ કરીને કહ્યુ. પરતુ તેનો અમલ થાય તે પહેલાંજ તે સુદરીએ પોતાનો બુરખો કાઢી નાખ્યો અને બોલી, "રામરાજા! ચેતચેત, તુ નિર્દોષનો ઉપહાસ કરીને

તારા વિનાશના બી રોપે છે પણ તેનો જ્યારે પરિપાક થશે ત્યારેજ તને તારા કરેલા કર્મનો પશ્ચાતાપ થશે નિર્દોષ અબળાની ભરસભામા લજ્જા લુટવા માટે ફિરનાર જરૂર તને શિક્ષા કરશે અને આ બુરખો જે તે બળાત્કારથી મ્હાવી નાખ્યો છે તે તારૂ અને તારા રાજ્યનું નિકંદન વાળનારને હાથેજ મારા શરીરપર પાછો પરિધાન થશે મારા હૃદયઅશ્રુમા તુ ડુબી જશે અને મારા હૃદયમા જેવી ભડભડ ચિતા બળી રહી છે તેવુજ તારૂ નગર એક દિવસ ભસ્મિભૂત થઇ જશે"

"બળે જેવી ચિતા હૈયે નગર તુજ એમ આ બળજો,
બધો આ રાક્ષસી વૈભવ ભરેલો ધૂળમા મળજો,
વહો અહીં લોહીની ધાર ફુડો અહીં કાગડા કાળા,
તૂટી મોટી દિવાલો આ થશે પક્ષી તણા માળા,
ઉજ્જડ બની મયદાન આ શયતાનની વસ્તી થશે
ફનાઇ કબ્રસ્તાનમા તુજ માનને મસ્તી જશે"

રામરાજાના પગથી તે શિખાપર્યન્ત ક્રોધ વ્યાપી ગયો તેણે તરતજ બીજી આજ્ઞા આપી કે તેજ ઘડીએ અફઝલખાન અને પેલી ગજગામિનિને હનુમતરાવે બલીદાન તરીકે ચતુર્ભુજ બનાવી દેવા

'રામરાજા!" આ દ્રશ્યને જોઇ તે સ્ત્રીએ તેવાજ ઉદ્વેગ પૂર્ણ વચનોથી ફરી ઉદ્ગાર કાઢયા, "મને કેદ કરશો તેથી તમારો ક્રોધ શી રીતે પરીપૂર્ણ થશે મને તો પ્રાણદંડનીજ શિક્ષા થવી જોઇએ ત્યારેજ તમારો ક્રોધ પણ પૂર્ણ થશે અને મને પણ શાંતી મળશે"

આટલુ બધુ નાટક થયુ પણ રજ્જુદિન એક શબ્દ પણ બોલ્યો નહિ. રજ્જુદિન પૂર્વાશ્રમી હિંદુ હતો એટલે તે વિદ્યાપુરનુ હિત કરવા

પ્રયત્ન કરતો ત્યારે અફઝલખાન વિજાપુરનો પક્ષ લેતો. અફઝલખાનને કેદ કરવાથી રજુદિનની તે આડખીલી સર્વથા નિર્મુળ થઇ ગઇ.

દરબારમાં કાંઇક શાંતી પ્રસરી એટલે રજુદીને રામરાજાને વિનતી કરીને કહ્યું "મહારાજા! વિજાપુરનો દૂત હું છું. મારી આજ્ઞા વિરુદ્ધ જઇ અફઝલખાને જે સાહસ કર્યું છે તે માટે હું અત્યન્ત દિલગીર છું. પરંતુ આપે અમારો જે ખર્ચ બંધ કરવાની આજ્ઞા કરી છે તેથી વિજાપુર અને વિદ્યાપુર વચ્ચે દ્વેશ ઉપસ્થિત થશે અને આજ પર્યન્ત ઉભયરાજ્યોમાં જે મૈત્રી છે તેનો પણ નાશ થશે માટે આપને મારી વિનતી છે કે તે હુકમ આપે ફેરવી નાખવો જોઇએ અને ઉભય રાજ્યો દ્રઢ સંપથી વિદ્યમાન રહે તેમ પ્રયત્ન કરવો જોઇએ."

"રજુદીન! વિદ્યાપુર અને વિજાપુર વચ્ચે કોઇ પ્રકારનું ઇર્ષાનું કારણ ઉપસ્થિત થયુંજ નથી. એટલે હું મારા હુકમ પર પુનઃ વિચાર કરીશ અને જે યોગ્ય લાગે તે ફેરફારો કરીશ." રામરાજાએ અલ્પ ઉત્તર આપ્યો અને તરતજ સભા બરખાસ્ત કરવાની પ્રતિહારને આજ્ઞા કરી દરબાર વિસર્જન થયો. રામચંદ્ર અને તેનો મહાઅમાત્ય નારાયણ-પંત સાથેજ દરબારગૃહથી બહાર નિકળી મહાલય પ્રતિ વિદાય થયા.

"નારાયણપંત! રાજ્યાભિષેકને દિવસેજ તોફાન થયું. પ્રારંભ માંજ આમ અપશુકન નડયું એટલે મને ભાવી બહુ ભયંકર લાગે છે. મને જણાય છે કે મારા વિનાશ સાથે વિદ્યાપુરનો પણ અસ્તજ થશે." રામરાજાએ માગમાં જતાં નારાયણપંતને ઉદ્વેગપૂર્ણ હૃદયથી પુછ્યું.

"પ્રભુ! કાળની ગતિજ ન્યારી છે. તેનો પ્રવાહ કોણ ખાળી શકે એમ છે? પછી ભાવી બનાવોની ચિંતા કરવી સર્વથા વ્યર્થ અને

નિષ્પ્રયોજન છે” નારાયણપંતે અલ્પ ઉત્તર આપ્યો બન્ને જણ બાગમાથી છુટા પડયા અને રામચદ્રદેવ પોતાને મહેલે ગયો આજ પર્યન્ત રામરાજાએ વિદ્યાપુરના રાજ્યને માટે અનેક અનાચારો કર્યા હતા જુલમ કરવામા તેણે જરાપણ કચાશ રાખી નહોતી તેવીજ રીતે સદાચરણ શુ છે તે પણ તે સમજતો નહોતો, છતા આજના પ્રસગથી તેના હૃદયમા અવર્ણનીય ખેદ થયો પોતે નિર્દોષ સ્ત્રીને દુખી કરી નકામી ખટપટ ઉભી કરી હતી એમ લાગ્યુ અને તેના દુખાએલા હૃદયને માટે તેને અતિશય શોક થયો જાણે તેજપળે તે નિર્દોષ બાળાએ આપેલા શ્રાપના વચનો ફળીભૂત ન થતા હોય ! અને જાણે વિદ્યાપુરનુ રાજ્ય તેજ ઘડીએ નષ્ટ ન થતુ હોય એમ જણાયુ ક્ષણાર્ધમા તેને એમ વિચાર થયો કે જાણે વિજાપુરનુ સૈન્ય ચઢી આવ્યુ છે, પોતે તેનો કેદી બની ગયો છે, અને મુસલમાની લશ્કર વિદ્યાપુરમા ભયકર લુટફાટ ચલાવી રહ્યુ છે તેણે આશ્ચર્યથી અને ઉદ્વેગથી તરતજ બારીમાથી બહાર દ્રષ્ટિ નાખી તો નૃસિહ ભગવાનના પવિત્ર મદિર પર ઉડતી ભગવી, ગૌરવદર્શીની આર્યપતાકાનુ દર્શન થયુ રામરાજાની સ્થિતિ કેવળ ભ્રમિનવત થઇ ગઇ હતી “ઓ આર્યપતાકા ! તારો અખડ દિગ્વીજયહો” રામરાજાએ મનમાજ તે પતાકાને આશીષ આપ્યા અને હાથજોડીને કહ્યુ “નૃસિહ ભગવાન' આર્યપ્રજાના શા નિર્ભાગ્ય છે કે પ્રતિદિન તેમનો વિનાશજ થતો જાય છે આજે જ્યા ત્યા મુસલમાનોની પતાકા ફરફરે છે. તેની વચ્ચે ઘેરાએલી આ ભગવી પતાકાના રક્ષણ હાર પ્રભુ ! તમેજ છો, તેને સદા કાયમ રાખજો ”

પ્રકરણ ૧૦ મું.

ભયંકર ભેદ.

સંધ્યાકાળનો રમણિય અવસર હતો પક્ષીઓનો મધુર અવાજ કર્ણગોચર થતો હતો ભદ્રાનદિમા લાગરેલી નૌકાના શુભ્રમદ, નય નોને કંઇ અપૂર્વ આનંદ આપતા હતા સરિતાને કિનારે દ્રષ્ટિએ પડતા વૃક્ષયુથો, ત્યાની અલોકીક શોભામા અવર્ણનીય વૃદ્ધિ કરના હતા પવનની શાંત લહરો આવતી હતી દિવાકરરાજના કોમળ થના કિરણો વૃક્ષો ઉપર પડવાથી તેના હરિતવર્ણીય પત્રયુથોમા કોમળ રક્તરંગની છટા દ્રષ્ટિગોચર થતી હતી રામરાજા આ અલોકીક અવસર નિહાળતો પોતાના મહાલયમા વિશ્રામ લેતો ગીતાજીના નિત્યપાઠનુ અધ્યયન કરી રહ્યો હતો, અને તેની સામે રાજ્યપંડિત હરિહર શર્મા રામરાજાને ગીતાજીના કિલિષ્ટ શ્લોકોનુ સરળ જ્ઞાન આપતો હતો બન્નેનો એજ ધર્મવિષયક વાદ ચાલુ હતો. તેટલામાં દ્વારપાળે આવીને 'રજુદ્દિન મહારાજાને મળવા આવે છે' એવા સમાચાર આપ્યા થોડીવાર સુધી રામરાજાએ કાંઇ ઉત્તર આપ્યો નહિ તેના મનમા એજ શંકા ગઇ કે શુ રજુદ્દિન પેલી સ્ત્રીના અપમાનનો બદલો લેવા આવતો હશે અથવા તે માટે વિજાપુરના રાજાનો કંઇક પત્ર હશે એમ અનેક વિચાર કરી અને તેણે તેને ઉપર આવવાની આજ્ઞા આપી મહારાજાની અનુજ્ઞા મળતાજ રજુદ્દિન ત્યાં પ્રવેશ કરવાને ભાગ્યશાળી થયો રામરાજાએ તેને જોવો પોતાની દ્રષ્ટિ સમીપ નિહાળ્યો કે તેજ ક્ષણે તેણે રાજ્યપંડિતને ત્યાંથી પ્રસ્થાન કરી જઇ થોડા સૈનીકોને ત્યા મોકલી દેવાનુ ગુપ્ત

સુચન કર્યું હરિહર શર્મા રામરાજાની આજ્ઞા શિરોધાર્ય કરીને ત્યાંથી ચાલ્યો ગયો

'કેમ રજ્જુદિન ! છેક સંધ્યાકાળે આટલા બધા મોડા શા માટે આવ્યા છો મિત્રતાને પરિપક્વ કરવા કે વૈર જાગૃત રાખવા ?" રામરાજાએ રજ્જુદિનનો સત્કાર કરતા તેને પૂછયુ

"રામરાજા ! મુસલમાનો સદા સર્વદા વૈર જાગૃત રાખવાનુજ શિખ્યા હોય એમ આપની માન્યતા કદાચિત બધાવા પામી હોય તો તે ભ્રમમુલ છે જેમ આર્ય લોકો સંપ અને સદાચારનુ સેવન કરી શકે છે તેજ પ્રમાણે ધર્મકર્માદિ કુદરતી ફરજોનુ પ્રતિપાલન કરવુ એ મુસલમાનો પણ યથાર્થ જાણે છે એટલે આપનો આવો પ્રશ્ન મને વિશેષ આશ્ચર્ય ઉત્પન્ન કરે તો તેમા નવાઇ જેવુ નથી" રજ્જુદિને પોતાના વક્તવ્યની પ્રસ્તાવનાનો પ્રારંભ કર્યો.

'તે કદાચ સત્ય હશે પરંતુ વર્તમાન પ્રસંગે તો હિંદુઓના ધર્મસ્થાનો ભ્રષ્ટ કરવા તેમની સ્ત્રીઓના પુણ્યાત્માની પોતાના પિપાશા યજ્ઞમા આહુતી આપવી અને અનાથ અશક્ત અન્ન વિના રખડતા રઝળતા તથા ઉદ્યોગ વિનાના હિંદુઓને મુસલમાન બનાવવા એજ ધર્મ તમારી સહયોગીઓએ સ્વિકારી લીધો છે અને તેટલાજ માટે મારે તમને એવો પ્રશ્ન પૂછવો પડયો છે" રામરાજાએ પોતાના પક્ષનુ અધિક સમર્થન કર્યું.

"તો એવા અપવાદરૂપ દુર્જનોને માટે સમસ્ત મુસલમાન પ્રજાને ધિક્કારવી એ પણ શુ ધાર્મિકતા છે ? એવા અપવાદ તો હિંદુ પ્રજામાએ અનેક જડી આવે એમ છે તો પછી હિંદુઓને ગૌરવમાની

બનાવી મુસલમાનોને નિચનાની ઉંડી ખીણમા ઢકેલી મૂકવા એ એક ભિષણ પ્રકારનો અન્યાયજ લેખાવો જોઇએ" રજુદિને પુન પોતેજ પોતાના ગ્નાતી બંધુઓની વકીલાત કરી

"એકજ દિવાકર આકાશમાં ઉગતા પૃથ્વીને ઝળહળાવી તારાના તેજને પોતાના પ્રભાવ વડે આચ્છાદી નાખે છે ત્યારે સૂર્યનારાયણનુંજ જગતમા રાજ્ય છે એમ લોકો સાહજીક રીતે માને છે તારાના અસ્તિત્વનો ખ્યાલ પણ તે સમયે આપણામાંથી નિર્મુળ થાય છે તેમ મુસલમાન સંઘમા ઘણા માણસો મે વર્ણવ્યા તેવા પ્રકારના હોય તો પછી તે સમુહસૂર્યના પ્રકાશમા અધાર્મિકતાના અપવાદરૂપી જેઓ પોતાનો જીવન વ્યવસાય ચલાવતા હોય તેઓ ઢંકાઇ જાય એ સ્વાભાવીક છે" રામરાજાએ તેના પ્રશ્નના ઉત્તરમા પોતાની યુક્તિ યુક્ત દલિલ પ્રતિષ્ઠ કરી

'ઠીક મહારાજા! આપનો મત પણ કદાચિત સત્ય હોય તો તે સંબંધે વ્યર્થ ઉહાપોહ કરવો અનાવશ્યક છે પરંતુ જો કોઇ વિધર્મિ વિદેશીના હાથે તમારૂ, તમારા ધર્મનુ અને તમારા રાષ્ટ્રનુ કલ્યાણ થતુ હોય અથવા તમારો કોઇ આર્યપુરુષ યવનધર્મના અનુગામી બની ગયો હોય તો તેનો તમે પુન સ્વિકાર કરો કે તેવી તમારી કલ્યાણકારી વસ્તુસ્થિતિનો પણ પરિત્યાગ કરો ?" રજુદિને નવીન પ્રશ્ન ઉઠાવ્યો અને જરા વાર મૌન્ય રહી રામરાજા તેનો ઉત્તર આપે તે પહેલાજ પોતાની હૃદયસ્થાને આગળ વધારી, "જો કે મુસલમાનો આર્યધર્મના વિરૂદ્ધ હોય અને તેના પ્રત્યે તમારો તિરસ્કાર હોય છતા પણ થોડી પળો માટે તેને તમારા હૃદયમાથી દૂર કરી દો અને

મારે હસ્તે તમારૂં અને તમારા રાષ્ટ્રનું જે કલ્યાણ થાય છે તે સ્વિકારી લ્યો."

રજુદ્દિનના પ્રથમ પ્રશ્નનો ઉત્તર શું આપવો એ ઘટના રામરાજા માટે ક્લિષ્ટ હતી પરંતુ રજુદ્દિને પોતેજ બિજો પ્રશ્ન ઉઠાવ્યો એટલે રામરાજા પહેલા પ્રશ્નને ખાઇ ગયો અને બીજા પ્રશ્નનો ઉત્તર આપતા શાંત અને હાસ્યયુક્ત મુદ્રાથી જણાવ્યું. "રજુદ્દિન ! તમારૂં મસ્તક પ્રસ્તુત સમયે ભ્રમિત થયું હોય એમ લાગે છે, તમે વિજય-પુરના સરદાર છો—સાશ્રિત છો એટલે વિજાપુરના હિત વિના તમારૂં બીજુ કાંઇ કર્મજ ન હોઇ શકે એ વાત સ્વયંસિદ્ધ છે. વળી વિદ્યાપુર અને વિજાપુરનો દ્વેશ પણ પ્રાચિન સમયથી જાણીતો છે, તો પછી તમે અમારૂં કલ્યાણ કરી શકો એ વાતજ મિથ્યા, દંભપૂર્ણ, તિમિર જેવી છે"

"રામરાજા !" રજુદ્દિને મુખપર આશ્ચર્ય શોક અને કરૂણાની સંમિશ્રિત છાયાનો આવિર્ભાવ કરીને જણાવ્યું "આપ મુસલમાન પ્રત્યે આટલો તિરસ્કાર રાખો છો અને મને સર્વથા તમારા દુશ્મન તરીકે નિહાળો છો પરંતુ આપ જાણો છો હું કોણ છું ?"

"તમને જેમ સમગ્ર જગત ઓળખે છે તેમ હું પણ ઓળખું છું તમે વિજાપુરના સરદાર છો અને અમારા ધર્મનો જાતિનો અને ગૌરવનો સંહાર કરવાને નિપજેલા અન્યાન્ય રાક્ષસ જેવાજ એક તમે પણ છો ને હું વળીજ સારી રીતે જાણું છું" રામરાજાએ પ્રતિઉત્તર આપ્યો

"મહારાજ ! એ આપનો માત્ર સ્મૃતિદોષ છે ઘણા વર્ષના આપણી પ્રિતનું તમને વિસ્મરણ થયું છે અને તેથીજ આપ મને

અનાર્ય, મ્લેચ્છ અને અધર્મિના ઉપનામોથી સબોધો છે પરતુ હુ તો આપનો ભુતકાલીન સેવક રામનાથ છુ તમારો આન્તર્િક સેવક અને વિજાપુરના વિરોધી વિજયનગરનો ભાયાત છુ છતા આપે મને પ્રભાવતીનુ સારથીકર્મ બજાવવા મોકલેલો તે પણ આપણા સ્નેહને લીધે સ્વિકારી લીધેલો તમારો દાસ નુ'ાસ છુ અને આર્યધર્મના ઉત્કર્ષને માટે સદા સર્વદા આ વિધર્મિ વેશમા પ્રયત્નો કર્યાજ કરૂ છુ" રજ્જુદિને પોતાની સત્ય જીવનકથાનો રામરાજા સન્મુખ પ્રકાશ કર્યો, અને ગદગદ કંઠથી તેની સ્તુતના ગાન કરતો તેના ચર્ણોમા નમી પડયો.

'રામનાથ'નુ અભિધાન કાને પડતાજ રામરાજાને પોતાના પૂર્વાશ્રમી જીવનની સ્મૃતિ થઇ આવી પ્રભાવતી વનાન્તહારનો પરિત્યાગ કરી ગયાને લગભગ વીસેક વર્ષ વિતિ ગયા હતા એટલે રામરાજાને તેની બહુધા વિસ્મૃતિ થવા આવી હતી. પરતુ જેવુ 'રામનાથ' એ નામ સાંભળ્યુ કે તેને પોતાના પૂર્વકાળ યાદ આવ્યો તેણે પોતાના ચર્ણો પરથી રામનાથને ઉઠાડયો અને આશ્ચર્યયુક્ત મુદ્રાથી પૂછ્યુ "રામનાથ! હુ આ શુ અવલોકુછુ! આર્યધર્મનો પરમરક્ષક, મહમદી ધર્મનો વિધ્વંશક અને અનાર્યોનો મોટો ભક્ષક રામનાથ આજે રજ્જુદિનના નુતન નામાભિધાનમા કેમ? આવી વિધર્મીદશામા કેમ? અને તેના શરીરપર આવા મ્લેચ્છ પોષાક કેમ? હુ આ સત્ય જોઉ છુ કે મારો ઉન્માદ છે?"

"મહારાજ! એ સત્ય પણ છે-અસત્ય પણ છે જે ભાગ્યના પ્રાબલ્યથી શતાવધી આર્ય અબળાઓ,યવન સુંદરીઓ તુરબીબી કે ફાતમાબુ બની છે, બ્રાહ્મણના બાળો લાડકવયાઓ પિતા પુત્ર અને સ્ત્રી કલત્રાદિનો સ્નેહ

સંબંધ વિસર્જન કરી ખાનજહાન કે અફઝલખાન બનેલા છે તેજ વસ્તુસ્થિતિનો હું બીજો નમુનો છું. ગુપ્તગુફામાં આપણને બન્નેને બંદિવાસ મળ્યો કે તેજ ક્ષણે મને ત્યાંથી બહાર કાઢી લઇ જવામાં આવ્યો અને તે સરદારે નવાબ નસરુલ્લાખાન સમક્ષ મને હાજર કર્યો નવાબે મને બળપ્રયોગથી ધર્મભ્રષ્ટ બનાવ્યો અને પોતાના સૈન્યમાં સૈનીક તરીકે રહેવાની ફરજ પાડી. પછી ક્રમે ક્રમે બાહુબળ વડે હું ઉચ્ચતર પદ પ્રાપ્ત કરી વિજાપુરના દરબારમાં સિપહસાલારનું સ્થાન મેળવવા ભાગ્યશાળી થયો અને ત્યાંથી નવાબ નસરૂલ્લાના ગુપ્ત અનુરોધથી બાદશાહની કૃપા મેળવી વિજાપુરના દૂત તરીકે પુન અત્રે આવી આપના દર્શન કરવાનું મહાભાગ્ય મેળવ્યું " રજ્જુદિને પોતાની જીવન કથા જણાવી.

' રામનાથ ! ત્યારે તમે એક આર્યસંતાન હોવા છતા નાફરમાન શયતાન જેવા નસરલ્લાખાનની આજ્ઞાથી હિંદુઓને વિધર્મી બનાવવામાં પણ સ્હાયતા કરીજ હશે અને અનેક આર્ય અબળાઓને સતાવી ધર્મભંગ કરવામાં પણ તમારો હિસ્સો આપ્યોજ હશે ' રામનાથ ! તમને એટલી પણ લાગણી ન થઈ કે તમે જેનાપર અત્યાચારો કર્યા તે તમારીજ ભારતીમાતાના સત્ય સંતાન છે ? " રામરાજાએ પોતાની શંકા રામનાથને કહી.

" હરિહરિ ! આપ શું મને ધર્મભ્રષ્ટ થયો તેથી હૃદયભ્રષ્ટ થએલો પણ ધારો છો ? આપની દેહમાં જે ભારતમાતાનું રક્ત વહી રહ્યું છે તેજ રક્ત મારી દેહમાં પણ વહે છે અને તેજ રક્ત મારા મહારાષ્ટ્રિય આર્યબંધુઓના શરીરમાં પણ વિદ્યમાન છે તેટલું પણ નસમજે એવો શું આ રામનાથ બેઇમાન હેવાન છે ? મુસલમાન

થયા છતા પણ આર્યાવર્તના આર્યોનો કેવી રીતે ઉદ્ધાર થાય તેજ માત્ર મે મારૂ ધ્યેય બનાવી રાખ્યુ છે અને આર્યાવર્તનુ રક્ષણ કરવામાજ મારી બુદ્ધિમતાનો મે ઉપયોગ કર્યો છે નસરૂલ્લાખાન પર બાદશાહ આદિલશાહના જનાનખાના પર કુદ્દષ્ટિ કર્યાનો આરોપ લાવનાર હુ છુ. અને બાદશાહના દરબારમા હાલ જે જે વિખવાદ પ્રવર્તે છે તે પણ મારી કપટકળાનુજ પ્રત્યક્ષ પરિણામ છે બાદશાહે મુસલમીન કરવા આણેલી કેટલી આર્યસુદરીને મે નહસ ડા મ ર્યા છે, કારાગૃહમા કૈદી તરીકે પડેલા અનેક હિદુઓને મે બધન મુક્ત કર્યા છે અને વિજાપુર સામે વિગ્રહ કરનાર વિરપુરુષોને શસ્ત્રાસ્ત્રપણ મેજ બાદશાહના શસ્ત્રભાડારમાથી પૂરા પાડયા છે વિજાપુરનો મોટો દરૂગોળાનો સગ્રહ સળગીને નાશ પામ્યો એ પણ મારાજ કારસ્થાન છે અને એ રાજ્ય હાલમા અસ્તવ્યસ્ત થવાની હાલતમા છે તેનુ પણ સઘળુ મનેજ માન છે ”

“ગમનાથી આજ પર્યન્ત યવનોના કારાવાસમા અને તેમના સહવાસમા રહીને તમે આર્યધર્મ પ્રતિ જે અદ્વિતીય પ્રેમ દર્શાવ્યો છે તદર્થ હુ તમને મહસ્ત્રશ ધન્યવાદ આપુ છુ અને એ જાણવા માગુ છુ કે તમે હવે તમારો જીવન સગ્રામ કેવી રીતે વ્યતિત કરવા ઇચ્છો છો ” રામરાજાએ તેના બની વચનની કાઇક પ્રતિતિ થાય તે માટે નવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો

‘ મહારાજ ! આપ કોઇપણ પ્રકારે સૈનીકો અને દ્રવ્યસામગ્રીનો અધિક સચય કરો અને જેમ મુસલમીન લોકો આપણી સામે ધાર્મિક ઝનુનથી મેદાને સગ્રામમા ઉપસ્થિત થાય છે તેજ પ્રમાણે વિજયનગરના

એકેએક વિરને હિંદુધર્મના સંરક્ષણ માટે યુદ્ધ કરવા તૈયાર કરો હું વિજાપુરના બાદશાહનો વિશ્વાસપાત્ર સરદાર છું મ્હારા હાથ તળે દસ-હઝાર મનુષ્યોનું સૈન્ય છે અને સંગ્રામમાં તેની સરદારી લઇ મારે આપની સમક્ષ યુદ્ધમાં ઉપસ્થિત થવું પડશે એટલે જે રીતે કેટલાક આર્યસરદારોએ સ્વામીદ્રોહ કરી મુસલમીન બાદશાહોને વિજયી બનાવ્યા છે તેજ પ્રમાણે મારા સૈન્યથી આપનો પણ વિજય થઇ શકશે" રંગુદીને-રામનાથે પોતાના ભવી કાર્યક્રમનું કાંઇક દિગ્દર્શન આપ્યું.

"રંગનાથ ! તમારો આદેશ અને ઉદ્દેશ સર્વથા ગ્રાહ્ય છે પરંતુ જેમ કેટલાક આર્યવિરો મ્લેચ્છ ધર્માંતરગત થઇ પછી હિંદુઓનોજ વિધ્વંશ કરવામાં પ્રવૃત થાય છે તેવો વિકટ અવસર તમારે હમ્ને ન આવે એ લક્ષમાં રાખજો અને આર્યધર્મ તથા વિદ્યાપુરના તમેજ સત્યસંતાન છો એ વાત સર્વદા લક્ષમાં રાખી હિંદુધર્મનો ગારવ ભાનુ પુનઃ પોતાનું પ્રાચીન સ્વરૂપ ધારણ કરે તે માટે પ્રાણાર્પણ કરતાં સુધી લેશ પણ ડરશો નહિ, જે ધર્મમાં તમારી કાયાએ જન્મ લીધો છે તેજ તમારો સાચો પિતૃધર્મકે સિવાય સંસારના અન્યાન્ય ધર્મો દંભમાત્ર છે એ ભાવનાનો જરાપણ પરિત્યાગ કરગો નહિ અને મને આપેલું વચન લેશ પણ વિસરશો નહિ, એજ મારી તમને વિનતી છે પરંતુ રામનાથ ! આજના તમારા આ વિધર્મી વેશમાં તમે રામનાથ છો કે આ પણ અનાર્યોનો માત્ર એક દંભ છે તેની મને હજી શંકાજ રહે છે" રામચક્રે પોતાની નવી શંકા વ્યક્ત કરી.

"મહારાજ ! આપની સાથે મૃગયા રમવા હું આવ્યો હતો તે વખતે કેસરીના પ્રાણઘાતક પંજામાંથી મેં આપનું રક્ષણ કર્યું હતું.

તે સમયનો મારે હસ્તે પડેલો વ્રણ નિહાળો અને તે સમયે આપે મને અર્પણ કરેલી રુદ્રાક્ષની સુવર્ણમાળા જેના પ્રત્યેક મણકા ઉપર આપની પ્રતિમા છે અને મ'ય ભાગે કૃષ્ણદેવની પ્રતિમાનુ સુવર્ણ પદક છે, એજ આપના સેવકની આ નિશાની છે છતા પણ જો તેથી આપનો સશય વિદિર્ણ ન થતો હોય તો મારી છાતીના ડાબા ભાગપર તલનુ જે લછન છે તે પણ જુઓ" એમ કહી રામનાથે પોતાનુ અગરખુ કાઢી તે ભાગ રામરાજાને બતાવ્યો, અને પોતે પહેરેલી માળા પણ તેને અર્પણ કરી દીધી માળાને જોઇ રામરાજાને રામનાથની વાતમા તથ્યાશ કેટલો છે તેનો પરિચય થયો તેમની આખો એકમેક પ્રતિ ઠરી રહી થોડી પળો એજ દશામા વિતિ ગઇ છેવટે રામરાજાએ મૈન્યવ્રત વિસર્જન કરી રામનાથને કહ્યુ 'આર્યધર્મના પરમ પાલક મ્લેચ્છમતમતાન્તર્વિદારક અને યવનયુથસહારક વિર રામનાથ ! તમારી વાતમા મિથ્યાશ જેટલુ કાઇજ નથી એવી હવે મને સપુર્ણ પ્રતિતિ થઇ છે અને મારો સશય સર્વથા વિદિર્ણ થયો છે માટે હવે અવશ્ય તારા કથનાનુસાર હુ યુદ્ધની તયારી કરીશ અને વિધર્મી વિદેશી મ્લેચ્છોનો ભારતમાથી વિનાશ કરવાના ધર્મકર્મમા કિરતાર જો સાનુકુળ થશે તો અવશ્ય ફતેહ મેળવીશ પરતુ તમે મને જે પ્રતિજ્ઞા કરી યુદ્ધ માટે ઉશ્કેરો છો તે પ્રતિજ્ઞા સર્વ કાળ માટે સ્મૃતિમા રાખજો, તમારો ધર્મ બરાબર રીતે બજાવજો અને સૌથી પ્રથમ તો મારો પ્રબળ શત્રુ આ દુષ્ટ અફઝલખાન તેનો વધ કરી નાખજો."

"મહારાજ' એને પણ આપે તો ક્ષમા આપનીજ ઘટે છે કારણ કે એ આપનો પુત્રજ છે, પુત્ર દોષ કરે તો તેના કુટિલ કર્મો

પર દુર્લક્ષ કરવુ એ આપનો ધર્મ છે" ઝ્જુદ્દિને-હવે તો રામનાથે એક મોટા ગુપ્ત ભેદને ઉઘાડી નાખ્યો

"કોણ અફઝલખાન ? શુ બકે છે રામનાથ ! અફઝલખાન હડહડતો મુસલમાન ને મારો સતાન ! એ વાતજ શી રીતે યુક્તિયુક્ત થાય ?" રામરાજાએ આશ્ચર્ય ચકિત મુખમુદ્રાએ પ્રશ્ન કર્યો

"મહારાજ ! પ્રભાવતીનો નાના પુત્ર આપનો રઘુનાથ તેજ આજનો આ અફઝલખાન છે અને તેથીજ તે આપને ઓળખ્યા વિના તમારી સ્હામે થઇ વિદ્રોહી તરીકે ઉભો રહે છે મનેજ માત્ર એની સાચી ઓળખાણ છે પરતુ જો હુ એનો એ પૂર્વઇતિહાસ એને જણાવી દઉં અને એ પોતે હિંદુ મુસલમાનના વ્યભિચારથી ઉત્પન્ન થએલો છે એ વાત તેના આગળ નિવેદન કરુ તો કદાચ તે ક્ષોભથી આત્મઘાત કરીને પોતાના જીવનનો અત લાવે અથવા સન્યાસી કે ફકીર થઇ જગતના પાર્થિવ વ્યવહારોનો પરિત્યાગ કરે તેટલાજ માટે હુ એને એના જીવન સબધીની સચી કથા નિવેદન કરતો નથી અફઝલખાનને જ્યારથી ખબર પડી છે કે હુ એને એના જન્મસમયથી ઓળખુ છુ ત્યારથી તે મને અનેક વખત પોતાના જાતિ અને કુળને માટે પૂછે છે, પરતુ હુ ત્યારે ગમે તેવા કાલ્પનીક બહાના બતાવી એ વાત ઉડાવી દઉં છુ છતા પણ એને એવો આભાસ થયો હોય એમ લાગે છે કે પોતે પિતૃપક્ષે જાતિહિન છે અને પ્રભાવતીએ કઇ પાપકર્મથીજ મને જન્મ આપ્યો છે પરતુ હાલમા પ્રભાવતીનુ જીવન આચારથી તો એવુ નિર્મળ પ્રભુ પ્રિય અને શુદ્ધ લાગે છે કે એની પકસ પં મથી કથા તેને પૂછતા અફઝલખાનને સ્વાભાવીકરીતેજ ક્ષોભ ઉપજે

છે જો કદાચ એને એમ ખબર પડે કે રામરાજા મારા પિતા છે તો વખતે તે તમારો શિરચ્છેદ કરવા પણ તૈયાર થાય અને તેની માતાને તમે ભમાવી વ્યભિચારપ્રવૃત્ત કરી તે માટે તમારી જોડે મહા [illegible] વૈર પણ બાંધી બેસે અથવા એમ પણ શક્ય ઘટના છે કે તમને પૂજ્યભાવથી પિતા તરીકે સ્વીકારી તમારો આજ્ઞાધીન સેવક પણ બને આવા વિષમ યોગથી મેં એને અદ્યાપિ પર્યન્ત એ સત્યઘટનાથી વિમુખજ રાખ્યો છે અફઝલખાન આપના જેવોજ વિરશાસ્ત્રવિશારદ છે તો તમારા અને એના બળનું પરસ્પર ઘર્ષણ ન થાય પણ એ બળનું સંઘટન થઈ તે વિજાપુરનો વિનાશ કરવામાં પ્રવૃત્ત થાય એજ મને વધારે યોગ્ય લાગે છે" રામનાથે વિસ્તૃત પ્રતિઉત્તર આપ્યો.

"અહા ! દૈવનો કેવો વિકટ યોગ રામનાથ ! મારો પુત્ર રઘુનાથ અને તેજ આજે મારા દુશ્મન તરીકે શમશેર લઈ મારી સામે થાય છે એ પણ કર્મની વિચિત્ર ગતિ છે ! વારુ ત્યારે પ્રભાવતી અને ગંગા ક્યાં છે ? ગંગા તો હવે ઘણી વૃદ્ધ થઈ હશે ?"

"મહારાજ ! એમની હાલત બહુ બુરી છે કારણ કે જ્યારે પ્રભાવતી વનવિહારનો પરિત્યાગ કરી દરગાહમાં ગઈ ત્યારે તેમણે દરગાહના ફકીરની ઝુંપડી નીચેના ભોંયરામાંજ પોતાનો મુકામ રાખ્યો હતો. આપનાથી અજ્ઞાત નહિજ હોય કે જ્યારે પ્રભાવતી વનવિહારથી ચાલ્યા ગયા તે વખતે સગર્ભાવસ્થામાં હતા. તેમને એ ગુપ્ત ભોંયરામાંજ પુત્રીનો પ્રસવ થયો હતો. પછી કેટલેક વર્ષે પ્રભાવતીના પિતા નસરૂલ્લાખાન અને હું ત્યાં જઈ પહોંચ્યા ત્યારે સઘળી આ ગુપ્ત સ્થાનનો સ્ફોટ થયો અને પ્રભાવતીએ પોતાના પિતાને પુનઃ પોતાની સાથે લેવા ઘણી વિનતી કરી. તેમણે મારી સાથે પ્રભાવતી ગંગા અને

રઘુનાથને તથા પેલી પુત્રીને પોતાને ત્યાં મોકલી દીધાં પણ ત્યાં માર્ગમાંજ અમને જાગીરદારના માણસોએ પકડ્યા અને વિજાપુરના દરબારમાં જવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. આદિલશાહે પ્રભાવતી નસરૂલ્લાખાનની પુત્રી હોવાથી તમને કારાગ્રહવાસ આપ્યો તથા મહાપ્રતાપી અફઝલખાનને મેં છોડાવી યુદ્ધકળા શીખવી રણસંગ્રામવિશારદ બનાવ્યો. વળી હાલમાં એમ પણ વર્તમાન મળ્યા છે કે એ પુત્રનું એટલે આપની કન્યાનું કોઈ હરણ કરી ગયું છે અને અફઝલખાનના અનુરોધથી અલ્પ અવસરમાંજ પ્રભાવતી બંધનમુક્ત થઈ વનવિહારમાં આવનાર છે. વસ્તુતઃ પોતાને શુદ્ધ મુસલમાન તરીકે ઓળખાવનાર અને આપની સામે થનાર તે અન્ય કોઈ નહિ પણ આપનો પુત્ર અફઝલખાન અથવા રઘુનાથજ છે."

'તો રંગનાથ' એ તમને કદી એના માતાપિતા કોણ છે તેનો પ્રશ્ન કદાચ કરે છે ખરો?

"માતા સંબંધી તો એને સંપૂર્ણ માહિતી છેજ કારણ કે જ્યારે મેં એને એની માતાથી જુદો પાડ્યો ત્યારે એની ઉંમર તેર વર્ષની હતી. એને નથી ખબર માત્ર એના કુળની અને પિતાની."

"માતા કારાગૃહમાં છે એની એને જરાપણ ગ્લાની થાય છે અથવા એને છોડાવવા એ કાંઈપણ પ્રયત્નો કરે છે ખરો?

"માતાને માટે તો એને અપૂર્વ લાગણી છે અને મેં આપને હમણાંજ જણાવ્યું છે કે અલ્પ અવસરમાં પ્રભાવતી અફઝલખાનના અનુરોધથી બંધન મુક્તિ મેળવશે."

"રામનાથ ! તારા મુખેથી એક પછી એક એવી ગુપ્ત વાતો સાંભળી છે કે મારો આત્મા આ ભેદમાં કાંઇજ સમજી શકતો નથી, અને મારૂં મસ્તિષ્ક વિચારસાગરમાં એવું લીન થઇ ગયું છે કે હવે શું કરવું તે હું કાંઇજ નિશ્ચિત કરી શકતો નથી જો કદાચિત તારા કહ્યા પ્રમાણે અફઝલખાનના અનુરોધથી પ્રભાવતીને બંધનમુક્તિ મળે અને તે પાછી વનવિહારમાં આવે તો મારે શું કરવું ? તેને મળવું, ફરી પૂર્વનો સંબંધ જાગૃત કરી તેને મેં કરેલા અપરાધ માટે શાન્ત્વન આપવું કે એ સંબંધમાં સર્વથા મૌનજ રહેવું ? આ સર્વ ઘટનામાં શું કરવું અને શું ન કરવું તે સંબંધી કાંઇજ મારાથી તો નિર્ણય થતો નથી" રામરાજાએ પ્રભાવતી આવે તો તેની સાથે પોતે ભવિષ્યમાં કેવીરીતનું વર્તન રાખવું તત્સંબંધી રામનાથનેજ પ્રશ્ન કર્યો.

"મહારાજ !" રામનાથે ઉત્તર આપ્યો, "પ્રભાવતીના જીવનમાં હવે ઘણો ફેરફાર થયો છે તેમના સ્વભાવમાં રસજ્ઞતા કે વિલાસપ્રિયતાનો છાંટો સરખોય રહ્યો નથી અને ચાળીસ વર્ષની વય થયા છતાં તેના મુખમંડળ પર વૃદ્ધાવસ્થાની છાયા સ્પષ્ટ અવલોકાવા લાગી છે ચિંતા અને દુઃખથી તેમનું શરીર પણ કેવળ જર્જરીત અને કૃપ બની ગયું છે અને કારાગૃહના એકાંતવાસથી તેમના જીવનમાં અતિશય પરિવર્તન થયું છે પ્રભુભક્તિથી તેમણે પોતાનું જીવન કેવળ શુદ્ધ યોગીની જેવું બનાવી દીધું છે એટલે મને સંશય છે કે તે આપને મળશેજ નહિ અને કદાચ મળશે તો તે આપનો ભૂતકાલિક સર્વ સંબંધ તદ્દન ભૂલીજ ગયા હશે"

"ત્યારે તેમને હું નજ મળું તો કેમ ? રામરાજાએ રામનાથની

અંતર ઇચ્છા જાણવા માટે અંતિમ પ્રશ્ન પૂછયો.

"મને એમજ લાગે છે કે આપ તેને ન મળો તોજ અધિક ઠીક થાય પરંતુ જ્યારે પ્રભાવતીએ વનવિહારનો ત્યાગ કર્યો તે સમયે તેમની મનોર્મિ એવી હતી કે જેમ તમે પ્રભાવતીને વિશ્વાસઘાત કરી દગો આપો છો તેજ પ્રમાણે તમારાજ પુત્ર પાસે તમને ગમે તેવા છળ પ્રપંચથી તાબે કરાવવા અને વિદ્યાપુરની ગાદીએ આપના પછી એનોજ રાજ્યાભિષેક થાય એમ કરવું જો લાંબા સમયના કારાગૃહવાસ પછી તેમનું હૃદય ખરેખરૂ પ્રભુમય બન્યું હોય અને તેમની એ ઇચ્છા નષ્ટ થઇ હોય તો તો પછી એ વિષયના વિચારને વિશેષ અવકાશ નથી પણ તેમ ન થયું હોય અને એનું સાધુત્વ માત્ર બહાર દર્શાવવાનુંજ હોય તો વનવિહારમાં આવ્યા પછી તેઓ પુન પોતાના ષડયંત્રો રચવાનો આરંભ કરશે અને આપની પ્રભુતામાં વિક્ષેપ પડાવવાનો યોગ રચશે" રામનાથે પોતાનો મનોભાવ પ્રગટ કર્યો.

"ત્યારે રઘુનાથનેજ સત્ય ઘટના કહી હોય તો આપણો સર્વ ભય નિર્મૂળ થઇ જાય અને પછી પ્રભાવતીને ષડયંત્રો રચવાનો અવકાશજ ન મળે પૃથ્વિવિપતિ થવાની લાલચે ભલા ભલા નરપુંગવો વશ થાય છે તો શું વિદ્યાપુરનું રાજ્ય મેળવવા માટે તે આપણો સ્વિકાર નહિ કરશે ?"

"પૃથ્વિવિની લાલચ ધર્માત્માઓને પણ અસત્યપથગામી બનાવે છે એ સત્ય છે પરતુ લાંબા સહવાસમાં માતાની ગોદ સેવેલો, મુસલમાન તરીકે ઉછરેલો અને પિતાથી તજાએલો પુત્ર, તે જેટલો માતાનો

થશે એટલે પિતાનો ન થાય એ ઘટના તો સવદા સર્વથા સ્વય સત્ય અને સિદ્ધજ છે"

"ત્યારે હવે તુજ મને સલાહ આપ, પ્રભાવતીને અહીં આવતીજ અટકાવવી કે અફ્ઝલખાનને હાલમા જેમ છે તેમ સદાને માટેજ મારા કારાગૃહમા સડવા દેવો ?"

"પ્રભાવતીને અહીં આવતી અટકાવશો એ ઠીક નહિ તેથી તો ઉલટો અફ્ઝલખાન વધારે ગુસ્સે થશે અને તમારી વિશેષતાનો વિનાશ કરવાને પ્રવૃત્ત થશે પરતુ તેના કરતા આજ માગ સરસ છે પ્રભાવતી આવીને પુન વનવિહારમા વસે તો તેને કાઇ પણ વિઘ્ન કર્યા સિવાય વસવાની આનદથી આજ્ઞા આપો અર્થાત્ આપ એ વાત જાણતાજ ન હો તેમ તે પ્રતિ દુર્લક્ષ કરી જાઓ માત્ર છળ બળ દગો પ્રપચ કે લોભથી ગમે તે રીતે અફ્ઝલખાનને તેની સત્યકથા કહ્યા સિવાય તમારા પક્ષમા ખેચી લો એ મહા રાજનિતિજ્ઞ, ચતુર અને દક્ષ યોધ્ધો છે પછી કેટલોક અવસર ગયા કેડે એને એના પિતૃપક્ષની સત્ય માહિતી આપશો તો તેથી એને કોઇ જાતનો ઉદ્વેગ થશે નહિ અને તે આપની પ્રભુતાનો પરમ સેવક બની રહેશે એમ મને સપૂર્ણ આશા છે"

"પરતુ પ્રભાવતી એને મારી પાસે મોકલે કે કેમ તેનીજ શકા છે," રામરાજાએ નવી શકા ઉપસ્થિત કરી

"અફ્ઝલખાને દરબારમા આપની સાથે કરેલા અવિનયી વર્તનની બાનાહને મે એવી રીત ખબર આપી છે કે તે એને સખ્ત ઠપકો અવશ્યજ આપશે એ પોતે સ્વજાતિય અબળાનુ ધર્મ રક્ષણ કરે છતા બાદશાહ તેનો પ્રતિકાર કરે એ વસ્તુસ્થિતિથી આપ એને ઉશ્કેરશો તો

અવશ્ય એ આપની સ્હાયતા સ્વિકારશે. આપ માત્ર એટલુંજ કરશો કે એણે જે બાળાને બચાવી છે તેને એની સાથેજ વસવા દેશો અને કદાચ એ તે સુદરી સાથે ગમે તેવો સબધ રાખશે તો પણ આપ તે પ્રતિ લક્ષ આપશો નહિ"

"ઠીક, તો હુ કાલેજ વનવિહારમા આવીશ અને તમારા અનુરોધાનસાર અફ્ઝલખાનને વિદ્રોહી બનાવવા પ્રયત્ન કરીશ. આજ તમે એ અબળાને અને અફ્ઝલખાનને લઇ વનવિહાર ચાલ્યા જાઓ અને તેઓ કોઇપણ પ્રકારના કુટિલ કારસ્થાનો ન રચે તેપર લક્ષ રાખો જો કદાચીત તમારા કથનાનુસાર પ્રભાવતી આવે તો તેને આપણા જુના મહાલયમાજ નિવાસ આપજો અને અફ્ઝલખાનને આખો મહાલય સ્વાધીન કરી દઇ તે આનદમા રહી શકે તેવા પ્રયત્નો કર્યાજ કરજો."

"આજ્ઞા પ્રભુની, ત્યારે હવે હુ રજા લઇશ જ્યારે જ્યારે આપને જરૂર પડશે ત્યારે મને સદેશો મોકલજો. હુ આવીને આપની અને વિદ્યાપુરની સેવા બજાવવા તત્પર થઇશ." એમ કહીને રામનાથ ઉઠયો ઉઠતા ઉઠતા ફરી કાઇ વાત યાદ આવી હોય તેમ બેઠો અને બોલ્યો, "મહારાજ ! આપને એક બીજી વાત કહુ"

"શુ ? હજી કહેવાનુ શુ બાકી છે ? જે કહેવુ હોય તે સઘળુ જરાપણ શકા વિના કહી દે. તને તારા કાર્યમા જો દ્રવ્યની આવશ્યકતા હોય તો વિદ્યાપુરના રાજકોષમાથી તે પણ મગાવી લેજે."

"નાજી, દ્રવ્યની કે એવી બીજી કોઇ મને આવશ્યકતા હોય એમ છેજ નહિ મારે આપને વિજાપુરનાજ એક વર્તમાન આપવાના છે તે એ કે થોડા સમય ઉપરજ વિજાપુરના બાદશાહનો જન્મ દિવસ હોવાથી

સા બ્રાહ્મણી રાજ્યના સઘળા સુલતાનો એકત્રિત થયા હતા અને તેમા 'અલ્પ અવસરમાજ સર્વેએ પોતાનુ સૈન્ય એકત્રિત કરી વિદ્યાપુર પર એવો પ્રચંડ હલ્લો કરવો કે વિદ્યાપુરનો સર્વથાજ વિનાશ થઇ જાય અને હિંદુજાતિ મહારાષ્ટ્રમાંથી સદાને માટે નામશેષ થઇ રહે' એવો નિશ્ચય કર્યો હતો માટે આપ જરાપણ વિલબ કર્યા વિના પ્રસ્તુત સમયથીજ યુદ્ધ સાહિત્ય એકત્રિત કરવાનો આરભ કરી વિદ્યાપુરનો ભાગ્યભાનુ અસ્તાચળે ન જાય તેની પર્ણત કાળજી રાખજો બીજુ એ કે હુ અદ્યાપી પર્યન્ત માત્ર નામનોજ મુસલમાન છુ અને આહાર વિહાર ખાદ્યાખાદ્યતામાં મે આર્યધર્મના સત્યપ્રિય નિયમોનુ સર્વાંશે પ્રતિપાલન કર્યું છે તો હુ પુન પ્રાયશ્ચિત્તવિધિ કરી હિંદુ ધર્માંતરગત થવાની અભિલાષા રાખુ છુ

'રામનાથ! નૃસિંહ કુળના રાજપુત્રોએ સ્વદેશ અને સ્વધર્મ માટે દિક્ષા લીધી છે તે કાઇ તમારાથી પણ અજ્ઞાત તો નથી તમે હાલ નામનાજ માત્ર મુસલમાન છો પરતુ અત્યારે તમે હિંદુ ધર્મ અગીકાર કરશો તો વિજાપુરના ગુપ્ત કારસ્થાનોથી આપણે સર્વથા અજ્ઞાત રહીશુ, અને જે અલભ્ય પ્રસગ આપણને ઇશ્વરેચ્છાથી પ્રાપ્ત થયો છે તે ગુમાવી બેસીશુ માટે મારી તો એજ ઇચ્છા છે કે આપણુ જે યુદ્ધ આરભાવાનુ છે તે પ્રભુ કૃપાથી પાર ઉતરે ત્યાર પછીજ આપને જેમ અનુકુળ હોય તેમ કરવુ

"તે પણ ખરૂ છે, હવે હુ જાઉ છુ" રામનાથે રામરાજાને વદન કરતા અતિમ શબ્દો ઉચ્ચાર્યા અને સડસડાટ દાદર ઉતરી ચાલ્યો ગયો રામનાથ પોતાનો જ્યા પડાવ હતો ત્યા આવીને થોડો વિશ્રામ લીધો એટલે રામરાજાના અનુરોધથી ત્યાં પેલી અપમાનીત

મુસલમાન અંગના અને અફઝલખાન આવી પહોચ્યા અલ્પ સમય પછી, રાત્રીભોજનથી નિવ્રત થઇ ચંદ્રની અલબેલી કૌમૂદિમા રામનાથ અફઝલખાન અને તે અબળાએ વનવિહાર પ્રતિ પ્રયાણ કર્યું અફઝલખાનના નેત્રમાથી અગ્નિની જ્વાળા વરસી રહી હતી તેનુ સ્વરૂપ જાણે જગતનો સંહાર કરવા રમરસંહારકશંકર ન જન્મ્યા હોય તેમ લાગતુ હતુ આખા માર્ગમા તેનુ મગજ રામરાજા પર કેવી રીતે વૈર લેવુ તેનાજ વિચારસાગરમાં ગોથા ખાતું હતુ. રજુદિને ત્યા માર્ગમા ઘોડાને છોડી જરા વિશ્રાતી આપી અને સર્વે ચંદ્રકિરણોનો આનંદ ભોગવતા માર્ગમા આવતા એક ચોતરાપર બેઠા અફઝલખાનની નજર તેજ ક્ષણે પેલી યુવતીના મુખમંડળપર પડી અને તેના મુખ-માથી અશ્રાવ્ય ઉદ્દગારો નિકળી ગયા, ' આ પૃથ્વીપરનો મુખ-ચંદ્ર અને આકાશમાનો જડ ચંદ્ર એ બેમાથી મારે કને નિહાળવો ? કોની ઉપાસના કરવી ?"

પ્રકરણ ૧૧ મું.

રામરાજાનો કપટપાશ

રામરાજાને જ્યારથી ખબર પડી કે અફ્ઝલખાન તેનો પુત્ર છે ત્યારથી તેના પ્રત્યે રામરાજાને જે દ્વેશ અને તિરસ્કાર હતો તે જતો રહ્યો અને વાત્સલ્યભાવથી તેનુ હૃદય ઉભરાવા લાગ્યુ "મારો પુત્ર આજે કેવી અધમ દશામા ? હુ હિદુધર્મનો પુરો ઉપાસક, આર્યધર્મનો રક્ષક અને મારો પુત્રજ વેદધર્મનો વિદૂશક ! જો તે પ્રથમથી મારી પાસે રહ્યો હોત તો મે તેના કેટલા લાડકોડ કર્યા હોત અને કેવી ઉત્તમ કેળવણી આપી હોત ! હુ ગાદીપર બેસીને જગતમા મારી કિતિ પ્રસારવાનો યત્ન કરૂ છુ અને તેનો પુત્ર વીજાપુરના કારાગૃહમા સબડતો રહે ! એ કેવા મારા હતભાગ્ય !

એવા વિચારમા તેણે આખો દિવસ વ્યતિત કર્યો બીજી એક પણ ઘટના તેના મસ્તિકમાં આવિર્ભુત થઇ નહિ બીજી તરફ એ મુસલમાન બાળાના કરેલા અપમાન માટે તેને અકથ્ય શોક થવા લાગ્યો. આજપર્યન્ત રામરાજાએ રાજ્યપિપાશા માટે ઘોર પાપકર્મો કર્યા હતાં, અનેક દુશ્મનોના લોહીથી તેના હાથ ખરડાએલા હતા અને અનેક પ્રકારના દુષ્કૃત્યોથી પોતાનુ જીવન કલુષિત કર્યુ હતું પરતુ આજનો પ્રસગ તેના હૃદયમાથી જરાપણુ ભુસાતો નહોતો, પળેપળે તેને તે પ્રસગની સ્મૃતિ થઇ આવતી હતી અફ્ઝલખાનના શૌર્ય અને હિમત માટે તે બહુ પ્રસશા કરવા લાગ્યા બીજેજ દિવસે લગભગ આઠેક વાગ્યાનો સમય થયો કે રામરાજાએ પોતાની સાથે

બે ઘોડેસ્વાર સૈનીકો લીધા અને વનવિહારને માર્ગે પ્રયાણ કર્યું થોડી વારમા ત્રણે અશ્વસ્વારો વનવિહારમ આવી પહોચ્યા રામરાજા રજ્જુદ્દીનને મળ્યો અને અફઝલખાનને લાવી હાજર કરવાની આજ્ઞા કરી રજ્જુદ્દાને અફઝલખાનને મૂક્ત દશામા રામરાજા સન્મુખ હાજર કર્યો રામરાજાએ રજ્જુદ્દીનને અને પોતાના સરદારોને ગુપ્તરીતે ચાલ્યા જવાની સજ્ઞા કરી, કે તેઓ ત્યાથી અન્યત્ર પ્રસ્થાન કરી ગયા રામરાજા અને અફઝલખાન પળવાર અન્યોન્ય પ્રતિ અનિમેષ દ્રષ્ટિએ જોઇ રહ્યા. અતે રામરાજાની ધીરજ ખૂટી

'સરદાર !" રામરાજાએ પૂછ્યુ, "તમારા કામનો બાદશાહે કેવો વિચિત્ર બદલો આપ્યા તે તમને ખબર પડી ?"

"હા, બાદશાહે તે માટે મને સખ્ત ઠપકો લખ્યો તે મે જાણ્યુ છે પરતુ તેને માટે મને બિલકુલ ચિતા કે ઉદ્વેગ થયો નથી ઉલટો આનદજ થાય છે ધર્મ કાર્ય બજાવવુ એ મારી ફરજ છે તેને માટે વિજાપુરનો બાદશાહ કેવો અભિપ્રાય આપે તેનુ મારે કશુ પ્રયોજન નથી જો વિજાપુરના બાદશાહે મને ઠપકો ન આપ્યો હોત અને મારા ધર્મકાર્યને અનુમતિ આપી હોત તો તેની અને તમારી વચ્ચે અવશ્ય યુદ્ધ ઉપસ્થિત થાત અને અસખ્ય મનુષ્યોની પ્રાણહાની થાત પરતુ બાદશાહે તેમ ન કર્યું એથી એવા અગણિત મનુષ્યોની પ્રાણહાની થતી બચી ગઇ એટલુ મને અધિક પુણ્ય થયુ છે, તો પછી મારે દિલગીર થવાનુ અથવા વૃથા શોક કરવાનુ શુ પ્રયોજન છે વારૂ ?" અફઝલખાને જણાવ્યુ.

"તૃષ્ણા તજી સસારની નીજ ધર્મને સભાળવો,
આંખે ભલા અવની ભરી પ્યારા પ્રભુને ભાળવો,

લાલચ મૂકી જે ધર્મની કાયા તજી રક્ષા કરે,
સાચા શહિદ તે ખલ્કથી બેહિસ્તમાં ઝટ સંચરે,
મે ધર્મની રક્ષા કરી નવ લાભની આશા વડે,
ત્યારે નિરાશાથી કહો શાને હૃદય મારૂ રડે ?

"અફ્ઝલખાન ! એ તમારા જેવા વિરપુરૂષોને માટે સર્વથા યોગ્યજ છે પરંતુ આવા બેકદર બાદશાહની નોકરી કરવી એ શુ તમને ઠીક લાગે છે ? જેને તમારે માટે પ્રેમ નથી દયા નથી, તમે મુસલમાન સ્ત્રીની ધર્મરક્ષા કરતા મારા બંદીવાસમા પડયા છતા આદીલશાહને તમારી દરકાર નથી પણ ઉલટો તમારા કાર્ય પરત્વે ધિક્કાર છે, તો પછી તેની સેવા ઉઠાવવી એમા શુ સાર છે ? એવી સેવાનો પરિત્યાગ કરવો એજ તમારે માટે હિતાવહ અને શ્રેયસ્કર છે."

"પ્રીતીની ના મળે આશા, કદર જ્યા ના મળે કંઇએ,
ધરી નીજ ધર્મ અભિલાષા, ન તેવા સ્થાનમા રહીએ.
ગ્રહી નિજ ધર્મની ભિક્ષા, લીધી ઇસ્લામની દિક્ષા,
છતા સામી મળે શિક્ષા, જરૂર ત્યાથી છુટા થઇએ
જીવન નવ ગાળવુ શઠમા, ન પડવુ વ્યર્થ ખટપટમા,
ન કાયા હોમવી હઠમા મળે તે લભ લૈ લઇએ."

'તેનુ કારણ છે કે વિધાપુરની સલ્તનતથી બાદશાહ ભયભીત છે આપનો તેને બહુ ભય છે, કે કદાચ મારા ઉદ્ધત ગણાતા કૃત્યથી આપ વિજાપુરપર પુન આક્રમણ કરો તો આદીલશાહનો પરાજય થાય

એ નિસશય છે અને એજ ભયથી તેણે મને તિરસ્કારી કાઢયો છે. પરતુ જે બાળાના શિયળનુ મે સરક્ષણ કર્યું છે તેનો પવિત્ર આત્મા સંતોષ પામે એજ સર્વદા મને હિતાવહ છે, અને તેનો સાચો ઉદગાર મારૂ કલ્યાણ કરવા શક્તિમાન છે પછી એવા હઝારો ભિરૂ બાદશાહ મારો તિરસ્કાર કરે તેની મને શી પરવા હોય! હજી પણ આપ જો મારા નેત્રો સમક્ષ કોઇ પણ મુસલમાની સ્ત્રીની લજ્જા લૂટવા યત્ન કરો તો હુ આપનો એવોજ વિરોધ કરીશ, અને મારા પ્રાણનુ તેમા બલિદાન આપવુ પડશે તો એવા મૃત્યુનો સાનદ સ્વિકાર કરીશ" અફ્ઝલખાને પોતાની કાર્યપ્રણાલીની સત્યતા દર્શાવી રામરાજાને ઉત્તર આપ્યો

"અફ્ઝલખાન! તમે વિધર્મી છો, આપણા બેના કુળ, ધર્મ અને માર્ગ ભિન્ન ભિન્ન છે પણ મને તમારાપર અત્યત પ્રેમ ઉપજે છે, જે સલ્તનત હિંદમા બળવાનમા બળવાન સત્તા ગણાય છે, તે સલ્તનત સામે તેમે હિમતથી વિરોધ કર્યો એથી મને તમારા શૌર્ય માટે અત્યત મુકત કંઠે પ્રસશા કરવી પડે છે અને તમારા ગુણાનુગાન કરવાને હૃદય સાહજીક રીતે ઉશ્કેરાય છે."

પ્રત્યુત્તરમાં અફ્ઝલખાને જરા મદ હાસ્ય કર્યું અને જણાવ્યુ. "નામદાર! જો આપ મારી ખરેખર પ્રસશા કરતા હો અને મારા પર તમને સાચો સ્નેહ હોય તો મારી પુન આપને એજ અભ્યર્થના છે કે પુન એક પણ મુસલમાન અબળા પર અત્યાચાર કરશો નહિ, ગમે તે ધર્મની કે જાતિની હોય પણ સ્ત્રીઓ જેવી નિર્બળ વ્યક્તિ પર જુલ્મ કરવા એ ખરેખર ભયકર પાપ છે અને નિચતાની પરા-

કાખ્યા છે એજ મારી વિનતી આપ માન્ય ગણશો તો મને અતિશય આનદ થશે અને હુ તમારો સદાનો ઋણી થઇશ"

"અફ્ઝલખાન ! હું તમારી યાચના અવશ્ય કબુલ રાખીશ, પરતુ બદલામા તમે મને શુ આપશો ?" રામચદ્રે મુખમદ્રા પર સ્નેહ અને કૌતુકતાની છાયા આણી પૂછ્યુ

"હુ શુ આપી શકુ ? મહારાજ ! અત્યારે હુ વિજાપુર નરેશથી પદચ્યુત થએલો છુ, આપનો બદીવાન છુ, આપના દ્રવ્યથી મારુ પોષણ ચાલે છે અને તમારી દયા પર મારા જીવનનો આધાર છે આ દશામા તમે મારી મગરૂરી શા કરો છો ? તમેજ કહો હુ તમને હાલમા શુ આપી શકુ એમ છે ?" અફ્ઝલખાને પોતાની નિર્બળતાનુ દર્શન કરાવ્યુ

"તમે અત્યારે સર્વ વાતે પરાધીન છો એ સત્ય છે પણ તમારી સેવા, શૈર્ય અને પરાક્રમ એ અમુલ્ય વસ્તુ છે તમારા જેવા રાજનિતિજ્ઞ શુરવીર અને યોદ્ધાને કાજે વિદ્યાપુરના દરબારમા સ્થાન છે તમારે માટે મને અત્યત પ્રેમ છે તો વિજાપુરના બેકદર બાદશાહની નોકરી છોડી વિદ્યાપુરની નોકરી સ્વિકારી લેવામા તમને શુ હરકત છે ? મારી પાસે દશહજાર અશ્વ સૈનીકો છે હુ તમને તેના સેનાપતિનુ પદ આપીશ અને ભવિષ્યમા વિદ્યાપુરના સમસ્ત સૈન્યનુ સગળુ આધિપત્યજ તમને સોપી દઇશ" રામરાજાએ પોતાનો હેતુ સિદ્ધ કરવા ધીમે ધીમે પોતાની જાળ પાથરવા માડી

અફ્ઝલખાન રામરાજાના અતિમ શબ્દો સાભળી આશ્ચર્યચકિત થઇ ગયો, તેણે પ્રથમ સાભળ્યુ હતુ કે રામરાજા જે જે મુસલમાન

સરદારોને પકડતા તેમની કતલજ કરતો હતો, આજે પોતાની પણ] એજ દશા થવાની છે એમ પ્રથમથીજ તેણે કલ્પી લીધું હતું. અને તેથી રામરાજાના પ્રશ્નના સગળા ઉત્તરો તેણે કેવળ ઉદ્ધત અને બેદરકારીથી આપ્યા હતા, પરંતુ રામરાજાના વર્તનમાં આમ એકાએક પરિવર્તન થઇ જવાથી તેને શું પ્રત્યુત્તર આપવો એ સમજી શકાયું નહિ, થોડીવાર તે એમને એમ નીચું મસ્તક નમાવી ઉભો રહ્યો. રામરાજાએ અધીરતાથી પુનઃ પ્રશ્ન કર્યો,"કેમ અફઝલખાન! શા વિચારમાં પડયા છે। ? હું તમારે માટેજ અત્યારે વિદ્યાપુરથી અહીં સુધી આવ્યો છું તે એટલાજ માટે કે તમને કોઇપણ પ્રકારે મારે ઉન્નત અવસ્થાએ લઇ જવા છે, તમારા જેવો શુરવીર અને વિરનર મારા બંદીવાસમાં અથવા વિજાપુરના દરબારમાં રહી પોતાનું જીવન પુરૂં કરે એ તદ્દન અઘટીત છે, તમે યુદ્ધો જીતવા અને કીર્તિ મેળવવાજ જન્મ્યા છે।. એ અવસર તમને મારા દરબારમાં સારી રીતે પ્રાપ્ત થશે, માટે હવે વિચાર કરવાના તજી દઇ તમારા ભાવી ઉત્કર્ષના ખરેખરા પ્રયાસમાં મંડી જાઓ અને તમારૂં જીવન સફળ કરી લ્યો."

"મહારાજા! વીસ વર્ષ પર્યન્ત જેણે મારી રક્ષા કરી, જેના અન્નથી હું પોષાઇને મોટો થયો તેને માટે મરવું એજ હવે તો મારો ધર્મ છે શું હું મારા આશ્રયદાતાનોજ વધ કરૂં અમારા ધર્મમાં સ્વામીદ્રોહનું મહાપાપ ગણાય છે અને .. .."

"તે ખરૂં છે," તેને વચ્ચેથી બોલતો અટકાવી રામરાજાએ પોતે દર્શાવેલી અભિલાષાના સમર્થનમાં જણાવ્યું "પણ જો સ્વામી સેવકો દ્રોહ કરે તો પછી સેવક તેના ધર્મો પાળવા બંધાએલો નથી,

તમે વિચાર કરો કે મુસલમાની સ્ત્રીના શિયળનું રક્ષણ કરવું એ મોટામાં મોટું ધર્મકૃત્ય છે તે બજાવીને તમે મારા બંદીવાન બન્યા છો ત્યારે તમારા બાદશાહની એજ ફરજ હતી કે તેણે ગમે તે પ્રકારે તમને મૂક્તિ અપાવવા યત્નો કરવાજ જોઇએ પણ ત્યારે આદીનશાહ તમને ઠપકો લખે છે અને પુનઃ એવું થય તો શિક્ષા કરવાની ધમકી આપે છે આ કેવો નવાબી ન્યાય? જો તમારો બાદશાહ તમારી સાથે આ પ્રમાણે વર્તે તો તમારે તેને શિક્ષા આપવીજ જોઇએ, એમાં શું અન્યાય છે? પાખંડી પ્રત્યે પાખંડ રચવું એનો ધર્માનુકુળ છે માટે તમારી ધર્મભિરૂકલ્પના અઘટીત અને નિષ્કારણ છે."

"મહારાજા! હું એકવાર આપને કહીજ ચૂકયો છું કે બાદશાહે તમારા ભયથીજ આમ વિપરીત ન્યાય કર્યો છે, તેની પ્રભુ અવશ્ય તેને શિક્ષા આપશેજ પણ તે માટે હું નમકહરામી થઉં તો એની શિક્ષા મારે પણ ન ભોગવવી પડે? બાદશાહ આજે મારા તિરસ્કાર કરે છે પણ એક દિવસ અવશ્ય મારી પ્રસન્નતા કરશે, અને પોતાના આવા અધમપ્રિય ન્યાય માટે તેને હૃદયમાં પશ્ચાતાપ પણ થશે, તો પછી મારે પણ પાખંડ કરી ખુદાના દરબારમાં ગુન્હેગાર થવું એ રીત શું યુક્તિ યુકત છે"

"નોકરને એક નોકરી છોડી શું બીજી નોકરી કરવાનો અધિકાર નથી? તમે બાદશાહની નોકરીનો પ્રગટપણે ત્યાગ કરો અને વિદ્યાપુરની નોકરીનો સ્વિકાર કરો તો પછી તમને તેનું લેશ માત્ર પણ પ્રાયશ્ચિત નથી અને એ અધર્મ પણ થાય એમ નથી" રામરાજાએ ઉત્તર આપ્યો.

પુષ્પ જેવી સુકોમળ વસ્તુથી પત્થરની પ્રભુની પ્રતિમાઓ ઘસાય છે દોરીથી કૂવાના પાપાણ પણ ઘસાય છે તો કોમળ માનવહૃદય પર

વજ્રાઘાત જેવા મનુષ્ય વચનોની અસર ન થાય એ બનેજ કેમ? જે સમયે અફઝલખાનને ખબર પડી કે આદીલશાહે રામરાજાની સામે થવા માટે તેને ઠપકો આપ્યો છે તેજ વખતે તેને વિજાપુરના રાજ્ય પર તિરસ્કાર તો ઉત્પન્ન થયોજ હતો એટલે રામરાજાના આકર્ષણથી ધીમે ધીમે અફઝલખાનનું અંતર પીગળવા લાગ્યું સત્તા એ એવી વસ્તુ છે કે ભલા ભલા નરપુંગવો પણ પોતાનો દેશ, ધર્મ આદિ સર્વની આહુતી સત્તાદેવીની વરમાળ મેળવવા અર્પી દે છે ત્યા ક્ષુદ્ર અફઝલખાનનું શું ગજું? બીજેજ પળે તેને પોતાની આશ્રીતબાળાની પ્રતિજ્ઞા યાદ આવી અને રામરાજાનો વધ કરી તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ઇચ્છા થઈ એક તરફ આદીલશાહપરનો દ્વેષ બીજી તરફ વિદ્યાપુરની સત્તા અને ત્રીજી તરફ પોતે બચાવેલી બાળાની પ્રતિજ્ઞા આમ ત્રિશંકુની સ્થિતિ ભોગવતો અફઝલખાન અંતે એક નિશ્ચયપર આવી ગયો અત્યારે રામરાજાને શરણે જવાથી ભવિષ્યમા રામરાજાનો વધ થઈ શકે એ ઘણું સ્હેલું હતું કારણ કે રજપુતોનો સ્વભાવ કેટલો વિશ્વાસુ છે તેનો તેને પૂર્ણ પરિચય હતો, અથવા તેમ ન થાય તો આદીલશાહને હરાવી પોતાને આપેલા ઠપકાનું વેર પણ વળી શકે એમ હતું અર્થાત રામરાજાની નોકરી સ્વિકારવામા આમ ઉભય પ્રકારના લાભ સમાએલા હતા એટલે પ્રસ્તુતકાળમા તો રામરાજાના પક્ષમા ભળી જવું એજ તેને વધારે કલ્યાણકારી લાગ્યું

'મહારાજ! પરંતુ હું બાદશાહને અરજ કરીશ કે હું આપની નોકરી છોડી રામરાજાની નોકરી સ્વીકારૂ છું તેજ પળે દુષ્ટ આદીલશાહ મારો વધ કરશે આદીલશાહમા સૌજન્યનો સર્વથા અભાવ છે તે કદી પણ મને આપને શરણે આવવા દેનારજ નથી, કારણ કે વિજાપુરી

સલ્તનતનો હુ પુરતો માહિતગાર છુ બાદશાહના ઝનાનાથી તે રાજ્યના સૈનીકો પર્યન્તની મને સપૂર્ણ ખબર છે જો હુ આપના પક્ષમા આવીશ તો બાદશાહને તેથી ઘણુજ નુકસાન છે એટલે મને તો ખાતરી છે કે તે મને તમારી પાસે નહિજ આવવા દે" અફઝલખાને પોતાની શકા વ્યકત કરી અને આશ્ચય અકીત મુદ્રાએ રામરાજા તરફ જોઇ રહ્યો તેના મુખપરની શોક અને ઉદ્વેગની છાયા પલટાઇ ગઇ રામરાજા તેના હૃદયમા થતા પરિવર્તનને સમજી ગયો.

"પરતુ તમે મારી નોકરીનો સ્વિકાર કરો એ તમારે જઇને પ્રત્યક્ષ બાદશાહને કહેવાનુ કાઇજ પ્રયોજન નથી તમે અહીંથી મારે ત્યા આવશો કે ત્વરીતજ રજ્જુદીન બાદશાહને ખબર આપી દેશે અને તમે એ ભયથી નિવૃત્ત બની જશો" ગમરાજાએ અફઝલખાનની શકાનુ નિવારણ કર્યું.

'પણુ તેથી ભવિષ્યમા તમારી અને આદીલશાહની વચ્ચે ભયકર જગ થશે ત્યારે તમે મને પુન બાદશાહને સોપી દેશો તો મારી સ્થિતિ ઘણીજ વિકટ થશે, તે પ્રસગે મારે મહારાષ્ટ્રનો ત્યાગ કર્યા સિવાય અન્ય માર્ગજ અવશેષ નહિ રહે! પરિણામે મારા ભાગ્યમા તો અકાળ મૃત્યુજ આવી રહે એ વાતમા શી શકા છે?"

"અરરર! એવી શકા પણુ મનમા શા માટે લાવો છો, અફઝલખાન? હુ તમને આટલા સમજાવુ છુ તે શુ ભવિષ્યમા તમનેજ દગો કરીશ, અફઝલખાન! રામરાજા પોતાના સેવકો પ્રતિ વિશ્વાસઘાતી થયો નથી અને થશે પણુ નહિ તે યાદ રાખજો કદાચ આદિલશાહ જોડે તમારે માટે મારે યુદ્ધ કરવું પડશે તો તે પણુ હુ

કરીશજ અને વિદ્યાપુરના રાજ્યની પાયમાલી થતા અને મારો વિનાશ થતા સુધી હુ તમારી રક્ષા કરીશ તમને આજે હુ સમજાવીને લઇ જાઉ છુ તે સાથેજ તમારા રક્ષણની સર્વ જવાબદારી મારે શીરે આવી પડે છે તે હુ પુર્ણ રીતે જાણુ છુ અને તમારૂ રક્ષણ કરવાની મારા ઇષ્ટદેવને સન્મુખ રાખી તમારી આગળ પ્રતિજ્ઞા કરૂ છુ."

"ત્યારે જો આપને મારી સેવાની ખરેખર આવશ્યકતા હોય તો મારી હાલમા એમ અભિલાષા છે કે હુ પ્રગટ રીતે જેમ છે તેવીજ રીતે વિજાપુરનો અનુચરજ રહીશ અને ગુપ્તપણે આપની અને વિદ્યાપુરની સેવા બજાવીશ તો તેજ વધારે કલ્યાણકારી થઇ પડશે જો હુ બાદશાહના સરદાર તરીકે કાયમ રહીશ તો મને આદીલશાહના દરબારમાના સઘળા વર્તમાન મળ્યા કરશે હુ તે સર્વ આપને જણાવતો રહીશ, તો તે કાર્ય હુ આપના પક્ષમાં પ્રકટ રીતે આવુ તેના કરતા અધીક શ્રેયસ્કર થઇ પડશે, જે દિવસે મને આપના સૈન્યની સામે લડવુ પડશે તેજ સમયે હુ મારી હરોલ તોડી નાખીશ એટલે આદીલશાહના પરાજયનુ મગળાચરણ થઇ જશે અને તમારી ઇચ્છા ફળીભૂત થશે" અફઝલખાને ઉત્તર આપ્યો

રામરાજાને આ વાત યોગ્ય લાગી નહિ કારણકે રામનાથ એ રામરાજાનોજ મિત્ર હતો અને તે વિજાપુરના સર્વ વર્તમાન રામરાજાને આપતો હતો પરતુ તત્સમયેજ અફઝલખાન સાથે વધારે ખેચતાણ કરવી રામરાજાને ઉચિત લાગી નહિ અને ધીમેધીમે તેને વધારે અનુકુળ બનાવી લેવાનો વિચાર કરી રામરાજાએ તેને કહ્યુ. "અફઝલખાન એ તો સર્વથી શ્રેષ્ઠ છે મને પણ તેથી અનિશ્ચય

આનદ થાય છે ચાલો હવે આજ પર્યન્ત આપણે જે લડી રડી લીધુ હોય તે ભૂલી જાઓ અને આનદથી વિદ્યાપુરનુ કલ્યાણ કરવા પ્રવૃત્ત થાઓ" રામરાજાએ આટલુ કહી તેને જવાની આજ્ઞા આપી અને પોતે રજીદીનને મળી આ સર્વ ઘટના નિવેદન કરી પુન સધ્યાકાળ થતા તો વિદ્યાપુરમા આવી પહોચ્યો. રામરાજા એમ ધારતો હતો કે તે અફ્ઝલખાનને છેતરે છે અને અફ્ઝલખાન ધારતો હતો કે તે રામરાજાને છેતરે છે પણ વાસ્તવીક રીતે જગદાધાર બન્નેને છેતરતો હતો

પ્રકરણ ૧૨ મું.

દુરાત્મા દેવદત્ત.

આજે કૃષ્ણપક્ષની ચતુર્દશી હતી સર્વત્ર અંધકારનું ઘોર સામ્રાજ્ય છવાએલું હતું, માત્ર તારાનો ઝાંખો પ્રકાશ પૃથ્વીપર પડતો હતો. નિશાચર પશુ પક્ષીઓ અને આત્મદ્રેષી અભિહારો (ચોરો) પોતાનો વ્યવસાય આનંદથી ચલાવી રહ્યા હતા આસરે બે વાગ્યાનો સમય હતો. વિજયપુરે પ્રત્યક્ષ ભયંકરતાનું સ્વરૂપ ધારણ કરેલું હતું વૃક્ષના જુથો પણ જાણે મોટા ગિરિરાજ હોય તેમ લાગતા અને નિરિક્ષકના હૃદયમા ભયસંચાર કરવામાં બાધા રાખતા નહોતા પવનના સુસવાટા કર્ણેન્દ્રિયને સંભળાતા અને તેથી વૃક્ષ લતાઓ હાલવાથી શ્વાનરાજ પોતાની પ્રકૃતિ પ્રમાણે મનકલ્પિત અભિહારોનો પ્રતિરોધ કરવા ભસતા હતા આસપાસની વાટીકાઓમા શિયાળ વગેરેનો ઉપદ્રવ હોય એમ તેમની કર્ણંગોચર થતી ભયજનક કંઠધ્વનીથી કલ્પિ શકાતું હતું. રાત્રીનો પુર્ણ પ્રભાવ વ્યાપેલો હતો

રાજગઢમા પણ અંધકારનું તેવું પ્રાબલ્ય પ્રસરેલું હતું દ્વારપર પહેરેગીરો પોતાનો ધર્મ બજાવતા બરાબર ઉભા હતા રાજગઢના કોટના સર્વ બારીબારણાઓ બરાબર બંધ કરેલા હતા એવો ભય પૂર્ણ અવસર છતા એક માણસ પોતાના સંતાડી રાખેલા યત્નોને લઇ ને રાજગઢની દિવાલો પાસે આવ્યો અને અંધારામ દિવાલો ઉપર પોતાનો હસ્ત ફેરવવા લાગ્યો. થોડી વારમા તેના હાથમાં એક દોરડુ આવી ગયુ તેને

ઝલીને તે સડસડાટ ઉપર ચઢી ગયો. તેની પાછળ તેના સઘળા અનુચરોએ પણ પ્રયાણ કર્યું અને તેઓ મહેલના ભાગમાં ઉતરી જમણી બાજુએ જઈ, મહારાજા કૃષ્ણદેવનો ભવ્યપ્રાસાદ હતો તે બાજુએ ચાલ્યા ગયા, થોડે દૂર ગયા કે એક અનુચર તેની સામે મળ્યો અને તેણે તેના મનુષ્યને હાથ પકડી દિવાલના થડ પાસે ખેંચી આણ્યો. આસપાસ જરા દ્રષ્ટિ નાખી તે સ્થળ કેવળ [illegible] છે એવી ખાતરી કરી તેણે [illegible] અતિશય મન્દસ્વરે કહ્યું "બધી ગોઠવણ તમારા કહેવા પ્રમાણે થઈ છે. મહાલયની જમણી બારી ખુલ્લી છે અને તેમાંથી છેક નીચે સુધી લાંબી દોરડી મૂકેલી છે. હિમત રાખી કામ કરશો તો તમારો પરિશ્રમ કદી પણ નિષ્ફળ જશે નહિ. જાઓ ફતેહ કરો."

"ભાઈ! તારો ઘણોજ ઉપકાર માનીશ અને મારું કાર્ય સિદ્ધ થયે હજાર [illegible] બક્ષીસમથી તારા ઘરને ભરી નાખીશ" પેલા મનુષ્યે [illegible] આપ્યો અને પોતની જોડેના માણસોને લઈ તેણે તેજ દિશા તરફ પ્રયાણ કર્યું. તેનું અભિધાન ત્રિભુવનસિંહ હતું અને તે રજપુતસ્થાન [illegible] નો વતની હતો. શરીરે મજબૂત અને હિમતવાળો તેનુ [illegible] ના અન્તરના ઊંડાણમાં સ્વભાવી રીતેજ આનન્દનો સંચાર [illegible] ત્રિભુવનસિંહ પેલા મહાલય પાસે જઈ દોરડું પકડ્યું અને [illegible] ઉપર ચઢી જઈ ફરી નીચે દોરડું નાખ્યું. તે સાથે બીજા [illegible] અનુચરો પણ ચઢી ગયા. તે બારીથી સામેજ એક અનુપમ [illegible] થએલી દ્રષ્ટિએ પડતી હતી. ત્રિભુવનસિંહે તેની [illegible] નું [illegible] ઉઘાડ્યું અને પોતાની પાસેથી એક શીશી કાઢી તેમાંથી પાંચ સાત ટીપાં [illegible] માં નાખ્યાં. તરતજ તેની અસરથી તે અબળા બેભાન થઈ ગઈ. તેને લઈ તે સઘળા ચંડાળો નીચે

ઉતરી પડયા અને જે માર્ગે આવ્યા હતા તેજ માર્ગે પ્રસ્થાન કરી ગયા. ત્રિભુવનસિંહ એ દેવદત્તનો અનુક્રીત સેવક હતો અને દેવદત્તની આજ્ઞાથીજ તેણે આ કૃષ્ણકૃત્યમા પ્રવૃત્તિ કરી હતી દેવદત્તનો મહાલય વિજયનગરની છેક બહાર હતો ત્રિભુવનસિંહ, પેલી સ્ત્રી અને તે સઘળા અનુચરોએ આવીને દેવદત્તના મહાલયમા આશ્રય લીધે, પેલી સ્ત્રીને છેક ઉપલે મેડે લઇ જઇને સુવાડી થેડી વાર રહી ત્રિભુવન અને એક બીજો માણસ તે મેડે ગયા અને તે સ્ત્રીના પલગ પાસે બેઠા. ત્રિભુવન પાછો ત્યાથી ઉઠીને બારી આગળ ફેરા ફરવા લાગ્યો. પેલા બીજા માણસે થોડી વાર તે લલનાના મુખનુ નિરિક્ષણ કર્યું અને પછી ત્રિભુવનને પાસે બોલાવી જણાવ્યુ "જો તારાથી પ્રમાદમા એને વધારે વિષ અપાયુ છે અને તેથીજ તે અદ્યાપી અસાવધ અવસ્થામાજ પડેલી છે પરતુ વૈદકશાસ્ત્રનો એવો સનાતન નિયમ .. . ."

"બાબા! બાળની તારૂ એ ડહાપણુ" ત્રિભુવને એકદમ ક્રોધાન્વિત મુદ્રાથી તેને ઉત્તર આપ્યો, "તે તો હુ જાણુજ છુ કે એને મારાથી વિષ વધારે અપયુ છે પણ હવે તેનુ કાઇ નિવારણ થશે કે એને ગામને પાદરે લઇ જઇને ફુકી આવુ? તે બોલની પહેલા કે જરા સતોષ વળે"

"નાના આમ ગભરાવનુ કાઇ પ્રયોજન નથી એનો મારી પાસે એનુ મારણ છે તેથી એનુ વિષ ઉતરી અલ્પ અવસરમાજ તે સાવધ થશે" એમ કહી તેણે એક દાબડીમાથી કાઇ પ્રવાહી પદાર્થનુ તેના નેત્રમા અજન કર્યુ અને તે મનુષ્ય પછી નીચે ઉતરી આવી દેવદત્તની પાસે જઇ સઘળી કથા નીવેદન કરી.

પાઠકગણ ! આ દેવદત્ત કોણ હતો તત્સબધે અત્રે શકાઉપસ્થિત થાય એ યોગ્ય છે દેવદત્ત વિજયનગરના રાજ્યનો કોષાધ્યક્ષ હતો અને મહારાજા કૃષ્ણદેવનો વિશ્વાસપાત્ર અનુચર હતો. મહારાજાના અતઃપુર પર્યન્ત તે બાધા વિના પ્રયાણ કરી શકતો હતો એક દિવસ સધ્યાકાળે તે યવન બાદશાહના શિબિરમાથી એક અનાર્ય યુવતીનુ હરણ કરી લાવ્યો અને તેને ધર્મભ્રષ્ટ કરી પોતાની અગના બનાવી આ વાતની ખબર પડતા મહારાજા કૃષ્ણદેવે તેને સ્થાનભ્રષ્ટ કરી તેનો સર્વ દ્રવ્યભડાર લુટી લીધો આ ઘટનાથી દેવદત્ત અને કૃષ્ણદેવ વચ્ચે વિખવાદ ઉપજ્યો અને તેણે મુસલમીન ધર્મની દિક્ષા લઇ વિજયનગરની પાદરે પોતાનો નિવાસ કર્યો. વિજાપુરપતિ આદીલશાહે દેવદત્તને પોતાના 'સિપાહસાલાર'ની પદ્વી આપી અને વિજયનગરની રાજ્યચર્યા નિહાળવા માટે તેને ત્યાજ નિવાસ કરવાની આજ્ઞા આપી પરતુ આ અલ્પ મહત્તાથી દેવદત્તને કોઇ પણ પ્રકારનો સતોષ મળ્યો નહિ અને બાદશાહ આદિલ-શાહને કોઇ અનુપમ ભેટ મોકલી તેનો અધિક અનુગ્રહ પ્રાપ્ત કરવાની અભિલાષાથી તેણે પોતાના અનુચર ત્રિભુવનસિહ પાસે ઉપરોક્ત યુવતીનુ કૃષ્ણરાજાના મહાલયમાથી હરણ કરાવ્યુ તે સુન્દરીને પેલી દાબડીમાના અજનથી શુદ્ધિ આવી અને પોતે ક્યા છે તત્સબધે વિચાર કરવા લાગી એટલામા તેનીજ વયની એક તરુણી એ ત્યા પ્રવેશ કર્યો, અને તે સ્ત્રી પ્રત્યે ઉદ્દેશીને બોલી, "બહેન ! તમે પ્રસ્તુત કાળમા અત્યત ભયમા છો, તમારા પોતાના મહાલયમાથી તમારા શત્રુઓ તમને અત્રે લઇ આવ્યા છે અને અલ્પ અવસરમાજ તમારો મુસલમાન રાજા સાથે નિકાહ થનાર છે આ કુટિલ કર્મના વિધાતાની પુત્રી હોવાનુ મહાદુર્ભાગ્ય મને પ્રાપ્ત થયુ છે અને તેટલા માટે હુ તમારી ક્ષમા માગુ છુ મારૂં નામ માલતી છે."

"માલતી બ્હેન ! આ સઘળો શું પ્રકાર છે તે હું કલ્પી શકતી નથી મારૂં હૃદય ઉદ્વેગથી જાણે મ્લાન થયું હોય તેમ લાગે છે અને આ ગૃહ મને સર્વથા અપરિચિત લાગે છે માટે કૃપા કરી મને પુનઃ જણાવો કે આપ કોણ છો ! અને મને અત્રે આણવાનું શું પ્રયોજન છે વારૂ ?" તેણે માલતીને પૂછ્યું

"બ્હેન ! હું મહારાજા કૃષ્ણદેવના ભૂતપૂર્વ કોશાધ્યક્ષ દેવદત્તની પુત્રી છું મારા પિતા અને કૃષ્ણદેવની વચ્ચે વિદ્વેશ થવાથી મારા પિતાએ અધમોદ્ધારક આર્યધર્મનો પરિત્યાગ કરી યવન ધર્મની દિક્ષા લીધી છે અને બાદશાહ આદિલશાહે એવા અનાર્યકર્મથી તેમનો દ્રવ્ય આપી પુરસ્કાર કર્યો છે બાદશાહ આદિલશાહના અંતઃપુરમાં મોકલી દેવા માટે તેમણે તમારૂં મહારાજાના રણવાસમાંથી હરણ કરાવ્યું છે પિતાજી મને પણ આદિલશાહ સાથે સંલગ્ન થવા સમજાવે છે અને આજનો દિવસ મને વિચાર માટે આપી તેઓ ચાલ્યા ગયા કે જો હજી પણ હું આનંદથી બાદશાહની બેગમ થવાની અભિલાષવતી ન થઇશ તો તેઓ મને પણ બળાત્કારથી તમારી સાથે વિજાપુર મોકલી આપનાર છે આ વર્તમાનની તમને માહિતિ આપવાજ હું અત્રે આવી છું માટે સાવધ રહેજો અને તમારો ધર્મ સાચવવાને માટે પ્રાણ આપવો પડે તોપણ ડરશો નહિ એજ મારી તમને વિનતી છે" માલતીએ પોતે જે જાણતી હતી તેનું વર્ણન કર્યું

"વારૂ, જો તમારા ઉપર પણ તમારા પિતાનો આટલો પ્રબળ ભય છે તો પછી તમે મારી પાસે આ ઘટના નિવેદન કરવા શી રીતે આવ્યા તેનો મને સંશય થાય છે." પેલી સ્ત્રીએ પોતાની શંકા દર્શાવી.

"બ્હેન ! હવે અધિક બોલવાનો અવસર નથી કારણ કે પિતાજી હમણાજ મારી પાસે આવનાર છે છતા પણ તમારા પ્રશ્નનો હુ ઉત્તર આપી દઉં છુ તમારા ઉપર પહેરેગીર તરીકે પિતાજીએ મને નિયત કરી છે અને તેથીજ તમારી સાથે વાત કરવાને હુ સદભાગ્યશાળી થઇ છૂ ચાલો હવે તમારૂ દ્વાર બધ કરી દ્યો અને પલગપર પોઢી જાઓ, જો પિતાજી આવશે તો મારી સાથે ને તમને પણ કષ્ટ આપવા તત્પર થશે" આટલુ કહી તેણે પોતાને હાથેજ તે દ્વાર બધ કરી દીધુ અને તેની પાસે ભોયપર પોતાનુ આસન બિછાવી બેસી ગઇ, થોડી વાર થઇ કે તરતજ ત્યા પુત્રીના કહેનથી પદ્મીઓ મેળવવાનો લોભી, ધર્મદ્રોહી, દુરાત્મા દેવદત્ત દાખલ થયો માલતીઅ ઉભા થઇને તેને આવકાર આપ્યો અને અતિ કોમળ સ્વરે કહ્યુ "આવો પિતાજી !"

"કેમ માલતિ ! તારો હજી કઇ નિશ્ચય થયો કે નહિ ?" દેવદત્તે અલ્પ શબ્દોમાજ પ્રશ્ન કર્યો

"પિતાજી ! હુ આપના કથનને વશ થવા મનને અનેક સમયે આગ્રહ કરૂ છુ ભાવીમા આપને મારે લીધે કેવા સુખ વૈભવ મળશે તેની પણ કલ્પના કરુ છુ પણ જ્યારે મારી સન્મુખ મુસલમાન ધર્મની ભયભિત પ્રાતકૃતિ દ્રષ્યમાન થાય છે કે તેજ ક્ષણે મારા ગાત્ર ગળી જાય છે અને ચિતાથી મારો વિચાર પાછો પલટાઇ જાય છે પિતાજી ! શુ એક હિંદુ કન્યા યવન અતપુરગામિની થાય એ આપને પણ યોગ્ય લાગે છે ?" માલતીએ વિનયયુક્ત પ્રશ્ન કર્યો

"માલતી ! યોગ્યાયોગ્યનો વિષય વિચારવા જેટલો સમય હવે અવશેષ રહ્યોજ નથી. તુ જાણે છે કે આપણે હિંદુધર્મનો સર્વથા પરિત્યાગ કર્યો છે અને મહમદાપથનો સ્વિકાર કર્યો છે એટલે કોઇપણ

હિંદુ સંતાન તારૂં પાણિ ગ્રહણ કરે એ યથાયોગ્યજ નથી ત્યારે મારે સાધારણ કુળના મુસલમાન સાથે તારો વિવાહ અયોગ્ય જણાય છે પણ તેના કરતાં વિજાપુરના બહાદરશાહ જેવા સુશિક્ષિત, પ્રતાપી અને શુરવીર યોદ્ધાનું પાણી ગ્રહણ કરવું એમાં શું પ્રતિરોધ છે? દેવદત્તે પોતાની સત્ય સ્થિતિ કહી બતાવી

"પિતાજી! એ આપનું કથન અયોગ્ય નથી પણ જો મારે કોઈ ક્ષત્રીયપુત્ર પાણિગ્રહણ ન કરે તો સઘળું જીવન હું બ્રહ્મચારિણી અવસ્થામાંજ ગાળી નાખીશ, તો પછી મારા જીવનને કોઈનું પ્રણ કે નડવાનું નહિ અને આપનું નામ પણ સંસારમાં ઉજ્જવળ રહેશે. અને મ્લેચ્છની જોડે લગ્નસંસ્કારથી બદ્ધ થઈ, તેમના ધર્મકર્મનો સ્વીકાર કરી નાના ધર્મનો વિનિપાત વિલોકવો અને માંસાહાર કરી પશુવૃત્તિથી તૃપ્તિ કરવી એમને સદાસર્વદા અસહ્યજ થઈ પડશે અને તેમ કરવા કરતાં એજ ચિતામાં બળી બળીને મરવાનુંજ મારા ભાગ્યમાં જડાયું જશે" માલતીએ યવનધર્મની હિનતાનો પરિચય કરાવનાર જવાબ આપ્યો

"માલતી! તારી ધારણા અતિ સુંદર લાગે છે પરંતુ તેનું સમગ્ર જીવનમાં અવલંબન કરવું અને બ્રહ્મચારિણી થઈ જીવન ગાળવું એ પણ દુષ્કર ઘટના છે ત્યારે ભવિષ્યમાં પણ જો અન્ય પ્રકારે અવલંબન આચરવુંજ હોય તો પછી વર્તમાન સ્થિતિમાંજ મુસલમાન બાદશાહ સાથે પાણિગ્રહણ કરવામાં શો પ્રત્યવાય છે?"

"પિતાજી!" માલતીએ સંકોચ અને લજ્જાને લીધે ભયથી કંપિત હૃદયે ઉત્તર આપ્યો. "આપનું આ સઘળું બોલવું એવું છે કે તમે મારૂં જગતમાં કયે પ્રકારે હિત થાય અને હું અધિકતર કેવી રીતે

સુખી થાઉં તેનીજ પ્રતિક્ષા માટે પ્રયત્ન કર્યા કરો છો, અને કોઇપણ પ્રકારે મને દુરતી બનેલી અવલોકવી એ આપની મ ાંમ નથી તો પછી એવો કોઇ આર્યયુવક વિદ્યમાન હોય અને તે મારો સ્વિકાર કરે તો પછી આપ પરિતુષ્ટ થાઓ કે નહિ? હુ તો ધારૂ છુ જો આપને મારૂ કલ્યાણુ કરવાની સાચીજ ઉત્કંઠા હોય તો તેથી આપને પરમ સંતોષજ થવો જોઇએ"

"માલતી! તો શુ તે કોઇ એવા યુવકની શોધ કરી છે કે જેણે તારો સ્વિકાર કરવાનુ તને સત્ય વચન આપ્યુ હોય? વળી આ યુગ કેવો વિચિત્ર છે! તારી સાથે લગ્ન કર્યા પછી તે દુષ્ટમતિ પુરૂષ તારો ત્યાગ કરે નો તો તારા કષ્ટની સિમાજ કયા રહે? અને વળી કન્યાએ પોતેજ પતિનો શોધ કરવો એ પણુ આપણા શાસ્ત્રધર્મથી અયુક્ત અને નિતિ-ભૂકન છે. તો પછી તારી અભિલાષનો ઉત્તર આપવાનો અવકાશજ ક્યાં રહે છે!"

"પિતાજી! મે તો અદ્યાપી એવી શોધ કરી નથી કારણુ કે મને તેમ કરવાની તમારી આજ્ઞા નથી પરંતુ જો આપ મારી પ્રાર્થનાનો સ્વિકાર કરો તો વળી હુ એ પ્રયત્ન કરી જોઉં પછી યશાવશ આપવો એ તો વિરચીની લ્વણુતિ છે, આપ મારા ભાવિ સુખદુ ખની ચિંતા કરો છો, તે તો વ્યર્થ છે કારણુ કે આદિલશાહનુ અંતપુર પણુ સુખપૂર્ણ છે એમ કથવાનુ આપની પાસે શુ સાધન છે? આપ પોતેજ મારી માતાના નિધન પછી અન્ય સ્ત્રી સાથે સંલગ્ન થયા પણુ તેનો પણુ જગતના ક્રૂર મરણુએ નાશ કર્યો ક. સુખદુખનો ગતજન્મના સંસ્કારાનુસાર ભ્રમ્યાજ કરે છે, વળી કન્યાએ પતિશોધ ન કરવો એજ જો સત્યશાસ્ત્ર

હોય તો પ્રાતઃસ્મરણીય દેવી દ્રૌપદી, સત્યવતી, દમયતી, સુકન્યા અને જનકકન્યાએ પોતેજ પોતાના ભાવી પતિની શોધ કન્યાકાળમા કરી હતી એ કેમ બની શકે ?" માલતીએ સયુક્તિક વચનોએ પોતાના પક્ષનુ એવુ પ્રબળ સમર્થન કર્યુ કે દેવદત્ત નીરુત્તર થઇ ગયો

" પિતા ! પુત્રી તમારી હુ દયા દિલમા જરા લાવો,
કૃપા વરસાદ આ નયને હવે ના કેમ વરસાવો !
બની શુ ઘાતકી આવા જુલમ પુત્રી પરે કરશો ?
મને દુખસિંધુમા ફેકી તમે સુખથી નહિ ઠરશો.
એ ડશ તમ અતર થકી બાપુ ! કદી દૂર ના થશે,
બળશે હૃદય બહુ આપનુ ના પાપ કાતીલ છૂટશે."

"માલતી ! તારી વાત તો ઠીક છે, પણ હવે તો મારે મુસલમાન ધર્મનુ યથાવિધિ પરિપાલન કરી તેજ ધર્મની કોઇ યુવતીથી સ લગ્ન થવુ છે અને હિંદુત્વનો સર્વથા ત્યાગ કરવો છે એટલે હુ તને કોઇપણ હિંદુયુવકનુ પાણીગ્રહણ કરવા દેનાર નથી. તને જો આદિલશાહનુ અત પુર વિષજનક લાગતુ હોય તો કોઇ અન્ય મુસલમાન યુવકને તારૂ સમર્પણ કરીશ પણ આર્યધર્મકર્માનુયાયીને તો હુ કાળાતરે તને આપનાર નથી કારણ કે, એથી તો હુ જેનો વિનાશ કરવા માગુ છુ તેના મૂળતત્વોને પુષ્ટિ મળે છે અને હવે હું હિંદુધર્મનો પ્રબળ દ્રોહી બન્યો છુ મારે ગમે તે પ્રકારે તેનો નાશ કરવો છે

" હિંદુ તણા કુળમા કદી તુજ દેહ હું આપુ નહિ,
મુજ શત્રુના ગૃહમા તને ગૃહિણી કરી સ્થાપુ નહિ.
આ પ્રાણ જાશે હથી પણ ટેક એ તૂટશે નહિ,
મુજ વજ્રના હૈયા થકી ઇર્ષા કદી ખૂટશે નહિ.

મે શત્રુને સંહારવા વ્રત જ્યારથી છે આદર્યું
કાયા થકી હિંદુત્વને મે ત્યારથી આધે ધર્યું ”

"પિતાજી ! ક્રોધ અને દ્વેશથી આપ મહારાજા કૃષ્ણદેવ ઉપરનુ વૈર હિંદુધર્મ ઉપર કાઢવા તત્પર થયા છો પરંતુ તે ધારણા આપની સર્વથા મિથ્યાજ છે યવનોના ટોળેટોળાજ ભારતની ધર્મ દિવાલોને તોડવા તૂટી પડયા હતા પણ હજી એ તેનુ મરણ થઇ શક્યુ નથી થોડા આત્મદ્રેશી ભિરૂ મનુષ્યોએ આર્યધર્મનો પરિત્યાગ કર્યો તે સિવાય હિંદુધર્મ તો જેવોને તેવોજ ઉભો છે વળી આપ વિચાર કરોકે જે ધર્મમા આપનો અને આપના માતાપિતાનો જન્મ થયો તેજ ધર્મનો નાશ કરવા આપ ઉદ્યુક્ત થાઓ છો એ પણ શુ જરાએ યોગ્ય છે ?"

" માલતી ! હવે યોગ્યાયોગ્યનો વખતજ નથી, મારો તો તને એકજ પ્રશ્ન છે તારે આનંદથી બાદશાહના રણવાસનો ભાગ લેવો છે કે બળાત્કારથી વિજાપુર પ્રસ્થાન કરવુ છે વિજાપુરનો આદિલશાહ તારા સ્વામી તરીકે તો નિર્માણુજ છે ”

પિતાજી ! આપ એટલા બધા ઘાતકી ન થાઓ ! હુ વિજાપુરનુ નામ સાંભળીનેજ કંપી ઉઠું છૂ અને મારા ગાત્ર નિષ્પ્રાણ જેવા થઇ જાય છે માટે આપ જરા દયા કરો, આ માતાહિન પુત્રી પર ક્રોધ ન વરસાવો અને મને યવન બાદશાહ સાથે સંલગ્ન ન કરો. ” માલતીએ દયામણે નેત્રે તેની સામે જોઇને કહ્યુ.

' પિતા ! કૈં તો દયા આણી મને ના કષ્ટમા નાખો,
'વિજાપુર' શબ્દ એ પાછો મુખેથી ના તમે ભાખો.

ભલે આ પ્રાણને પાડો અગર ઘો ઝેરનો પ્યાલો,
કરો હત્યા ભલે મારી ઉઠાવો વજ્રનો ભાલો,
એ કષ્ટ સહુ સ્હેવુ પડે તેમા મને બહુ હર્ષ છે,
નવ મ્લેચ્છની પત્નિ બનુ બસ એજ મુજ આદર્શ છે ”

“એવી અયોગ્ય દયાની ઇચ્છા રાખવી એજ અયોગ્ય છે તુ કદાચિત મારી પાસે એવી દયની માગણી કરતી હશે પણ હુ તને અત્યારથીજ કહી દઉં છુ કે તને એવી દયાનો ઉપભોગ કદી પણ મળશેજ નહિ અને એવી વિનતીથી હુ તારા પ્રત્યેના વર્તનમા જરા પણ પરિવર્તન કરનાર નથી. મારી ઇચ્છા પૂર્ણ કરવા હું તને બળાત્કારે પણ વિજાપુર મોકલીશ એજ નિર્વિવાદ છે.”

“ આની દયા માગ્યા થકી મિથ્યા દયા મળતી નથી,
મમ ટેક આ સસારમા ક્ષણ એક પણ ચળતી નથી,
તુજ અશ્રુથી મમ ક્રોધને શાતિ જરા વળતી નથી,
અમૃત તણી ઇચ્છા કદી વિષબીજમથી ફળતી નથી.
શાને કરી હઠ તુ વૃથા કષ્ટે દુખી બહુ થાય છે,
લક્ષ્મી તિલક કરવા ચહે કા મૂખ થૈ સતાયછે ?”

“ તો એવી રીતે દુખ આપવુ તેના કરતા મને તરવાર લઇનેજ કેમ કાપી નાખતા નથી મને મારી નાખો કે પછી આપની એ ચિતા જતી રહે અને આપ યવનધર્મના પ્રચાર માટે યથેચ્છ પ્રયત્ન કરી શકો જો મારી ચિતાથીજ આપની ઇચ્છા અપૂર્ણ રહેતી હોયતો મને ઝહર આપો–જીવતી બાળી મૂકો કે કાપી નાખો તેથી મને જરાપણ ચિતા કે કષ્ટ નથી.”

"માલતી! પુત્રીવધનુ પાતક લેવાની મારી ઇચ્છાજ નથી હુ તો ગમે તે પ્રકારે તને સુખીજ જોવા ઇચ્છુ છુ પણ તે બાદશાહ આદિલશાહ સાથે અન્ય રીતે નહિજ "

"પિતાજી! આપ માત્ર મહારાજા કૃષ્ણદેવ પ્રત્યેના વૈરથીજ આટલુ બધુ કરવા પ્રવૃત્ત થયા છો તો હુ મહારાજાનુ ખુન કરી તેનુ શીર આપને લાવીને આપુ તો પછી તમે મારી ઇચ્છા પ્રમાણે મને સલગ્ન થવા દેશો કે નહિ ?" માલતીએ કોઇ અજબ હિમત વાપરી પ્રશ્ન કર્યો

"હા, પણ જો ત્રણ દિવસમા કૃષ્ણદેવનુ ખુન ન કરે તો ચોથે દિવસે તારે વિજાપુર જવુજ પડશે માત્ર એજ શરતે હુ તારી માગણી સ્વિકારૂ છુ" દેવદ ને ઉત્તર આપ્યો તેને માલતીની આ યુ-ક્તિ કઇક અશે યોગ્ય ભાસમાન થઇ કૃષ્ણદેવ મહારાજાનો વધ કરવાના કાર્યથી પણ આદિલશાહ આનદમગ્ન થઇ દેવદત્તનો સત્કાર કરે એ યોગ્ય હતુ અને બીજી રીતે કૃષ્ણદેવનુ મૃત્યુ થાય એ પણ દેવદત્તનો દ્વેશાગ્નિ તૃપ્ત કરનારૂજ હતુ અથવા માલતી આ કાર્યમા નિષ્ફળ નિવડે તો તેણે વિજાપુરના બાદશાહ જોડે સલગ્ન થવાની ખાતરી આપી હતી. આથી દેવદત્તને આજ માગ અધિક શ્રેયસ્કર લાગ્યો અને તેણે માલતીને તેના કાર્યમા પ્રવૃત્ત થવાની આજ્ઞા કરી. આ સઘળો પ્રકાર વિભાવરીના અવશેષ ભાગમા પૂર્ણ થયો બીજા દિવસના પ્રભાતનો ભાનુ ઉગ્યો અને આથમ્યો પુન રજનીના ભયજનક અવસરનો પ્રારભ થયો. માલતીએ પોતાનો પોષાક ઉતારી મૂકયો અને ત્રિભુવનસિહનો પોષાક પરિધાન કરી એક ચકચકીત જમૈયો કેડે ખોસ્યો. માલતી એવા ભિતિમય અવસરની પરવા કર્યા વિના

ચિત્ર ૩ જું

વિનાશીની વામા



'આર્ટિસ્ટ ઠાકોર'

" દિપકના પ્રકાશમાં મહારાજાનો દેહ નિશાન ધારી તેણે તેજ સ્થાને પોતાની તલવાર મારી "

પ્રકરણ ૧૭ મું] [પૃષ્ઠ ૧૪૧

પોતાના મહાલયથી બ્હાર ઉતરી અને વિજયનગરના મહારાજા કૃષ્ણ- દેવના મહાલય પ્રતિ પ્રસ્થાન કરી ગઇ તેગઇ કે ત્વરીતજ દેવદ-ને મહાલયમાથી ચોરી આણેલી પેલી અબળાને પાલખીમા બેસાડી વિજા- પુર મોકલી આપી અને બ દશાહપર પોતાની સ્વજાતિ ક્રોહની બહાદુરીનો પત્ર મોકલી આપી પોતાનો યોગ્ય પુરસ્કા. કરવાની પણ પરોક્ષ વિનતી કરી. આમ એક અબળા—માલતી વિજયનગરના મહારાજાના મહાલય પ્રતિ ગઇ, ત્યારે બીજી સુદરી વિજાપુરના બાદશાહના મહાલય તરફ પ્રયાણ કરી ગઇ માલતીએ ધીમે ધીમે રાજગઢમા પ્રવેશ કર્યો પેલી સુદરીને દાબડીમાથી અજન આજી શુદ્ધિમા આણનાર મનુષ્યનુ અભિધાન વિનાયક દિક્ષિત હતુ તે ચાદ્રસેનીય કાયસ્થજાતિનો મહા- વિદ્યાવિલાષી પુરૂષ હતો અને ઉત્તમ વૈદ્ય હતો ગઇકાલે રાત્રિએ પેલી સુદરીના મહાલય ઉપર ચઢવા માટે તેણેજ દોરડુ બાધ્યુ હતુ અને આજે પણ તેણેજ દોરડુ બાંધી મહારાજા કૃષ્ણદેવના મહાલય ઉપર ચઢવાની માલતીને વ્યવસ્થા કરી આપી હતી માલતી ઉપર ચઢી ગઇ અને મહારાજાના પલગની બાજુમા સતાઇને ઉભી રહી તેના નયનો સન્મુખ મહારાજાની રમ્યમુતિ ભાળતાજ તે ગવગળીત બની ગઇ તેની આવા નરકેસરીનો પ્રાણ હરણ કરવાની લલેવશ પણ હિમત ચાલી નહિ તેના મરણ પછી વિદ્યાપુરની કેવી વિટબણા થશે તેના વિચાર તેના મસ્તિષ્કમાં ઉભરાયા, આત્મભયથી પણ સતપ્ત બની, છતા અતે હિમત કરી તેણે મહારાજાના શયનગૃહમા બળતો દીપક શાત કરી નાખ્યો અને અધકારમા છેક મહારાજાની પાસે ગઇ દિપ- કના પ્રકાશમા મહારાજાનો કઠ બ રાબર ધારી તેણે તેજ સ્થાને પોતાનો જમૈયો માર્યો પણ દૈવયોગે મહારાજા તેટલામા ફરી ગયા હોવાથી

શસ્ત્રપ્રહારથી તેમનો હાથ ચિરાઇ ગયો મહારાજાએ બેઠા થઇ અંધકારમા તેજ ક્ષણે તેનો કંઠ એવા પ્રબળ જોરથી પકડ્યો કે માલતી બેશુદ્ધ જેવી બની ગઇ મહારાજાએ ચપરાસીને બોલાવી દિપક પ્રદિપ્ત કરાવ્યો અને તે સાથેજ તેને જમીનપર પટકી. જમીનપર પછડાવાથી તેણે પહેરેલો જામો વૃક્ષસ્થળ પરથી ખસી ગયો એટલે પોતાનો પ્રાણ લેવા આવનાર તે વ્યક્તિ તે એક અબળા છે એ જોઇ મહારાજાને અદ્‌ભુત આશ્ચર્ય થયુ અને તેમણે તેવાજ આશ્ચર્ય સાથે તેને પ્રશ્ન કર્યો, " દુષ્ટા ! આ યમરાજ જેવા કૃષ્ણદેવનો પ્રાણઘાત કરવા આવનાર તુ કોણ છે ? અને સ્વહસ્તેજ આમ મૃત્યુના મુખમા શાથી આવી પડે છે ?"

માલતી મહારાજાના વચન સાભળી શોકમગ્ન થઇ ગઇ. તેના ગાત્ર શિથિલ બની ગયા તેણે ભયકપીત સ્વરે ઉત્તર આપ્યો, 'હુ મહાપાપીણી છુ રાજાજી ! લ્યો આ કટાર લ્યો, મને કાપી નાખો અને આ સસારમાથી મૂક્ત કરો " મલતીની આખમાથી ચોધાર અશ્રુઓ વહેવા માડયા. તે એકી ટસે મહારાજાના વિશાળ મુખમડળ પ્રત્યે અવલોકી રહી ઉન્માદવશ અવસ્થામા મનુષ્ય પ્રાણીની જેવી સ્થિતિ થાય છે તેવીજ હાલત પ્રસ્તુત કાળમા માલતીની હતી

"ઓ નાહાન બાળા ! ભયથી ધ્રુજવાનુ કાઇ પ્રયોજન નથી આ કાર્યં કરવાની તને પ્રેરણા શી રીતે થઇ તેજ માત્ર મને કહે જો તું નિર્દોષ હશે તો હુ તને જરાપણ શિક્ષા કર્યા વિના નિર્ભય રીતે જવા દઇશ અને જો કદાચિત તારો દોષ હશે તોપણ હુ તને ક્ષમા આપીશ " કૃષ્ણદેવે તેને ધીરજ આપી અને એક ચપરાસીને ઉદ્દેશીને કહ્યુ "જા !

જલદીજા અને વિનાયક દિક્ષિતને કહે કે તમારા ઔષધ સાથે તમને મહારાજા બોલાવે છે" ત્વરીતજ મહારાજાની આજ્ઞા માન્ય કરી એક સેવક ત્યાંથી ચાલ્યો ગયો.

"મહારાજા!" માલતીએ ઉત્તર આપ્યો "આ પાપી કાર્ય કરવાની મને કેમ પ્રેરણા થઇ અને હુ તેમા શી રીતે ઉધુક્ત થઇ તે કથા હું આપને અવશ્ય જણુવીશ પણ પ્રથમ આપ મને એટલી ખાતરી આપો કે આપ સાચા ગુન્હેગારને પણ કશી શિક્ષા કરશો નહિ જો આપ આવી કબુલાત આપશો. તોજ હુ તમને સાચી વાત જણાવીશ, નહિ તો મારો પ્રાણ લેશો તોપણ હુ સત્ય કથા આપને નિવેદન કરીશ નહિ"

"બાળીકા! તારી સર્વ પ્રાર્થના મને માન્ય છે જા, મને જે સાચે સાચુ હોય તે કહી દે" કૃષ્ણદેવે ઉત્તર આપ્યો

'મહારાજ! હુ આપના ભુતપૂર્વ કોશાધ્યક્ષ દેવદત્તની પુત્રી માલતી છુ. પિતાજી માર આદિનશાહ બાદશાહ જોડે લગ્ન કરનાર છે અને તે અધર્મ કર્મ મને સર્વથા અમાન્ય છે આવા વિષમ કષ્ટમાથી છુટવા મને એકજ માગ તેમણે બતાવ્યો છે અને તે માર્ગ તે આપનુ મૃત્યુ જો આપનુ ખૂન કરી હુ તમારૂ શીર તેમની પાસે લઇ જાઉં તો તે મને ઉપરોકત ચિતામાથી મૂકત કરનાર છે મહાલય સાથે દોરડા બાધીને ઉપર ચઢવાની તથા અત્રે આવવાની સઘળી વ્યવસ્થા મને વિનાયક દિક્ષિત કે જે આપનો પ્રિય વૈદ્ય છે તેણેજ કરી આપી છે, અને મારા પિતાના અનુરોધથી ગઇ કાલે રાત્રીએ મહાલયમાથી એક બીજુ હરણ પણ થયુ છે, તોપણ તે વાત આપનાથી સર્વથા

અજ્ઞાત હશે કારણ કે એ સુદરીની દાસીઓને મારા પિતાએ મહા મૂલ્ય સુવર્ણાલકાર આપી ત્રણ દિવસ પર્યન્ત એ ઘટના કેવળ ગુપ્ત રાખવાની આજ્ઞા કરી છે એ અબળાનુ હરણ કરવામાં પણ વિનાયક દિક્ષિતે ઘણીજ સ્હાયતા આપી છે."

કૃષ્ણરાજા માલતીના મુખમાથી નિકળતા એકેએક આશ્ચર્યજનક શબ્દથી ભયભિત થઇ ગયો અને આ પ્રપચપાશ કેવી રીતે રચાયો તેનો મનમા વિચાર કરવા લાગ્યો એટલામા વિનાયકપત પોતાના હસ્તમા ઔષધનો ભરેલો દાબડો લઇ આવ્યો તેને જોતાંજ કૃષ્ણદેવે તેને પ્રશ્ન કર્યો, "કેમ વિનાયકપત ! આ મહાલયની પછવાડે તમે દોરડા શા માટે બાધી રાખ્યા છે ?"

"મહારાજ ! આપની આજ્ઞા થાય અને તેનો લોપ કરૂ તો પછી મારે ત્રિલોકમા રહેવાનું ક્યા સ્થાન મળે ! આપે મને ફરમાવ્યુ છે કે ગઇ કાલે અને આજે બે દિવસ મહાલયમા મધ્યાન્હ કાળે બે ગુપ્ત અનુચરોને આવવા દેવા અને તેમનુ કાર્ય સર્વથા ગુપ્ત રાખવુ. જો મહારાજાની સ્વત એવી આજ્ઞા છે તો પછી તેનુ પરિપાલન કરવામા શુ ગુન્હો છે ?" વિનાયક દિક્ષિતે પોતે જે સત્યઘટના હતી તે મહારાજને કહી સભળાવી.

"વૈદ્યરાજ ! એવી આજ્ઞા મે તમને ક્યારે ? કેવી રીતે ? અથવા ક્યા પત્રદ્વારા કરી છે ? આ તુ શુ બોલે છે તેનુ તને સાનભાન છે?" કૃષ્ણદેવે ક્રોધથી પ્રશ્ન કર્યો

"આ રહ્યો આપનો કાગળ ! સાચી વાતની મને શી ચોરી છે ? આ તમારો પત્ર અને તેની નીચે જુઓ તમારી મહોર છાપ."

વિનાયકે મહારાજને ઉત્તર આપ્યો અને તેણે પોતાના ખીસામાંથી એક પત્ર કાઢી મહારાજાના ચર્ણ પાસે મૂક્યો મહારાજાએ પત્ર લીધો અને વાચી જોયો તો તેમા વિનાયક દિક્ષિતે કહેલી મિનાજ અક્ષરક્ષ દ્રષ્ટિએ પડી અને નીચે મહારાજાએ પોતાની મહોર પણ જોઇ. પરતુ તેમના આશ્ચર્યનો ભગ કરતા તેટલામા માલતીએ કહ્યુ, 'મહારાજ ! આ પત્ર થોડા દિવસો ઉપર મારા પિતાશ્રીએ મારી પાસે લખાવ્યો હતો અને તેની નીચે આપની મુદ્રિકાથી તેનાપર આપની સહીની નિશાની કરવામા આવી હતી, પિતાજી પાસે આપના કઇક સુવર્ણ અલકારો છે તેમા આ મુદ્રિકા પણ છે તે મે જોઇ છે."

"વિનાયકપત ! માલતીના કહેવા પરથી હુ આ સઘળો પ્રપચ જાણી ગયો છુ એમાં તારો કે માલતીનો લવલેશ દોષ નથી. દેવ દત્તને મે અધિકારમૂક્ત કર્યો તે સમયે તેની પાસે મારી મુદ્રિકા હતી. તેની સ્હાયતાથી આ પત્ર તૈયાર કરી તને છેતરવામા આવ્યો છે પણ વારૂ હવે જે સુદરીનુ આપણા મહાલયમાથી હરણ થયુ છે તે કોણ છે તત્સબધે કાઇ જાણે છે ?" મહારાજાએ શાત મુદ્રાએ વિનાયક-પતને નવો પ્રશ્ન કર્યો

"કેમ નહિ જાણું મહારાજ ! એ તો મારી મધુરી છે" વિના-યકપતે ઉત્તર આપ્યો કૃષ્ણદેવના નેત્રો એ નામ સાભળતાજ કેપથી લાલચોળ બની ગયા તેણે અર્જુનદેવને બોલાવી સર્વ કથા નિવેદન કરી અને દેવદત્તને બદીવાન બનાવી આણવાની અને મધુરીની સત્વર શોધ કરવાની આજ્ઞા આપી દીધી. માલતી તરફ દ્રષ્ટિ ફેરવીને તેમણે જણાવ્યુ, 'માલતી ! તારા હૃદયની નિર્મળતા હુ જોઇ શક્યો છુ. હુ

મારૂ ખૂન કરવા પણુ તારો ધર્મ રક્ષવાનેજ પ્રવૃત્ત થઇ અને આ સઘળો ભેદ પણુ તારાથીજ ભાગી ગયો બ્હેન! તારી એ કૃપાના બદલામા હુ તારા અનુરોધ પ્રમાણે અવશ્ય તારા પિતાને કોઇપણુ પ્રકારે કષ્ટ આપીશ નહિ"

"મહારાજા! આપની આટલી કૃપાથી હુ અત્યત રૂણી છુ પણુ હવે મારા પર જરા વધારે કૃપા દર્શાવી મને આપ તમારા વિશાળ મહાલયમા નોકરડીનુ કાર્ય સોપી આભારી કરશોજ કે તેથી મારે પુન મારા પિતાને ત્યાં જઇ ધર્મભગ થવાનો અવસર પ્રાપ્ત થાય નહિ" માલતીએ ગદગદીત કઠે મહારાજાનો અનુરોધ માગ્યો

"બેટા! જા આજથી તુ મારી ધમપુત્રી થઇ છે અને હુ તારો પિતા થયો છુ. તુ આનદથી હવે મહાલયમા રહેજે અને જેમ ઇચ્છામા આવે તેમ વર્તન કરજે" મહારાજાએ તેના ઉપર અનુપમ પ્રિતિ પાથરીને ઉત્તર આપ્યો. મહારાજાની આજ્ઞાથી એક ચપરાશીએ તેને એક સુદર ઓરડો ઉઘાડી આપ્યો અને માલતીએ તેમા વિશ્રામ લીધો. આમ પ્રભુઇચ્છાથી માલતી પરમસુખનો આસ્વાદ ભોગવવા લાગી ત્યારે કૃષ્ણુદેવના મહાલયમાથી હરણુ થએલી સુદરી મધુરીનુ વિજાપુર પ્રતિ પ્રયાણુ ચાલુ હતુ મધુરી અને તેના રક્ષકો હિદુવસ્ત્રાભુષણુમા હતા જેમ જેમ તેમની સફર અધિક થતી ગઇ તેમ તેમ તેમણે વિજાપુરના એક અરણ્યના મધ્ય ભાગમા પ્રવેશ કર્યો એ ભૂમિ અક રામખાન નામના વિજાપુરના સરદારના હાથમા હતી તેણે તેમને લુટી લઇ મધુરીને બદિવાસ આપ્યો અને તેને પોતાની બેગમની દાસી તરીકે અત પુરમા મોકલી આપી અલ્પ અવસરમાજ મધુરી અને

બેગમ વચ્ચે અપ્રતિમ પ્રેમ બધાયો અને મધુરીએ તે બેગમની ઇચ્છા ઉપરથી તેને ન્હસાડી મૂકી અકરામખાનને આ કૃત્યથી અકથનીય ક્રોધ ઉપજ્યો અને તેથી મધુરીને પેતાના ગુપ્તગૃહમા લઇ જઇ ધર્મ-ભ્રષ્ટ કરવાનો તેણે વ્યવસાય આરભ્યો. પણ તેટલામા રામરાજાની સમ-શેરથી અકરામખાનની આસુરી દેહ જગતનિયતાના અનત અજર અમર આવાસમા પ્રસ્થાન કરી ગઇ એ કથા આપણે પાચમા પ્રકરણમા યથા-વિધિ અવલોકી આવ્યા છીએ વિનાયક દિક્ષિત રાજકુટુબના વૈદ્ય અને વૃદ્ધ તથા ઘણા જુના ગૃહસ્થ હોવાથી તેમનો સમસ્ત કુટુબ પર અપાર સ્નેહ હતો અને તેથીજ તે કૃષ્ણદેવ મહારાજાની કન્યાને ‘મધુરી’ના ઉપનામથી સબોધતો એ ‘મધુરી’ તેજ રામરાજાની પત્નિ ‘વિશ્વમોહિની’ હતી રામરાજાના પુરુષાર્થથી વિશ્વમોહિની પુન મહાલયમા આવવાને સદભાગ્યવતી બની હતી તે એક પ્રહરથી એક ઘડી પણ યવન પ્રતિબધમા અધિકવાર ઇશ્વરના અનુરોધથી રહી શકી નહિ તેને બીજેજ દિવસે મહારાજની દુહિતા વિશ્વમોહિની અને તેમની ધર્મકન્યા માલતી બન્ને કુમારીકાઓ રામરાજા સાથે સલગ્ન થઇ અને મહારાજાએ પોતાનો પુત્રીલગ્નમહોત્સવનો અભિલાષ જગદાધારની પરમ કૃપાથી પાર પાડ્યો તત્પશ્ચાત વિદ્યાપુરની અને કૃષ્ણદેવની શી દશા થઇ તેથી આગલા પ્રકરણોને આધારે પાઠક પાઠીકાગણ અજ્ઞાત નથીજ.

પ્રકરણ ૧૩ મું.

માતા અને પુત્ર.

વાચક મહોદય ! વિદ્યાપુરનો રાજ્ય વહીવટ અદ્યાપી પર્યન્ત કેવી રીતે ચાલ્યો રામરાજા કેવા વિષમ પ્રકારે તખ્તાધિકારી બન્યા, દેશદ્રોહી દેવદ ને મહારાજા કૃષ્ણદેવની કુમારીકા પર્યન્ત કેવી શઠતા કરી, રામરાજાએ ભરદરબારમા એક નિધર્મી અબળાનો તિરસ્કાર કરી મ્લેચ્છ પ્રતિનિધિઓનો કેવો તેજોભંગ કર્યો, એ સમસ્ત ઘટના ગત પ્રકરણોમા દ્રષ્ટિગોચર થઇ છે હવે પુન આપણે તે પાત્રોનો જીવન વ્યવસાય ત્યાજ અટકાવી પ્રભાવતીના નવીન જીવન સાથે પરીચય પાડીએ

અફ્ઝલખાનના અનુરોધથી અને આદિલશાહની કૃપાથી પ્રભાવતી વિજાપુરથી આવી રહી હતી અને જે સ્થાનને તેણે અંતિમ વંદન કર્યા હતા જે મહાલયપર પુન દ્રષ્ટિ સરખી પણ ન નાખવાની પ્રતિજ્ઞા કરી હતી અને જે વનવિહારમા અન્ન જળ પણ ન ગ્રહણ કરવાનો ઠરાવ કર્યો હતો ત્યાજ તે એ પ્રતિજ્ઞા ઉપર પાણી ફેરવી વસી રહી હતી રામરાજાએ અફ્ઝલખાનને તો બંધનમૂકિતજ આપી હતી એટલે તે અને તેની રક્ષિતાઓ વનવિહારના કૃષ્ણમહાલયમાજ રહેતા હતા. પ્રભાતનો અવસર હતો, અફ્ઝલખાન પોતાના ઓરડામાં પલંગ પર પડ્યો પડ્યો વિજાપુરનો દ્રોહ કરવો કે નહિ તેનાજ વિચારનો જાપ જપી રહ્યો હતો વળી વિદ્યાપુરની સેવાનો સ્વિકાર કરવો તો પ્રકટ રીતે ત્યા જવુ કે ગુપ્ત રીતેજ રામરાજાનો પક્ષ કરવો એ વિચારમા તે તદ્રુપ બની ગયો હતો. પ્રભાતકાળના પક્ષીઓ,મધુર કર્ણ-

પ્રિયદની વડે કિરતારનુ ગાન ગાઇ રહ્યા હતા ભદ્રાનદિના નીરપરથી આવતી અનિલ લહરીઓ આનદ આપતી હતી અને વનવિહારમા ત્યા વિકસેલા કુસુમોની સુવાસ પ્રસરી રહી હતી અફ્ઝલખાનને પ્રસ્તુત સમયે તેના કુટુબ વિષયક વિચારો પણ આવ્યા કરતા હતા કે "શુ હુ હિદુનો પુત્ર હોઇશ કે મુસલમાનનો ? રજુદિન મારીમાતાને પ્રભાવતી અને તેની અનુચારીણીને ગગા'ના નામાભિધાનથી કેમ સબોધતા હશે ? મારા સગા સ્નેહીઓ કોણ હશે ? અને મારૂ જાતિ તથા કુળપણ કયા હશે ! મારા પૂર્વજો કયાના નિવાસી હતા તે જાણવા મે અનેક યત્ન કર્યા પણ તેનો એ મારી માતા અથવા રજુદિન કઇ ઉત્તર આપતા નથી ! 'પ્રભ વતી અને ગગા' એ પણ આર્ય નામો છે ! ત્યારે હુ મારી માતા હિદુની પુત્રી હશે ? અને પિતા મુસલમાન હશે ? મારી માતાના પોષાક અને રહેણી કરણી તો સર્વ મુસલમાનોને અનુકુળ આવે એમ છે તો શુ માત મુસલમાન કુમારીકા અને પિતા હિદુવશનો હશે ? જો હુ હિદુ પિતાનો પુત્ર હોઉ તો તો એવા પાશવીક બળધારીનો વિનાશ કરવો એજ મારો ધર્મ થઇ પડે છે. ત્યારે મારે શુ કરવુ ? આર્ય ધર્મના રક્ષા કરવી કે મુસલમાન ધર્મના રક્ષણ માટે આત્માર્પણ કરવુ ? જો મારી ધારણા સત્ય હોય અને હિદુ ધર્માવલબી માતાને મુસલમાનોએ અત્યાચારથી ભ્રષ્ટ કરી હોય તો હુ એજ બાદશાહને સહાયતા આપુ અને માતાના લોહી તથા અશ્રુઓથી ભરેલો અધિકાર પ્રાપ્ત કરૂ ! પ્રભુ ! પ્રભુ ! આવી ગુઢ દશામા મારે કેવી રીતે જીવન ગાળવુ ? માટે હવે તો એજ નિશ્ચય છે કે જો હું હિદુના સતાન હોઇશ તો અવસ્ય મહારાષ્ટ્રમાથી મુસલમાનોનુ સત્યાનાશ વાળીશ. દક્ષિણમા એમનુ નામ શેષ પણ રહેવા દઇશ નહિ અને આર્ય.

ધર્મનો વાવટો ફરફરતો કરીશ પણ કદાચ હુ મુસલમાન હોઉં તો ? તો શુ ? હિંદુધર્મનો વિનાશ એનેજ મારૂ કેન્દ્ર બનાવીશ અને મારો આત્મા આ દેહમા હશે એટલામાજ હિદુઓનો સર્વનાશ કરી નાખીશ, વિદ્યાપુરના ગાત્ર પણ બાળીને ભસ્મીભૂત કરી દઇશ અને એકવાર મુસલમાનોની અર્ધચદ્રાકિત પતાકાને સમસ્ત ભારત વર્ષ શિર ઝુકાવતુ આવે એમ કરીશ. મારી માતાના અને તેની દાસીના અભિધાન પરથી તો એમજ જણાય છે કે તેઓ હિદુધર્માવલબી હોવા જોઇએ, ઘણી વાર એમ બન્યુ છે કે હિદુ અબળાઓને મુસલમાનો ઉઠાવી જાય છે તો એ શુ અધર્મ ન કહેવાય ? ત્યારે એવા અધર્મ પ્રિય લોકોને સ્હાયતા આપવી એ પણ સર્વથા અયોગ્ય છે મારી માતાપણ મારા પિતનુ નામ જણાવતી નથી અને જ્યારે તેને હુ એ વિષયક પ્રશ્ન પૂછુ છુ ત્યારે શરમાઇ જાય છે અને તેની આનદીત ગભીર મુખમુદ્રા પલટાઇ જઇ ક્રોધ અને તિરસ્કાર ઉભરાઇ જાય છે ! શુ એમ તો ન હોય કે માતા શુધ્ધ હિદુ હોય પણ તેને કોઇ મુસલમાને ભ્રષ્ટ કરી હોય અને તેથી મારી પ્રાપ્તી થઇ હોય ! ત્યારે હુ નહિ હિદુ કે નહિ મુસલમાન પણ વ્યભિચારથી ઉત્પન્ન થએલો કર્મહિન સતાન ! હરિ ! હરિ ! આવા વિચિત્ર સ્થાને વિપરીત સયોગોમા મને જન્માવવાનુ તારે શુ પ્રયોજન હશે ? હવે હુ ભવિષ્યમા શુ કરૂ ? મુસલમાન સુદરીઓના ધર્મનુ રક્ષણ કર્યા છતા જયારે બાદશાહ મારા પર ક્રોધ દર્શાવે છે ત્યારે તેની સેવા કરેવી તો સગળી વ્યર્થજ છે, તો પછી એવા અધમિ પુરૂષની સેવાનો પરિત્યાગ કરી રામરાજા જેવા શુરવીરનો આશ્રય સ્વિકારૂ એમા શુ અનિષ્ટ છે ? અને રામરાજાની મારાપર પરિપૂર્ણ પ્રિતિ છે, તેમના દરબારમા નરેશોને શોભે એવી

નિતિ છે તો પછી ત્યા જવુ એમા શા ભિતિ છે ? વળી ભવિષ્યમા તેના દરબારમા કલહ દ્વેશ વિગેરે ઉત્પન્ન કરી તેનુ પ્રબળ છિન્ન ભિન્ન કરી નાખીશ તો સમસ્ત વિદ્યાપુરના સ્વામી પણ મારાથી થઇ શકાશે પુરૂષાર્થ અને પ્રપચથી માનવીઓ શુ નથી કરતા ! ત્રિલોકનુ રાજ્ય પણ અવિશ્રાત ઉદ્યોગથી પ્રાપ્ત થાય તો ક્ષુદ્ર વિદ્યાપુરની શી વિસાત ! એ આખુ સામ્રાજ્ય મેળવતાં કદાચ છળ પ્રપચ કરવો પડે અને વિજાપુરનો ત્યાગ કરી વિદ્યાપુરની સેવા સ્વિકારવી પડે તોપણ શુ થયુ ? ત્યારે હવે વિલબ શા માટે ! રામરાજાના પક્ષમા રહીને અહીં-જ કાર્ય કરીશ તો દરબારમા વિક્ષેપ પડાવવાનુ અને રાજ્યગાદી મેળવવાનુ શી રીતે સાધ્ય થશે ! માટે એની સિદ્ધિ અર્થે તો મારે ત્યાજ જવુ જોઇએ, પણ જો કદાચિત હુ હિદુ જાતિનો હોઉ તો !! તો પછી, હિદુ મહારાજ્યની આકાક્ષા રાખવીએ વ્યર્થ છે, ત્યારે પુન એકવાર માતાને પૂછી જોઉ અને તેની સલાહ લઉ તો શુ અયોગ્ય છે ?" એટલામા તેની વિચારમળા તૂટી "ખાનસાહેબ ! ખાનસાહેબ !" એક અનુચરે નીચેથી બુમમારી

"કોણ છે ? ઉપર આવ." અફઝલખાને સત્તાદર્શક અવાજે મોટેથી ઉત્તર આપ્યો કે તરતજ એક અનુચર તેના ઓરડામા દાખલ થયો અને કુનિશ બજાવી અદબ કરી ઉભો.

"શું છે ? છેક અત્યારે શા માટે આવ્યો ? હજી તો હું પથારી-માંથી ઉઠ્યોએ નથી." અફઝલખાને ઉત્તર આપ્યો અને તે આળસ મરડીને આખો ચોળતો પલગ પર બેઠો થઇ ગયો.

"ખાનસાહેબ ! માતાજી આપને બોલાવે છે અને અત્યારેજ આપ આવીને તેને મળી જાઓ એમ ખાસ કહેવડાવ્યું છે" અનુચરે પ્રત્યુત્તર આપ્યો.

"ઠીક, તેમને કહો કે હું હમણાજ આવું છું" અફ્ઝલખાને જવાબ દીધો કે ત્વરીતજ અનુચર સલામ ભરી ચાલતો થયો. અફ્ઝલખાન ઉઠયો અને મુખ ધોઇ 'નિમાઝ' પઢી લીધી ધર્મકર્મથી પરવારી માતાની આજ્ઞા મુજબ તે તેની પાસે ગયો

મહાલયના નીચેના નાનકડા ઓરડામા સફેદ વસ્ત્ર પહેરેલી પ ત્રીસ સાડત્રિસ વર્ષની વયની સ્ત્રી સર્વાંગ ભક્ષુતી લગાવેલી બેઠી હતી તેના મુખમંડળપર ગાંભિર્ય અને ચિંતાની છાયા પથરાએલી હતી. તેની દેહ જર્જર થઇ ગઇ હતી આખો નિસ્તેજ લાગતી હતી. અફ્ઝલખાન અંદર દાખલ થયો અને વંદન કરીને સામે બેઠો

'કેમ માતાજી ! આપને પ્રાત ાળમાજ મને બોલાવવાની આવશ્યકતા પડી અફ્ઝલખાને અત્યંત આશ્ચર્ય અને પ્રેમપૂર્વક પ્રશ્ન કર્યો.

"અફ્ઝલખાન ! મને એવું કોઇ ખાસ અગત્યનું કામ નથી, પણ તું જાણતો હશે કે જે સમયે તને રજુદ્દિને મારાથી વિખુટો પડયો ત્યારે તારી એક નાની ભગિનિ હતી અને મારી દુખી અવસ્થામાં હું મારા નયનોની કીકી જેવી તેને સાચવતી, કેટલોક કાળ ગયા પછી દુર્દૈવે એનુ કોઇ હરણ કરી ગયુ છે તેના દુખથી મારૂ હૃદય સર્વદા શોક અને ઉદ્વેગથી પ્રજ્વલિત રહે છે માટે તુ ગમે તે પ્રકારે એને શોધી કાઢ અને મારી લાડઘેલી પુત્રીના મને એક વાર પુનઃદર્શન

કરાવ." પ્રભાવતીએ શાંત અને ગભીર સ્વરથી અફઝલખાનને તેના પ્રશ્નનો પ્રતિ ઉત્તર આપ્યો.

"એ શુ બોલો છો માતાજી! સ્ત્રીઓનુ રક્ષણ કરવાને તો હુ મારા પ્રાણની પણ દરકાર નથી કરતો અને તેનીજ ભગિનિ દુશ્મનોના પજામાં પડીને દુખી થાય! હુ આપનો પુત્ર છુ આપે મારે માટે અનેક કષ્ટો સહ્યા હશે! અનેક દુખો વેઠયા હશે! શુ મારી યોગ્યતા એટલી પણ ન હોય કે હુ આવો આપનો નિર્મળ મનોભાવ પણ પૂર્ણ ન કરી શકુ? માતાજી! હું આપની સમક્ષ પ્રતિજ્ઞા કરુ છુ કે જ્યા સુધી હુ મારી ભગિનીનો પત્તો ન મેળવીશ ત્યા સુધી કદીપણ મારા લગ્ન કરીશ નહિ હાલમાજ એક ખાનદાન કુળની કન્યા મને મળતી હતી પણ હવે આપની સમક્ષ જે પણ કર્યુ છે તે પૂર્ણ કરીશ ત્યારેજ હુ બીજા કાર્યનો આરભ કરીશ." અફઝલખાને જવાબ આપ્યો.

"નહિ અફઝલખાન! એવી રીતે ભયકર પ્રતિજ્ઞા કરવાનુ કાઇ પ્રયોજન નથી તારી ઇચ્છા હોય અને તુ કોઇ સુચારિત્રવાન યુવતીથી વિવાહયુક્ત થાય તો તેથી તો મને આનદજ છે. પરતુ હવે તારા હસ્તમાં જે સત્તા છે તેના ઉપયોગથી તુ તારી ભગિનીનો શોધ કરે એટલાજ ઉદ્દેશથી મે તને.. .."

"નહિ માતા!" તેને બોલતી અટકાવી અફઝલખાને કહ્યુ "આવી દૃઢ પ્રતિજ્ઞા વિના આવા મહાન કાર્યની કદાપી સિદ્ધિ થતી નથી જે મનુષ્ય મારી ભગિનિને લઇ ગયો હશે તેણે તેને અવસ્ય એવી ગુપ્ત જગ્યાએ રાખી હશે કે મહાન પરિશ્રમ વિના તેની પ્રાપ્તી થશેજ નહિ એટલા માટે મેં જે કર્યું છે તે સર્વથા યોગ્યજ છે તેથી આપને

દિલગીર થવાનુ લેશ પણ પ્રયોજન નથી, આવી પ્રતિજ્ઞા કરવી અને પરિશ્રમ કરવો એતો મને અતિશય પ્રિય છે”

“તે ખરૂ છે, એવો ઉત્સાહી મનુષ્યજ સૃષ્ટિમા સત્તા, ધન અને કિર્તિ મેળવી શકે છે, ફળ આપવુ એ તો શ્રીહરિના હાથમા છે, પરતુ આપણે મનુષ્ય માત્રે ઉત્સાહથી કર્મ તો કરવુજ જોઇએ મને તારા બાહુબળપર સપૂર્ણ શ્રદ્ધા છે રજુદીન પણ મને એક દિવસ કહેતો હતો કે સૃષ્ટિમાં એવુ એકપણ કામ નથી કે જે અફઝલખાન ન કરી શકે મે આજ કારણસર તને બોલાવ્યો હતો હવે તારે જવુ હોય તો તને આજ્ઞા છે”

“માતાજી! મારે આપને એ સિવાય એક બીજી વાત પૂછવાની છે, જો આજ્ઞા આપો તો આપને તે વાત જણાવીશ” અફઝલખાને નવીન વાત શરૂ કરવાનો પ્રારભ કર્યો.

“બાઇ! તારે મારી આજ્ઞા માગવાનુ હોયજ નહિ, તારે જે કહેવુ હોય તે સુખેથી કહી દે, હુ મારી અલ્પ મતિ અનુસાર અવસ્ય તનો ઘટીત ઉત્તર આપીશજ.”

“મારે આપને એ પૂછવાનુ છે કે એકવાર રામરાજાના દરબારમા એક મુસલમાન બાળાનુ રામરાજાએ ઘણુજ અપમાન કર્યુ હતુ તે વખતે મે તે અબળાની રક્ષા કરી ઉગારી લીધી હતી અને તે કાર્ય માટે મને ઘણુજ અભિમાન હતુ કે અવસ્ય મારા આવા કાર્યથી વિજાપુરનો બાદશાહ મારા પ્રસ રાજીજ થશે પણ ઉલટો બાદશાહે મને સખ્ત ઠપકો મોકલ્યો છે અને મારા હાથમાંની સઘળી સત્તા લઇ લીધી છે, રામરાજા પાસે દશ હજાર અરબ સૈનીકો છે, તેના

સૈનાધિશ તરીકે તે મને પોતાના દરબારમાં બોલાવે છે રામરાજાએ સ્વત મને વિજાપુરની નોકરીનો ત્યાગ કરી વિદ્યાપુરીની સેવા કરવા માટે નિમત્રણ કર્યુંછે તો હવે મારે શુ કરવુ ? એ વિષયક મને કાઇ સત્ય માર્ગ દેખાતો નથી."

"બેટા ! રામરાજા ઘણોજ કપટી છે. તેના નયનનુ લક્ષ અને તીરનુ ઇષ્ટસ્થાન સર્વદા ભિન્ન હોય છે. જો તેનુ કહેવુ સાચુજ હોય તો ઝાઝો ભય નથી પરતુ તે ભરદરબારમા તેનુ કરેલું અપમાન તે ભૂલ્યો ન હોય. મને ભય છે કે તને આવા પ્રપચથી વશ કરી અવશ્ય તે તારો વધ કરશે"

"માતા ! એ તો સાચુજ છે કે રામરાજા ઘણોજ પ્રપચી, દગાખોર અને ઘાતકી છે પણ તેને મારા પર કાઇ અલૌકીક સ્નેહ હોય એમ લાગે છે કારણ કે તે કોઇપણ મનુષ્ય સાથે આજ પર્યન્ત કદાપી પણ નિ શસ્ત્ર ફર્યો નથી છતા પણ મારી સાથે સ કોચ વિના નિ શસ્ત્ર ફરે છે. કોઇને પણ પોતાના મહ લયમા દાખલ થવા દેતો નથી પણ મને જવા દે છે અને વારવાર મને કહે છે કે તુ મુસલમાન નથી પણ હિ દુજ છે, સાચુ કહુ તો કોણ જાણે મારા જીવનનો એ ભેદ ક્યારે ખૂલશે ? તે હુ સાચુ જાણુતો નથી ત્યા સુધી મારા ભવિષ્યનુ કાર્ય પણ નિયત કરી શકતો નથી." અફ્ઝલખાને પોતે ધારેલી કથા ઉપસ્થિત કરી.

'બેટા ! તને અદ્યાપી પર્યન્ત વિજાપુરના બાદશાહે પોષ્યો છે. તેના પ્રેમથીજ તુ આ સર્વશ્રેષ્ઠ સ્થાને આવી શક્યો છે. તેનો વિશ્વાસઘાત કરી તુ વિદ્યાપુરનો સેવક થાય એ તને યોગ્ય લાગે છે ? પછી તો તારી ઇચ્છા ઉપર સઘળો આધાર છે. રામરાજા કહે છે તુ

હિંદુ છે તે પણ સત્ય છે, હુ તને કહુ છુ કે તુ મુસલમાન છે તે પણ સર્વથા સત્યજ છે ”

“માતાજી ! આપ જરા નિષ્ઠુર થાઓ, તમારા હૃદયમા એ કહેવા પુરતુ ધૈર્ય ઉપજાવો અને મને કહી દો માતા ! કે મારા પિતાને હુ શોધી કાઢુ અને મારા જીવનનુ કેન્દ્ર વ્યવસ્થિત કરી મારા શત્રુઓને મારી સમશેરનો સ્વાદ બતાવી દઉં, એકજ માણસ હિંદુએ હોય અને મુસલમાન પણ હોય એનો અર્થ તો એ કે કાંતો આપ અસત્ય વદો છો અથવા આપ અધર્મિ છો અને હુ વ્યભિચારથી અવતરેલો પિતા વિનાનો પુત્ર છુ માતાજી ! શુ તમને પુન તમારા પતિને મળવાની પણ ઉત્કંઠા નથી થતી, લોકો કહે છે તમારૂ હૃદય અતિ કોમળ છે તો તમે તમારા કુટુંબ માટે પણ કેમ આમ ઉદાસ રહો છો તમારૂ હૃદય વજ્રવત કેમ થાય છે ? ”

“પુત્ર ! તેનો પ્રત્યુત્તર આપવો તેના કરતા આત્મઘાત કરીને મરવુ એજ સર્વથા શ્રેષ્ઠ છે. જો તુ મને એ સિવાય અન્ય કંઇ પણ પૂછવા ન માગતો હોય તો અહીંથી ચલ્યો જા તારો પિતા હજી જીવત છે તે ખાનદાન અને ઉચ્ચકુળનો છે તારી ઘણી હઠ છે ત્યારે હુ તને તારા કુટુંબની સાચી કથા કહુ છુ તે સાભળી લઇ આ વાતની પુર્ણાહુતી કરી દે અબ્દુઝલખાન ! મારા પિતાની માતા હિંદુ હતી, મારી માતા પણ હિંદુ હતી અને તારો પિતા પણ હિંદુ છે એટલે તારે તો હિંદુધર્મની રક્ષા કરવી જોઇએ.’

“માતા ! ત્યારે આવુ જીવન શા કામનું ! હિંદુરાજ્યમા જઇશ તો તે મને ધિક્કારશે મુસલમાનોને જ્યારે આ વાતની ખબર પડશે

ત્યારે ત્યા પણુ મારી એજ દશા થશે, પરતુ માતા ! તુ હિદુ માતાની પુત્રી હોવા છતા સદાસર્વદા મુસલમાનોનુજ હિત થાય એમ શા માટે વર્તો છે ?" અફ્ઝલખાને પોતાની નવી શકા વ્યકત કરી.

"અફ્ઝલખાન ! હિદુનુ હિત કે મુસલમાનોનુ કલ્યાણુ એવી ભિન્નતા હવે મારામા છેજ નહિ પ્રાણીમાત્રનુ શ્રેય થાય એજમારી હાર્દિક ભાવના છે. હુ તને રામરાજાનો સેવક ન થવા કહુ છુ તેનુ કારણુ માત્ર એટલુજ છે કે મુસલમાનો મુસલમાન ધર્મ પાળનાર સર્વને સમાન ગણે છે, પછી તે ગમે તે ધર્મ, કુળ કે જ્ઞાતિનો હોય, ત્યારે હિદુઓનુ ધર્મશાસન એવુ બળવત્તર છે કે અન્યધર્માવલબી કદિ પણુ હિદુ થઇ શકતોજ નથી, આવા વિચિત્ર બધનથી અતે એક દિવસ એવો આવશેજ કે જગતમા હિદુ પ્રજા નામ શેષ પણુ રહેશે નહિ. હિદુઓ મુસલમાનોને ધિ કારે છે, તુ ત્યા જશે તો તને એવોજ ધિકાર સહન કરવો પડશે, અને અહીં તુ માનસહિત રહી શકશે તારી પાસે જીવનભર ચાલી શકે એટલુ દ્રવ્ય થાય કે પછી આ સઘળી ઉપાધીઓનો ત્યાગ કરી આપણે સર્વ જગતના કલ્યાણુને માટે પરિભ્રમણુ કરીએ અને આપણુ અવશેષ આયુષ્ય એવાજ કર્મમા પૂર્ણ કરીએ એવી મારી ઇચ્છા છે, રાજ્યકાર્યભારમા અનેક પ્રપચ અને કુકર્મો આચરવા પડે છે મને તો તનો હવે અતિશય તિરસ્કાર આવે છે "

"એ આપની અભિલાષા મિથ્યાજ છે કારણુકે હાલનુ વાતા વરણુ રાજકીય વિષયોથી ભરપુર છે. યુદ્ધએ વર્તમાન હિદનુ જીવન છે, ત્યા આપણી તત્વજ્ઞાનની કથાઓ સાભળવાનો કોને અવકાશ

મળશે ? સાધુ સન્યાસી થઇને જગતને ઉપદેશ કરવા જઇશુ તો મુસલમાનો આપણો વિનાશ કરી નાખશે અને ફકીર બનીશુ તો હિંદુઓ આપણો ઉપદેશ ન શ્રવણ કરે અહીંની નોકરી છોડી જતા રહીએ અને બીજે સ્થળે નોકરી કરી આયુષ્ય પુરૂ કરીએ તો તે શક્ય છે પણ મારે તો હવે પ્રતિધર્મિઓનુ જડમૂળ ભારતવર્ષમાથી ઉખેડી નાખવુ છે તે મારો અભિલાષ શી રીતે પાર પડે ?" અફઝલખાને પૂછ્યુ.

" એ તારી મહાત્વાકાંક્ષા સદાને માટેજ છોડી દે મે ધર્મનો ઘણો અભ્યાસ કર્યો છે સત્ય દયા અને સદાચાર એ ત્રણ નિયમોથી જગતના પ્રત્યેક ધર્મ પથો વિભુષીત છે મુસલમાન ધર્મમા પણ એ તત્વ ઓતપ્રોત વ્યાપી રહેલુ છે એટલે કોઇનો પણ નાશ કરવાનુ પ્રયોજન છેજ નહિ. એ ઘટના સર્વથા સત્ય છે કે સત્ય આદિ ધર્મ-લક્ષણો હિંદુધર્મમા પ્રચલિત છે ત્યારે મુસલમાન અતકરણોમાં તે મૃત પ્રાય અવસ્થા ભોગવે છે. એ મનુષ્યોમા એ ધર્મ સુત્રો જાગૃત કરવા વર્તમાન સ્થિતિ તો સર્વદા વ્યર્થજ છે, કારણે કે કચન અને કામિનિને અવલોકતાજ એ લોકોના નેત્ર અંધ બની જાય છે એક સમય એવો આવશે કે સમયના પ્રભાવથી પ્રભુજ સઘળા ધર્મપથ-ગામીઓના અતરની પ્રતિકુળતા મટાડી દેશે. હાલ તો બન્ને પ્રજા જોઇએ એટલા અત્યાચારો કરી લે, બળ હોય ત્યા સુધી પોતપોતાના અગ પાપથી નિસત્વ કરી નાખે એમાજ મને એમનુ કલ્યાણ ભાસે છે યુદ્ધ કરતાં કરતા જ્યારે એમની શકિત ખૂટશે ત્યારે પોતે કયાં છે તેનુ તેમને વાસ્તવીક જ્ઞાન થશે હાલ તો બન્ને પ્રજાનો યૌવન-કાળ છે. યુવાની એટલે તો જાણી જોઇને કષ્ટ વહોરી લેવાનો અવસરજ છે તે તુ કયાં નથી જાણતો ?

"માતાજી ! આપ એમ કહો છો ત્યારે હમણાંજ થોડો સમય ગયો કે વિજાપુર અને વિદ્યાપુરના લશ્કરો યુદ્ધને માટે તૈયાર થઇ જશે અને સંગ્રામનો આરંભ થશે, ત્યારે તે વખતે મારે શું કરવું ?"

"મારો તો એવો વિચાર છે કે ત્યારે આપણે અહીથી કોઇ ગુપ્ત સ્થળે ચાલ્યા જવું હું જન્મથીજ દુઃખી છું મે મારા ધર્મને ખાતર પતિનો ત્યાગ કર્યો છે, દૈવે મારી પુત્રીનો વિયોગ પડાવ્યો છે અને ન કરે નારાયણ ને યુદ્ધથી તારો વિયોગ થાય તો મારે સંસારમાં સંકષ્ટની અવધી થાય માટે અફઝલખાન ! હવે તો તારી સઘળી રાજ્ય લાલસા પણ મૂકી દે અને હિંદુ મુસલમાનોનું પરસ્પર વૈર પણ વિસારી દે, તેમાંજ તારૂં મારૂં અને સમગ્ર જગતનું કલ્યાણ છે"

"ખુદાના બાળકો સર્વે બને હિંદુ મુસલમાનો,
રહીમ ને રામ એ બેમાં ગણો છો ભેદ તે શાનો ?
પ્રભુ છે એક સર્વેનો જગત આ તાતનું ઘર છે,
કહે મુસ્લીમ ખુદા જેને જગાધીશ તેજ ઇશ્વર છે,
છે એક હરિના બાળકો હિંદુ મુસલમીન સર્વથા,
કાં દ્વેશ આણી નેત્રમાં ત્યાં ભિન્નતા માનો વૃથા"

"પરંતુ મારી તો એવી ઇચ્છા છે કે વિદ્યાપુરનું સમસ્ત રાજ્ય મારે સ્વાધીન થાય એમ કરવું રામરાજા મારાપર સંપૂર્ણ વિશ્વાસ રાખે છે, ત્યાં જઇ તેના દરબારમાં કલહ કરાવવો અને તેમની પ્રભુતાને છિન્નભિન્ન કરી નાખવી એ સહેલું છે એવા પ્રપંચથી સમસ્ત હિંદુ રાજ્ય મારે શરણે આવે અને હું તેનો સ્વામી થાઉં તો પછી કેમ ?

એવી સર્વોત્કષ્ટ મહત્તા અને વિદ્યાપુરની સર્વશ્રેષ્ઠ સન્તાન એનાથી પછી શું અધિક કલ્યાણ કરનારું છે ?"

"કેવો મલિન વિચાર! અફઝલખાન! રામરાજા તને સ્નેહથી બોલાવે છે ત્યારે તું ત્યાં જઇ તેને દગો દેવાના વિચારો રચે છે. હમણા તારા અન્નદાતાનો-વિજાપુરનો દ્રોહ કરે અને પછી ત્યાં જઇ વિદ્યાપુરનો વિનાશ કરવાના કારસ્થાનો રચે છે બેટા! પાપનો અને પ્રભુનો ભય રાખો જગતમાં કોને કેટલા કાળ કાઢવા છે, ? પછી છળ પ્રપંચ અને દગાબાજી સઘળું શા માટે કરવું જોઇએ ? સંસારના સર્વ ઉપભોગ ક્ષણભંગુર છે. માટે રાજ્ય પિપાશાનો સર્વથા ત્યાગ કરી દે અને તારા દેહમાં રહેલા આત્માને જાગૃત કરી તેમાં તન્મય થા, રામરાજાને હાથે હિંદુ રાજ્યનો મહારાષ્ટ્રમાં ઉદ્ધાર થવાનો છે માટે મને વચન આપ કે તું એનો કદી પણ વધ નહિજ કરે"

"માતા! હું અવશ્ય એની આપને ખાતરી આપું છું કે કદી પણ હું તેનો વધ નહિ કરીશ અફઝલખાને અલ્પ ઉત્તર આપ્યો "બસ ત્યારે, હવે બાકીના મૂર્ખ વિચારોનો ત્યાગ કર અહીં રહીને થાય ત્યાં સુધી નોકરી કર જો યુદ્ધ ઉપસ્થિત થશેજ તો આપણે ઉત્તર હિંદુસ્તાનમાં ન્હાસી જઇશું રાજસ્થાનમાં ઘણા બળવાન રાજાઓ છે ને આપણને અવશ્ય આશ્રય આપશે, માટે અનિત્ય મોહને આશા ત્યાગી દે. જગત એ જગદીશ્વરનો સંસાર છે મનુષ્ય માત્ર પ્રભુના બાલુડા છે તેનો વધ કરવો એ પ્રભુનો દ્રોહ છે, માટે પુન તને કહું છું કે રાજ્યની આકાંક્ષા તજી દઇ હાલનો ખ્હેનની શોધ કરવાના કાર્યમાં પરોવાઇ જા તેજ તારે માટે ખરો સત્ય સંગ્રામ છે, આત્મીય સજ્જનોને સંતોષવા એજ વિર પુરૂષોનો વિશ્રામ છે"

"જેવી આપની આજ્ઞા, કહી અફઝલખાન ઉઠ્યો, જતા જતા માતાએ તેને પાછો બોલાવ્યો

"બેટા ! તારા વદન પર પસરેલી ખિન્નતા મને સ્પષ્ટ દેખાય છે મારૂં કહ્યું તને અયોગ્ય લાગતું હોય એમ મને લાગે છે પરંતુ મને જગતનો અતિશય અનુભવ છે મારી જીંદગી મે કારાગૃહવાસમા ગાળી છે પણ એથી પ્રભુ સ્મરણ કરવાનો, ધર્મના સાચા આદર્શ જાણવાનો અને જગતને ઓળખવાનો મને અનન્ય લાભ મળ્યો છે તેથી હું સમજી શકી છું કે સંસાર માત્ર ભ્રમ છે ન્યાય અને સત્યને આચરનાર સંસારમા કોઇ વિરલાજ હશે અને તેજ ખરેખર પ્રભુના પયગંબર છે તને અત્યારે મારા કથનનો મર્મ ભાસ ન થતો હોય પણ જ્યારે તું તારી નવિન પ્રવૃત્તિમા પડશે અને તેના ફળ ભોગવવાનો અવસર પ્રાપ્ત થશે ત્યારેજ તને મારા કથનનું યથાર્થ જ્ઞાન અને પશ્ચાતાપ થશે, માટે જો એ વિષમય જીંદગી ન અનુભવવી હોય તો તારા મલિન વિચારો તજી દે "

"માતાજી ! હવે આપ નિશ્ચિંત રહો હું આ જવાનો વિચાર પણ પુન અંતઃકરણમા આણીશ નહિ અને બ્હેનની શોધ કરવાનો સંપૂર્ણ પ્રયત્ન કરીશ મારી જરૂર પડે તો મને બોલાવજો, હું તરતજ આપની સેવામા ઉપસ્થિત થઇશ ' કહી અફઝલખાન ચાલ્યો ગયો પ્રભાવતીને એકાન્તિક જીવન બહુ પ્રિય હતું માળા લઇ ને પુન પ્રભુ સ્તવન કરવામા પ્રવૃત્ત થઇ ગઇ

પ્રકરણ ૧૪ મું.

રામરાજાને શરણે.

અફ્ઝલખાન ગયો અને માતાને ખાતરી આપતો ગયો કે પોતે વિજાપુરને આશ્રયે જશે નહિ પરતુ પ્રભાવતીને તેથી સતોષ થયો નહિ અફ્ઝલખાનની વૃત્તિ તે સ્પષ્ટપણે પારખી ગઇ હતી જતી વખતે તેનુ મુખ ઉદ્વેગ અને નિરાશાથી છવાએલુ હતુ નેત્રોમા પણ શોક વ્યાપેલો હતો તેનુ પહેલાનુ આકર્ષક મુખમડળ પરનુ તેજ ઉડી ગયુ હતુ વિજાપુરના બાદશાહે આપેલા ઠપકાથી તેને અત્યત આઘાત પહોચ્યો હતો, તેમા પોતે હિંદુ પિતાનો પુત્ર છે અને પોતાની માતામહી તથા પિતામહી પણ હિંદુજ હતા, એ સાભળી તેને મુસલમાનો પ્રત્યે અત્યત તિરસ્કાર ઉપજ્યો અને માતામહીને ભ્રષ્ટ કરનાર વિધર્મીઓની ગમે તે પ્રકારે પાયમાલી કરવા તેનુ રૂધીર તલસી રહ્યુ અફ્ઝલખાનના ગયા પછી પ્રભાવતી ઓરડામા પ્રભુસ્તવનમા પ્રવૃત્ત થઈ હતી, પાસે માત્ર તેની પ્રિય દાસી ગગાજ હતી થોડીવારમા પ્રભાવતી ધર્મકર્મથી નિવૃત્ત થઇ ગઇ, ગગાએ મુખ ધોવાને તેને સ્વચ્છ પાણી આણી આપ્યુ અને તે પ્રભાવતીની પાસે બેઠી, ગગા એ હિંદુ સ્ત્રી હતી પ્રભાવતીની માતા પ્રભાવતીને બાલ્યાવસ્થામાજ મૂકીને પચત્વને પામી ગઇ હતી એટલે ધાવ અને રક્ષક તરીકે ગગાએજ પ્રભાવતીને ઉછેરી મોટી કરી હતી, ગગાનો પ્રભાવતી પર એટલો અવર્ણનીય પ્રેમ હતો કે પ્રભાવતી જ્યા જ્યા ગઇ ત્યા ગગા તેની સાથેજ તેની ચાકરી બજાવવા તત્પર રહી પ્રભાવતી પણ ગગાને પોતાની માતા પ્રમાણે

માન આપતી હતી પ્રભાવતીની માતા મૃત્યુ પામી ત્યારે તેની ઉમર માત્ર બે માસની હતી ત્યારપછી તેને પોતાના બાલક પ્રમાણે પાળી પોષી ઉછેરવાનુ, બાલ્યાવસ્થાના તેના લાડકોડ પુરા કરવાનુ અને તેની ઇચ્છા પ્રમાણે વર્તવાનુ સઘળુ ગંગાએજ કર્યું હતુ ગંગા પ્રભાવતીના સ્વભાવથી પરિપૂર્ણ માહીતગાર હતી પ્રભાવતીનો સ્વભાવ બહુજ અક્કડ હઠ્ઠી અને જડ હતો જે હઠ એકવાર તે પકડતી તે બ્રહ્મા સમજાવે તોપણ તે છોડે એમ નહોતુ, પણ બદીવાસમા રહ્યા પછી તેના સ્વભાવમા અકથનિય પરિવર્તન થઈ ગયુ તેનામા જે દ્વેષ અને વૈર હતા તે પલટાઇ ઇર્ષાનો સમૂળો વિનાશ થઇ ગયો અને સર્વ પ્રાણીઓનુ કલ્યાણ યાચવાની પવિત્રભાવના તેના હૃદયક્ષેત્રમા વિનુપિત થઇ બાગ પણથીજ પ્રભાવતી ઉચ્ચ સસ્કારવતી હતી, સ્ત્રી તરીકે તેની બુદ્ધિશક્તિ એક અપવાદજ હતો એની કુશાગ્રબુદ્ધિને એકાતવાસ અને મુસલમાની કારાગૃહવાસની નર્કયાતના જેવા ભયકર કષ્ટોથી લાભજ થયો તે સાચી સાધ્વી સ્ત્રી બની ગઇ તેના દુઃખશોકની કરૂણકથની સાભળનારી અને આશ્વાસન દેનારી એક ગગાજ હતી આજે પુન તેણે ગગાને પૂછ્યુ, ' ગગા! તને કેમ લાગે છે, આ અફઝલખાન રામરાજાના દરબારમા જશે ખરો ? '

" બ્હેન ! " વૃદ્ધાવસ્થાએ પહોચેલી તથા પણ ચિવટ હાડકાની ગગાએ પ્રત્યુત્તર આપ્યો ' મને તો લાગે છે કે અવશ્ય અફઝલખાન રામરાજાને શરણે જશેજ કારણકે એણે પોતાને મુસલમાન માનીને વિજાપુરની કિર્તિ વધે એવુ યશસ્વી કાર્ય કર્યું છતા પણ બાદશાહે તેનો તિરસ્કાર કર્યો ત્યારે સ્વાભાવિકજ મનુષ્યમાત્રને એવી લાગણી થાય કે એવા બેકદર માલીકનો ત્યાગ કરવોજ જોઇએ તેમાએ અફઝલખાન બહુ

નિર લાગણીનો છે એટલે એને એની અમર અનન્ય થવાની એમાં શું સંશય છે?"

"તને કેમ લાગે છે, એને ગજરાજના દરબારમાં જવા દેવો, ત્યાં જવાથી કોઈ હાની તો નથીને?"

"ના, ના, મને તો ગજરાજનો લેશમાત્ર પણ વિશ્વાસ નથી કે તે ક્યારે અને કઇ પળે દગો કરશે પણ અફઝલખાન કાંઈ નાનું છોકરું કે સ્ત્રી નથી કે જેને આપણે જાળવી રાખીએ માટે તમે ફકીરને એ કામ સોંપી દો કે તે બરાબર તપાસ રાખે" ગંગાએ ધીમે સાદે ઉત્તર આપ્યો. પ્રભાવતીએ ત્વરીતજ ફકીરને બોલાવ્યો. ફકીર વનવિહારનો એક વૃદ્ધ અને પ્રામાણિક અનુચર હતો તેની વય વૃદ્ધ હોવા છતાં કાર્યશક્તિ અને ચપલતા યુવાનોને શરમાવતી. ફકીર આવ્યો અને પ્રભાવતીની સામે બેસી ગયો. "ફકીર! તને એક કાર્ય સોંપવાનો મારો વિચાર છે બોલ તું સારી રીતે તે બજાવશે?" પ્રભાવતીએ પૂછ્યું.

"માતાજી!" ફકીરે ઉત્તર આપ્યો, વનવિહારમાં પ્રભાવતીનો પ્રભાવ એવો પ્રબળ હતો કે બધા મુસલમાન સરદારો તેને દૈવી સ્ત્રી માનતા હતા તેની ગંભિર મુખકાન્તી, ચિંતાથી નિસ્તેજ થએલ શરીર તેની ધવલ ત્વચા અને શાન્તતાથી તે જાણે કોઈ મહાન ધર્મધારીણી સ્ત્રી હોય તેમ સૌને લાગતું તેનું વચન ઉઠાવી લેવામાં વનવિહારના મનિષ્ય માન સમજતા તેને વચનસિદ્ધિવાળી માનતા અને તેની આશિષ લેવાને માટે પણ તેની સેવા બજાવતા હતા ફકીરને પ્રભાવતીની આજ્ઞા ઉઠાવવાનો પ્રસંગ મળ્યો તેથી તેને અતિશય આનંદ થયો "આપ ફરમાવો અને તે કામ ન કરું એ શી રીતે બનીજ શકે? આપના મુખનો બોલ ઝીલી લેવો એ

અમારો ધર્મ છે અમે આપની સેવા બજાવવા સર્વદા ઉત્સુક છીએ આપ ફરમાવો કે મને શુ કાર્ય સોપવા આપનો વિચાર છે ?"

"ફકીર ! મને તારાપર લેશમાત્ર પણ અવિશ્વાસ નથી હુ જાણુ છુ કે તુ મારો ખરો સેવક છે અને મારા પ્રત્યે તારો અખડ ભક્તિભાવ છે પણ તને જે કાર્ય આજે સોપુ છુ તે કામ ખાનસાહેબના અત્યત લાભનુ છે છતા પણ તે કામ બજાવતા તારે ખાનસાહેબની અપ્રિતિ સહન કરી લેવી પડશે તથા કદાચિત તને તારા પદપરથી પણ ભ્રષ્ટ કરશે, જો તારામા એ સકટ સહેવાની શક્તિ હોય તોજ આ કાર્ય કરવામા તારી સમ્મતિ આપજે"

"માતાજી ! મને તેનુ ભારે કષ્ટ ખમવુ પડે છતા પણ હુ આપનુ કામ બજાવવા તત્પર છુ આપ આનદથી મને જે કાર્ય કહેવુ હોય તે કહો હુ પ્રતિજ્ઞા કરુ છુ કે આપ જે કામ મને સોપશો તે બરાબર રીતે જરૂર બજાવીશ" ફકીરે ઉત્તર આપ્યો

પ્રભાવતીએ કાઇક વિચાર કર્યો અને પુન ફકીરને જણાવ્યુ "ફકીર ! ખાનસાહેબ અલ્પ અવસરમા વિજાપુરના બાદશાહનો પ્રતિકાર કરી વિદ્યાપુરના રામરાજાને શરણે જનાર છે માટે રામરાજા ગુપ્ત રીતે અત્રે આવે અથવા અફઝલખાન વિદ્યાપુર જતો માલમ પડે તો તરત મને ખબર આપજે"

"માતાજી ! રામરાજા તો અત્રે આવતા નથી પરતુ અફઝલખાન રોજ રાત્રીએ બહાર ફરવા જાય છે તે છેક પ્રાતકાળે આવે છે, માટે મને લાગે છે કે એજ રોજ ત્યા જતો હોવો જોઇએ. વળી પોતે રાત્રીએ ફરવા જાય છે છતા તે વાત પણ તમારાથી અને અત્રેના અન્યાન્ય

મનુષ્યોથી ગુપ્ત રાખવી એવી તેમની આજ્ઞા છે તે પરથી પણ તમારા કથનને પુષ્ટિ મળે છે આ બધી વાત પણ હુ તેમની આજ્ઞાનો લોપ કરીનેજ તમને કહુ છુ ”

“ઘણુ સારૂ થયુ ફકીર ' તેનો તને બદલો અવશ્ય આપીશ હવ આજ રાત્રીએ ખાનસાહેબ જાય ત્યારે એમની પાછળ પાછળ જજે અને કયા જાય છે તે બરાબર જોઇ આવજે ”

“જરૂર જઇશ, અને તરતજ આપને ખબર આપીશ કે તેઓ કયા જાય છે જો રામરાજાના દરબારમા જતા હશે તો તેમને અટકાવવા પડશે કારણ કે રામરાજા એ વિજાપુરનો પાકો શત્રુ છે, તેની સેવા બજાવવી એ બાદશાહનો અને પ્રભુનો ગુન્હો છે, અ '

“હશે, તે ચર્ચા કરવાનો હવે અવકાશ નથી મે તને જે કાય સોપ્યુ તે બરાબર મને સતોષ થાય એમ બજાવ ' પ્રભા-તી ફકીરને બોલતો અટકાવીને બોલી અફઝલખાન ઉપર આવો એક નીચા દરજ્જાનો મનુષ્ય ગમે એવી ટીકા કરે એ તેને ગમ્યુ નહિ ફકીર સલામ ભરીને પોતે દક્ષતાપૂર્વક કાર્ય બજાવવાની ખાતરી આપી ચાલ્યો ગયો રામરાજાના સકેતાનુસાર દરરોજ રાત્રીએ અફઝલખાન તેને મળવાને જતો હતો. સધ્યાકાળ થયો અફઝલખાને ઘોડો તૈયાર કરાવી વિદ્યાપુર પ્રતિ પ્રયાણ કરવાની તૈયારી કરી ફકીર તેનો અંગરક્ષક હતો, તેણે પણ સાથે સાથે અફઝલખાનની પાછળ જવાની તૈયારી કરી અફઝલખાનનો અશ્વ દોડયો, તેની સાથેજ ફકીરે પણ પાછળ પાછળ દોડવા માડયુ રાત્રી નિર્મળ હતી અને વનવિહારનો માર્ગ સધ્યાકાળ પછી કેવળ નિર્જન થઇ જતો. એટલે પોતાના પગલા અફઝલખાનને સભળાઇ જવાના ભયથી

તે પાછળ ઝાડને ઓથે ઓથે રહેવા પ્રયત્ન કરતો હતો અફ્ઝલખાને વિદ્યાપુરનો માર્ગ લીધો તેની સાથે ફકીરે પણ તેજ માર્ગ લીધો રામરાજા અફ્ઝલખાનને વિદ્યાપુરને પાદરે આવેલી ધર્મશાળામા મળતો હતો આજ પણ નિયમ મુજબ રામરાજા ત્યા આવી પહોચ્યો હતો સેજ અફ્ઝલખાનનો એકજ ઘોડો વિદ્યાપુર આવતો હતો પણ આજ તેની સાથે એક બીજો પણ અશ્વ હતો તે ઘોડો કોનો છે અને તેની ઉપર સ્વાર થનાર વ્યક્તિ કોણ છે તે ફકીરના જાણવામા આવ્યુ નહિ ધર્મશાળાની પાસે રામરાજાનો બગલો હતો રામરાજાએ તે ઉઘાડી આપ્યો અફ્ઝલખાન અને તેની સાથેની વ્યક્તિ બન્ને અદર ગયા, રામરાજા પણ અદર પેઠો રામરાજા અને અફ્ઝલખાન બન્ને બગલાના દિવાનખાનામા આવીને બેઠા અને વાતનો પ્રસગ ઉપસ્થિત કર્યો

"મહારાજ ! હવે આપની સઘળી ઇચ્છા પરિપૂર્ણ થશેજ હુ મારો વિજાપુર જોડેનો સઘળો સબધ છોડીને આવ્યો છુ મે આપની નોકરી સ્વિકારી છે અને વિજાપુરનો સદાકાળને માટે પરિત્યાગ કર્યો છે મે બાદશાહને જણાવી દીધુ છે કે હુ હવે આજથી તમારો સેવક નથી.' અફ્ઝલખાને હાસ્યમિશ્રિત છટાએ જણાવ્યુ

"કેમ તમારો વિચાર આમ એકાએક પલટાઈ ગયો ? વિજાપુરના સેવક તરીકે રહી તેના ગુપ્ત વૃતાતો જાણવા અને તે મને જણાવવા એવો પ્રથમ તમારો વિચાર હતો પછી આમ તેમા એકાએક પરિવર્તન શાથી થયુ ?" રામરાજાએ આશ્ચર્યચકિત થઇ પૂછ્યુ

"મહારાજ ! મારા અન્નદાતાની સેવાનો પરિત્યાગ કરી એક પાપ તો મે કર્યુજ છે પણ ધણી વિશ્વાસઘાત કરવાનુ બીજુ પાપ કરૂં

એ મને યોગ્ય લાગતું નથી વળી મારી યુક્તિ ઉપર બાદશાહને એટલો બધો વિશ્વાસ છે કે જ્યારે આપના અને બાદશાહની વચ્ચે યુદ્ધ આરંભાશે ત્યારે સેનાધિપતિપદ તે મનેજ આપશે અને તેથી મારે આપના સૈન્યથી અતિશય ઘણા સાવધાન રહેવું પડશે બાદશાહનું સૈન્ય બહુજ બળવાન છે [illegible] જેનો તે સમયે [illegible] તેનો ભાગ પાડી નાખીશ કેતા બાદશાહનું અસલ સૈન્ય મારી મરજી મુજબ ચાલશે તેના કરતાં આપના સૈનિકોને ગાફેલ કરાવી લઉં તો તે વિજય શ્રેયસ્કર થઈ પડશે અફઝલખાને પોતાનો મનોભાવ જણાવ્યો.

'બરાબર છે અફઝલખાન' તે માટે મેં તમને પ્રથમથીજ કહ્યું હતું પણ તમારા મનમાં તે સમયે મારી વાત અસાધ્ય લાગી પરંતુ અત્યારે તમે મારા કહેવાનું મહત્વ સમજ્યા અને તે પ્રમાણે કર્યું એ ખરેખર આપણે માટે અત્યંત આવશ્યક છે હું તમને સઘળા અસલ સૈનિકોના અધીકારપદ પર નિયત કરું છું તમે કાલેજ દરબારમાં આવીને તમારૂં સ્થાન સંભાળી લો હવે તમારી ફોજ બજાવવાને સત્વર સાવધ થઇ જાઓ, તે સાથ મારે તમને બીજું પણ એક કામ સોંપવું એવો મારો વિચાર છે, બોલો તમે તે કાર્ય બજાવશો કે નહિ વારૂ?”

“મહારાજ ! હવે હું આપનો સેવક છું, આપે મને પૂછવાનું અને મારો અભિપ્રાય જાણવાનું પ્રયોજન હોયજ નહિ, આપ જે આજ્ઞા ફરમાવો તેને માન આપવુંજ ઘટે છે આપ જેમ આપના બીજા અનુચરોથી વર્તો છો તેમ હવે મારી સાથે પણ નોકર તરીકેજ વર્તશો એવી મારી પ્રાર્થના છે ફરમાવો સેવકને બીજું શું કામ સોંપવું છે?” અફઝલખાને પ્રશ્ન કર્યો

"તમે જાણો છો કે પ્રતિદિન મહારાષ્ટ્રની પરિસ્થિતિ બદલાતી જાય છે, રાજ સેવકોના મન પણ પ્રામાણિક નથી, તેમની દ્રવ્ય પિપાશા નિરંતર વૃદ્ધિ પામતી જાય છે અને એવા અનેક બનાવો બને છે કે રાજ્યના, દ્રવ્યના અથવા સત્તાના લોભની ખાતર ઘણીવાર ઘણા પુરૂષો અધર્માચરણી થાય છે અત્યારે મારા જે અંગરક્ષકો છે તેમના પર મને પુરતો વિશ્વાસ નથી અને તમારા જેવો કાર્યકુશળ સરદાર પણ એમા નથી માટે હુ તમને મારા અંગરક્ષકના મુખ્યાધિકારી તરીકે નિયત કરૂ છુ તમારાપર મને એટલો સ્નેહ છે કે તમને મારા નેત્ર સમિપથી દૂર કરવા એ મને ઘણુજ વિકટ લાગે છે અંગરક્ષકનુ પદ સ્વિકારવાથી તમે મારી પાસને પાસે રહી શકશો એ પણ લાભ છે"

"મહારાજ ! આપ નામવરની એવી ઇચ્છા છે તો ભલે મારે તો આપની આજ્ઞા વંદ્ય છે, પણ તેથી મને યુદ્ધકળામા મારૂ પરાક્રમ બતાવવાનો સમય મળશે નહિ, મારી ઇચ્છા છે કે હુ આપને એક વાર મારા કૌશલ્યનો પરિચય કરાઉ આપની સન્મુખ રહેવાથી મને સર્વદા યુદ્ધથી વિમુખજ રહેવુ પડશે"

"નાના તમે તેથી જરા પણ ચિંતા રાખશો નહિ" રામરાજાએ ઉત્તર આપ્યો, તેને હજી અફ્ઝલખાન પર સંપૂર્ણ વિશ્વાસ નહોતો, એટલે તે હમેશા પોતાના નયન સન્મુખજ રહે એમ રામરાજાની ઇચ્છા હતી અફ્ઝલખાન મુસલમાન સંસ્કૃતિમા ઉછરેલો મનુષ્ય છે એ રામરાજાથી અપરિચિત નહોતુ, તેણે આગળ ચલાવ્યુ, "મને તમારી વિરતા માટે સંપૂર્ણ વિશ્વાસ છે તમે એક વિર પિતાના પુત્ર છો એટલે તેના જેવાજ તમે પરાક્રમી નિવડો એમા શુ આશ્ચર્ય છે ! માટે કાલથીજ તમે દરબારમા પણ આવવાનો આરંભ કરી વિદ્યાપુરની સેવામા નિયુક્ત થાઓ."

"પણ મહારાજ ! હું મુસલમાન છું આપના દરબારમાં મુસલમાનો પ્રત્યે અત્યંત તિરસ્કાર અને ધિક્કાર છે અને તે હોય તે પણ સ્વાભાવીક છે એટલે આપ મને દરબારમાં સન્માન આપશો તેથી દરબારીઓ આપના પર ગુસ્સે થશે અને તમારી પ્રતિષ્ઠાનો નાશ થશે સઘળા સરદારો આપને મને ન રાખવા સમજાવશે અને આપ તેમના કથનનો પ્રતિકાર કરશો કે દરબારમાં માહોમાહે કલહ અને કુસંપ ફેલાશે તેના કરતાં મને દરબારથી વિમુખ રાખો એજ સર્વથા ઉચિત છે હું આપના સેવક તરીકે દરબારમાં આવીશ પરંતુ દરબારીઓને શંકા ઉપજશે કે રખેને એ વિજાપુરનો ગુપ્ત દૂત તો ન હોય કારણ કે તમારી જોડે મેં ચલાવેલું વર્તન તો જગત્‌વિખ્યાત થઈ ગયું છે !"

'અફઝલખાન !' તેનો હું તમને એક માર્ગ બતાવું છું હું તમારે માટે અત્યારેજ બીજો પોશાક મોકલું છું તમે તમારા મુસલમાન વસ્ત્ર ત્યજી દઈ તે વસ્ત્ર ધારણ કરી લેજો અને તમે પોતાને રાજપુતાનાના ખાનદાન કુળના રજપુત તરીકે ઓળખાવજો, તમે હિંદુ હો તેજ પ્રમાણે સઘળા સાથે વર્તજો અને તમારો ભેદ કદીએ ખુલવા દેશો નહિ તમારૂં અભિધાન રણધીરસિંહ છે એમ કહેજો. વિજાપુરના દરબારમાં વેષ બદલાવીને મેંજ તમને મોકલેલા અને તમારૂં માઉ થએલું તોફાન અમારી ગુપ્ત સંજ્ઞા પ્રમાણે થયું હતું, એમ તમારા આવ્યા પહેલાં હું દરબારમાં જાહેર કરી દઈશ એટલે પછી કોઈપણ પ્રકારનો ભય ઉપસ્થિત થાય એમ રહેશે નહિ.'

"પણ આપનું એ કપટ વધુ સમય ચાલશે નહિ" અફઝલખાને ફરી પોતાની શંકા બતાવી, "આપના દરબારીઓનો એવો રિવાજ છે

કે હિંદુ વારતહેવારે, ધર્મપર્વોને દિવસ તેઓ અરસપરસ દરબારીઓને જમવા નોતરે છે, તેવે પ્રસંગે આપ મારો શી રીતે સ્વિકાર કરી શકશો? જે ધર્મને માટે આપ લડી રહ્યા છો તે ધર્મ મારે ખાતર જાય અને આપના સરદારો પણ ભ્રષ્ટ થાય એ સર્વથા અનુચિતજ છે, વળી કદાચ અન્ય સરદારો અજાનતામાં મારો સત્કાર કરશે પણ આપ જાણો છો કે હું મુસલમાન છું તો શું જાણી જોઇને તમે ધર્મદ્રોહ કરશો?" અફ્ઝલખાને મહદ્દય નહી શકા ઉઠાવી

"તમે અમારી સાથે આવો અને અમે તમને સત્કારીએ એ સર્વથા ઉચીતજ છે કારણકે તમે મુસલમાન નથી કિંતુ હિંદુજ છો તમારા માતા પિતા કોણ છે તે હું તમને થોડા વખત પછી કહીશ, ત્યારે તમે જાણશો કે તમે એક સાચેસાચા હિંદુજ છો પછી અમારી પંક્તિમા તમારો સત્કાર કરવાને અને તમને સાથે લઇને ભોજન વ્યવસાય ચલાવવાને લેશમાત્રપણ વાંધો નથી, પરંતુ તમારી બાલ્યાવસ્થા સઘળી મુસલમાનોના સહવાસમા ગઇ છે એટલે તમારી રીતભાત સર્વથા એમના જેવીજ થઇ ગઇ છે તેથી તમે વિધર્મી તરીકે પરખાઇ ન જાઓ તે સંભાળજો તમને પાળી પોષીને ઉછેરનાર રજુદીન પણ હિંદુજ છે એ ભૂતકાળમા મારો નોકર હતો એનું સાચું નામ રામનાથ છે તેને પણ મુસલમાનોએ વટલાવીનેજ વિધર્મી બનાવ્યો છે"

"જો આપને વાંધો ન હોય તો હિંદુ ગણાવા માટે હું એવું આદર્શ વર્તન રાખીશ કે મને કોઇપણ વ્યક્તિ વિધર્મી તરીકે જાણી શકશે નહિ આપની ભાષા તો મને સુસાધ્ય છે, હવે મારી આપને અંતિમ પ્રાર્થના છે કે હું નગ્રિન હોવાથી અને મારું અત્રે આગમન

અહિં પ્રસગ મહા વિચિત્ર હોવાથી મારે માટે આપને કાને વિવિધ કથનીઓ આવશે અથવા કોઇ મારી વિરૂદ્ધ ઉશ્કેરશે તો આપ તેને સત્ય માનશો નહિ હું અત્યારે આપની સમક્ષ પુન પ્રભુને સાનિધ્યમા રાખીને કહુ છુ કે મુસલમાનોનો વિનાશ થાય એમજ હવે હુ કરીશ મુસલમાનોએ મારી માતામહીને પણ અત્યત કષ્ટો આપ્યા છે અને વિજાપુરના બાદશાહે મારી માતાને બદીવાસ આપી દુ ખની અવધી કરી છે તેનુ વૈર સાધવા માટે હવે હુ અવિશ્રાન્ત યત્ન આદરીશ' અફઝલખાને કહ્યુ

"તમારા કાર્યમા અવશ્ય પ્રભુ તમને સ્હાયતા આપશે તમે સદા સર્વદા નિશ્ચિત રહો વિજાપુરના બાદશાહના કર્મો એવા છે કે પ્રભુનીજ આપણને દૈવી સહાય મળશે અને જે રાજ્યે તમારૂ અપમાન કર્યુ છે તેનો તમારે હાથેજ નાશ થશે, એવા મગલ અવસરપણુ આવશે મને તમારો પૂર્ણ વિશ્વાસ છે કોઇનુ પણ કહ્યુ માનીને તમને વિના વાકે ધિક્કારૂ એવો હુ મૂર્ખ નથી, આતો વિદ્યાપુરનુ રાજ્ય છે, વિજાપુરનુ રાજ્ય નથી વળી તમે મારા સાચા સ્નેહી અને સબધી પણ છો એ કથા હુ તમને આજે કહુ તો તમને અવર્ણનીય હર્ષ થાય, પરતુ સર્વ કાર્ય યથા સમયેજ શોભે છે એટલે તે સાનુકુળ સમય આવતા હુ તમને તમારા જીવનનો એક અતિ મહત્વનો પ્રસગ કહી દઇશ કે પછી આપણી વચ્ચે પ્રસ્તુત સમયે છે એટલો અતરાય પણ રહેશે નહિ"

"મહારાજ! પણ હુ પુન આપને કહુ છુ કે આપના અગરક્ષક તરીકે મને ન રાખો તો આપની કૃપા"

"હાલ તો મારી ઇચ્છા પ્રમાણેજ થવા દો ભવિષ્યની વાત કાળના ગર્ભમા છે. ચાલો હવે તો હુ જાઉ છુ અને તમારે માટે હિંદુના

પોષાક મોકલાવું છું અમારા મહારાષ્ટ્રીઓ મહા વિલક્ષણ, કુશાગ્ર બુદ્ધિના અને ચંચળ છે તમે તેમના પાશમાં ન આવો એ સંભાળજો કદાચ કોઈ સરદાર કાંઈ પ્રશ્ન પૂછે તો યથાશક્તિ ઉત્તર આપજો, પરંતુ સર્વથી ઉત્તમ તો એજ છે કે કોઈની સાથે ઝાઝો પરિચયજ રાખશો નહિ હું તમને હમેશા સાંઝે મહાલયે બોલાવીશ ત્યાં આવજો, હવે રાત્રી ઘણી ગઇ છે અને મને નિદ્રા આવે છે માટે હું જાઉં છું ' એમ કહી રામરાજા બગલો છોડીને પોતાને મહાલયે ચાલ્યો ગયો, આજે એક રીતે રામરાજાના હૃદયમાં હર્ષ સમાતો નહોતો બીજી તરફ તે પોતાનો પુત્ર છે એ ઘટના સ્મૃતિપથમાં આવતા તેને અફઝલખાન પર અદ્વિતિય પ્રેમ ઉપજતો હતો માતાના ઉપદેશ પછી અફઝલખાનના હૃદયમાં ઉપજેલી રાજ્યપિપાસા પલાઇ ગઇ હતી અને વિજાપુરનો નાશ કરવાને તેને સાચી ઉત્કંઠા થઇ હતી અફઝલખાનની સાથે આવેલો તેનો અનુચર ફકીર પણ મહાલયમાં ઘુસી ગયો હતો અને રામરાજા તથા અફઝલખાન વચ્ચે થએલી સઘળી વાત સાંભળી હતી, રામરાજા ગયો કે તરતજ ફકીર વનવિહાર તરફ જવા નીકળ્યો દ્વારમાંથી બહાર નિકળતા પ્રારબ્ધયોગે અફઝલખાનની દૃષ્ટિ તેના ઉપર પડી તત્કાળજ અફઝલખાન નગ્ન તલવાર ખેંચી ફકીર ઉપર દોડ્યો. દાદરના પગથીઆ વટાવતો અફઝલખાન નીચે આવીને ફકીરપર તલવારનો પ્રહાર કરે તે પહેલાજ ફકીરે દ્વાર આગળ બાંધેલા બે અશ્વમાંથી એકને કાપી નાખ્યો અને બીજાપર પોતે સ્વાર થઇ તરતજ તેણે વનવિહારને માર્ગે પ્રયાણ કર્યું અફઝલખાન પાછળ દોડ્યો અને બુમ મારી, "ફકીર! ફકીર! જો તને મેં કરેલા ઉપકારોનું કાંઇપણ સ્મરણ હોય તો જરા ઉભો રહે"

"નામદાર ! આપ છો એટલે છેટેજ ઉભા રહીને વાત કરશો તો હુ જરૂર ઉભો રહીશ" ફકીરે ઘોડા ઉપરથીજ મોટે સાદે પ્રત્યુત્તર આપ્યો. ફકીરે જો બીજા ઘોડાનો વધ ન કર્યો હોત તો જરૂર અફ્ ઝલખાન અશ્વસ્વાર થઇ ફકીરને પકડી પાડત અને તે વનવિહાર પહોંચે તે પહેલાજ તેને સદાકાળને માટે સસારથી મૂક્ત કરી નાખ્યો હોત, પણ સમયસૂચકતા વાપરી ફકીરે અફઝલખાનને પોતાને શરણે નમવાની ફરજ પાડી

"ફકીર ! હુ તને મારવાના નથી, તુ ભય ના રાખ, પણ મને સાચુ કહે તે અમારી સઘળી વાત સાભળી છે ? તુ જાણે છે કે અમે મહાલયમા કેટલા મનુષ્યો હતા ? તે એકદમ આ ઘુસી આવવાની હિમત કરી તો શુ તને જરાપણુ ભય ન લાગ્યો ?" અફઝલખાને પૂછ્યુ તે જાણતો હતો કે ફકીર કેવળ સત્યવક્તા છે અફઝલખાનને પોતાની વાત પ્રકાશમા આવે તેના કરતા પોતાની સાથે ત્રીજી વ્યક્તિ કોણ છે એ વાત જાહેરમા આવે તેનો વધારે ભય હતો

"ગરીબપરવર ! એક આપ હતા અને બીજો પેલો બદમાસ કાફર રામચદ્રદેવ ત્રીજો મનુષ્ય જે આપની સાથેજ વનવિહારથી છે તેને હુ પારખી શકતો નથી મે આપની ઉભયની સઘળી વાતો સાભળી છે નામદાર ! મને ક્ષમા કરો આપની પાછળ આવવુ અને આપના કુટીલ કારસ્થાનોનુ નિરીક્ષણુ કરવુ એ માતાજીની આજ્ઞા છે અને હુ માત્ર તે પ્રમાણેજ વર્ત્યો છુ એમા મારો કાઇજ દોષ નથી" ફકીરે જણાવ્યુ

"ઠીક, તો હવે માતાજીને એટલુજ જણાવી દેજો કે તમારો પુત્ર તેના ભાવી ઉત્કર્ષને માટે વિજાપુરના એકદર બાદશાહના સેવકપદનો ત્યાગ

ફરી રામરાજાના દરબારમા જઇ રહ્યા છે તે પુન હવે બાદશાહના રાજ્યમા પગ પણ મૂકશે નહિ, તેમ આપને પણ મળશે નહિ, જો તમારે તેને મળવુ હોય તો વિદ્યાપુરના પાદરેની ધર્મશાળા પાસેના રામરાજાના મહાલયમા તેનો મેળાપ થશે તમે હાલ જ્યા છો ત્યાજ કાયમ રહેશો તો ભવિષ્યમા પ્રભુ સહુ સારૂ જ કરશે રજુદીનને કહેજો કે માતાજીની તથા ગગાની બરાબર સભાળ રાખજો"

"ખુદાવદ! આપનો સદેશો બરાબર હુ માતાજીને કહીશ પણ હઝુર આપની '

"ખબરદાર?' તેને વચ્ચેજ બોલતો અટકાવી નાખીને અફઝલખાને કહ્યું, "ફકીર! મે તને મને સલાહ આપવા માટે બોલાવ્યો નથી તને સોપ્યુ એટલ કામ કર અને હવે એકદમ ચાલ્યો જા નહિ તો એક પણ ક્ષણનો વિલબ કર્યા વગર તમારી અને મારી વચ્ચે શત્રુતા થએલી સમજી લેજો"

ફકીર પ્રત્યુત્તરમા જરા તિરસ્કાર યુક્ત હસ્યો અને તે પ્રશ્નનો ઉત્તર મળે તે પહેલાજ અફઝલખાને હતાશ થઈ પુઠ ફેરવી ફકીરે પણ પોતાનો અશ્વ દોડાવી મકયો અફઝલખાને ફકીરના ઘોડાના પગના દાબડા સાભળી શકાય ત્યા સુધી સાભળ્યા તેનું અતર પણ અસ્વસ્થ અને ચિતામગ્ન હતુ વિશ્રાતી લેવા અફઝલખાન મહાલયમા જઇ પલગપર પડયો ફકીર વનવિહાર પહોચ્યો ત્યારે પ્રાત કાળ થવા આવ્યો હતો, પણ મનુષ્યો સ્પષ્ટપણે ઓળખાતા નહોતા, ફકીરે એકદમ પ્રભાવતીના ઓરડાનો માર્ગ લીધો પ્રભાવતી વનવિહારના મહાલયમા છેક નીચેના ઓરડામા રહેતી હતી ફકીરે ઓરડાના બારણાને હડેસેલો

માર્યો, તેવુજ બારણું ઉઘડી ગયું ઓરડામાં મંદ મંદ દીપક પ્રકાશ જણાતો હતો પ્રભાવતી પ્રભુસ્તવન કરતી બેઠી હતી ફકીરે શ્વાસ ખાવા જેટલો પણ અવકાશ મેળવ્યા વિના જણાવ્યું, "માતાજી ! ખાનસાહેબ ગયા "

"હેં, ક્યારે અને કેવી રીતે ગયા ?" પ્રભાવતીએ આશ્ચર્ય ચકિત થઇ પૂછ્યું

"ગઇ કાલે રાત્રીએજ તેઓ ચાલ્યા ગયા આપની આજ્ઞા મુજબ હું પણ સાથે ગયો હતો રામરાજાએ તેમને વિદ્યાપુરને પાદરેજ સુંદર મહેલ રહેવા આપ્યો છે અત્રેથી જતાંજ તેમની સાથે એક બીજો પણ માણસ હતો પણ તે કોણ હશે એ હું પારખી શક્યો નહિ, રામરાજાએ તેને પોતાના અંગરક્ષક તરીકે રાખ્યો છે અને તેને સરદારની પદવી આપી છે હાલમાં તે રાજસ્થાનના હિંદુ સરદાર તરીકે રહેવાનો છે આપને અહીંજ રહેવાનો સંદેશો કહેવડાવ્યો છે અને કહ્યું છે કે ભવિષ્યમાં પ્રભુ સર્વ કાંઇ સારૂંજ કરશે માટે ચિંતા રાખશો નહિ" ફકીરે સઘળી બાબત અલ્પ શબ્દોમાં વર્ણવી

"રામરાજાની કપટજાળમાં તે અને ફસાયો છે, પણ તેમાં તો બન્નેનું મને અહિત ભાસે છે આનું પરિણામ એ આવવાનું કે અફ્ઝલખાનને હાથે રામરાજાનું મૃત્યુ કે રામરાજાને હાથે અફ્ઝલખાનનો નાશ, એ સિવાય બીજું કાંઇજ થશે નહિ કારણકે બન્નેનો સ્વભાવ ઉદ્ધત અને ઉગ્ર છે તથા બને અવિચારી છે ફકીર ! હું ગમે તે પ્રકારે એને સમજાવીશ અને બાજી બદલાવી દઇશ પણ હાલમાં મને એક વચન આપ કે આ વાત તારે કોઇને પણ કદીએ કહેવી નહિ, કોઇ પૂછે તો કહેવું કે ખાન સાહેબ બાદશાહના કામસર ઉત્તર હિંદુસ્થાનની મુસાફરીએ ગયા છે"

જી, આપ મારા તરફની લેશ પણ ચિંતા રાખશો નહિ, હું અવશ્ય તેમ કરીશ" કહી ફકીરે પોતાનો માર્ગ લીધો

"ગગા !" પ્રભાવતીએ તેની માતા તુલ્ય દાસી તરફ દ્રષ્ટિવાળી, "મારો વિચાર હતો કે જે રામરાજાએ વિશ્વાસઘાત કરી આ સઘળો અનર્થ નિપજાવ્યો છે, તેનાથી હમ્મેશા વિમુખજ રહેવુ, પણ મારી આશા નિષ્ફળ ગઇ"

"બ્હેન ! તેનો શોક કરવો વૃથા છે મારી બુદ્ધિ પ્રમાણે તો જે થયુ તે સારૂજ થયુ છે, અને હવે બગડેલી બાજી સુધારવી કે બગાડવી એ તમારા હાથમા નથી રહી માટે હવે તો હરિને આશ્રયે નૌકા પડી છે તેને માટે સતાપ કરવો નકામો છે" ગગાએ ઉત્તર આપ્યો

પ્રભાતની મનોહર શાતિપર પડદો પડી ગયો પરમ પ્રતાપી પ્રભાકર ધીમે ધીમે પૂર્ણરૂપે પ્રકાશવા લાગ્યા જગત પ્રવૃત્તિના પાશમા જોડાયુ

પ્રકરણ ૧૫ મું.

ભદ્રામાતાને શરણે.

આકાશમા પ્રકાશના પુનિત પગલા મડાયા, સોનેરી રંગોના કોમળ પડોનુ આચ્છાદન થયુ, બાલ દિવાકરના સુકોમળ શિતરશ્મિ પ્રસરવા લાગ્યા, મદમદ અનીલ લહરીઓ આવવા લાગી, વૃક્ષો અને વેલીઓ-માથી અલૌકીક સુવાસ નિકળવા લાગી, પક્ષીઓના મધુર સ્વર કર્ણેન્દ્રિયને સ્પર્ષ્યા ભદ્રાનુ વહેતુ ખળખળ સલિલ શાત હતુ, તેમા નીલવર્ણી આકાશની છાયા સ્પષ્ટ અવલોકાતી શાતીનું સામ્રાજ્ય વ્યાપ્ત થએલુ હતુ આકાશની છાયા પડવાથી ભદ્રામા જાણે શુભ્ર વસ્ત્ર બીછાવેલુ હોય એમ લાગતુ સરિતાના સુદર તટપર પથરાએલુ વનવિહાર કન્યનીઓને પણ લોભાવી નિરખનારના નયણા ઠારતુ ભદ્રાને તીરે રાજશાહી કુટુબોને સ્નાન કરવા સુદર ઓવારો બાધ્યો હતો ત્યા પ્રભાવતી સ્નાન કરી નિવૃત થઇ બેઠી હતી પાસે તેની માતુલ્ય ગગા બેઠી હતી બન્ને વચ્ચે રામરાજા અને અફઝલખાનના સબધમા વાતો ચાલતી હતી એટલામા પાછળથી ફકીર દોડતો દોડતો આવ્યો અને પ્રભાવતીને ઉદ્દેશીને કહેવા લાગ્યો, "હમણાજ મને માર્ગમા રામરાજા તેના અનુચરો સાથે અત્રે આવતો મળ્યો તે આજે અત્રેથી તમને બળાત્કારે વિદ્યાપુર લઇ જવા માટે આવે છે"

"ફકીર!" પ્રભાવતી બોલી, "તે કાળાન્તરે પણ શક્ય નથી હુ હવે રામરાજાનુ મુખદર્શન કરવા પણ ઇચ્છતી નથી મારી સાથે એણે સર્વ પ્રકારનુ વૈર સાધી લીધુ છે અને પુત્રને ખેચી લઈ મારા આત્માનો એણે સપૂર્ણ વિનાશ કર્યો છે, હવે એ દુષ્ટને મળવુ કેવુ ? । જા ફકીર।

તે વનવિહારમાં પગ પણ ન મકી શકે એવુ કરો, દ્વારપાળને ફરમાવો કે તેને અંદર આવવા દેશો નહિ"

"પરંતુ માતાજી ! તે થઈ શકે એમ નથી કારણ કે રજુદ્દિન એ હિંદુ રાજાનો સાચો મિત્ર છે તેણે પ્રાનનાગોજ દ્વારપાળ તરીકે અને બલ્લી તથા બીજા અનુચરોને મૂક્યા છે એટલે રામરાજાનો આ વિચાર રજુદ્દિનને પૂર્ણત માહિત હોવો જોઇએ માટે હવે તો કોઇ પણ પ્રકારે શઠતાથી રામરાજાને દૂર કરવોજ હિતાવહ છે"

"તે ગમે તેમ હોય પણ ફકીર ! રામરાજાને વનવિહારમા પગ સરખો પણ મૂકવા દેશો નહિ, તેનુ નામ સાંભળતા મને અનંત પાપ લાગે છે એ દુષ્ટને મારે મુખ જોવો નથી કે તેની સાથે બોલવુ ચાલવુ નથી '

"માતાજી ! પણ તે તદ્દન અશક્ય છે વનવિહાર પર રામરાજાની સત્તા છે અને રજુદ્દિન તેનો સપૂર્ણ મળતીઓ છે પ્રસ્તુત સમયે આપણે સર્વથા પરાધીન છીએ જો હાલમા રામરાજાને અટકાવીશુ તો તે બળાત્કારથી પણ તેની ધારણા પૂર્ણ કરશે અને આપણા સૈનીકોનુ રક્ત રેડાશે જો આવો પ્રકાર છે તો પછી વિના કારણ દાવાનળના નિપણુ વાદળનો પ્રતિકાર કરવો એમા શો સાર છે ? પણ હા, એક રીતી અવશેષ છે જો ગંગા તેમની સાથે વાતચીત કરી આજે તેમને પાછા કહાડે તો તે બની શકે એમ છે ?"

" બને ગંગા ! તુ જઇ મહાલયના મુખ્યદ્વારપર તારી અનન્ત જગાએ એમ, અને રામરાજાને કોઇપણ રીતે સમજાવીને પાછો કહાડ. ગમે તે પ્રકારે પણ તે મારી પાસે ન આવી શકે એમ કર રામરાજાને

જોવાથી પુન પ્રાચિન બનાવોની મને સ્મૃતિ થશે અને આ મહાલય અને વનવિહાર પર પણ તેવોજ ધિક્કાર અને તિરસ્કાર ઉપજશે જા ગગા! જલદી જા" પ્રભાવતીએ ગગાને આજ્ઞા કરી

આજ્ઞા મળતાજ ગગા ચાલી ગઇ, પાછળ માત્ર ફકીર અને પ્રભાવતી બે રહ્યા પ્રભાવતીએ તેને પણ જવાની આજ્ઞા આપી અને પોતે માળા લઇ હરિસ્મરણ કરવામા તન્મય થઇ પાએક કલાક વિત્યો હશે એટલામા રામરાજાની સ્વારી વનવિહારમા આવી પહોચી વનવિહાર તેને સુપરિચિત હતો પોતાનો અશ્વ સાથે આવેલા અનુચરને સોપી ત્વરીતજ તે મહાલય ઉપર ચઢી ગયો જે ગગા પૂર્વે દ્વારપાળનુ કાર્ય બજાવવા બેસતી, તેજ ગગા વિધર્મિ વસ્ત્રોમા સજ્જ થઇ બેઠેલી દ્રષ્ટિ-ગોચર થઇ, તેની તેજ ગગાનુ મુખ આજે બદલાએલુ દેખાતુ હતુ તેના નેત્રોમા પ્રેમ નહોતો પણ રામરાજા પ્રત્યે દ્વેશ અને તિરસ્કાર છવાએલા હતા રામરાજાને નિરખ્યા છતા ગગા પાષાણની પુતળી માફક સ્થિર બેસીજ રહી રામરાજાએ ગગાના મુખપર દ્રષ્યમાન થના ભાવો પરથી કાઇક અશે તેનુ અતર પારખ્યુ, જગ પોતે મૌન્ય રહ્યો અને અતે તેણેજ વાત કરવાનો પ્રસગ આરભ્યો પ્રભાવતીની આત્મકથા જાણવા તે અધિરો બની ગયો હતો, ત્યારે પ્રભાવતીને તેની પરવા સરખીયે નહોતી "કેમ ગગા? તુ મને ઘણો કાળ વિતિ જવાથી કદાચ ઓળખતી નહોય! તને યાદ નહિ હશે કે એકવાર મે તને આજ સ્થાનમા તારી માનીતી પ્રભાનુ રક્ષણ કરવા મારી દાસી તરીકે રાખી હતી તે વખતે તુ મારા પર કેટલો સ્નેહ રાખતી, તારી મમતા અસીમ હતી આજ તારી દ્રષ્ટિમા વિષ કેમ લાગે છે?" રામરાજાએ વાર્તાનો પ્રસગ ઉપાડયો અને પ્રત્યુત્તરની રાહ જોવાને બોલતો સ્થભ્યો.

"ના મહારાજ ! મને તે ભુતકાલીન કથાનું સંપૂર્ણ સ્મરણ છે, તે પ્રસગ ભૂલાય એવાજ નથી આજે પણ તે પ્રસંગો જાણે ગઇ કાલેજ ન બન્યા હોય એવા તાજાજ ભાસે છે, મને તેની સંપૂર્ણ સ્મૃતિ છે અને આપના કૃત્યોજ એવા છે કે જે ભવાયા ભૂલી શકાતા નથી સદાકાળને માટે યાદજ રહી ગયા છે અને હજી જ્યાં સુધી આયુષ્ય રહેશે ત્યા સુધી કાયમજ રહેશે" ગગાએ જણાવ્યુ, ગગા વૃદ્ધ હતી પણ તેની વાગ શૈલી એવી તિવ્ર અને મોહક હતી કે ગમે તેવી વિચક્ષણ વ્યક્તિને પણ ક્ષણવાર તે તેનુ સાનભાન ભૂલાવી દેતી

"ગગા ! તારૂં બોલવુ સઘળુ દ્વેશયુક્ત છે તારા મનમા હજી મારા પ્રત્યે તિરસ્કાર છે તુ તે ભૂલી જા, અને એકવાર પુન પહેલાના પ્રસંગોનુ સ્મરણ કર પહેલા તુ મારા પ્રત્યે કેટલો પ્રેમ રાખતી, તારી મારી પ્રત્યે કેટલી ભક્તિ હતી, તેની યાદકર અને મે કાઇ ન ભૂલાય એવુ કર્યું હોય તે પણ ભૂલી જા એકવાર પુન આપણો પૂર્વ પ્રસગ જાગૃત કર, આપણે એકવાર જુદા પડયા અને પાછા પ્રભુ કૃપાથી એકત્ર થયા હવે શા માટે તુ વૃથા દ્વેશ કરે છે, હરિની ઇચ્છાજ આપણા સઘળાનો મેળાપ કરાવવાની છે અફઝલખાન અથવા પૂર્વાશ્રમી રઘુનાથને હાથે હજી મહાન કામો થવાના અવશેષ છે, આખી મુસલમાની સલ્તનત તેને હાથે છિન્ન ભિન્ન થવાની છે, તેને સ્હાયતા આપવામાજ આ ણુ જીવનનો અવશેષ ભાગ ગાળવાના છે, તેમા તુ અને પ્રભાવતી સ્હાયતા આપો એટલીજ મારા હૃદયમા અભિલાષા છે માટે તુ મને ગમે તે પ્રકારે પ્રભાનો મેળાપ કરાવી આપ" રામરાજાએ કહ્યું

"મહારાજ !" રામરાજાએ પૂછેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપવો બાજુએ રાખી ગગાએ નવીન પ્રશ્નજ ઉપસ્થિત કરી જણાવ્યુ, "આપને હું એક પ્રશ્ન પૂછું છું, જો આપની આજ્ઞા હોયતો"

"રાજા ! તે માટે તમે મારી આજ્ઞા શા માટે માગો છો ? એક નહિ પણ અનેક પ્રશ્નો પૂછવા હોય તો પૂછો એટલે હું તે સઘળાનો જવાબ યથાશક્તિ જરૂર આપીશ" રામરાજાએ ઉત્તર આપ્યો.

'આપને પ્રભાવતી પર ખરેખરો પ્રેમ હતો ? અને હાલમાં પણ તેટલોજ પ્રેમ કાયમ છે ?'

"જરૂર રાજા ! એને માટે સંશયજ નહોય હું પૂર્વકાળમાં પણ મારા સાચા સ્નેહી તરીકે પ્રભાવતીનેજ માનતો રાજકાજમાં પણ તેની સલાહ લેતો અને તેને અનુસરતો પણ પ્રભાવતીનો સ્વભાવ એવો વિચિત્ર હતો કે તેને પળેપળે ખોટું લાગતું અને તે રિસાતી અને તેની તેજ ખરાબ હઠથી તમને સઘળાને ભયંકર દુઃખયાતનાઓ સહવી પડી વર્ષો સુધી બંદીવાસમાં રહ્યા અને મારા હિંદુના પુત્રને યવનોનું અભક્ષ્ય ભક્ષણ કરાવી વિધર્મી બનાવ્યો તમે પણ ધર્મભ્રષ્ટ થયા આટલું આટલું કષ્ટ પડયું છતાં તમારો હઠવાદી સ્વભાવ ફર્યો નહિ" રામરાજા બોલતો અટક્યો.

"તો મહારાજ ! ખરો પ્રેમ તો પ્રેમીનું કલ્યાણ કરવામાં છે જે કાર્યથી પ્રેમીજનને આઘાત થાય તે કાર્ય ન આચરવું એજ પ્રેમી મનુષ્યોના લક્ષણો છે, પ્રભાવતી તમને ભગવાન માટે પણ ઉત્પન્ન નથી તો પછી તમે તેને મળવાનો આગ્રહ શા માટે રાખો છો વારુ ? વળી તમે માનો છો કે કારાગૃહવાસથી અમને કષ્ટ પડયું પણ મારી દૃષ્ટિએ તેમ કશુંજ નથી જગતનિયંતા હમેશાં કલ્યાણ શ્રેયજ કરે છે તમને એમ લાગે છે કે પ્રભાવતીએ વર્ષાવિહારના ત્યાગ કર્યો ને અનિષ્ટ કર્યું પણ કારાગૃહવાસના એકાંતમાં તેણે પ્રભુની સેવા કરી સાચો આત્મસંતોષ અનુભવ્યો.

બંદીખાનાનો અખંડ એકાંતવાસ તેમને પ્રભુસ્મરણ કરવામાં સ્હાયભૂત થયો. જગતના ભોગો, પ્રેમ, લોભ આદિ દુર્ગુણોની અમારાપર ધસી આવતી છોળોને બંદીખાનાની વજ્ર જેવી દિવાલોએ ખાળી, અમને રક્ષ્યા અને તેથીજ પ્રભાવતી મનુષ્ય પલટાઈ મહાદેવી જેવા નિર્મળ, વિશુદ્ધ થયા. આજે તેમના હૃદયમાં દ્વેષ નથી, તિરસ્કાર નથી, તમારા પર પણ તેમને સ્નેહ છે. જે દિવસે અમે વનવિહારનો ત્યાગ કર્યો તે દિવસે તેમના હૃદયનો કોપ અવર્ણનિય હતો, અને મધુકરને હસ્તેજ આપનો અને વિદ્યાપુરીનો વિનાશ કરવો એવો તેમનો દ્રઢ નિશ્ચય હતો, ઈર્ષા એ તો તેમના જીવનનો આત્મા હતો. આજે તે સઘળુ સમી ગયુ છે, તેમના જીવનમાં અકથનીય પરિવર્તન થયુ છે. આજે તેમને મોહમાયા કાંઇ સ્પર્શી શકતુ નથી, વૈરાગ્યથી અંતર ભરાએલુ છે. આપની સાથે તેમનો અટશ ન પડયો હોત અને અમે વનવિહારનો ત્યાગ ન કર્યો હોત તો આત્મકલ્યાણનો આ અનુપમ માર્ગ પણ તેમને ન જડયો હોત, એટલે જે થયુ તે સર્વથા યોગ્યજ છે, તો તેથી જરાપણ હર્ષ કે શોક કરવાનું તમને શુ પ્રયોજન છે ?”

“ગંગા ! જો તારા કહેવા પ્રમાણે પ્રભાવતી એક આદર્શ આર્યા હોય તો પછી તેની પાસે ઉપદેશ લેવો એ મને પણ સર્વથા યોગ્ય છે. સાધ્વી સ્ત્રીઓને પોતે અમુકને મળે અને અમુકને ન મળે એવો દ્વિધાભાવ હોતો નથી. અને જો પ્રભાવતી પણ એવી પવિત્ર સાધ્વી હોય તો તેને મને મળવાને વાંધો હોય નહિ.”

“આપનેજ શુ જગતની ગમે તે વ્યક્તિની સાથે તેઓ જ્ઞાનગોષ્ટી કરી તેને ઉપદેશ આપી શકે, પરતુ તેમણે તમારી સાથે જીંદગીનો પૂર્વાશ્રમ ગાળ્યો છે, અનેક સુખદુઃખો અનુભવેલા છે અને તેમને દ્વારા

ગૃહવાસ સેવવો પડ્યો એના કારણભૂત પણ તમેજ છો એટલે આપને નિરખતાજ પૂર્વાશ્રમની વિસ્મૃત થયેલી ઘટનાઓ તેમના સ્મરણમા આવશે, અને એ સ્મરણોથી તેમનુ હૃદય કલુષિત થશે તેથીજ હુ આપને તેને ન મળવા આગ્રહ કરૂ છુ” ગગાએ પોતાની શક્તિ પ્રમાણે ઉત્તર આપ્યો પરતુ રામરાજાને તો ગમે તે પ્રકારે, અને બળાત્કારથી પણ પ્રભાવતીને વિદ્યાપુર લઈ જવીજ હતી કારણ કે તેમા તેનો એક રાજકીય સ્વાર્થ પણ સમાએલો હતો વળી પ્રભાવતીપર તેને કાઇક સ્નેહ પણ હતો છતા સ્નેહથી જે કામ કરવા ન પ્રેરાય તે કામ રાજકિય સ્વાર્થ માટે રામરાજા ચુકતો નહિ

“ગગા !” રામરાજાએ ઉત્તર આપ્યો “જો મને નિરખતાજ તેને પોતાનો પૂર્વાશ્રમ સ્મૃતિમા આવતો હોય અને તેને તેથી ક્ષોભ ઉપજે, તો તે પણ અસાધુતાનુજ લક્ષણ છે ખરા સસારી અને પૌષ્ટિક હૃદય ગમે તેવા સ્મરણોથી પણ કદી દુભાતુ નથી તેમને શોક હર્ષ કે ઉદ્વેગ કાઇજ થતુ નથી અને જો તેવા સ્મરણોથીજ તેમને સુખદુ ખ થતા હોય તો પછી તેમણે સસારી થવુજ નહિએ વાસના જ્યા સુધી જીવત હોય ત્યા સુધી ખરૂ સત્વ પ્રાપ્ય છે અને એવુ મિથ્યા પ્રત્યયુક્ત સાધુત્વ ઉતરવુ નકે મોકલનાર આ ધર્મવિઘાતક છે”

“તે ગમે તે હોય, ધાર્મિક વિચારો વિવાદાસ્પદ અને અતિગહન છે, પણ આપ તેમને કૃપા કરીને ન મળો એટલીજ તેમની પ્રાર્થના છે, અને એમાજ સર્વેનુ કલ્યાણ છે”

“ગગા ! તુ જાણે છે” રામરાજાએ જરા ક્રોધયુક્ત ઉત્તર દીધો ગગાએ જાણ્યુ કે અનિષ્ટ થવાના શ્રીગણેશ મડાયા ‘હુ અત્યારે વિદ્યાપુરથી

સઘળુ રાજકાજ છોડી તમને મળવાને માટેજ અત્રે આવ્યો છૂ, ને હવે એમને એમ પાછો જવાનો નથી, જો તમે મારી ઇચ્છા પૂર્ણ ન થવા દેશો તો બળાત્કારથી પણ હુ પ્રભાવતીને વિદ્યાપુર લઇ જઇશ જેમ પ્રભાવતી મહા હઠીલી છે તેમ હુ પણ આગ્રહી છૂ, મારી ઇચ્છા તેજ મારો દ્રઢ ટેક છે તમે મારો તિરસ્કાર કરશો તેનુ પરિણામ અહિતકરજ આવશે એ યાદ રાખજો"

"તો આપ બળાત્કારથી પણ સારૂ પરિણામ લાવી શકશો નહિ પ્રભાવતીનો સ્વભાવ બહુજ વિચિત્ર છે, તમને જોતાંજ તે આત્મઘાત કરી વિશ્વનો ત્યાગ કરશે શુ આપ એથી રાજી થશો?" ગંગાએ પૂછ્યુ

"તુ તેની શા માટે ચિંતા રાખે છે, હુ તેને મળીશ કે તેનો સર્વ ક્રોધ શાંત થઇ જશે અને મારે જે કાઇ વાતો કરવી છે તે હુ કરી લઇશ"

"મહારાજ! બાળપણથીજ મે પ્રભાવતીને પુત્રી પ્રમાણે પાળી પોષી મોટી કરી છે તેની સાથે મે મારૂ આખુ જીવન ગાળ્યુ છે તેને ખાતર મે મારો સસાર પણ છોડ્યો છે જે વખતે આપનો પ્રભાવતીની સાથે યોગ થયો તે વખતે હુ મારૂ ઘરબાર સર્વ તજીને પ્રભાવતીની સાથે આવી તે એમના ઉપરના શુદ્ધ સ્નેહથીજ મને મારી પુત્રી પ્રમાણે એનાપર વહાલ હતુ. અને તે પ્રમાણે મે મારૂ જીવન સગ્રામ પણ એની સાથેજ વ્યતિત કર્યા એટલે એમના જીવનમા બનેલા એકે એક પ્રસગ હુ જાણૂ છૂ આપને જે વાતો કરવી હોય તે મારી સાથેજ કરી લો, હુ આપને મનગમતો સતોષકારક ખુલાસો આપી શકીશ"

"ગંગા! તમે વનવિહાર છોડ્યુ ત્યારે તમારી સાથે મારો પુત્ર રઘુનાથ હતો તે ક્યા ગયો? અને તે વખતે પ્રભાવતી સગર્ભા હતી તેને બીજુ શુ સંતાન થયુ?"

"તે તમે જાણોજ છો તમારો રઘુનાથ તેજ આજનો અફઝલખાન છે પ્રભાવતીને પુત્રીનો પ્રસવ થયો હતો પણ તેનુ હરણ થયુ છે, અને અદ્યાપી પર્યન્ત તેમનો પત્તો મળ્યો નથી તેમના જીવનનો બાકીનો ભાગ તો તમે જાણો છો વિજાપુરમા તો અમેજ પરાધીન હતા અને અહીં આવ્યા ત્યારે તમારી ખટપટો પુન જન્મ પામી, પછી વળી અમારા જીવનમા તો શુ વિશેષ જાણવા જેવુ પડયુ હોય કે જેને માટે તમે આમ તલસી રહ્યા છો ?"

"ગગા ! આ ખટપટો નથી અફઝલખાનને માગથી વિરક્ત રાખવા તમે અપાર યત્નો કર્યા પણ તે અને સર્વથા નિષ્ફળજ ગયા અને રઘુનાથ મને આવી મળ્યો પછી હવે તમે શા માટે ભિન્નતા રાખો છો ? મા હૃદય પ્રભાવની સાથે વાતો કરવા ખરેખરજ તલસી રહ્યુ છે મારે એકવાર એને મળવુ છે અને વાતો કરવી છે તેના હૃદયના મનોભાવ જાણવા છે માટે ગગા ' અવશ્ય તુ એકવાર એને સમજાવી મારી સાથે મેળાવ ગગા ' મે આખા જન્મમા કદીપણ કોઈની પાસે યાચના નથી કરી હુ તારી પાસે યાચના કરૂ છૂ અને વિનવુ છૂ ગમે તેમ કર અને એકવાર પ્રભાવતીના મેળાપ કરાવ "

" મહારાજ ! પણ આપ એવો આગ્રહ શા માટે કરો છો ? હાલને હલ ની ઉતાવળ છ ? અત્યારે આપ એ વિચારજ મૂકી દ્યો. હુ વચન આપુ છૂ કે ભવિષ્યમા જરૂર હુ તેનો પ્રસગ મેળવી આપીશ. આપ બળાત્કારે પણ તેને મળવાનો પ્રયત્ન કરશો તે હુ જાણુ છૂ છતા તેનુ પરિણામ સારૂ નહિ આવે. આપના પ્રત્યે એમને જે પ્રેમ છે તેનો પણ ઉલટો નાશ થશે અને આવુ પરિણામ અતે અહિત થશે.

મહારાજ ! આપે પ્રભાવતીપર અત્યાચારો કરવામા કશીજ કમીના રાખી નથી પ્રભાને તમે દગાથી પરણ્યા, તેના સ્નેહમા પડી તમે તમારો ધર્મ પણ ભૂલી ગયા અને જ્યારે તે માંદગીને બિછાને પડી ત્યારે આપે તેનુ મુખ જોવાની પણ દરકાર નહિ રાખી આપને સદેશા કહેવડાવી કહેવડાવીને પ્રભાવતીની જીભ પણ ઘસાઇ ગઇ, પરતુ આપે તેમનુ સ્મરણુ સરખુ પણ કર્યુ નહિ શુ આપની આ બેવફાઈ નહોતી ? જેની સાથે તમે વર્ષો ગાળેલા, તેમને માટે તમને જરાપણ લાગણી નહિ ! પ્રેમ નહિ ! તમે કેટલા નિ'ઠુર ! અને જ્યારે સાહિબ્નખાનના હાથમા પકડાઇ ગયા ત્યારે તમે પ્રભાવતીને બદલામા આપવાનુ કબુલ કરી મુક્તિ મેળવી ? તમારી કેટલી વિરતા અને શ્રેષ્ઠતા ! શુ પ્રભાવતી તે કોઇ ગુણિકા હતી ? આવા કૃત્યોથી તમારા પ્રત્યે તિરસ્કાર આવે અને પ્રભાવતી તમારો પરિત્યાગ કરે એમા શુ આશ્ચર્ય ! આપ વિચાર કરો કે નસરૂલ્લાખાને પ્રભાવતીને શી લાલસાથી આપને ત્યા મોકલી હતી ? નસરૂલ્લાખાનનો તમારે પ્રત્યે કેટલો રોષ હતો જો પ્રભાએ પિતાની આજ્ઞા માની હોત તો તમારી શી દશા થાત ? અને તેથી આજે તમારો અને વિદ્યાપુરનો પણ વિનાશ થયો હોત ! પણ પ્રભાવતી તે પ્રભાવતીજ હતી તેમનુ હૃદય પ્રેમથી ભરાએલુ હતુ પિતાને દગો આપી પિતૃદ્રોહ કરી તેણે આપનો પ્રાણ બચાવ્યો અને તમને ઉગાર્યા તમે તેની રાજગાદીએ બેસવા અને જગતના વૈભવો ભોગવવા ભાગ્યશાળી થયા પણ આપે તેનો કેવો વિસ્મય વાળ્યો ! તમારી રક્ષા માટે પ્રભાવતીની દેહને રાક્ષસને ત્યા આપવાનો વિચાર કર્યો અને જ્યારે તે શોક દુખથી બળતી જળતી વનવિહારમા આવી રહી ત્યારે તમે તેના એકને એક લાડકવાયા, આખોને ઠારનાર દીકરાને ખેચી લીધો. તમને પ્રભાવતી શાથી મળે ?

તમારી ઉપર તેને કેવી રીતે અનુરાગ થાય ! તમે પ્રભાવતીને મળી શકો એવું શું રાખ્યું છે ?" ગગાએ દ્વેષ, ક્રોધ અને તિરસ્કારયુક્ત મુદ્રાથી જણાવ્યું

રામરાજાનું હૃદય શરમાયું, તેણે પોતાના મુખપર ફરેલી શોકની છાયા બદલી નાખી અને બોલ્યો, "ગગા ! ભૂતકાળનો ઇતિહાસ તને ઘણો કર્કશ લાગે છે પણ મારી કુટિલતાથી તેમાં કર્કશપણું વસ્યું હોય એમ તું માનશે તો તે તારો સર્વથા ભ્રમ છે અવળું જે કાંઈ બન્યું છે તે કારણવશાતજ બન્યું છે સાહિસ્તખાનને પ્રભાવતી આપવાનું વચન માત્ર મારી પ્રાણ રક્ષા માટેજ મેં આપ્યું હતું, તે પ્રમાણે કરવાનો મારો અભિપ્રાય હતોજ નહિ, અત્યારના રાજ્યતંત્રો એવા છે કે અસત્ય, અન્યાય અને અધર્માચરણનું તેમાં પ્રતિપળે પ્રતિપાદન કરવુંજ પડે છે મેં અફઝલખાનને મારી પાસે બોલાવી લીધો તે તેના ભાવિ ઉત્કર્ષને માટેજ તેમ કર્યું છે અહિં તને સન્માન નહોતું, સત્તા નહોતી, તેના ભાવિના ઉદયનો માર્ગ નહોતો, તેથીજ મેં તેને ત્યાં બોલાવી લીધો છે, વળી મારો પુત્ર મારી પાસે ન આવે ત્યારે ક્યાં જાય ? અને મારો તો એનોજ અભિલાષ હતો કે પ્રભાવતીને પણ અહીં લઈ આવવી અને વિદ્યાપુરના મારા રાજમહાલયમાં રાખવી અત્યારે એજ કાર્ય માટે હું અત્રે આવ્યો છું મને એમ લાગતું હતું કે પ્રભાવતી મારું કહેવું માની જશે અને હવે પણ કષ્ટસાગરમાંથી ઉગરી જશે પણ તમારા દુર્ભાગ્ય સમ્યા નથી પ્રભાવતીના ભાગ્યમાં કષ્ટ ભોગવવા બાકી છે વૃદ્ધાવસ્થાનું આગમન હજી પ્રભાવતી પર સંપૂર્ણ રીતે થયું નથી પણ જે દિવસ જરાનું જાલીમ આક્રમણ થશે તે દિવસે તમારો હઠ તમને આશ્રુ નખાવશે, માટે હજી પણ માની

જાઓ. સમય ગયો નથી વનવિહાર છોડીને વિદ્યાપુરના રાજમહાલયમા નિવાસ કરવાનુ સ્વિકારી લ્યો જુઓ, કે કેવા સંયોગોમા આપણે જુદા પડયા! કેવા સંયોગોમા મારો તમારો વિયોગ થયો! અને પાછા અહિં આપણે એકત્ર થયા, મને તો એમા કંઈ દૈવી સંકેત લાગે છે આપણો અખંડ મેળાપજ આપણા ભાગ્યમા સર્જાએલો છે, તો પછી વિરંચીથી વિરૂદ્ધ વિચરવાનુ સાહસ આપણે શા માટે કરવુ જોઇએ ?"

"મહારાજ ! હશે ! એ ગત પ્રકરણોને આપણે ભૂલી જઇએ આપ એમ કહો છો કે અફ્ઝલખાનને તેના હિતને માટે મે બોલાવ્યો છે પણ તેમા આપનો મહાન સ્વાર્થ રહેલો છે મુસલમાન બાદશાહનો અફ્ઝલખાન વિશ્વાસુ સેવક છે અને વિજાપુરના સર્વ ગજદ્વારી કારસ્થાનો તે જાણે છે તેને ફોડવાથી અને સ્વામી દ્રોહી બનાવવાથી મુસલમાની સલ્તનતના સઘળા ગુપ્ત ભેદો આપ જાણી શક્યા હશો થોડાજ વખતમા વિદ્યાપુર અને વિજાપુર વચ્ચે વિનાશ કારી સંગ્રામ મળગશે અને એટલાજ માટે તમે આ ષડયંત્ર રચ્યુ છે પોતાના એકના એક સંતાનને કદી પણ યુદ્ધમા ન મોકલવો એવો પ્રભાવતી । અભિલાષ હતો પણ તમે એને સૌથી પહેલોજ યુદ્ધમા હોમ્યો એથી પણ પ્રભાવતીને બહુ આઘાત થયો છે"

"તે તમારી મોટી ભૂલ છે જો અફ્ઝલખાન અત્રે વિજાપુરની સલ્તનતમા કાયમ રહ્યા હોત તો પણ તેને યુદ્ધ કરવાનો પ્રસંગ આવતજ ક્ષત્રીયોના સંતાનો માટે યુદ્ધ તો રમત છે, તેનો ડર રાખવો એ બનેજ શી રીતે ? અફ્ઝલખાનની રગેરગમા વિરતા ભરેલી છે તે મારા જેવોજ શુરવીર છે તે શુ પ્રભાવતીનો સાચવ્યો સચવાયો હોત ? કદી નહિ. તો પછી તમે શા માટે શોક કરો છો અને છતા પણ પ્રભાવતીની ઇચ્છા તેને યુદ્ધથી વિરક્તજ રાખવાની હશે તો તેમ થશે. ગમા ! હવે

આપણે ઘણી વાત કરી, ઘણું બોલી ચુક્યા હવે બોલવાનું છોડી દો અને સત્વર મારી સાથે આવવાને પ્રયાણ કરો વિજાપુર નરેશને ખબર પડશે કે અફઝલખાન પોતાની નોકરી છોડી, રામરાજાને શરણે ગયો છે તેજ દિવસે તે તમારા ભૂડા હાલ કરશે અને તમારે કુતરાને મોતે મરવું પડશે"

"અફઝલખાન તમારે આશ્રયે આવ્યો એથી આદીલશાહ ગમે એવા અત્યાચાર અમારી ઉપર કરશે તે અમે આનદથી સહન કરી લઇશુ પુત્ર સ્વામીદ્રોહનુ પાતક કરે તો તેની શિક્ષા માતાએ ભોગવીજ લેવી જોઇએ" ગગાએ હુકમ પતાવ્યુ

"ગગા! હવે એવુ તુ કયા સુધી બોલ્યા કરશે? બનાવ મને પ્રભાવતી કયા છે? જો જરાપણ છુપાવ્યુ તો યાદ રાખ પ્રથમ તો તલવારથી તારાજ બે ટુકડા કરી નાખીશ" રામરાજાએ ગુસ્સે થઇ જણાવ્યુ

'તો આ ગરદન રહી, પાપીને પાપની શી પરવા હોય, એટલુ પાપ વધારે કરી લ્યો" કહી ગગાએ રામરાજાની આગળ ગરદન ઝુકાવી રામરાજા સ્તબ્ધ થઇ ઉભો રહ્યો એટલામા પાછળ ફકીર આવી પહોચ્યો તેને અહીં બનેલો પ્રસગ ખબરજ નહોતો ગગાના આવ્યા પછી પ્રભાવતી અને ફકીર બન્ને ઓવારાપર બેઠા હતા પ્રભાવતીએ ફકીરને પણ ચાલ્યા જવાની આજ્ઞા આપી હતી પરતુ ફકીર ત્યા પાછળજ વૃક્ષને ઓથે સતાઇ રહ્યો હતો પ્રભાવતીનુ મસ્તિક ઉદ્વેગથી અધિર થઇ ગયુ હતુ તેથી તે પુન સ્નાન કરવાને સરિતામા ગઇ ફકીરને લાગ્યુ કે તે આત્મઘાત કરવા જાય છે એટલે તે એકદમ ગગા પાસે આવ્યો અને બોલ્યો, "ગગા! કૃષ્ણઓવારે માતાજી એકલા છે અને તેમની સ્થિતિ

બહુજ ઉદ્વેગપૂર્ણ છે માટે તમે જલદી ત્યા જાઓ" તેના બોથો ગગાને ઉદ્દેશીને નીકળ્યા હતા પણ તે સાભળતાજ રામરાજાએ અશ્વસ્વાર થઇ પોતાનો અશ્વ તે બાજુએ દોડાવ્યો પ્રભાવતીની સ્થિતિ ઉદ્વેગપૂર્ણ સાભળી ગગા પણ તે તરફ દોડી ફકીર રામરાજાની પછળ દોડયો અને તેમના ઘોડાની લગામ ઝાલી લઇ કહ્યુ, "ખબરદાર ! એક પણ ડગલુ આગળ ભર્યું તો તમારૂ ધડ અને શિર અહીંજ જુદા પાડી નાખીશ" પ્રત્યુત્તરમા રામરાજાએ ફકીરની છાતીમા ક્રોધના આવેશથી એવી લાત મારી કે ફકીર ચત્તોપાટ જમીન ઉપર પડયો પણ ઘોડો આગળ દોડી જાય તે પહેલાજ ઉભા થઇને ફકીરે કમરેથી જમીયો કાઢી એવા જોરથી ઘોડાના ઉદરમા માર્યો કે તે નિર્દોષ પ્રાણી સ્વર્ગે સચરી ગયુ રામરાજા કુદીને નીચે ઉતર્યો તેને એ અશ્વ પર તેના પ્રાણ કરતા પણ અધિક પ્રેમ હતો રામરાજા તલવાર કાઢીને ફકીર ઉપર પ્રહાર કરવાને ગયો એટલામા ફકીર કુદી જઇને પાછળથી તેને એવો બાઝયો કે રામરાજા જમીન ઉપર પછડાયો, ફકીર તેની છાતી ઉપર ચઢી બેઠો તે કમ્મરેથી જમીયો કાઢીને રામરાજાપ્રતિ બોલ્યો, "ઓ દુષ્ટ ! આજે તને તારા સઘળા નીચ-કામોનો બદલો આપુ છૂ છેલ્લે છેલ્લે તારા પ્રભુને પગે લાગી લે, જોઉં, તારા મહાદેવમા કેવુ બળ છે અને તને કેવી સ્હાયતા આપે છે ?" એવુ કહી તે જેમ જમીયાનો પ્રહાર કરવા જાય છે કે પાછળથી એક તીર એવુ આવ્યુ કે ફકીરનો હાથ પહોચામાથી છૂટો પડી ગયો અને તે બેભાન થઇને નીચે પડયો હિદુરાજ્યને સદભાગ્યે મહાદેવે રામરાજાને સ્હાયતા આપી રામરાજાએ તલવાર મ્યાન કરી અને ભદ્રાના કૃષ્ણ ઓવારા તરફ પગે ચાલતાજ પ્રયાણ કર્યું માર્ગમા તેના મનમા અનેક તર્ક વિતર્ક થતા હતા, "પ્રભાવતી મને મળીને વાત કરશે ખરી ? પણ

હવે મારે તેનુ શું કામ છે ગમે તેવી પણ તે એક યવન પિતાની પુત્રી છે, અને હવે તો તેના યૌવનની પણ સમાપ્તી થવા આવી છે પછી તેને માટે આ મિથ્યા પ્રયત્નો શા ? અને હુ મારૂ આર્યત્વ–અભિમાન તજી એ નીચ અનાર્યાને પાયે પડુ એ શુ ? હરિ ! હરિ ! મને શી બુદ્ધિ સુઝી ? પ્રભાવતી પાછી શા માટે આવી ? અને આવી તો ભલે પણ મારે તેને મળવાની શા માટે અભિલાષા રાખવી ? ત્યારે શુ હુ પાછો ફરૂ ?" રામરાજા એમ વિચાર કરતો જરાક બાગમાજ સ્થભ્યો "પ્રભાવતીને મારે માટે તિરસ્કાર અને ધિક્કાર છે, તે મને વિષયી, સ્વાર્થ સાધુ અને ઠગારો સમજે છે તો શા માટે મારે એની પાછળ પાછળ ભટકવુ ? શા માટે મારે હજી એનાપર મોહ રાખવો ? હુ એના ભાવી કષ્ટોને ખાળવા યત્નો કરૂ છૂ પણ તે ભ્રષ્ટ વર્ણશકર દેહને નર્કમાજ આનદ મળે છે ત્યારે તેને તારવાની મારે શી અગત્ય ! હજીએ નવા હજારો કષ્ટો સહન કરે મારો પુત્ર તો અતે મારી પાસે આવ્યો છે હવે મારે એ સ્ત્રીને માટે કાઇપણ કરવાની આવશ્યક્તા નથી હુ હિદુધર્મનુ જ્વલત અભિમાન રાખુ છૂ, પ્રજા મને આર્યધર્મના સ્થભ તરીકે પૂજે છે અને આમ હુ આ યવન સુદરીની પાછળ ભમતો ફરૂ છૂ યૌવન એ મોહ કાળ છે અને મૂર્ખાઇ કરવાનો અવસર છે પણ મારો અને પ્રભાવતીનો બન્નેનો યૌવનકાળ વમી ગયો છે છતા મને આ મૂર્ખાઇ શી ! મારો પુત્ર પણ આ સ્ત્રી જેમ દયા વિનાની છે અને મારો ઉપકાર વિસરી ગઇ છે તેમ શુ તેના પુત્રના સબધમાપણ ન બને ! તે પણ શુ આવો દગાખોર ન નીકળે ! ને તેનજ મે મારો અગરક્ષક નિમ્યો છે એ પણ મારી મૂર્ખતાજ છે ! ખરેખર ! એને પણ હવે જેમ બને તેમ રાજકારસ્થાનોમાથી મુક્તજ રાખવો જોઇએ. પણ એને હુ બધી

ચિત્ર ૪ થુ

વિનાશીની વામા



આર્ટિસ્ટ [illegible]

“ રામગજા ઓવાગની પાળ ઉપર ચઢયો અને પ્રભાવતી તરફ ધસ્યો, પ્રભાવતીએ તેનો હાથ પોતાને સ્પર્શે તે પહેલાજ ‘ જય ભદ્રા ’ કહી ભદ્રા દેવીને પાલવે આશ્રય લીધો ”

પ્રકરણ ૧૫ મું]

ગુપ્તવાતો, ખજાનાની માહિતી, સૈનીકોની સંખ્યા વિગેરે સઘળુંજ કહી ચૂક્યો છું, તેથી વિદ્યાપુરનો એને હસ્તે ભોગ તો ન અપાય? હા! કદાચ એ વિશ્વાસઘાતી થઇ વિદ્યાપુરનું નિકંદન વાળવા તૈયાર થાય તો મારે શું કરવું, ત્યારે વિદ્યાપુરને એનોજ ભોગ આપું તો? હાય! કેવો દુઃખદ પ્રસંગ! પિતાને હાથેજ પુત્રનું મૃત્યુ! હું પિતા થઇનેજ તેનો વિનાશ કરૂં! નહિ, નહિ, પણ એને મારા અને પ્રભાવતીના સ્નેહની વાત સ્પષ્ટપણે જણાવી તો દેવીજ કે તેથી એને મારા પ્રત્યે જે તિરસ્કાર હોય તે મટી જાય, પણ તેમ કરતાં એને અત્યારે મારા પ્રત્યે જે સદ્‌ભાવ છે તે જતો રહેશે હું સૌંદર્ય ખાતર એક મુસલમાન કુમારીકાં સાથે પરણ્યો, વટલ્યો તથા જાતી અને ધર્મથી ભ્રષ્ટ થયો! મુસલમાન કન્યા સાથે વર્ષો સુધી વસ્યો પછી મારી વિશુદ્ધતા ક્યાં રહી! હું પણ કેવો નીચ?” વળી તેને એક નવો વિચાર આવ્યો “રજુદીને કહ્યું છે કે અફઝલખાનને પૂર્ણપણે મેળવી લેવા પ્રથમ તેની માતાને મેળની લેવી જોઇએ ત્યારે તો હવે ગમે તેમ કરી પ્રભાવતીને મળવુંજ જોઇએ” વળી વિચાર પલટી ગયો નૌકા તેજ ઠેકાણે આવી રહી. રામરાજા આગળ વધ્યો અને છેક પાસે આવ્યો. તેને દૂરથીજ દેખતાં પ્રભાવતી ઉભી થઇ ગઇ, તેનું હૃદય કંપવા લાગ્યું ગંગા ત્યાં પાષાણવત્ ઉભેલી હતી

“રામરાજા ઓવારાની પાળ ઉપર ચઢયો અને પ્રભાવતી તરફ ધસ્યો પ્રભાવતીએ તેનો હાથ પોતાને સ્પર્શે તે પહેલાંજ ‘જયભદ્રા’ કહી ભદ્રા દેવીને પાલવે આશ્રય લીધો રામરાજા પણ પાછળ કુદયો. ભદ્રાનું શાંત નિર જાગૃત થઈ ગયું સરિતાના પ્રવાહમાં આગળ તણાતી પ્રભાવતી અને પાછળથી ભિંજાએલે વસ્ત્રે તરવાને પ્રયત્નો કરતો રામરાજા બન્ને તણાયા સૂર્યના કિરણોમાં કર્કશતા આવી ગરમ પવન વાવા લાગ્યો.

પ્રકરણ ૧૬ મું.

વિષવૃક્ષનુ બીજારોપણ.

આજ રામરાજાનો જન્મ દિવસ હતો પ્રાતઃકાળ થતાજ દરબારગઢ આગળ વાજીત્રોનો ઝણકાર સભળાવા લાગ્યો વિદ્યાપુરીમા આનંદની છોળો વહી ધર્મગૃહના દ્વારપર અસખ્ય ભિખારીઓના ટોળે ટોળા ભેગા મળવા લાગ્યા, તેમને સતોષવા વિવિધ પ્રકારના મિષ્ટાન્ન પિરસાયા દરબારગઢથી થોડે દૂર નૃસિહભગવાનનુ મદિર હતુ ઉપર ઉડતી આર્ય ગૌરવદર્શીની ભગવી પતાકા દૂર સુધી દેખાતી, પ્રજાના નયનોને આકર્ષતી, પોતાની વહારે આવવા વિદ્યાપુરવાસીઓને નિમત્રતી હતી ઘટ નાદો વાગી રહ્યા હતા મદિર શ્વેતઆરસના પત્થરોનુ બાધેલુ હતુ આગલુ રગભુવન ઘણુજ વિશાળ હતુ માહે નૃસિહભગવાનની કનક પ્રતિમા દૃષ્ટિગોચર થતી હતી નેત્રસ્થાને બે ચળકતા મહામૂલી હિરા હતા શિર ઉપર શોભતો મુકુટ નિલમ, માણેક આદી રત્નોપરત્નોનો બનેલો હતો મુતિની ચારે તરફ ઘૃતના અખડ દીપકો બળતા હતા તેના પ્રકાશથી પ્રતિમાના નયનો વધારે શોભતા રામરાજા નૃસિહભગવાનનુ દર્શન કરવા પગે ચાલીનેજ જતો હતો, તે પ્રમાણે આજે પણ મહારાજાની સ્વારી નીકળી આગળ મહારાજાના સશસ્ત્ર સૈનીકો પાછળ રામરાજા, તેની પાસે મહાઅમાત્ય નારાયણપત, ડાબી બાજુએ સઘળાની આખે ચઢલો રણધીરસિહ અથવા અફઝલખાન અને તેની સાથે મહાસૈનાધિપતિ મહારાજાનો વડીલ બધુ અર્જુનદેવ હતો તેમની પાછળ પટાવતો સરદારો વિગેરેનો જમાવ હતો મહારાજાના પ્રાય

મ દિરને પગથીએ પડતા વાદ્યોની ગર્જના અને બ્રાહ્મણોના સ્વરથી મ દિર ગર્જી ઉઠ્યુ નાગરીકો પણ પોતાના મહારાજાના દર્શન કરી કૃતકૃત્ય થવા ટોળેટોળા ભેગા મળ્યા મહારાજા પાસે રાજ્ય ગોરે યથાવિધિ પ્રતિમાનુ પુજન કરાવ્યુ પુજન વિધિ સમાપ્ત થઇ અને મહારાજા નિત્ય પ્રમાણે રગ ભુવનમા વિશ્રાતી લેવાને બેઠા એક પછી એક મ દિરના પુજારીઓને દક્ષિણા આપવાનુ કાર્ય પર્ણ થયુ પછી સરદારોને, માડલીકોને અને રાજદરબારીઓને મહારાજાને સલામ ભરવાની આજ્ઞા થઇ સૌથી પહેલા મહારાજાના મહાલયના રક્ષકનુ કાર્ય બજાવતા જાદવવ શના માડલીકોને રાજાને સલામ ભરવાનો અધિકાર હતો પ્રાચીન રજપુતરાજ્યોમા અનેક વાર આવા અલ્પ કારણોવશાતજ ભયકર વિનાશી તકરારો ઉપસ્થિત થતી હતી અહીં પણ તેમજ બન્યુ. જાદવપતિ રગનાથ ઉઠે તે પહેલાજ રણધીરસિહ ઉઠ્યો અને મહારાજાને સલામ ભરવા આગળ ધસ્યો તેણે સલામ કરવા હાથ ઉપાડ્યો કે પાછળથી રગનાથે તેનો હાથ પકડી લીધો "સરદાર' મહારાજાને પ્રથમ વદન કરવાનો અમારો અધિકાર છે તમે નવા સરદાર છો એટલે તમને પહેલી સલામ કરવાનો અધિકાર નથી' કહી રગનાથે તેને પાછળ હડસેલ્યો આ અપમાનથી રણધીરસિહનુ મસ્તિક ભ્રમિત થઇ ગયુ

"રગનાથ' તે કહેવાનો તમને અધિકાર નથી હુ નમન કરવા ઉઠ્યો તે મહારાજા જુએ છે તે અમને અટકાવતા નથી પછી આપને મને અટકાવવાનો લેશ માત્ર પણ અધિકાર નથી હુ મહારાજાનો અગ-રક્ષક છુ જેમ તમને મહારાજાના રક્ષણનુ કાર્ય સોપાએલુ હતુ ત્યારે પહેલી સલામનો અધિકાર તમને હતો, હાલમા મહારાજાના સરક્ષણનુ કાર્ય મને સોપવામા આવ્યુ છે. એટલે તે અધિકાર પણ મને પ્રાપ્ત

થયો છે માટે કૃપા કરી તમે બેસી જાઓ હુ તમને મારા કરેલા અપમાનની ઉદાર હૃદયે ક્ષમા આપુ છૂ" અફઝલખાને પ્રસ્તાવના કરી

"સરદાર ! તમે નવા છો એટલે વિદ્યાપુરના રાજદરબારી રિવાજોથી સર્વથા અજ્ઞાત છો તમને ખબર નથી કે મહારાજાને વદન કરવાનો અમને વશપરપરાનો અધિકાર છે પરાપૂર્વથી અમને એ અધિકાર પ્રાપ્ત થએલો છે મહારાજા કૃષ્ણદેવે પણ અમારો તે અધિકાર જાળવેલો છે, તેનો ભગ કરવાની રામરાજાને પણ સત્તા નથી મહારાજાના જન્મદિવસનો મગલ પ્રસગ છે, તેમા વિક્ષેપ ન થાય માટે કૃપા કરીને તમેજ બેસી જાઓ તમને મહારાજાએ તેમના સરક્ષણનું કાર્ય સોંપ્યુ, તેમ કરવાનો તેમને અધિકાર છે, પણ અમારા વશપરપરાના જન્મસિદ્ધ હક્કને રોકવાની કોઇની પણ સત્તા નથી એ તો જ્યાસુધી વિદ્યાપુરની ગાદી કાયમ છે, ત્યા સુધી અમારો અધિકાર પણ કાયમ છે, અને વળી મે તમારૂ અપમાન કર્યું તેની તમે મને ક્ષમા બક્ષો છો રણધીર ! રજપુતો મૃત્યુથી ડરતા નથી કે ક્ષમા માગે" રગનાથે જણાવ્યુ

"તુજ શબ્દ છે મુર્ખાઇના તેને હજી ના છોડશે,
તો વ્યર્થ આ હઠીલાઇથી તુ જીદગાની તોડશે
મિથ્યા અરે ! મમ્મત કરી જીવ ઝેરસાથે જોડશે ?
કે કુભ આ કાયા તણો તેને નકામો ફોડશે ?
કા ઝેરની દૃષ્ટિ કરી તુ મૃત્યુને મતકારવા,
તૈયાર શા કાજે થયો તજી દેહને સ્વર્ગે જવા"

"સરદાર !" રણધીરે ક્રોધના આવેશમા ઉત્તર આપ્યો, તેના શરીરની રગેરગમા ક્રોધ વ્યાપી ગયો હતો, "તમે મારૂ ભરસભામા

અપમ ન કરો છો, પણ સ્મૃતિમા ાખજો તેનું પરિણામ ઘણુજ અનિષ્ટ અને વિઘાતક થશે મહારાજા આ પ્રસ ગને માટે ઉદ્ગાર સરખો પણ કાઢના નથી છતા તમે તેમને માટે પણ ગમે તેવા શબ્દો બોલી દરબારશ્રીનુ અપમાન કરો છો આજના મગલ પ્રસગે રગમા ભગ પડાવવાનો અક્ષમ્ય અપરાધ તમારે હાથે થડે છે મહારાજાએ સેનાધિપતિનું પદ પણ મને સોપેલુ છે જો આપ આવુ અનિષ્ટવર્તન ચાલુ રાખશો તો મહારાજાનુ અપમાન કર્યા માટે હુ તમને કારાગૃહવાસી બનાવીશ, તમે એક પણ શબ્દોચ્ચાર કર્યા વિના બેસીજ જાઓ"

"ચડાળ! જો હઠે ચઢી મમ માર્ગ આ પ્રતિકારશે,
તો વ્યર્થ મમ સમશેરથી તુ દેહ તારી હારશે.
આ જીદગી લાબી હશે થૈ મૂર્ખ તેને મારશે,
સસારને છોડી દઈ શુ મૃત્યુને સત્કારશે?
તુજ શબ્દની શિક્ષા તને બહુ આપવા દિલ થાય છે,
હુ જોઉં છૂ સિહહસ્તથી મૃગબાળ છટકી જાય છે?"

પ્રત્યુત્તરમા રગનાથ હસ્યો, તેનુ ક્રોધાકિત, તિરસ્કાર મિશ્રિતહાસ્ય તેની મૂછોમાજ સમી ગયુ

"સરદાર! એવો ગર્વ તો આપ રાખશોજ નહિ. રગનાથને કેદ કરવા માટે અસખ્ય મનુષ્યો આવે તો પણ જાદવ રજપુતની સમશેર તે સઘળાને પ્રત્યુત્તર આપવા સમર્થ છે મારી દેહમા જ્યા સુધી ચૈતન્ય છે, ત્યા સુધી હુ જોઉં છૂ કે મને આગળી પણ કોણ લગાડી શકે? તમે તો શુ પણ તમારા જેવા સેકડો રાજસ્થાની વિરો આવે પણ દક્ષિણના યોદ્ધાઓને નમાવવા એ રમત નથી. મહારાષ્ટ્રના ઉંચા દુર્ગો

હજી કાયમ છે અને આ ભૂમિમા તો કાંઇ અજબ શૌર્ય ભરેલુ છે દક્ષિણના નરકેસરીઓની હાકથી એકવાર દીગપાલ ડોલી ઉઠે છે તમારા ' હુ ક્ષમા મને પકડવાનુ અભિમાન હોય તો તે તજી દેજો અને તે કાયમ રાખવુ હોય તો વિદ્યાપુરનો દરબાર ત્યજી દેજો, કારણ કે "

"ખબરદાર " તેને વચ્ચેજ બોલતો રણધીરસિંહે અટકાવી નાખ્યો, ' રામરાજાના દરબારના દ્વાર બધ કરવાનો તમને અધિકાર નથી મહારાજની આજ્ઞાથીજ હુ અહિ વન્યો છુ મારી તલવારથીજ હુ અત્યાર નિર્ણય કરી આપત કે પ્રથમ વદન કરવાનો અધિકાર કોને છે પરતુ આજનો મગલ અવસર આપણા રૂધિરથી ખરડાએલો ન બને તે ખાતરજ હુ એ ન્યાય મહારાજાને સોપુ છુ અને દરમાગ્રા ફરમાવશે તે પ્રમાણે કરવાને બધાઉં છુ " એટલુ કહી રણધીર પોતાને સ્થાને બેસી ગયો સમસ્ત સભાજનોનુ લક્ષ આ તકરાર પર ખેચાયુ હતુ રામરાજા તરફ બધાની દ્રષ્ટિ વળી તે શુ પ્રત્યુત્તર આપે તેના ઉપર નાવ આવીને અટક્યુ દરેક મનુષ્યોના મનમા નવીન નવીન તર્કવિતર્ક ઉપસ્થિત થવા લાગ્યા રામરાજા જાણુ કાંઇ બન્યુજ ન હોય તેમ શાત, સ્થિર બેસી રહ્યો એક પણ શબ્દ તેના મુખમાથી બહાર પડયો નહિ થોડીક પળો કેવળ શાતીમા ગઇ છેવટે રગનાથ ઉભો થયો અને બોલ્યો, "મહારાજ ' આપને વદન કરવાનો હક પરાપવથી પ્રથમ અમારા વશજોને છે. તે પ્રમાણે અદ્યાપી પર્યન્ત તે હકો અમે ભોગવ્યા છે અને ગાદીના સાચા વફાદાર તરીકે સર્વોત્તમ સેવા બજાવી છે તે આપને પણ અજ્ઞાત નથી. તેથી હુ આપને પ્રથમ વદન કરી ઉપકૃત થાઉં છુ " કહીને તે વદન કરવાને માટે વાકો થયો પહેલા જેટલી ચપળતાથી રણધીરને રગનાથે વદન કરતા અટકાવ્યો હતો, તેવીજ રીતે તેને આગળ વધતો રણધીરે

અટકાવ્યો, અને પોતે ઉભો થયો આખરે રામરાજાનુ મૌનવ્રત તૂટયુ "રગનાથ! વિદ્યાપુરના નરેશને પ્રથમ વદન કરવાનો અધિકાર ગાદીના સાચા વફાદાર સેવક, ગાદીના હિતચિન્તક અને મહારાજાના રક્ષકનેજ છે તે અધિકાર અમુક વ્યક્તિને નથી પણ ઓહ્દાને છે ભવિષ્યમા વિજાપુર જોડે યુદ્ધ આરભાવાનો પ્રસગ આવે ત્યારે આપના જેવા યોદ્ધાઓનુ ઘણુજ કામ પડશે તેથીજ મે તમને સેનાનાયકનો અધિકાર આપી તમારો અધિકાર રણધીરને સોપ્યો છે કારણ કે મારા રક્ષણનુ કામ કરવાની મારામા સપૂર્ણ શક્તિ છે એ ઓધ્ધા રણધીરને આપ્યો તે સાથે તે ઓહ્દાના સઘળા હક્કો પણ તેનેજ સોપાયા છે, એટલે હવે મને પ્રથમ વદન કરવાનો અધિકાર રણધીરસિહનોજ છે' રામરાજાએ છેવટનો પડદો ઉઘાડી નાખ્યો, તેનો આવો વિચિત્ર ન્યાય સાભળી શ્રોતાગણ પાષાણની પ્રતિમાવત્ દિંગમૂઢ થઇ ગયા નવા આવેલા સરદારપર મહારાજાનો આવો સ્નેહ જોઇ સૌ આશ્ચર્યચકિત થઇ ગયા, પણ કોઇ કઇ બોલી શક્યુ નહિ

"મહારાજ! અમને વદન કરવાનો અધિકાર અમારા ઓહ્દા સાથે સોપાયો નથી, પણ જે સમયે વિદ્યાપુરની રાજ્યગાદીની સ્થાપના થઇ ત્યારથીજ વિદ્યાપુરના નરેન્દ્રને જમણે હાથે બેસવાનો અને તેમને પ્રથમ વદન કરવાનો અધિકાર અમારા વશને પ્રાપ્ત થયો છે મહારાજાનો આવો વિચિત્ર ન્યાય મને ઘણોજ ખેદકારક લાગે છે મારી નમ્ર વિનતી છે કે પુનઃ દરબારશ્રી વિચાર કરી પોતાનો વિપરિત ન્યાય ફેરવી નાખે" રગનાથ બોલ્યો.

"રગનાથ! વદન કરવા જેવી તુચ્છ બાબતમાં પરસ્પર કલેશ કરવો એ તમારા જેવા સુજ્ઞ ગૃહસ્થને શોભાસ્પદ નથી માટે આપ એવો હઠ છોડી દો અને રણધીરને વદન કરવા દો" રામરાજાએ હુકમ ફરમાવ્યો,

"રામરાજા !" રગનાથે જણાવ્યું રગનાથ વયે રામરાજા કરતા મોટો હતો એટલે ઘણી છૂટથી તેની સાથે વર્તી શકતો, મહારાજાનું અભિધાન બોલી તેને ઉદ્દેશવું એ તેનું સ્વાભાવીક રીતે અપમાન ગણાતું. "પરાપૂર્વથી ચાલતો આવેલો વદન કરવાનો અમારો પ્રધાન હક છે ગાદીને વફાદાર રહી અમે આજ પર્યન્ત વિદ્યાપુરની અસ્ખલિત સેવા બજાવી છે કોઈપણ પ્રકારે અમે એવી બેવફાઇ નથી કરી કે જેથી મહારાજા અમારો એ અધિકાર નષ્ટ કરે ક્ષત્રિયોનો નિયમ છે કે આપણે દુશ્મનોના દેશ જીતિએ તોપણ દુશ્મન નરેશના પ્રજા પ્રતિના સઘળા અધિકારો જાળવી રાખીએ છીએ અને તેમના સઘળા હક માન્ય રાખીએ છીએ, તો તમારા પૂર્વજોએ પાળેલા અને વિદ્યાપુરની ગાદીના પરમ પ્રતાપી સ્થાપકોએ અમારા શૌયપર મુગ્ધ થઈ અમને અર્પેલા અધિકારો મિથ્યા કરવાનો આપને પણ શું અખત્યાર છે ?"

"બસ કરો રગનાથ ! રણધીરાસહને પ્રથમ વદન કરવાનો અધિકાર હું આજથી અપણ કરૂ છૂ રાજ્યકાર્યભારની દરેક સત્તા મારે હસ્તગત છે, માટે તમે બેસી જાઓ" રામરાજાએ ક્રોધપૂર્વક જણાવ્યું.

"જુઓ મહારાજા ! આ અતિશય અન્યાય થાય છે. આપના આવા સ્વચ્છદી વર્તનનું પરિણામ અગમ્ય અને અનિષ્ટ આવશે ."

"કહોને કે વિદ્યાપુરનો રાજ્ય મુકુટ મારે શિરેથી ઉતરી તમારે શિરે ચઢશે રામરાજાના હસ્તમા અગાધ સૈનીકો છે. તેને તમારા જેવા ભિરૂ, નીચ અને હઠવાદી મનુષ્યોનો લેશમાત્ર પણ ડર નથી, તમે જે અઘટિત વચનો કહ્યા છે, તે બદલ તમને શિક્ષા કરવાનો મને પૂર્ણ અવકાશ છે, પરતુ તમારી અદ્યાપી પર્યન્તની સેવા લક્ષમા લઈ હું

તમને ક્ષમા અર્પું છું તુ બાહુબળમા મસ્તાન છે, પણ રામરાજાના દરબારમા કેમ વર્તવુ તેનુ તને સર્વથા અજ્ઞાન છે, રંગનાથ! તમે આવા ઉદ્ધત અને અવિચારી વચનો કયા ઉચારો છો તેનુ તમને ભાન છે?

"વદીને મૂર્ખ આ વાણી નકામો પ્રાણ આપે છે,
હશે લાબુ જીવન તેને સ્વહસ્તે કેમ કાપે છે?
થશે શિક્ષા ભયકર તુ વચન મારૂ ઉથાપે છે,
જુઓ! ત્રણલોકમા આજે અમારૂ રાજ્ય વ્યાપે છે,
તમારી રાજ્ય સેવાને હૃદયથી ખૂબ સભારૂ,
તને તેથી ક્ષમા આપી છતા શક્તિ નહિ મા-"

"હા મહારાજ! આપ જ્યારે હદ છોડીને બોલો છો, ત્યારે મને પણ તેવાજ વચનો બોલવાની આવશ્યકતા જણાય છે હુ બાહુબળમા મસ્ત બનેલા રામરાજા આગળ આ વચનો ભાખુ છુ તેનુ મને પૂર્ણ જ્ઞાન છે અને તેને બદલે સત્તાને બળે જે સજા કરો તે સહન કરવા પણ રંગનાથ તૈયાર છે. આપ નથી જાણતા કે આપનુ આવુ વર્તન વિદ્યાપુરના રાજ્યનો અતે વિનાશજ કરશે."

"આ દેહના ટુકડા કરો, કે ઝેરથી કાયા ભરો,
તેનો ન કાઇ ખરખરો આ પ્રાણની પરવા નથી.
કિરતાર જગમા એક છે, જો એક મારી ટેક છે,
વળી ન્યાય મારો નેક તો, તુજ બાણથી પરવા નથી.
જે સત્ય છે મુજ પક્ષમા, રાખો જરૂર તે લક્ષમા,
શાની મને આપો ક્ષમા! મૃત્યુ તણી પરવા નથી."

"રંગનાથ! ભલે તમારે હવે વિદ્યાપુરના સરદાર તરીકે અવશેષ જીવન ન ગાળવું હોય તો આજેજ ચાલ્યા જાઓ. મને તમારા જેવા સ્વામીદ્રોહીની લેશમાત્ર પણ પરવા નથી. આજપર્યન્ત મેં તમને રક્ષણ આપ્યું, દરબારનો આશ્રય આપ્યો, તેના બદલામાં તમે વિદ્યાપુરના સમ્રાટને ભય બતાવો છો. શરમ છે, તમારા જેવા મિથ્યાભિમાની સરદારને! મને તમારા ઉપર અકથનીય ક્રોધ ઉત્પન્ન થાય છે અને અત્યારેજ તમારો શિરચ્છેદ કરૂં એવો વિચાર થાય છે. રંગનાથ! તમારા આજ પર્યન્તની રાજસેવાના પારિતોષક તરીકે તમને શિક્ષા નથી કરતો ને ફરમાઉં છું કે જાઓ! તમે પુનઃ વિદ્યાપુરના દરબારમાં મુખ બતાવશો નહિ. હું આજથીજ તમને પટાવત તરીકેના અધિકાર પરથી પદચ્યુત કરૂં છું, અને તમારી કંચનદુર્ગની જાગીર જપ્ત કરૂં છું."

"મહારાજ! હું આપની આજ્ઞાને માન આપી અત્યારેજ તમારા દરબારનો ત્યાગ કરૂં છું પણ સ્મૃતિમાં રાખો કે કંચનદુર્ગની ઉંચી દિવાલોને મુસલમાનોના સૈન્ય મહાસાગરની છોળો પણ તોડવા અસમર્થ નીવડી છે, કંચનદુર્ગ અજીતગઢ છે, તે પ્રભુ વિના કોઇપણ કદાપિ સૃષ્ટિનો મનુષ્ય તોડી શકેજ નહિ. હું જોઉં છું કે તમારો કયો સરદાર સૈન્ય લઇને કંચનદુર્ગને છિન્નભિન્ન કરવા આવે છે."

"એમ! તો તમને હમણાંજ તેનો પરિચય કરાઉં છું. રણધીરસિંહ."

રામરાજા આગળ બોલે તે અગાઉ નારાયણપંત મહાઅમાત્યે મહારાજાને વિજ્ઞપ્તી કરી જણાવ્યું, "મહારાજ! ક્ષમા કરો, રંગનાથ ગમે તેવા અપરાધી છે પણ આપના દરબારનો સ્થંભ છે. તેને આપ કોઇપણ પ્રકારની શિક્ષા કરો એ આદરણીય નથી, રંગનાથનું કહેવું સર્વથા

અયોગ્ય નથી વિદ્યાપુરના દરબારીઓ માટે જેજે અધિકારો પરાપૂર્વથી નિયત થયા છે, તે પાળવાને આપણે સબળા પ્રતિજ્ઞાથી બંધાએલા છીએ માટે આપ આપનો અયોગ્ય હુકમ તજી રંગનાથને તેના હક્ક પ્રમાણે વર્તવા દેશો આપને પહેલું વંદન કરવા રંગનાથ અતિ ઉત્સુક છે, તે પરથી જુઓ કે તેને મહારાજને માટે કેટલું અભિમાન છે, તેને આપ આમ અયોગ્ય શિક્ષા કરો એ લજ્જાસ્પદ છે"

"બિલકુલ નહિ," રામચંદ્રે આવેશમાં કહ્યું, "જ્યાં જ્યાં વિદ્યાપુરની સત્તા પ્રવર્તે છે, ત્યાં ત્યાં સર્વ સ્થળે રાજ આજ્ઞા એ પ્રભુ આજ્ઞા પ્રમાણે પ્રવર્તે છે. અ "

"હા, હા, અને હવે પ્રજાએ મંદિરમાં નૃસિંહ ભગવાનને બદલે પણ આપનુંજ પુતળું ગોઠવી પુજવું જોઇએ' રંગનાથે તિરસ્કારયુક્ત હાસ્ય કરતાં જણાવ્યું, આ વાક્યથી રામરાજાનો ક્રોધ ગગનવ્યાપી થઇ ગયો "ખબરદાર! રણધીરસિંહ! રંગનાથને કેદ કરો."

"બાળો ચઢાવો ફાંસીએ પાડો પછાડી પ્રાણને,
સમશેરથી મારો પ્રથમ આ દુષ્ટને-શયતાનને,
ક્ષણવાર પણ આયુષ્ય તું શું રાખશે સંસારમાં?
સિંહને સતાવી જાય છે શું શ્વાન તું તુજ દ્વારમાં?
ટુકડા કરો આ દેહના સમશેરને શીરપર ધરો,
પાખંડીના બસ પ્રાણને કાયા થકી ઝટ પરહરો"

રામરાજાએ રણધીરને આજ્ઞા કરી રણધીર તલવાર ખેંચી ધસ્યો. રંગનાથે પણ તેનું યથાયોગ્ય સ્વાગત કર્યું. સામસામી તલવારો ઉછળી,

રણધીર જેવો રંગનાથના શીર ઉપર પ્રહાર કરવાને ધસ્યો, પ્રહાર કર્યો કે ત્વરીતજ એક અબળાનું મસ્તિક વચ્ચે આવી ગયું તેના રક્તથી રંગભુવનને અભિષેક થઇ રહ્યો રંગનાથ જીવ લઇને દરબારમાંથી પલાયન કરી ગયો

વાચક ! એ મરનાર અબળા કોણ ? તે અન્ય કોઈ નહિ પણ રામરાજાની પત્નિ ઉષા હતી ઉષા પતિપરાયણ અને સતિ સ્ત્રી હતી અને રામરાજા સાથે સૌથી પહેલી પરણી હતી એટલે પટરાણી હતી, પરંતુ રામરાજાના દુરાચારે તેનાપર એટલું કષ્ટ પડયું હતું કે તે પોતાના જીવનનો અંત આણવા આતુર થઇ રહી હતી ઉષા રંગનાથની ભગિનિ હતી ઘણા શુરવીર અને બહાદુર પુરૂષોના ગૃહજીવન એવા કલુષિત હોય છે કે એનું વર્ણન પણ આલેખવું અયોગ્ય થઇ પડે છે, ઉષાની દશા પણ એવીજ દુખી હતી જગતના દેખાવમાં મહારાણી છતાં ઉષા ભિખારણની સમોવડીયણ હતી દુઃખ અને શોક તેના જીવનનો વૈભવ હતો અશ્રુપાતમાં તેના નિર્મળ હૃદયનું પ્રતિબિંબ પડતું સુખ કે વિલાસ તેણે જીવનમાં કદી ભોગવ્યા નહોતા તેનું હૃદય બ્રહ્મચારી નહોતું પણ તેની કાયા આજ પર્યન્ત શુદ્ધ બ્રહ્મચારીણી હતી સ્થુળ ઉપભોગથી તે સર્વથા અજ્ઞાન હતી તેના શરીરના હાડકાં અને પાંસળા દુરથી પણ ગણી શકાતાં. તે દુઃખમાં જન્મીને ઉછરી હતી દુખમાં જીવન ગાળ્યું હતું અને દુખમાંજ આમ તેનો અંત આવ્યો હતો પોતાના પ્રિય બંધુ રંગનાથની પ્રાણ રક્ષા કરવા અને પોતાની દુઃખમય દેહનો અંત આણવા તેણે પોતાની ગર્દન ઝુકાવી રણધીરની સમશેરનો પ્રહાર ઝીલી લીધો અને બંધુયજ્ઞમાં પ્રાણ હોમી ભાગ્યવતી થઇ. જન્મ દિવસના ઉત્સવને પ્રસંગેજ ઉષાના દેહ દહનનો વિધિ રચાયો, ઉષા ગઇ. તેની સ્થુળ

કહનો વિનાશ થયો પરતુ તેની કિર્તિ વિદ્યાપુરીમા સદાને માટે ચિરસ્મરણીય રહી ગઈ જે કિર્તિ રામરાજા જેવા પ્રભાવશાળી પુરૂષની ગૃહિણી તરીકે ન મળી તે અદ્ભુત કિર્તિ વિરાગના ઉષાના શાશ્વત આત્માને મળી રાજદરબારોના નિયમ પ્રમાણે ઉષાની નિ પ્રાણ કાયા મહાલયમા લઇ જવામા આવી અને ત્યાથી અગ્નિ સસ્કાર કરવા સ્મશાનભૂમિ તરફ ઉષાને છેવટની વિદાય આપવા રામરાજા અને નાગરીકો વીગેરેનુ મરઘસ વજ્યુ પ્રેમભગ્ન, હતાશ ઉષા કુમારીના દેહોત્સર્ગનો શોક સમગ્ર નગરમા વ્યાપી ગયો મહાલય ઉપર કાળા વાવટા ફરકવા લાગ્યા આનદમા ઉગેલો દિવાકર શોકનો સ્વાગ ધારણ કરી અસ્તાચળે પયાણ કરવા લાગ્યો આજે રામરાજા ઉષાના સૌંદર્યની પ્રસશા કરતો હતો જીવત ઉષામા લાગતી ઉણપ તેને આજે જણાતી નહોતી પરતુ હવે સઘળો શોક વ્યર્થ હતો રામરાજાનો દરબાર બધ રહ્યો રણધીરસિહ—અફઝલખાન પોતાને મહાલયે ચાલ્યો ગયો રગનાથ અને તેનો સરદાર મોરોપત જાગીરદાર કચનદુર્ગને રસ્તે પડ્યા

"મોરોપત ' મહારાજાની બુદ્ધિ ફરી ગઇ છે અને આજ પર્યન્ત તેમનામા જેટલી ઔદાર્યતા હતી તેટલીજ હવે નિર્દયતા દ્રઢ થઈ રહી છે મે તમને એક સમયે કહ્યુ હતુ કે વિદ્યાપુરના વિનાશને હવે ઘણો સમય બાકી નથી એ ભવિષ્યને માટે લેશપણ પ્રત્યવાય રહ્યો નથી મહારાજા આવુજ વર્તન સદા સર્વદા કાયમજ રાખશે તો સઘળા સરદારો મહારાજાની પ્રભુતાનો દ્વેશ કરનારા થશે અને મે ભાખેલા ભવિષ્યનો સત્વર જન્મ થશે" રગનાથે, મોરોપત આગળ પોતાના હૃદયનો ઉભરો કાઢવા માડ્યો

"એને માટે સરળ માર્ગ એકજ છે કે રણધીરસિંહનું કોઇપણ પ્રકારે ખૂન કરવું જોઇએ જો એ સેતાન મહારાજાની પાસેથી દૂર થશે તો અવસ્ય પુન રામરાજાનું વર્તન અનુકુળ થઈ જશે રણધીરમા કોણ જાણે એવું શું છે કે મહારાજાની દ્રષ્ટિએ પડતાજ તે તેને વશ થાય છે એક દિવસ તો વાતના પ્રસંગમા રામરાજા એમ પણ કહી ગયા હતા કે હવે મારે સંસારની આવશ્યક્તાજ નથી મારો પુત્ર અને મારી સંતતનનો ભાવી માલીક તે આજ છે, અને તેમાજ મને સંતોષ છે" મોરોપતે રંગનાથની હાર્દીક ભાવનાને અનુસરતી વાત કહી

'એ તો બોલાય છે રામરાજા અપુત્ર મૃત્યુ પામશે તે દિવસે ખબર પડશે કે પરદેશી આવીને પાટનગરની રાજગાદીએ કેમ બેસે ? હજી વિદ્યાપુરના વિજયી વીરોના હાથમા શક્તિ છે, તેમની દેહમા લોહીનો સંચાર છે, ત્યા સુધી જોઇએ છીએ કે મહારાજા નારાયણદેવે સ્થાપેલી નૃસિંહકુળની ગદીપર કોનો અધિકાર છે' રંગનાથે પોતાની ગર્વદર્શક શૈલીમા કહ્યું

"પરંતુ રાજ્યપુરૂષોને દત્તક લેવાનો અધિકાર છે રામરાજા રણધીરને દત્તક લઇ પોતાની જીવન અવસ્થામાજ તેના રાજ્યાભિષેકની ક્રીયા કરાવશે, દરબારના સઘળા સરદારો મહારાજને પ્રતિકુળ નથી, એટલે હાલતો સમય વિકટ છે" મોરોપતે પ્રત્યુત્તર આપ્યો

"જાઓ જાઓ," રંગનાથે તિરસ્કારથી ઉત્તર વાળ્યો, "એવો વિકટ સમય તો કંઈ આવ્યો અને ગયો રામરાજાની પાછળ તેમના પુત્રનો કે અર્જુનદેવના પુત્રનો રાજગાદીપર હક છે પરદેશી રજપુત વિદ્યાપુરની ગાદીએ આવશે ત્યારે તો પૃથ્વીના પ્રલયકાળ કરતા અધિક તોફાન થશે"

“પણ તે અવસરજ નથી આવવાનો ને તેટલામા તો મુસલમાની પતાકા વિદ્યાપુરીના વિજેતા વિગેરેનો વિનાશ કરતી ફરફરતી થઈ જશે કારણ કે મહારાજની આવી વર્તણુકથી વિદ્યાપુરીમા સપ રહેવો દુલભ છે અને જે ઘડીએ એવો કુસપ થયો તેજ પળે વિજાપુરના લોહી તરસ્યા રાક્ષસો વિદ્યાપુરને ગળી જવા તત્પરજ છે” મોરોપતે જણાવ્યુ

વાતો કરતા કરતા બન્ને સગારો કચનગઢમા આવી પહોચ્યા બીજે દિવસે પ્રભાતકાળે રગનાથે રણશિગ વગાડી સઘળા સરદારોને એકત્રિત કર્યા અને દરબારમા બનેલી સર્વ કથા અથથી ઇતિ પર્યન્ત તેમના સન્મુખ વર્ણવી સરદારોના પાણીદાર લોહીમા જાગૃતી આવી ત્રણ દિવસમા યુદ્ધ સામગ્રી એકઠી થઇ ગઇ કે કિલ્લાના વજ્રદ્વારો બધ કરી રામરાજાના સૈન્યનુ સ્વાગત કરવા કચનદુર્ગના સામતો રાજગઢમા ભરાઈ બેઠા રામરાજાના અધિકારમા બળવાન આરબોનુ મોટુ સૈન્ય હતુ રણધીરસિહની સરદારી નીચે / ૦ સૈનીકોનો સમુહ કચનદુર્ગનો ગઢ તોડવા અને રગનાથને બદીવાસ આપવા ઉદ્યુક્ત થયુ ત્રણ મહિના પર્યન્ત ઘેરો કાયમ રહ્યો, પણ કચનદુર્ગના કોટની કાગરી પણ ખરી શકી નહિ એકવાર રણધિરસિહે કિલ્લાપર ચઢવાને મજબુત પ્રયત્ન કર્યો અને અકબરખાન નામના સરદાર સાથે ૨૦૦ સૈનીકોને કિલ્લામા ઉતાર્યા અદર ભયકર યુદ્ધ મચ્યુ રગનાથે નવા સૈનીકોને આવતા રોક્યા. મોરોપતના હાથમા અકબરખાન સહિત તેર સૈનીકો પકડાયા બાકીનાઓને તેજ પળે ક્ષણભગુર સસારનો ત્યાગ કરવો પડ્યો આષાઢ માસ બેઠો પર્જન્યરાજની પધરામણીનો પ્રારભ થયો અને રામરાજાનુ અવશેષ સૈન્ય વિધાપુરને માર્ગે પાછુ વળ્યુ સુભાગ્યે કચનદુર્ગની કિર્તિ કાયમ રહી.

રગનાથે પોતાના સરદારોને તેમના પરાક્રમ પ્રમાણે પારિતોષક આપી સતોષ્યા, ત્યાજ અકબરખાનનો પણ ઇન્સાફ થયો, અકબરખાનને બદીવાનના પોષાકમા દરબારમા હાજર કરવામા આવ્યો અકબરખાને રગનાથની જીવતદાન મેળવવા ઘણી યાચના કરી અને પુન કચનદુર્ગપ્રતિ દૃષ્ટિપાત પણ ન કરવાની પ્રતિજ્ઞા કરી પરતુ રગનાથને વિદ્યાપુરને માટે યુધ્ધો લડતા એવા અતિશય અનુભવો મળ્યા હતા, કે જે જે મુસલમાન સૈનીકોને મારી આપવામા આવતી તેજ સૈનીકો બીજી વેળાએ યુદ્ધમા આવવાને ચુકતા નહોતા રગનાથે અકબરખાનને જન્મપર્યન્ત બદીવાન તરીકે રાખવાની આજ્ઞા કરી, પણ તેના દુર્ભાગ્યે તેનો આગળો ઇતિહાસ તેને મોઢેજ પ્રકટ થઇ ગયો અકબરખાનના દુષ્કૃત્યથી સ્વધર્મ રક્ષા માટે બે આર્ય યુવતીઓને પ્રાણાર્પણ કરવુ પડ્યુ હતુ આ વાત તેણે રગનાથને હિદુપ્રજાનુ ધર્માભિમાન બતાવવા ખુશામત વૃત્તિથી કહી બતાવી, પણ તે શબ્દો કાને પડતાજ રગનાથના દેહમા ક્રોધની જ્વાળા પ્રજ્વલિત થઈ ગઈ રગનાથે તલવારના એકજ પ્રહારે તેને તેના કૃત્યોનો પ્રત્યુત્તર આપવા પ્રભુને દ્વારે મોકલી દીધો

હવે ભય સર્વથા દૂર થઇ ગયો કારણ કે મહારાષ્ટ્રની પહાડીભૂમિ ચાતુર્માસમા જળાશયો એવા ચિકાર ભરાઇ જાય છે કે માર્ગ સર્વથા બધ થઇ જાય છે એટલે વિજયાદશમી પર્યન્ત તો યુદ્ધનો ભય રહોજ નહિ, વિજયાદશમી સુધીમા તો વિરથીની વિચિત્રતાથી કઇ પડદા પડવાના હતા રગનાથ યુદ્ધનાજ કાર્યમા ખતથી પ્રવૃત્ત થઈ રહ્યો બની શકે એટલુ દ્રવ્ય અને ખોરાક ભરી લઇ પુન સમરાગણમા રમવા માટે સર્વ પ્રકારની તૈયારી કરી શ્રાવણ માસના ૯ દિવસ પણ વિતિ ગયા

પ્રકરણ ૧૭ મું.

આશ્રીતને માટે આત્માર્પણ.

પ્રાચીનકાળમા ભરાતા રાજદરબારો બહુધા પ્રાત કાળે અને સાજે મળતા હતા કાલમા વિદ્યાપુરમા શાંતિ પ્રવર્તેતી હતી પ્રજા આનદમા દિવસ નિર્ગમતી હતી એટલામા આદીલશાહનુ મૃત્યુ થયુ, અને અલી આદિલશાહ તખ્તનશીન થયો તે સાથેજ તેણે વિદ્યાપુર જોડે સધી કરી અને મહારાજા રામચદ્રદેવ સાથે મિત્રાચારી ભર્યું વર્તન રાખવા માડ્યુ એટલામા ગોવળકોડા, બેદ્દુર, ગાવીલગઢ અને અહમદનગરના મુસલમાની રાજ્યો જોડે વિજાપુરને સરહદની બાબતમા યુદ્ધ ઉપસ્થિત થયુ અલી આદીલશાહે રામરાજાની સ્હાયતા માગી રામરાજાએ એક બળવાન સૈન્ય તેની કુમકે મોકલ્યુ, અને વ્યકટેશ્વરદ-ને જે ખડણી તરીકે દ્રવ્ય વિજાપુરના ખજાનામા મોકલ્યુ હતુ તે સઘળુ પાછુ મેળવ્યુ. રામરાજાની સ્હાયતાથી વિજાપુરનો વિજય થયો અને ચારે ચાર મુસલમાની રાજ્યોએ સપૂર્ણ હાર ખાધી પણ આ વિજયમાજ વિદ્યાપુરના સર્વનાશના બીજ સમાએલા હતા એ યુદ્ધમા વિદ્યાપુરના ઘણા આરબ સૈનીકોનો વિનાશ થયો અને રામરાજાનુ એ બળવાન સૈન્ય સર્વથા નિર્જીવ થઈ ગયુ વિદ્યાપુરનો આવો પ્રબળ પ્રતાપ જોઇ દક્ષિણની મુસલમાન સત્તાઓ કપવા લાગી અને વિદ્યાપુર પ્રતિ દ્રષ્ટિપાત કરવો પણ ભૂલી ગઈ પરતુ તેમના હૃદયમા વિદ્યાપુરનુ સામ્રાજ્ય ખુચવા લાગ્યુ વિજાપુરને રામ-રાજાના સૈન્યનો પરિપૂર્ણ અનુભવ થયો હતો તેને પણ ભવિષ્યમા આવી બળવાન આર્યસત્તા પોતાને નડશે એમ લાગ્યુ. પણ રામરાજાનો પ્રતાપ

એટલો પ્રબળ હતો કે તેનાથી સર્વ સરદારો અને દીલ્હીનો બાદશાહ પણ ડરતા હતા

આવી બળવાન સલ્તનત તોડવાના અભિલાષથી વિજાપુરે પોતાના પ્રતિપક્ષી મુસલમાન રાજાઓને મેળવી લીધા અને અફઝલખાનને પાછો મેળવવાને માટે એક ખનિતો લખીને તે બહાને નવીન બડ ઉપસ્થિત કર્યુ જો આદિલશાહ જીવતો હોત તો કેટલા સમય પૂર્વેજ પ્રચડ યુદ્ધ થયુ હોત પણ તે મૃત્યુવશ થવાથી તે સમયે પડતુ મેલાએલુ ધર્મયુદ્ધ અલિઆદિલશાહે પુન ઉપસ્થિત કર્યું

અલ્લીશાહે ત્વરીતજ એક દૂતને રામરાજાના દરબારમા મોકલ્યો અને રામરાજાને વિનતી કરી કહાવ્યુ કે 'વિજાપુર અને વિદ્યાપુર બને વચ્ચે મત્રી રાખવા અફઝલખાનને પુન આદશાહને સોપી દેવો" દૂતે રામરાજાના દરબારમા જઇ મહરાજાને પત્ર આપ્યો. રામરાજાએ પત્ર વાચ્યો અને રણધીરપર ફેકયો આખી સભા રામરાજાના મુખપર થતા વિકારો નિરખી રહી અફઝલખાને પત્ર વાચ્યો અને પુન રામરાજાના હાથમા આપ્યો. ક્ષણવાર રામરાજાએ મનમા વિચાર કર્યો અને કહ્યુ, "જુઓ શેખસાહેબ! (વિજાપુરનો દૂત) અફઝલખાને તમારી નોકરી સ્વિકારતી વખતે આખા જીવન પર્યન્ત તમારીજ સેવા કરવી એવુ તમારી સાથે કશુ પણ બધારણ કર્યું નથી તમારી સેવા કયાસુધી કરવી અને તેનો કયારે પરિત્યાગ કરવો એ તેના હૃદયાનુસાર કરવા શક્તિવાન છે આજે અફઝલખાન મારા દરબારમા સેવા બજાવે છે અને કાલે તે મારો ત્યાગ કરી કોઇ અન્ય સત્તાની સેવા સ્વિકારશે તો તેથી વિજાપુર નરેશને તેમના પ્રત્યે ક્રોધ રાખવાનુ લેશમાત્ર પણ પ્રયોજન નથી. સૃષ્ટિમા દરેક મનુષ્ય સ્વતત્ર છે માટે જ્યા સુધી અફઝલખાન અમારી સેવામા રહી

નિમકહલાલીથી સેવા બજાવશે ત્યા સુધી અમે તેનો ત્યાગ કરીશુ નહિ અને તે જો તમારે ત્યા પુન આવવાની ઇચ્છા કરશે તો અમે તેને અટકાવીશુ નહિ "

"મહારાજ ! આપનુ કહેવુ સત્ય છે પરતુ અફ્ઝલખાન બાદશાહની નોકરીનો પરિત્યાગ કરી આપને આશ્રયે આવ્યો નથી પણ તેમની જોડે છળ પ્રપચ અને દગાબાજી કરી અહીં આવ્યો છે એટલે બાદશાહી સલ્તનતના તે સાચા ગુન્હેગાર છે એવા ગુન્હેગારને તો અવશ્ય સજા થવીજ જોઇએ." પેલા દૂતે ખૂલાસો કર્યો

" તમારી નોકરી તજી દેવી એ તમારો ગુન્હો છે એમાં લવલેશ પણ સત્યતાને અવકાશ નથી, તમારા સૈન્ય પૈસા કે કાઇ પણ વસ્તુ લીધા વગર તે અત્રે આવી રહેલા છે અને બાદશાહની સેવાનો ત્યાગ કર્યો તેજ દિવસે તેમણે તે સઘળી વિગત બાદશાહને લખી જણાવી છે પછી આપનો તે શી રીતે ગુન્હેગાર થઇ શકે તે હુ સમજી શકતો નથી જો તમારો બાદશાહ આવા શુદ્ધ કાર્યને પણ દોષિત લેખતો હોય તો તમારી સ્પષ્ટ ભૂલ છે અફ્ઝલખાનની પ્રમાણીકતામા કશો પણ પ્રત્યવાય નથી એવા પ્રમાણીક માણુસોને અમે કદીપણ બાદશાહને સોપીશુ નહિ. અફ્ઝલખાનને અમે સૈનાધિશ તરીકે રાખ્યો છે એટલે તે હવે આપના બાદશાહના દરબારમાં કદીપણ આવી શકશે નહિ, એ નિશ્ચય છે "

"મહારાજ ! બાદશાહે અફ્ઝલખાનને ગુન્હેગાર ઠરાવ્યો છે માટે આપની ફરજ છે કે તેને તમારે અમને સોપી દેવોજ જોઇએ. જો આપ તેને ન સોપશો તો બાદશાહને વિજાપુરના કેદીને પકડવા માટે

આપની સાથે યુદ્ધ કરવુ પડશે અને વિદ્યાપુર તથા વિજાપુર વચ્ચે જે મત્રીભાવ છે તેનો નાશ થશે. એક માણસને માટે નવિન હત્યાકાડ થાય તેના કરતા અમારા કેદીને આપ અમારે શરણે સોપી દો એજ યોગ્ય છે"

"શેખ સાહેબ ! બસ હવે મારે અધિક કહેવાનુ કશુજ નથી આપ બાદશાહને સ્પષ્ટ જણાવી દો કે અફઝલખાન રામરાજાનો સરદાર છે બાદશાહને અમારી સાથે યુદ્ધ કરવાની ઘણા કાળથી ઇચ્છા છે એટલે અવશ્ય તે આ બહાનુ શોધી સગ્રામમા પ્રવૃત્ત થશેજ મહારાષ્ટ્રમા વિદ્યાપુરનુ રાજ્ય સૌથી બળવાન છે તે મુસલમાનોને હૃદયશૈલ્ય સમાન ખૂચે છે, તેનો કોઇ પણ પ્રકારે વિનાશ કરવા તમે સઘળા તલસી રહ્યા છો, તે અમારાથી અજ્ઞાત નથી. પરતુ તમારો બાદશાહ યુદ્ધ કરવા આવે તેનો મને લેશપણ ભય નથી" કહી રામરાજા અટક્યો થોડી પળો ગઇ કે તેમણે પુન જણાવ્યુ "શેખસાહેબ ! તમે યુદ્ધ કરો તે પહેલા જ હુ તમને યુદ્ધનુ નિમત્રણ આપુ છુ આજથીજ સમજી લ્યો કે વિજાપુર અને વિદ્યાપુર વચ્ચે રણસગ્રામનો પ્રારભ થઇ ચૂક્યો છે હવે વિજાપુરના એકપણ માણસને અમે જીવત રહેવા દઇશુ નહિ તમે પણ મરાઠા સરદારોને જુઓ ત્યા તેમનો વિનાશ કરજો અને તમે પોતે પણ ચારજ કલાકમા વિદ્યાપુરના રાજ્યની હદ છોડી ચાલ્યા જાઓ તે પછી એક ઘડી પણ અમારી સત્તા પ્રવર્તતી હોય ત્યા તમારો નિવાસ હશે તો તમને પણ પ્રાણદડની શિક્ષા થશે" રામરાજાએ ક્રોધથી ફરમાવ્યુ.

રામરાજાના છેલ્લા શબ્દો સાભળી વિજાપુરનો દૂત ત્વરીતજ દરબાર છોડી ચાલ્યો ગયો. રામરાજાનો વિચાર ફેરવવા પ્રયત્નો કરવા

એ સર્વથા મિથ્યા છે એ તે બરાબર સમજતો હતો, પોતાના મ્યાનામા બેસીને તેણે બની શકે એટલી ત્વરાથી પ્રયાણ કર્યું.

રામરાજાએ દરબાર વિસર્જન કર્યો અને અફઝલખાનને પોતાની સાથે મહાલયમા લઇ ગયો ભગવાન સૂર્યનારાયણ મધ્યાકાશમા આવી પૂર્ણકળામા પ્રકાશવા લાગ્યા રામરાજા અને અફઝલખાન બન્ને મહાલયમા બેઠા રામરાજાના મનમા અનેક વિચારો ઉભરાતા હતા વિજાપુર જોડે ભવિષ્યમા જબરો હલ્લાબ્ડ આરભાશે એ નક્કી હતુ, અને એ સગ્રામમા કાતો મહારાષ્ટ્રમા હિદુરાજ્ય નહિ કે કાતો મુસલમાન પ્રજા નહિ એ સ્પષ્ટ થવાનુ હતુ "અફઝલખાન!" રામરાજા બોલ્યા, "આજનો સઘળો પ્રસગ તમે જોયો છે હવે આપણે ભવિષ્યમા શુ કરવુ તે પ્રથમથી નક્કી કરવુ જોઇએ."

"મહારાજ! મને તો આપે આશ્રય આપ્યો છે એટલે હવે મારે શુ કહેવાનુ હોય! પણ આપ જો એમ માનશો કે આ યુદ્ધ ઉપસ્થિત થવામા વાસ્તવીક કારણભુત હુ છુ તો તે આપની ભૂલ છે, બેદનુર સાથેના કેલ્લા યુદ્ધ પછી સગળા મુસલમાની રાજ્યોએ એવો નિશ્ચય કર્યો છે કે ગમે તે પ્રકારે મહારાષ્ટ્રમાથી વિદ્યાપુરના હિદુ રાજનો વિનાશ કરવો આપનુ સૈન્ય વખતો વખત વિજાપુરની સ્હાયતાર્થે જાય છે એટલે વિદ્યાપુરની સલ્તનત કેટલી બળવત્તર છે એનો અલ્લાઆદિલશાહને સપૂર્ણ પરિચય છે. આવુ એક પણ બળવાન રાજ્ય અવશેષ હોય તો ભવિષ્યમા મુસલમાનોનો વિનાશ કરવા સમર્થ થાય એ બાદશાહ બરાબર સમજે છે એટલે આપ મને સોપશો કે ન સોપશો તોપણ યુદ્ધ તો કરવુજ પડશે એ નિર્વિવાદજ છે." અફઝલખાને ખરી વસ્તુસ્થિતિનું વર્ણન કર્યું.

“નહિ, નહિ, તમે એમ લેશપણ માનશો નહિ કે હું તમને સોપી દ-શ મારે નો હવે ભવિષ્યમા શુ કરવુ તે માટે તમારી સલાહ લેવાની છે આ રણસગ્રામ ઘણોજ પ્રચડ થશે તેમા વિદ્યાપુરના સામ્રાજ્યના જીવન મરણનો પ્રશ્ન છે. તમે જુઓ છો કે તમારા પ્રત્યે પ્રેમ રાખવાથી અને દરબારમા તમને સૈનાધિપતિની મોટી પદવી આપવાથી સઘળા દરબારીઓ મારી સામે થયા છે તેઓ મારી સ્પષ્ટ વિરૂદ્ધ થતા નથી પણ તેમના હૃદય ખિન્ન અને ઉદાસ છે, રગનાથ જેવા મારા શુરવીર સુભટોએ પણ મને દગો આપ્યો છે એટલે હાલ મને કોઇ સાચી સલાહ આપે તો માત્ર તમેજ છો”

“તો હવે સલાહ બીજી આપવાનીજ નથી, લશ્કર, દારૂગોળો અને અનાજ આદિ સામગ્રીનો સચય કરો. માડલીકોને તેમના સૈન્ય સહિત આમત્રણ કરી સત્વર બોલાવી લ્યો, અને વિજાપુરનુ સૈન્ય આવે કે તેને ખાળવાને માટે ભદ્રાના કિનારા પર સૈન્ય ગોઠવી દો. એટલે સગ્રામના શ્રીગણેશ મડાશે પછી મારા તમારા અને વિદ્યાપુરનાં ધન્ય ભાગ્ય હશે તો વિજયશ્રી તમને વરમાળ આરોપશે નહિ તો... ....” અન્તિમ શબ્દ અફઝલખાન ગળી ગયો.

“અફઝલખાન! તમે એવી અશુભ કલ્પનાજ તજી દો આપણા પક્ષમા સત્ય છે, ધર્મ છે એટલે અતે વિજય અમારોજ છે. સૈન્યની વ્યવસ્થા કરવાનુ કામ હું તમનેજ સોપુ છુ. પરતુ અફઝલખાન! તમને એક બીજી વાત પુછુ છુ. તમે હૃદયમા લેશપણ સકોચ રાખ્યા વિના મને તેનો પ્રત્યુત્તર આપજો જ્યારે મે તમને પ્રથમ જોયા તે સમયે તમારા મુખ ઉપર અલૌકીક ઉત્સાહ અને સુદરતા જણાતી હતી

તમે જ્યારથી યવનરાજનો પરિત્યાગ કર્યો ત્યારથી તમારામાં ઉત્સાહ અધિક આવવો જોઇએ તેને બદલે એકપણ દિવસ હવે હુ તમને આનદપૂર્ણ જોતો નથી જો અલીઆદીલશાહનો પરિત્યાગ કરવાથીજ તમને આટલી બધી વ્યગ્રતા થતી હોય તો ભવિષ્યમા તમે તેની સામે શસ્ત્ર શી રીતે ખેચી શકશો ?"

"મહારાજ ! વ્યગ્રતા અને ઉદાસીનતા એતો મારો સહજીક સ્વભાવજ થઇ ગયો છે. મારૂ જીવન પ્રભુએ કષ્ટ વેઠવાનેજ સરજ્યુ છે મારા કુટુબીજનો કોણ છે તેની મને લેશપણ માહીતી નથી. માતાનો મેળાપ પણ ઘણે વર્ષે થયો છતાએ હુ કેવો દુર્ભાગી કે તેનો સહવાસ પણ લાબો સમય હુ માચવી શક્યો નહિ મારી માતાનુ હૃદય એટલુ બધુ કોમળ અને લાગણીવાળુ છે કે મે સ્વામિદ્રોહ કર્યો તેથી તેને અપરિમિત ક્લેશ થયો હશે, અને તેની હાલત એવી ભયકર થઇ હશે કે પુનઃ તેનો મારો મેળાપ થશે કે નહિ તે પણ સશય છે થોડાજ દિવસપર મને એવા સમાચાર મળ્યા હતા કે તેમણે ભદ્રાનદિમા પડી આત્મઘાત કર્યો છે આ વાતપર મને પૂર્ણ શ્રદ્ધા નથી પણ જો તે સત્ય હશે તો ખરેખર મારા જીવનનો પણ અતજ આવશે" આમ બોલતા અફ્ઝલખાનના નેત્રો પાણીથી ભરાઇ ગયા. તે વિર સરદાર રોઇ પડ્યો માતૃસ્નેહ કાઇ એવી અજબ વસ્તુ છે કે પાષાણને પણ પિગળાવવા તે સમર્થ નીવડે છે. રામરાજા અફ્ઝલખાનને વજ્ર જેવા સખ્ત હૃદયનો માનતો હતો તેને આમ રોતો જોઇ રામરાજાનુ હૃદય પણ દ્રવવા લાગ્યુ

"અફ્ઝલખાન ! પ્રભુ કૃપાથી તમારી માતા જીવત છે. તમે જે વાત સાભળી તે પણ સત્ય છે. તમારી માતા આત્મઘાત કરવા

ભફામા પડી હતી અને તેને રક્ષવાને પાછળ એક મારો ગુપ્ત અનુચર પણ પડયા હતો એટલામા ફકીર નામના માણસે આવીને તમારી માતાને બચાવી લીધી દેશથી ફકીરે આપણા ગુપ્ત અનુચરનો નાશ કરવાનો પ્રપંચ રચ્યો હતો પણ રજુદીનની સહાયતાથી સર્વના પ્રાણ બચી ગયા છે અને હાલમા રજુદ્દીને ફકીરને કારાગૃહવાસમા રાખ્યો છે" શમરાજાએ અફ્ઝલખાનના હૃદયનુ સમાધાન કરવા કાંઈક સત્યને કંઈક અસત્ય વાતોનુ ચોકઠુ ગોઠવ્યુ

"ઘણી સંતોષજનક વાત છે કે તે હજી જીવત છે પણ હવે તેમના દર્શન કરવાનો લાભ તો મને પુન નહિજ પ્રાપ્ત થશે કારણ કે મે સ્વામીદ્રોહ કર્યો એ તેમને પણ અપ્રિય છે હવે વનવિહાર એ દુશ્મનોની છાવણી થઈ પડશે. તે સ્થાનમા મારાથી પગ પણ હવે કેમ મૂકી શકાય! આવેશને વશ થઈ મારી માતાએ મને શોધવા જે અનુચર મોકલ્યો હતો તેની સાથે મે કેવો ઉચ્છૃંખલ સદેશો કહાવ્યો! માતાનો મારા પ્રત્યે કેટલો નિસિમ પ્રેમ! મે તેનુ કેવુ વિચિત્ર ફલ આપ્યુ? જે બાદશાહે મને પાળી પોષી મોટો કર્યો! તેને પણ મે દગો કીધો! જે માતાએ મારૂ પાલનપોષણ કર્યું, તેનો પણ તિરસ્કાર કર્યો! હવે મને પણ એમ થાય છે કે આ જગતની સઘળી ઉપાધીઓ તજી કોઈ તિર્થસ્થાનમા પરિભ્રમણ કરવા સન્યાસીનો વેશ લઈ ચાલ્યા જવુ." અફ્ઝલખાને દ્રવતા હૃદયે જણાવ્યુ

"અફ્ઝલખાન! રાજ્યકાર્યભાર એવો વિચિત્ર છે કે તેમા અસત્ય, અન્યાય, અધર્મ આદિ દુષ્કૃત્યો કર્યા વિના રાજકર્મચારીઓને ચાલતુ જ નથી. તમે તમારૂ જીવન મુસલમાન તરીકે તેમના સહવાસમા ગાળ્યુ એટલે તમને ખબર ન હોય, પણ પૂર્વકાલમા યુધિષ્ઠિર જેવા સમર્થ

ધર્મજ્ઞ રાજપુરૂષને પણ એકવાર અસત્યભાષી થવુ પડયુ હતુ તો આપણે કોણ માત્ર! એટલે આપણને રાજ્યરક્ષણ માટે જે અધર્મ કૃત્યો કરવાં પડે તેનો શોક કરવો લેશ પણ આવશ્યક નથી તમારી માતા તમારાથી વિમુખ થએલી છે એનો તમને શોક થાય એ યથાસ્થિત છે પરતુ તમારી ઇચ્છા હોય તો તેમને અત્રે આણી રાખવાની વ્યવસ્થા પણ આપણે કરી શકીશુ. વનવિહાર એ નામનુજ વિજાપુરનુ થાણુ છે બાકી ત્યા ખરેખર સત્તા તો મારીજ છે!"

"મહારાજ! મારી તો એવી અભિલાષા હતી, પણ મારી માતાજી તેમા અનુકુળ નથી તેઓ અનુપમ ધૈર્યશાળી અને ટકવાળા છે. તેમના પૂર્વજીવનમા તેમને કાઇક વિજાપુર સાથે દ્વેષ હોય એમ મને લાગે છે. મે તેમને મારી મનોભાવના જણાવી તે પછીજ તેમને અત્યત શોક થયો અને મને સ્વામિદ્રોહ ન કરવા પુષ્કળ સમજાવ્યો હતો પરતુ હુ તેની અવગણના કરી અતે આપને આશ્રયે આવ્યો છુ એટલે મારાપરનો તેમનો પ્રેમ પલટાઇ ગયો હશે અને હવે હુ જઇશ તો તે મારો તિરસ્કારજ કરશે મે તો મારા અતરમાથી હવે માતૃદર્શનની વાચ્છનાજ તજી દીધી છે. મને સત્તા સમૃદ્ધિ અને જગતની બીજી સઘળી અનુકુળતા છે છતા આ કારણથી મારૂ હૃદય પ્રજળી રહ્યુ છે મહારાજ! હુ આપને દાખવી શકતો નથી કે મારા હૃદયમા કેટલો શોક સતાપ અને ઉદ્વેગ છે. માતા વિના મને આખુ જગત શૂન્ય ભાસે છે. રાત દિવસ મારા નેત્રોમાથી તે માટે શોકના અશ્રુઓ વહે છે. પણ હજી તે પાપ પૂર્ણ થતુ નથી અને થવાનુ નથી. તેથીજ હુ આપને હમ્મેશા ખિન્ન અને ઉદાસ લાગતો હઇશ" પુન અફઝલખાનને નયણે અશ્રુઓનો વર્ષાવ થવા લાગ્યો, તેની અતરવેદના મૂર્તિમત થઇ.

'અફઝલખાન ! તમારી માતાના સ્વભાવનો મને પણ કંઇક અંશે પરિચય છે, તમારી ધારણા સર્વથા સત્ય છે પરંતુ તમે પોતે જઇ તમારી માતાને વિનતી કરો તો કદાચિત તે તેનો વિચાર ફેરવશે અને અત્રે આવશે એમ મને લાગે છે. તમારી માતા અહિ ન આવે ત્યાં સુધી તમારૂ હૃદય આમ ઉદાસજ રહેશે, તો તમે યુદ્ધમા શુ કાર્ય કરી શકશો એથી તો તમારાથી ઉલ્ટો મને વધારે ગેરલાભ થશે તમે જાઓ અને સમજાવીને–એટલે–વિનવીને ગમે તે પ્રકારે પણ તેમને અત્રે લઇ આવો "

"પણ હુ શુ મુખ લઇ તેમની પાસે જઇશ મે મૂર્ખાઇથી તેમને કહાવેલા ઉદ્ધત સદેશાનુ મને પ્રતિપળે સ્મરણ થાય છે હવે માતા પાસે જઇ તેને હુ શુ કહુ ? તેની પાસે શી યાચના કરૂ ! મને તો હવે કાઇ સૂઝતુજ નથી કે હવે કેમ કરવુ અને મારો ભાવી જીવનક્રમ કેમ રચવો ?"

"તમારી માતા અત્રે આવશે એટલે તમારૂ હૃદય સ્વસ્થ થઇ જશે માટે આજે સાંઝે તમે અત્રેથી પ્રયાણ કરો. રાત્રીના પ્રથમ પ્રહરમા તો તમે ત્યા વનવિહાર પહોચી જશો તમને ત્યાં કોઇપણ રોકશે કે કશી હરકત કરશે નહિ. કારણ કે વનવિહારનો મૂખ્ય મુસલમાન સરદાર રજ્જુદીન મારો એક કાળનો પરમ વિશ્વાસુ સેવક છે. તેને મુસલમાનોએ વટાડી બળાત્કારે ભ્રષ્ટ કર્યો છે. તે તમને સર્વપ્રકારની યોગ્ય વ્યવસ્થા કરી આપશે એટલે તમે તમારી માતા સાથે એકાંતમાં જોઇએ તે સઘળી વાતો કરી લેજો. પરતુ એક વાત સ્મરણમાં રાખજો કે તમારી માતાને નિવૃત્તિ બહુ પ્રિય છે અને તમારા પર તેમને બહુ પ્રેમ છે.

તમે યુદ્ધમા કદાચ મૃત્યુ પામશો એ વિચારમાત્ર તેમને કલેષ આપી રહ્યો છે. તે તમને યુદ્ધ ન કરવાને બહુ સમજાવશે પણ તમારૂ માતૃ-રૂણ હજી પુરૂ થયુ નથી. જે સુલ્તનતે તમારી માતાને જીવનપર્યન્ત બદીવાસ આપ્યો તે રાજ્યનો સર્વ નાશ કરવો એજ આપણો અતિમ હેતુ છે. તેનો નાશ કરવામા જેટલો અધિક વિલબ થાય છે એટલુ આપણુ પ્રાયશ્ચિત વધે છે માટે તમે તમારી માતાના ઉપદેશથી ધર્મ ભ્રષ્ટ ન થાઓ તે બરાબર સ્મરણમા રાખજો" રામરાજાએ કહ્યુ. તેને અફ્ઝલખાનનો બહુ ભય હતો તે કદાપિ દગો દે એનો ભરૂસો નહોતો, અને તેમ થાય તો પોતે ગોઠવેલી સઘળી બાજી ધૂળ મળે એમ હતુ કારણ કે આરબ અને મુસલમાન સૈનીકોપર થોડા સમયમાં અફ્ઝલખાનની સપૂર્ણ સત્તા બેસી ગઇ હતી અને અરબ સૈન્ય સામ્રાજ્યના મજબુત ટેકા રૂપ હતું.

"મહારાજ! મારો એ નિશ્ચય કદીપણુ બદલી શકાય એમ નથી. વિજાપુરનો વિનાશ કરવાને તો આ સવ પ્રવૃત્તિઓ આરભી છે, અને જ્યારે મારા માતા પિતા આદિ સઘળા હિદુઓજ છે ત્યારે તો હવે મુસલમાનોનો વિદ્ધશ કરવો એ મારી પવિત્ર ફરજ છે ગમે તેવા ભયકર સકટો આવી પડે અથવા માતા મને આજ્ઞા કરે તો પણ હુ મારી પ્રતિજ્ઞાથી વિચલિત થનાર નથી એની આપ પૂર્ણ ખાતરી રાખજો."

'ઠીક, ત્યારે હવે આજે અવશેષ સમયમા બની શકે એટલું સૈન્ય સામગ્રીનુ કામ કરી લ્યો અને સાઝે વનવિહાર તરફ તમારૂં કાય બજાવવા ઉપડી જાઓ. હવે તમને જવાની આજ્ઞા છે." રામ-

રાજાએ ફરમાવ્યુ. રામરાજા 'જવાની આજ્ઞા છે' એમ કહે એટલે એનો સ્પષ્ટ અર્થ એજ થાય કે હવે ચાલ્યા જવુ અફઝલખાન મહારાજાનો સંકેતાર્થ સમજી ગયો અને ચાલ્યો ગયો સંધ્યાકાળ થતા અફઝલખાન વનવિહારને પથે વળ્યો માર્ગમા તેને અનેક વિચારો ઉત્પન્ન થવા લાગ્યા ભવિષ્યમા હવે શુ કરવું ? માતાને અહીં લાવવી કે નહિ ? એમ અનેક વિચાર પરપરા ગુથતો તે માર્ગ કાપવા લાગ્યો તેને શ્વાસે પ્રશ્વાસે શોક છવાએલો હતો અફઝલખાનનો અશ્વ ધીમે ધીમે વનવિહાર તરફ વધવા લાગ્યો.



પ્રકરણ ૧૮ મું,

છેલ્લો ન્યાય.

ચંદ્રનો પ્રકાશ મેઘથી ભરેલી વાદળીઓમાંથી કોઇ કોઇવાર જણાતો હતો કોઇવાર વરસાદની ઝડીઓ વરસતી હતી છાંટા છાંટાં તો હમેશાં પડયાજ કરતા હતા. થંડો વાયુ પ્રવાસીઓને અકળાવી દેતો હતો. અનીલના ઝપાટા એવા જોરથી આવતા કે ગમે તેવો સશક્ત મનુષ્ય પણ કંપવા લાગતા હતા. માર્ગ પરના વૃક્ષો લીલા છમ બની ગયા હતા. માર્ગ ભયંકર લાગતો હતો વનવિહારની સડક પાકી બાંધેલી હોવા છતા વરસાદના મારથી માર્ગ ધોવાઇ જઇ કેટલીક જગ્યાએ પાણીના ખાબોચીઆ ભરાઇ રહેલા હતા, મહારાષ્ટ્રના પહાડી પ્રદેશોમા વરસતા ભીષણ વરસાદનો અન્યજનોને ખ્યાલ સરખોયે ન હોય ! ચારે મેરે પર્વતોની હારો અને આકાશમા ઘોર મેઘથી આચ્છાદીત શ્યામ અભ્રોનો સમુહ અવલોકનારને અધિક ભયભીત બનાવી દેતા હતા અફઝલખાનનો અશ્વ પુરપાટથી દોડતો ચાલ્યો જતો હતો વર્ષાથી પિડાતો થંડીની પીડા સહન કરતો અફઝલખાન મધ્યરાત્રી થતા વનવિહારના દ્વારમા પેઠો સત્રીઓની બાદશાહીને લીધે તેને કોઇપણ જગાએ અંતરાય નડયો નહિ વનવિહાર અફઝલખાનને અપરિચિત નહોતુ વનવિહાર ભિષણ અંધકારથી ભિતિનુ મુર્તિમંત સ્વરૂપ બન્યુ હતું. જીંદગીથી કંટાળેલા માણસને પણ ત્યા ઉભા રહેવુ ભયંકર લાગે એ સ્વાભાવિક હતુ વરસાદની ઠંડીમા વચ્ચે વચ્ચે નિશાચરોના કારમા કર્ણભેદી અવાજ સભળાતા હતા પવનનો સુસવાટ અને વૃક્ષોના હલન ચલનથી ઉત્પન્ન થતો અવાજ વનવિહારની ભયભિતતાને સંપૂર્ણ

બનાવવા સફલ યત્નો કરતા હતા. સમિપમાજ વહેતો ભદ્રાનો પ્રવાહ જોરથી ચાલ્યો જતો હતો રેલના પાણી ચઢેલા હતા વનવિહારનો અર્ધો ભાગ જલમય થઇ ગયો હતો અમે તેટલુ પુર આવે છતાં ત્યાના રાજમહાલયને લેશપણ ભય નહોતો કારણ કે તેની આગળ વજ્ર જેવી કિલ્લે બદી કરેલી હતી. અફ્ઝલખાનની દેહ થડીથી અને હૃદય ભયથી કપવા લાગ્યા મહાલય પણ અધકારમાં વિલિન થઇ ગએલો હતો અફ્ઝલખાને મહાલયનો સર્વથી નીચેનો પ્રભાવતીના નિવાસનો ઓરડો તપાસ્યો. અદરથી કોણ વ્યક્તિ છે તેની અપેક્ષા કર્યા વગરજ ઉત્તર આવ્યો, "માતાજી ઉપર છે."

અફ્ઝલખાન ઉપર ચઢી ગયો ત્રીજા માળ ઉપર એક નાના ઓરડામા દિવેલનુ ભરેલુ કોડીઉ બળતુ હતુ ઝાખો પ્રકાશ ઓરડાને અજવાળતો હતો માહે બે મનુષ્યો બેઠેલા જણાતા હતા. અફ્ઝલખાન ત્યાજ અટક્યો, અને અદર થતી વાતોને સાભળવા પ્રયત્ન કરવા લાગ્યો વરસાદની વરસતી ઝડીઓમા અદર બેઠેલી વ્યક્તિઓનો અવાજ સ્પષ્ટ પણે બહાર સભળાતો નહોતો

"જુઓ, હવે આપણે એક બીજાથી જેટલા ભિન્ન રહીશુ તેટલુ આપણુને ઉભયને હાનીકારક છે તમે મને તમારી સત્ય ઓળખાણુ આપતા નથી, પ તુ મને એવુ સ્મરણુ થાય છે કે મે તમને પૂર્વ કાલમા કયા પણ જોએલા છે આજથી ઘણા વર્ષ ઉપર તમારા જેવાજ સ્ત્રી અહીં વસતા હતા અને હુ તેમની સભાળ રાખવા અહીં રહ્યો હતો. તે બાઇની મુખાકૃતી અને તમારી મુખાકૃતીમા એટલી બધી સમાનતા લાગે છે કે તે તમે પોતેજ છો એવી મને વખતોવખત શકા થાય છે પરતુ તે સ્ત્રી હિદુ હતી અને તમે મુસલમાન છો એટલે

મારૂં અનુમાન મને યોગ્ય નથી લાગતુ " તે બે પૈકી એક પુરૂષ વ્યક્તિએ પોતાની સામે બેઠેલી સ્ત્રીને ઉદ્દેશીને જણાવ્યુ.

"ખાનસાહેબ ! તમારી ધારણા સર્વાંશે સત્ય છે. આજથી ઘણાં વર્ષો ઉપર મારો અત્રે નિવાસ હતો. તે સમયે રામનાથ નામનો હિંદુ-રજાનો એક અનુચર મારી સેવામા હતો તેની અને તમારી મુખાકૃતીમા પણ જરાએ અસમાનતા નથી લાગતી પણ તે પણ હિંદુ હતો અને તમે મુસલમાન ધર્માવલંબી છો" તે સ્ત્રીએ જવાબ આપ્યો

"તમે કદાચ મારી ધારણા અસત્ય નિવડે તો મને ક્ષમા કરજો પણ મને લાગે છે કે તમે તમારી જીંદગીનો પૂર્વાશ્રમ આ હિંદુરાજા જોડે ગાળ્યો હતો અને પાછળથી તમારા બે વચ્ચે અંટસ ઉપસ્થિત થતાં તમે તેનો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા, સમય જતા ભાવીની પ્રબલતાથી તમારી જીંદગીપણ પલટાઇ ગઇ અને હુ પણ મુસલમાનોની પાશવીક પ્રબળતાથી ધર્મચ્યુત થયો, છતા મારામાથી હિંદુત્વનો વિનાશ થયો નથી એ સ્ત્રી તે જરૂર તમેજ છો"

"ખાનસાહેબ ! જ્યારે તમે તમારા પૂર્વાશ્રમનો પરિચય પૂર્ણપણે આપો છો ત્યારે મારા જીવનની સત્યઘટના જણાવવામા કશોપણ પ્રત્યવાય નથી રામરાજાની સહચારીણી તરીકે જીવન ગાળનાર અને આદીલશાહના બંદીવાસમા કષ્ટો ભોગવનાર તે હુંજ છૂ હવે મને તમારી પણ સ્મૃતિ થાય છે અને મારા ભૂતકાળની મને સંપૂર્ણ યાદ આવે છે જે દિવસે હુ અને ગંગા પિરસાહેબની યાત્રા કરવાને બહાને વનવિહારનો ત્યાગ કરી ન્હાસી ગયા પછી અમે પીરસાહેબની દરગાહમા દર્શને ગયા અને તમે બહાર શ્રમથી નિદ્રા વશ થઇ ગયા તમે અમને શોધવા દરગાહમાં આવ્યા ત્યારે તમારા બન્ને બળદો મ મારી લઇ અમે

ત્યાં યાત્રાએ આવેલા સોદાગરને વેચી નાંખી તેમાથી મળેલા દ્રવ્યથી થોડો વખત અમે ચુનારગઢમા ગાળ્યો અને પુનઃ રામરાજાના તરફથી ભય જેવુ ન રહ્યું એટલે દરગાહના ગુપ્ત ભોંયરામાં આવીને રહ્યા. ત્યાં ધાર્મિક દ્રવ્યમાથી મે મારૂ ગુજરાન ચલાવ્યુ એ દરગાહમાજ અમારે પૂર્ણ મુસલમાન ધર્મ પાળવો પડ્યો કારણકે મને તેમ કર્યા વિના બીજો અવકાશજ નહોતો અને દ્રવ્યની સહાયતા મળતી અટકી એટલે બે દિવસ તો ઉપવાસ કરીને પણ રહેવુ પડ્યુ ત્યાથી મારા પિતાને ત્યા જવાને તૈયાર થઇ, પણ માર્ગમા જાગીરાબાદના દુષ્ટ બાદશાહ મુઝફ્ફરે બંદીવાન બનાવી મને, ગંગાને અફઝલખાનને અને મારી પુત્રીને સર્વને વિજાપુરના કેદખાનામા મોકલી દીધા એમ કોઇ પણ સ્થાને હું ઠરી શકી નહિ, અને પુન અહીંની ગએલી અત્રેજ આવીને ઠરી એટલામા આ દુષ્ટ પુત્રે એવુ પાપીકાર્ય કર્યુ કે મારે પુન અહીંથી ન્હાસી છુટવુ પડશે અને કોણ જાણે કયા કયા રખડવુ પડશે મારા ભાગ્યમા દુ ખ સિવાય અન્ય કાંઇ વિધાતાએ લખ્યુજ ન હોય એમ મને લાગે છે મારો પુત્ર જે તમારી સાથે અહીં વિજાપુરના દૂત તરીકે અધિકાર ભોગવતો હતો તે એ રામરાજાના કપટપાસથી પાછો ત્યા જઇને રહ્યો છે એટલે બાદશાહની દૃષ્ટિમા હુ પણ રાજદ્રોહી ઠરી ચુકી છૂ તેમને એ વાત જણાશે કે તરતજ કઠીન બંદીવાસના દુ ખો મારા સન્મુખ આવી ર્‌હેશે તેના કરતા પુણ્ય-તિર્થોનો પ્રવાસ આરંભવો અને કાશી મથુરા જેવા તિર્થધામ અથવા મક્કા મદિના જેવા ભારતની બહારના પુણ્ય સ્થળો અવલોકવા એવો મારો અભિલાષ છે. મારે તો મથુરાના મંદિર અને મંદિનાની મસ્જીદ સર્વ સમાન છે કારણકે મારા પિતા મુસલમાન હતા અને માતા

હિંદુકુળની હતી. એટલે હું તો હવે થોડાજ દિવસમાં પુનઃ મારો પ્રવાસ આરંભીશ" તે સ્ત્રીએ ઉત્તર આપ્યો.

"તમને અજ્ઞાત હશે પણ જાગીરાબાદના બાદશાહે તમને પકડયા તે સમયે પણ તમારૂં રક્ષણ કરનાર હુંજ હતો. મને પણ થોડો સમય બંદીવાસ મળ્યો હતો. પણ એકવાર બાદશાહ શિકારે ગયા હતા ત્યાં નદિમાંથી ઉતરતાં શરદીથી એમના બાહુ શીથીલ બની ગયા ત્યારે મેં તેમનું રક્ષણ કર્યું હતું. તેના બદલામાં બાદશાહે મને મૂક્તિ આપી અને દરબારમાં ઉમરાવપદ આપ્યું. હવે તમે ચાલ્યા જાઓ તો તમારો પુત્ર વિદ્યાપુરમાંજ રહી જશે. તમે જુઓ કે જેણે માતાના લાડકોડ પણ બિલકુલ અનુભવ્યા નથી, તમારો સ્નેહાળ હાથ તેનાપર ફર્યો નથી, તમારા મુખના આશ્વાસનના મધુર શબ્દો સાંભળ્યા નથી, તમે તેના દુખના આંસુ લોહ્યા નથી. હવે ઘણે વર્ષે પ્રભુની કૃપાથી તમે આમ મળ્યા ત્યારે શું તે પુત્રનો તમે પરિત્યાગ કરશો.' રજ્જુદીને પૂછયું.

એ બે વ્યકિત તે અન્ય કોઈ નહોતા પણ એક રજ્જુદ્દીન અને બીજી પ્રભાવતી હતી. પ્રભાવતી વિના અફઝલખાનનું અંતર વ્યગ્ર રહેતું હતું. તેથી તેને કોઇપણ પ્રકારે સમજાવીને વિદ્યાપુર મોકલવા રામરાજાએજ ગુપ્તપણે રજ્જુદ્દીનને ફરમાવ્યું હતું. વળી પ્રભાવતીને માટે તે સમયે એવી કથા પ્રચલિત હતી કે કારાગૃહમાં તે કાંઇક ગુપ્તમંત્ર શીખી છે જેના યોગથી તે કેટલાક અદ્‌ભુત ચમત્કારો કરી શકે છે. આવી લોક-કથા પ્રચારમાં આવવાથી યુદ્ધને પ્રસંગે તેને બંદીવાન તરીકે રાખવાની રામ-રાજાની ઇચ્છા હતી કે તે પોતાના મંત્ર તંત્રને બળે અથવા પ્રપંચથી રામરાજાની વિરૂદ્ધ કોઇ પણ ષડયંત્ર રચી શકે નહિ. વળી રજ્જુદ્દીનને એમ ખાતરી હતી કે પ્રભાવતી વિદ્યાપુર જઇને રહે અને પોતાના પુત્રને

વિજાપુર સામે ઉ નેજીત કરે તો અવશ્ય અફઝલખાન ત્વરીતજ તે કાર્યમા તન્મય બની જાય એમ છે પ્રભાવતી અને અફઝલખાન ઉભયમાં હાર્દિક વાત્સ’યપ્રેમ કેટલો અનર્ણનીય છે તે રજુદ્દીન જાણુતો હતો અફઝલ-ખાન માતાના વચનમાટે મરવાને પણુ તૈયાર થતો હતો તેની માતૃભક્તિ અતિ જ્વલત હતી તેણે માતાની આજ્ઞાનો ભગ કર્યો હોય તો તે આ પહેલોજ પ્રસગ હતો વિદ્યાપુરની સેવા સ્વિકારવામા તેણે માતૃ આજ્ઞાનુ ઉલ્લઘન કર્યું હતુ પરતુ પાછળથી તેને તેનો અત્યત પશ્ચાતાપ થયો હતો વનવિહારમા પ્રભાવતી આવીને રહી તેજ દિવસથી તેનો પ્રભાવ ત્યા એટલો બધો વ્યાપી ગયો હતો કે દૈવી શકિત ધરાવનાર સાધ્વી તરીકે ત્યા તેનુ પુજન થતુ તેની વાણી ઇશ્વરી વચનો મનાતા અને તેના આશિર્વચનો પામવા ત્યાના નોકરોના કુટુબો ઘેલા થઇ જતા પ્રાત.કાળમા તેનુ મુખ જોનાર પોતાનુ અહોભાગ્ય સમજતા રોગી બાળકો તેની આશીષથી વગર ઔષધે નિરોગી થતા ! તેનો ઉપદેશ સાભળવા આસપાસના લોકો પણુ ટોળે મળી ભેગા થતા તેના મુખમાથી શ્રવતુ અમૃત લોકોમા ચૈતન્ય પૂરતુ તેનુ સ્વરૂપ એવુ દૈવી અને નિર્મળ લાગતુ કે સાહજીક રીતેજ જોનારાઓનો તેના પ્રત્યે પૂજ્યભાવ જન્મતો હતો આનુ કારણુ એ હતુ કે એકવાર વિજાપુરના બાદશાહની બેગમનો પુત્ર ખાન-જહાન મરણુપથારીએ સૂતો હતો અનેક ઔષધો અજમાવ્યા છતા તેનો વ્યાધિ મટી શકયો નહિ તેવામા જનાનાની એક દાસીનુ મૃત્યુ થયુ ત્યારે બાદશાહે પ્રભાવતીને દાસીનુ કાર્ય સોપ્યુ પ્રભાવતી બેગમ પાસે ગઇ અને તેના પુત્રની આવી વિષમ દશા જોઈ તેને આશિર્વાદ આપ્યો પ્રભુકૃપાથી તેજ દિવસથી બાલ-રાજકુમારનો વ્યાધિ ધીમે ધીમે સારો થઇ ગયો. એટલે પછી મુસલમાન રાજ્યોનુ પૂછવુ શુ ? તેથી તો

પ્રભાવતીની ખ્યાતિ આખા વિજાપુરમા પ્રસરી ગઈ અને તે સાધ્વી સ્ત્રી તરીકે પુજાવા લાગી પોતાની માતાનો આવો અપ્રતિમ પ્રભાવ જોઈ અને તેના મુખમાથી પડતા વચનો ઝીલાતા જોઇ અફઝલખાનનુ હૃદય માતૃપ્રેમથી ઉભરાઇ જતુ જ્યા સુધી વિજાપુરના સૈન્યનો અને તેના રાજ્યકારસ્થાનોનો માહીતગાર અફ્ઝલખાન વિજાપુરના રાજ્યમા હોય ત્યા સુધી વિજાપુરને પોતાના શીર ઉપર તલવાર લટકતી હોય એટલો ભય હતો એટલા માટે રજ્જુદ્દીન રામરાજાના પક્ષમા અફઝલખાનને મેળવી લેવાનો હેતુ સાધવા પ્રભાવતીની વિનતી અને તેનુ આત્મમાન કરી રહ્યો હતો, બાકી રજ્જુદ્દીન આગળ પ્રભાવતીની કિમત કોડીની પણ નહોતી તે તેને એક નીચ, વર્ણશકર યવનસુદરી તરીકે ઓળખતો હતો વર્તમાન જીવનની પ્રભાવતીની સાધુતાને તે પાખડ માનતો, એવી સ્ત્રીની ખુશામત કરવી તેને પસદ નહોતી, પણ વિજાપુરના સ્વાર્થને માટે તે ગમે તે કરવા તત્પર હતો રજ્જુદ્દીનના વચનો થોડીવાર પ્રભાવતી સાભળી રહી

"રજ્જુદ્દીન ! અફ્ઝલખાનનો પરિત્યાગ કરવાની મારી ઇચ્છા છેજ નહિ તે મારી સાથે આવતો હોય તો જરૂર હુ તેને લઇ જઇશ અફ-ઝલખાન બહાદુર અને ઉત્સાહી છે અહીં નહીં તો ગમે ત્યા નોકરી કરી પણ તે પોતાનુ ઉદર પોષણ કરી શકશે જેનુ અન્ન ખાઉં તેનેજ દગો આપવો એ નીમકહરામીમનુષ્યનુ લક્ષણ છે આવા દુષ્કૃત્ય કરનારની માતા તરીકે જગતમા જીવતા પણ મને શરમ આવે છે જે રાજ્યના આશ્રયથી અફ્ઝલખાન મોટો થયો, આવા ઉત્કૃષ્ટ અધિકારે ચઢયો, તેજ રાજ્ય તરફ એ આવો છળપ્રપચ કરે અને આશ્રયદાતાનોજ વિનાશ કરવા પ્રવૃત્ત થાય એનો મારા હૃદયમા આવિર્ભાવ થતાજ હુ કપુ છૂ જરૂર આવા પુત્રના તો દર્શન પણ મને અપવિત્ર કરનારા છે. જો હજી

પણ પુન એકવાર અફઝલખાનનો અને મારો મેળાપ થાય તો હુ તેને આ અધર્મપ્રવૃત્તિમાથી મૂક્ત કરી શકુ "

" પરતુ એમા તમારે આટલો શોક કરવાનુ શુ પ્રયોજન છે ? વિજાપુરના રાજ્યે તમારે માટે કેટલો પરિશ્રમ લીધો છે તેનો વિચાર કરો જાગીરાબાદના બાદશાહે પકડીને આપણને આદીલશાહની પાસે રજુ કર્યા તે સમયે તે ઘાતકી નરપિશાચે તમારી ગોદમાથી તમારા નેત્રો જેવો લાડકવાયો એકનો એક છોકરો ખૂચવી લીધો તમે કરગર્યા, વિનતી કરી, રોયા, પગે લાગ્યા પણ તે વજ્ર હૃદયના રાક્ષસને તમારે માટે લેશ પણ દયા આવી ખરી ! ? તેનામા તમારા દુ ખી અશ્રુઓની કદર કરવા જેટલી પણ શક્તિ નહોતી તેણે તમને રોતા કકળતા રાખ્યા અને તમારા પુત્રને લઇ લીધો, એ તો સદભાગ્ય આપણા કે તે સમયે વિજા પુરના દરબારમા મારી પ્રતિષ્ઠા સારી હતી એટલે બાદશાહે અફઝનખાનને મનેજ સોપ્યો તમારી નાનકડી બાળા પણ તે દુષ્ટે તમારી પાસે રહેવા ન દીધી તેને પણ તમારી પાસેથી લઈ જનાનામા મહારાણીના આશ્રય નીચે મૂકી અને અતે તેને તમે ગુમાવી બેઠા ! વિજાપુરને માટે તમને અભિમાન છે-પ્રેમ છે, પણ તેમણે તમારે માટે શુ કર્યું છે ? એવા નીચ પુરુષને તેના નીચ કૃત્ય બદલ તમારો પુત્ર શિક્ષા આપવા તત્પર થયો છે તો તે યથાયોગ્યજ છે કારણ કે જે બાદશાહે તેની માતાને વર્ષો પર્યન્ત કારાગૃહવાસમા પૂરી સડતી રાખી મૂકી હોય, જે રાજ્યે તેની નિર્દોષ ભગિનીને પણ જનાનારૂપી કેદખાનામા પૂરી રાખી હોય અને હાલ પણ તે તમારી પાસે નથી એ સાભળીને શુ તે હાથ જોડી બેસી રહે ? અફઝનખાનને આ સઘળી કથા મે કહી નથી તે જે દિવસે જાણશે ત્યારે તો જરૂર તેનો ક્રોધ મહાસાગર વધી જશે

જે સલ્તનતે તમારા પ્રત્યે લેશ માત્ર સ્નેહભાવ બતાવ્યો નથી તે રાજ્યને તમારી પાસેથી સારો બદલો મેળવવાની શી આશા છે ?"

"ખાનસાહેબ! મારે તો જગતમા દુ ખ સિવાય બીજુ કાઇ નિર્માણ થયુજ નથી વિજાપુરના બાદશાહે જેલમા પુરી મારા દુ ખની પરાકાષ્ટા કરી વિદ્યાપુરના રાજાએ વિશ્વાસઘાત કરી દુ ખના દ્વાર ખોલી આપ્યા. મારા પુત્રે પણ બાકી હતુ તે પુરૂ કર્યુ હવે તો મને સસાર ઉપરજ તિરસ્કાર ઉપજ્યો છે વિદ્યાપુર કે વિજાપુર સઘળાનુ હિતાહિત થાય તેને અને મને કાઇ સબધ નથી એટલા માટેજ હુ તો અફઝલખાનને બોલાવી લેવા માગુ છુ કે કોઈ પણ મનુષ્યનો નાશ કરવાના કારણ-ભૂત મારો પુત્ર ન થાય"

"પણ હવે જે થવાનુ તે થઈ ગયુ. અફઝલખાન ગયો તે સર્વત્ર જાણીતુ થઈ ગયુ છે વિજાપુરના બાદશાહને પણ તેના વર્તમાન મળી ગયા છે એટલે પુન અફઝલખાન આવે તો પણ બાદશાહ તેનો તિરસ્કારજ કરશે અને બાદશાહના હાથમા એકવાર અફઝલખાન પકડાયો તો તેને દેહાતદડની શિક્ષા થશે તમે વિજાપુરનુ શ્રેય કરતા અનેક કષ્ટો વેઠ્યા છે અને હવે વધારે શ્રેય કરવા જતા તમારો છોકરો પણ ગુમાવી બેસશો એ નિ સશય છે બાદશાહને એવી પ્રતીતિ થઇ છે કે તમને લાબા સમય સુધી વિજાપુરમા બદીવાન તરીકે રહેવુ પડયુ હતુ, તે વૈરનો બદલો લેવા તમેજ એને ઉશ્કેરી રાજ્યદ્રોહી બનાવ્યો છે માટે તે તો તમને પણ પુન કારાગૃહવાસ આપવા આતુર છે તમારે માટે બાદશાહને મારે કેવળ અસત્ય લખવુ પડયુ છે કે પ્રભાવતી કે ગગા કોઈ પણ અત્રે નથી ત્યારે તમે નિર્ભય થઈ શકયા છો જ્યા તમારોજ પ્રાણ

ભયમા છે ત્યા તમે તમાન પુત્રને બચાવવાની વિપરીત વાતો કરો છો હવે તો અતિમ માર્ગ શોધી કાઢો કે શુ કરવુ ? વાયુને વેગે કાળ વહી જાય છે કાલે સવારે યુદ્ધનુ મગલાચરણુ આરભાશે બાદશાહ પુન અફઝલખાનની માગણી કરશે રામગજા કેટલો અડગ અને આગ્રહી છે તે તમે જાણો છો, અને અફઝલખાન એનો પુત્ર છે એ વાતની તેને ખબર પડી છે એટલે હવે પ્રાણાન્તે પણ તે તેને તરછોડનાર નથી અલી-આદીલશાહ અફઝલખાનને માર્યા વિના જપનાર નથી હવે અફઝલ ખાનને સમજાવવાનો મનય વહી ગયો છે તમારા વિના તેને વિધાપુરમા બિલકુલ ઠીક લાગતુ નથી અને જ્યા સુધી તમે એને મળશો નહિ ત્યા સુધી એનો ઉદ્વેગ પણ ઓછો થવાનો નથી અને એવી સ્થિતમા કદાપી પણ તે વિજય પામવાનો નથી, કે જગતમા કલકીત થવા સમરભૂમિમાથી નાસવાનો પણ નથી એટલે એના મૃત્યુના કારણુભૂત પણ તમેજ થશો. તમે તમારે હાથેજ તમારા સસારનુ શરૂઆતથી નિકદન કરતા આવ્યા છો વનવિહારમાથી ન્હાની છૂટતા પણ તમે સ્ત્રીહઠનુ ભયકર પ્રદર્શન કર્યુ અને આ આફતને સ્વહસ્તે આમત્રી આણી. જાગીરાબાદના બાદશાહે તમને પકડયા ત્યા તમેજ મે કરેલી મહેનતપર પાણી ફેરવ્યુ અને દુ ખના બીજ વાવ્યા આજ તેના કડવા ફળ ચાખો છો અને પસ્તાવો છો. વિજાપુરના બાદશાહ પાસે મુક્તની યાચના કરવા મે તમને કહ્યુ ત્યારે પણ તમે તમાન હઠવાદી સ્વભાવનો પ્રભાવ એવો બતાવ્યો કે મારે પણ તમારાથી સર્વથા વિમુખજ રહેવુ પડયુ. તમારી આ હઠીલી રીત-ભાતથી આટનુ આટનુ નુકસાન થયુ છે અને હજી પણ શુ તમે એ પ્રમાણેજ પુત્રવધ કરવા તૈયાર છો ?" રજુદીન જરા શ્વાસ લેવા અટક્યો અને પ્રભાવતીને બોલવાનો અવકાશ આપ્યો.

"ભૂતકાલીન ઇતિહાસ સભારવામા હવે સાર નથી, તમે સઘળી પરિસ્થિતિ વર્ણવો છો એટલે હું પણ વ્યાકુળ થાઉ છૂ હુ અહીથી ન્હાસી છુટુ તોપણ મારા વિષયક થતો ઉદ્વેગ અફઝલખાનના હૃદયમાથી ટળનાર નથી તેના કરતા એક માર્ગ છે હુ ભઠ્ઠામા પડી આત્મઘાત કરૂ તો મારે શિરેનો ભય નિર્મૂળ થાય, પણ તેથી એના હૃદયનો ઉદ્વેગ તો ઉલટો વધશેજ તે પોતાને મારા વધના નિમિત્તરૂપ ગણશે અને મારૂ આકસ્મિક મૃત્યુ તેને હમેશા સાલસે મને તો કાઇ સમજ પડતી નથી કે હવે શુ કરવુ ? તમેજ કોઇ માર્ગ બતાવો કે આ સઘળી બગડેલી બાજી પુન ઠેકાણે પડે"

"હુ તમને સાચુ કહુ તો તમે એક હિદુમાતાના પુત્રી છો છતા એક જુના દ્વેશ અને વૈર ખાતર તમે વિદ્યાપુરનો નાશ થાય એમ ઇચ્છો છો, પણ વિદ્યાપુરનો વિનાશ થતા સમસ્ત દક્ષિણ હિદુજીવન વિનાનુ અને નિર્માલ્ય થઇ જશે તમારી માતાને યવનો ખેચી ગયા અને નવાબ નસરૂલ્લાખાને તેને ભ્રષ્ટ કરી એવી અનેક અબળાઓ દુ:ખમા આવી પડતી, ધર્મભ્રષ્ટ થતી અને વિજાતીય થઇ જતી વિદ્યાપુરના રાજ્યે અટકાવી છે તેનો વિનાશ થતા વિજાપુરને મદ ચઢશે તે ઇચ્છા પ્રમાણે ગમે તે પ્રકારે સ્વછંદે વર્તશે અને તમારા જેવી અસખ્ય હિદુ અબળા પતિત થઈ જશે, તેનો વિચાર કરો તમને રામરાજાપર દ્વેશ છે, પણ તે ભૂલી જઇ વિજાપુરનો નાશ કરાવશો તો ભાવી અત્યાચારો થતા અટકી જશે તેનું સઘળુ પૂણ્ય તમને લાગશે તેનો જરા વિચાર કરો, હજીપણ પાપ ક્યા સુધી આચરશો ?"

"હુ તમને અનેક વેળા કહી ચુકી છૂ કે હવે મે સન્યાસીની તરીકે જ અવશેષ આયુષ્ય ગાળવાનો નિશ્ચય કર્યો છે, પાછુ' આવી માથાફોડમા પડવાનુ મને પ્રયોજન નથી."

"પરે એ દંભ તજી દો તમારી સાધુતા જોઇ ભલે બધા મોહિત થાય મે તમને પ્રથમથી જોયા જાણ્યા છે હુ તમારા ભેખથી મોહ પામુ એમ નથી તમે તમારો ભેખ જગતને મોહ પમાડવા ભલે વાપરો, પણ તે કપટ મારી સાથે શા માટે ચલાવો છો મને તો તમારો ડોળ કેવળ પાશવીક લાગે છે, વિદ્યાપુર જીવશે તો અફ્ઝલખાન જીવશે પુત્રને મારવો છે કે તારવો છે તેનો તો જરા વિચાર કરો"

"ના, ના, ગમે તે પ્રકારે અફ્ઝલખાનનુ તો રક્ષણ થવુ જ જોઇએ રામરાજાનો વિનાશ થતા મહારાષ્ટ અત્યાચારોનુ ધામ થઇ પડશે મારી માતૃભૂમિ સર્વદા આનદમા રહે એવુ કરવાનો મારો ધર્મ છે હુ મારા પુત્રને વિદ્યાપુરને અને ભારતવર્ષની આર્યતાને આયુષ્યમાન કરવા ઇચ્છુક છુ કહો તે મારા હાથમા કેટલે અશે છે? તે માટે મારે શુ કરવુ? બોલો જલદી બોલો"

"તે માટે એકજ ઉપાય છે પૂર્વના સઘળા માન અપમાન ભૂલી જાઓ રામરાજાએ તમને જે જે અન્યાય કર્યા હોય તે ભૂલી જાઓ અને વિદ્યાપુરમા જઇને હવે નિવાસ કરો અફ્ઝલખાનને માટે રામ રાજાએ એક સુદર બગલો આપ્યો છે તેની ઇચ્છા છે કે તમે પણ તેની સાથે જઈને રહો તો તેના હૃદયનો ઉદ્વેગ મટી જાય અને તમારૂ ઇષ્ટ કાઇપણ કષ્ટ વિના પ્રાપ્ત થાય"

"એ તો તમે વાતજ ન કરો, વિદ્યાપુર પ્રતિ દ્રષ્ટિપાત કરતા હુ કપી ઉઠુ છુ મારો પ્રાણ જાય તોપણ હુ રામરાજાના મહાલયમા પગ મૂકવાની નથી વિદ્યાપુરમા જઇ વસવુ એના કરતા તો મ્હોત આવે તોપણ મને અધિક આનદ થાય તમે બીજો જે માર્ગ કહેશો

તે હું અવશ્ય ગ્રહણ કરીશ મારા પુત્રના અને વિદ્યાપુરના રાજ્ય રક્ષણ માટે તમે ફરમાવશો તે પ્રમાણે વર્તીશ પણ ત્યા જવાનુ તો મારાથી નજ થઇ શકે માટે મને ક્ષમા કરશો" તે સ્ત્રીએ પોતાનો મૂખ્ય વાધો રજુ કર્યો

"એટલા માટેજ હુ તમને કહુ છુ કે તમે સત્રળો દ્રશ ભૂલી જાઓ અને હવે માત્ર તમારા પુત્રની અને તમારા દેશની રક્ષા એજ તમારૂ અતિમ ધ્યેય બનાવો, તમે જ્યાસુધી જુના કામોની સ્મૃતિ ર્ક્યા કરશો ત્યા સુધી આ વૈર વધતુજ જશે માટે તેને નિર્મૂળ કરવાનો એકજ માર્ગ છે કે તમારે વિદ્યાપુર જઈને ત્યાજ તમારૂ અવશેષ આયુષ્ય પૂર્ણ કરવુ" રજુદિને પ્રભાવતીના વાધાને સાધો મારતા ઉત્તર આપ્યો

"હવે મને વિદ્યાપુર જતા શરમ લાગે છે એકવાર જેના પ્રત્યે તિરસ્કાર બતાવ્યો તેના તરફ દ્રષ્ટિ કરવી પણ મને અપ્રિય લાગે છે. રામરાજા અત્રે મને મળવા આવ્યા તેને હુ મળી પણ નહિ, તેની પાસે હુ શી યાચના કરૂ ? હુ ત્યા શી રીતે જઇશ ? મને કોણ લઇ જશે ?"

"હું લઇ જઇશ." રજુદીન ઉત્તર આપે તે પહેલા એક નવોજ અવાજ આવ્યો અત્યાર સુધી અફઝલખાન બહાર ઉભો ઉભો આ સઘળી વાત સાભળતો હતો. તેને પુન પોતાની માતાને મુખ બતાવતા શરમ લાગતી હતી પણ જ્યારે તેની વૃત્તિ પણ અતે ફેરવાઈ ગઈ ત્યારે હિમત કરી તે અદર આવ્યો. તેનુ મન સકોચ, લજ્જા અને ખિન્નતાવડે સકોચાએલુ હતુ.

"આવો અફઝલખાન !" રજ્જુદીને આવકાર આપ્યો અફઝલખાનના એકાએક આગમનથી પ્રભાવતી આશ્ચર્યમા લીન થઇ ગઇ માત્ર રજ્જુદીનને આશ્ચર્ય થયુ નહિ કારણકે તેને રામચન્દ્રદેવે પહેલાંથી અફઝલખાન ત્યા આવવાનો છે એ ખબર આપી હતી તે એની રાહ જોતોજ હતો અફઝલખાન માતાને વદન કરી, સામે રજ્જુદીનના પલગપર બેઠો પ્રભાવતી અને રજ્જુદીનનો વાક્પ્રવાહ સ્થબી ગયો ઓરડામા શાતી પથરાઈ ગઇ અફઝલખાને બહાર ઉભા રહી સઘળી ગોષ્ટિ સાભળી હતી રજ્જુદીન પણ કોને કાટને તોળે એવો છે તે સ્પષ્ટ થઇ ગયુ તેને રજ્જુદીનનો જે ભય હતો તે ટળી ગયો થોડી વાર ગઇ અને અતે રજ્જુદીને મૌન્ય તોડયુ

"કેમ અફઝલખાન ! હવે આપણા સઘળાના જીવનનો વિપ્લવકાળ સમીપ આવ્યો છ હવે આપણે એકત્ર મળી એક નિશ્ચય કરી લેવો ક ભવિષ્યમા શુ કરવુ છે ? વિદ્યાપુર અને વિજાપુરનો દ્વેષ પ્રતિદિન વધતો જાય છે તેમનામા હવે થોડાજ દિવસોમા યુદ્ધ આરભાશે આપણી સ્થિતિ એવી અર્ધદગ્ધ છે કે કયે માર્ગે આપણે કામ લેવુ તે પણ આપણો નિશ્ચય નથી આવી સ્થિતિમા કયા સુધી આપણે રહી શકીએ ?"

"રજ્જુદીન ! હવે તમારેજ તે સબધી વિચાર કરવાનો છે મે તો સ્પષ્ટપણેજ વિજાપુરનો દ્રોહ કરી વિદ્યાપુરનો આશ્રય સ્વિકાર્યો છે એટલે હવે મારે તો શુ કરવુ એ પ્રશ્નજ રહ્યો નથી હુ આજે જે કામ માટે આવ્યો છુ તે એટલુજ કે અત્રે મારી માતાને રાખી મૂકવા મને ઠીક લાગતુ નથી ગમે તે પ્રકારે તેમને સમજાવી વિદ્યાપુર લઇ જવા એવો મારો વિચાર છે."

"તમારો સઘળાનો એજ નિશ્ચય છે ત્યારે હુ મારો વિચાર ફેરવુ છૂ, અને તમારી ઇચ્છા પ્રમાણે જરૂર વિદ્યાપુરમા આવીને હુ રહીશ, પરતુ આપણે ખરેખર વિદ્યાપુરનો વિજય કરવો હોય તો તમને હુ એક માર્ગ બતાઉ છૂ મુસલમાનો ઘણા કપટી છે અને તેઓ કપટકળાથીજ વિદ્યાપુર જોડે કદાચ વિજય મેળવશે તેમને મહાત કરવા આપણે પણ તેવાજ કપટી થવુ આવશ્યક છે અફ્ઝલખાન રામરાજાની સાથેજ રહે અને વિદ્યાપુર તથા રામરાજાનુ રક્ષણ કરે તો તે વધારે યોગ્ય છે તમે વિજાપુરના બાદશાહ પર પત્ર લખી મોકલો કે અફ્ઝલખાન ખરેખરો રાજદ્રોહી નથી પણ મેજ તેને રામરાજાના દરબારમા આપણા ગુપ્તદૂત તરીકે મોકલ્યો છે તે હિદુ દરબારમા કલહ કકાશ કરાવશે અને લશ્કરને પણ બેદીલ બનાવી દેશે હુ અહીંજ રહીશ અફ્ઝલખાનને જ્યારે મળવુ હોય ત્યારે તે અત્રે મને મળવા આવશે તો હુ તેને મળીશ, અને અહીં રહી રામરાજાને બની શકે એટલી સ્હાયતા આપીશ વનવિહાર વિદ્યાપુરના તાબાનો મુલક ગણાય છે પણ હાલમા અહીં સત્તા તો વિજાપુર નરેશનીજ પ્રવર્તે છે એટલે વિજાપુરના સૈનીકો સરદારો સઘળાનો મને અહીં ભેટો થશે તેઓ મને પરમ સાધ્વી માને છે અને જો કે મે પણ આજ પર્યન્તનુ મારૂ વર્તન પણ તેવુજ રાખ્યુ છે એટલે વિજાપુરના સૈનીકોનો નાશ કરવાના બને એટલા પ્રપચો હું કરીશ. હુ જો અત્યારેજ વિદ્યાપુર આવીને રહીશ તો પછી આપણો પ્રપચ ફુટી જશે, તે કરતા મે કહ્યુ તે પ્રણાલીએ કાર્ય કરવાથી આપણને ઘણો લાભ છે." પ્રભાવતીએ પોતાનો વિચાર જણાવ્યો.

"બરાબર છે" રજ્જુદીને તેને અનુમોદન આપતા ઉત્તર આપ્યો, "તમે એક સ્ત્રી છો પણ તમારી શકિત પુરૂષને પણ પાણી ભરાવે એવી છે તમારી યોજના ઘણીજ અનુકુળ છે આ પ્રથાએ કાર્ય કરવાથી બાદશાહની કાર્યવાહી સગળી આપણે જાણી શકીશુ અન તેથી આપણો સઘળો શ્રમ બચી જશે, જગત કહે છે કે સ્ત્રીઓ રાજ્ય કાર્યમા સર્વથા નકામી છે પણ તેનો તમે આદર્શ અપવાદ છો."

"કહે અફઝલખાન ! હવે વિચાર કરવાનો વખત રહ્યાજ નથી પળ વહી જાય છે તે ઘણીજ કિમતી છે પળે પળે આપણા પર વધારેને વધારે સકટો આવતા જાય છે માટે એક નિશ્ચય કરી લ્યો અને પછી તેમાથી કદીપણ વિચલિત ન થાઓ એવી પ્રતિજ્ઞા કરી લ્યો આજે તમે જેમ વિજાપુરનો દ્રોહ કરી વિદ્યાપુરને સ્હાયતા આપવાના કાર્યોમા પ્રવૃત્ત થયા છો તમે ભવિષ્યમા વિદ્યાપુરનો દ્રોહ કરવા સરખો ભાવ પણ ન ઉદ્દભવે એવો નિશ્ચય કરો રજ્જુદીન ! તમે પણ હિદુ છો અને મુસલમાનોના પરિબળથીજ મુસલમાન થયા છો, હુ પણ ઘણે અશે હિદુ છૂ, અને અફઝલખાનની કથા તો તમે જાણોજ છો એટલે હિદુઓને સ્હાયતા આપવી એજ ઇષ્ટ છે અફઝલખાન ! મને વિજાપુરના રાજ્યે બદીવાસમા કેવા ભયકર દુ ખો આપ્યા તે હુ કહેવા નથી માગતી બાદશાહનુ કારાગૃહ એટલે સાક્ષાત યમસદન. તારી ભગિનિની પણ હજી કાઇ ભાળ લાગતી નથી એ સર્વ પાપ કરનાર બાદશાહને શિક્ષા કરવાનો તુ જો નિશ્ચય કરે તો પછી તેમા ઢગીશ નહિ, કહે હવે તારો શુ નિશ્ચય છે ?" પ્રભાવતીએ પૂછ્યુ,

"માતાજી ! તમારી ઇચ્છા પ્રમાણે હુ સર્વથા સમ્મત છુ. રજ્જુદીન ! તમે વિજાપુરના બાદશાહને એક ખબર એવા લખી દેજો

કે અફઝલખાન રામરાજાના દરબારમા જઇ વિક્ષેપ પડાવવાના કાર્યમાં સફલ થયો છે અને રગનાથ નામનો તેમનો મોટો માડલીક રાજા રિસાઇ ચાલ્યો ગયો છે આ વર્તમાનથી બાદશાહને આપણા પર જરા પણ શકા રહેશે નહિ અને તમારા લખ્યાની વધારે ખાત્રી થશે ” અફઝલખાને માતાના વિચારને અનુમતિ આપી

“હા, એ ખરી વાત છે એમને એમ લખવાથી કદાચ એને સશય ઉત્પન્ન થાય ખરો, પણ આ સમાચાર લખવાથી તેને કાઇક શકા હશે તે પણ દૂર થશે ’ પ્રભાવતીએ જણાવ્યુ

“અને હવે યુદ્ધનો આરભ પણ આપણે કરવો જોઇએ મને ખબર મળી છે કે ગઇ કાલે મુસલમાની રાજ્યોના સરદારો કાઇક ગુપ્ત કારસ્થાન રચવા માટે એકત્ર થયા હતા તેમણે વિદ્યાપુરના સામ્રાજ્યનો વિનાશ કરવાનો ઠરાવ કર્યો છે, અને થોડાજ સમયમા તેઓ યુદ્ધનો આરભ કરનાર છે હુ વિદ્યાપુર જઇ સૈનીકોનો બદોબસ્ત કરી દઇશ અને પછી આપણુ સૈન્ય વ્યવસ્થિત થઇ જશે તો આપણેજ સૈન્ય લઇ વિજાપુર પર ધસારો લઇ જઇશુ હવે એક પળ પણ મહારાષ્ટ્રમા મુસલમાની સત્તા ટકે એ મને અસહ્ય લાગે છે અફઝલખાને પોતાની ભાવના વ્યક્ત કરી

“પણ જોજે, અફઝલખાન ' તારે માટે મને ઘણી શકા રહે છે તારૂ મન બરાબર દ્રઢ રાખજે તુ હિદુનો પુત્ર છે આ યુદ્ધ સપૂર્ણ થશે કે તને તારા કુળની અને તારા પિતાની પણ માહીતી મળશે વિદ્યાપુરના ભાગ્ય સાથે તારૂ ભાગ્ય જોડાએલુ છે અને તુ વિદ્યાપુરના રાજ્ય કુટુબનો પણ અગભૂત છે ચાલ હવે પ્રભાત પહેલા તું અત્રેથી

પ્રયાણ કરીજા દર ત્રીજે દિવસે રાત્રે મને આવીને મળતો રહેજે.” પ્રભાવતીએ આજ્ઞા કરી

અફઝલખાન માતાને પ્રણામ કરીને ઉઠયો. વરસાદ થભી ગયો હતો પણ મેઘાડબર તેવોજ કાયમ હતો પ્રભાત થતા પહેલા અફઝલખાન વિદ્યાપુર પહોચી ગયો પોતાને મહાલયે ન જતા તેણે અશ્વ સીધોજ રામરાજાના મહાલય તરફ વાળ્યો, અને તેને સઘળા વર્તમાન કહ્યા રામરાજા અને અફઝલખાન વચ્ચે ઘણો સમય વાતચીત ચાલી સૈન્ય તૈયાર કરવાનુ તથા માડલીકોને બોલાવવાનુ નક્કી થયુ અફઝલખાન સર્વ કામ કાજની મહારાજા સાથે વ્યવસ્થા કરી પોતાને મહાલયે આવ્યો, ત્યારે સૂર્યનારાયણ પ્રકાશી ચૂક્યા હતા. આખી રાત્રીનો ઉજાગરો હોવાથી તે નિદ્રા લેવા જરા પલગ પર પડયો અને અનુચરને નિયત સમયે પોતાને ઉઠાડવાની આજ્ઞા આપી નિદ્રાદેવીનુ સામ્રાજ્ય અફઝલખાન પર સ્થપાઇ ગયુ જગત જાગૃત થયુ

પ્રકરણ ૧૯ મું.

મદાંધ મોરોપંત.

સૈકાના સૈકા વીતી જાય છે, અને માનવપતિઓના મહાન કામોને કાળરાક્ષસ પ્રજાળી ભસ્મીભુત કરી નાખે છે, સંસાર તે નરકેસરીઓના નામાભિધાનથી પણ સર્વથા અજ્ઞાત રહેછે મહારાજા વિક્રમની અચળ કીર્તિ આજે જીર્ણ અવસ્થામા છે યોગેશ્વર કૃષ્ણચંદ્રનો પ્રતાપ પણ આજે નિસ્તેજ રૂપમા વિધમાન છે કાળમહાસાગરના વિનાશકારી આંદોલન જગતપર ફરી વળે છે, અને પાશવિકતાથી ભરેલી મનુષ્ય કાયાએ સૃજેલા સ્મારક કૃત્યોને તોડી ફોડીને માટીથી મેળવી દે છે જગતનો આ વ્યવસાય પ્રત્યેક મનુષ્યો અવલોકે છે છતા પણ મનુષ્યો પોતાને અને પોતાની કૃતિને અમર માની પોતાનો કાર્ય વ્યવસાય ચલાવે છે કુસંપ કરવામા એક્કા બની પોતેજ પોતાના વિનાશના બીજ વાવે છે અને દેશને આપત્તિના કારાગૃહમા સ્વહસ્તેજ સડવા દે છે ! યોગેશ્વર કૃષ્ણચંદ્રની સામે પણ કુટિલાત્મા કૈરવોની હસ્તિ હતી, રઘુકુળ તારક રામચંદ્રને પીડનાર બ્રાહ્મણ કુલોત્પન્ન અનાર્ય કર્મધારી રાવણાદિની વસ્તી હતી, અને એજ કુસંપ શયતાનની મસ્તિથી વિદ્યાપુરનો વિનાશકાળ પણ સમિપ આવ્યો હતો કાળચક્ર અપૂર્વ વેગથી વહી જાય છે, તો મહિનાઓ અને દિવસોને વિતી જતા શી વાર લાગે ? વિદ્યાપુર અને વિજાપુરની વચ્ચે અફઝલખાનને પાછા મોકલવા સબંધે અનેક ચર્ચા થઇ અને સમી ગઇ અંતે યુદ્ધનો આરંભ કરવાનોજ નિશ્ચય દૃઢ થયો બન્ને રાજ્યો દુશ્મનોને પરાસ્ત કરવાના મોહમા સૈન્ય સામગ્રી એકત્રીત કરવામા પ્રવૃત્ત

થયા. વિદ્યાપુરનું રાજ્ય વિજાપુરના બાદશાહને હૃદય શલ્યપેરે ખૂચતું હતુ અને કોઇ પણ માર્ગે તેનો નાશ કરવાને તેઓ તત્પર હતા તેજ પ્રમાણે રામરાજાના પૂર્વજો વિજાપુરના બાદશાહ સાથે મિત્રભાવે એકત્રીત થઇ યુદ્ધમા પ્રવૃત્ત થયા હતા, પણ એકબીજાની પ્રભુતા તેમને દુ સહ્ય લાગતી હતી દક્ષિણના સગળા મુસલમાની રાજ્યોનો નાશ કરવાનો આ સુન્દર અવસર છે એમ જાણી રામરાજાએ યુદ્ધને માટે જબરી તૈયારી કરી યુદ્ધને માત્ર આગળીને વેઢે ગણી શકાય એટલાજ દિવસો અવશેષ હતા આજે રામરાજાના દરબારમા સગ્રામને માટે ક્યા ક્યા સ્થાનો ક્યા ક્યા યોદ્ધાઓને આપવા તેની વહેચણી નિયત થવાની હતી રગનાથના સિહગઢ ઉપર કરેલી એક સ્વારી નિષ્ફળ નિવડી હતી, અને આષાઢ માસ બેઠી જવાથી તે આતરકલહ કુદરતે સમાવી દીધો હતો, પણ તે પ્રસગજ આ દરબારમા વિક્ષેપ પડાવવા કારણીભૂત થયો જો તેજ સમયે વિદ્યાપુરનુ અધિક સૈન્ય સિહગઢ—સુવર્ણગઢ ઉપર ગયુ હોત, અને મોરોપત તથા રગનાથનો નાશ થયો હોત તો આજનો દરબાર કેવળ નિર્વિઘ્ને પૂર્ણ થાત ! અને એકવાર સપૂર્ણ બળથી સમગ્ર આર્યસેના વિજાપુરનો નાશ કરવા સગ્રામે ઝુકી હોત ! પણ દુર્ભાગી આર્યાવર્ત ! તારી પ્રભુતાજ પ્રભુને પણ સાલતી હોય તેમ થયુ આર્યાવર્તમા એક પણ આર્યરાજ્ય અવશેષ રહે, એ કુદરતનેજ અપ્રિય હોય અને કિરતારજ આ મહા રાજ્યનો અત આણવા તત્પર થયો હોય તેમ બન્યુ !

એક દિવસ રામરાજા પોતાનુ મૃગયાનુ સૈન્ય લઈ સુવર્ણગઢના પ્રદેશમા ઉતરી પડયા ચોમાસાના દિવસ ! નદિનાળામા પણ સપૂર્ણ ભરેલુ પાણી ! અને મહારાષ્ટ્રની પહાડીભૂમિ ! ત્યા પર્યટણ કરવુ એ કેટલુ દુર્ઘટ છે તેનો વિચાર પણ સાધારણ મનુષ્યોને આવી શકે નહિ.

નભોમંડળ સ્વચ્છ હતું મધ્યરાત્રીનો અવસર હતો આકાશના તારા બરાબર દેખાતા હતા ક્વચિત ક્વચિત સલિલપૂર્ણ શ્યામ અભ્રો નિરખાતા થડો પવન વાતો હતો, અને વૃક્ષોના પાદડાઓનો સુસવાટ હૃદયને ભયભિત કરી નાંખતો હતો તારાઓના ઝાંખા પ્રકાશમા હરિત વૃક્ષોની મધુરતા આત્માને હારતી હતી પળવાર આરમ્ય દ્રષ્ય અવલોકનાર. સંસારના સુખ શોકને વિસરી જઇ કુદરતની અનુપમતા નિહાળવામાં તલ્લીન થઇ જતા, પાસેથી તુગભદ્રા નદિનો પ્રવાહ અપૂર્વ વેગથી વહેતો હતો ભરતીના પાણી ચડેલા હતા. કાળા પાખડા અને બીજી જડ વસ્તુઓ અપૂર્વ ગતિએ તણાઇ જતી હતી. આકાશનુ પ્રતિબિબ નદિમાં પડતુ હતુ પણ સરિતાની મલિનતાને લીધે તે દ્રષ્ય આકષક લાગતું નહોતુ. આ દેખાવ જેવો અપૂર્વ અને મનોવેધક હતો તેમ ત્યાં અભેદ્ય ભયકરતા પણ ભરેલી હતી પણ રામરાજાની જોડે લગભગ પચાસેક અશ્વારોહી સહયોગી હોવાથી તેમને તે સ્થળની ભયકરતાનો સપૂર્ણ પરિચય નહોતો રામરાજાને આવે વિકટ પ્રસગે મૃગયા અર્થે પ્રયાણ ન કરવા દરબારીઓએ અત્યત આગ્રહ કર્યો હતો પણ હઠાગ્રહી રામચદ્ર તે સર્વેનો ઉપહાસ કરી નીકળી પડયો હતો રામરાજા અને તેનુ સૈન્ય નદિને કાંઠે કાંઠે ધીમે ધીમે પ્રયાણ કરતું હતુ. રામરાજા જેમ મુસલમાનોનો નાશ કરવા અનેક કપટ પાશ નાંખતો તેમ તેનો યોગ્ય ઉત્તર વાળવાને મુસલમાનો પણ ચુકતા નહોતા ગફુર હુસેન નામનો એક વિજાપુરનો દૂત રામરાજા મૃગયાએ ગયો કે ત્વરીતજ તેની પાછળ નીકળી પડયો હતો પણ તેની પાસે માત્ર દસ સૈનીકોજ હોવાથી તે પ્રકટ રીતે રામચદ્રની સામે થઇ શક્તો નહોતો રામચદ્રનુ સૈન્ય જેમ સરિતાના પ્રવાહ સાથે આગળ વધતું હતુ તેમ પાછળ

ગપુરના સૈન્યનુ પ્રયાણ પણ ચાલુ હતું. તથા ગપુર આ વિષમ સ્થાનથી પરિચિત હતો ત્યારે રામરાજાને એ માગનો આવશ્યક પરિચય લેશ માત્ર પણ નહોતો આકાશ ગમે એટલું સ્વચ્છ હતુ પણ તેથી ભૂલાવો ખવાય તેમ નહોતુ કારણ કે ચોમાસુ ચાલતુ હતુ અને તુંગભદ્રાનો પ્રવાહ ભરતીના પાણી સાથે સરિતાનાથને ભેટવા ધસતો જતો હતો! ચોમાસામા કેટલી વાર એવુ બને છે કે દસ પદર મિનિટમાં એકદમ વાદળ ચઢી આવી અમુક સ્થાનને જળમય કરી નાખે છે ત્યારે કેટલીવાર સરિતામા એટલી ત્વરાથી ભરતીનુ પાણી ચઢી આવે છે કે આ પારથી પેલે પાર જનાર વ્યક્તિ પણ દુર્ભાગ્યે મૃત્યુને શરણે થઇ જાય છે

તુંગભદ્રાનો પ્રવાહ પણ એવોજ તોફાની હતો વળી સરિતાની સમિપમાંજ 'વૃદા' નામક વિશાળ સરોવર હતુ. જ્યારે ભરતીના પાણી ઓછા થઇ જતા અથવા વર્ષાકાળ સમી જતો ત્યારે 'વૃદા' સરોવર અને તુંગભદ્રાની વચ્ચેથી બે ત્રણ મોટી ગાડીઓ સાથે જઇ શકે એટલો મોટો માર્ગ ખુલ્લો થતો હતો, પણ તે ભૂમિ એટલી બધી નિમ્ન પ્રદેશ જેવી હતી કે સરિતામા ભરતી અથવા રેલના પાણી આવતા તે સ્થળ સર્વથા જળમય થઇ જતુ હતુ અને મનુષ્ય વા ગાય બળદ આદિ પશુઓને પણ પોતાના પ્રવાહમા ત્યાનુ પાણી તાણી જતુ જ્યારે ભરતી કે રેલના પાણી ચઢતા, ત્યારે એ પ્રદેશને પોતાના સામ્રાજ્યમા ગુથી લેઇ છેક 'વૃદા' સુધી પહોચી જતા હતા અને વૃદાથી તે સરિતાના પાત્ર પર્યન્તનો સઘળો પ્રદેશ જળાશય જેવો થઇ જતો રામરાજાને એ સ્થળની બિલકુલ માહિતી નહોતી તેમજ ઢાળ પણ ધીમે ધીમે એવી રીતે પડેલો હતો કે તે પ્રદેશની ભય કરતા માનવ મસ્તિષ્કમા આવલોકન થઇ શકતી નહોતી રામરાજા સસૈન્ય ત્યા દાખલ પણ થયો અને બીજી બાજુએ વર્ષાના

શ્યામ અભ્રોપણ છવાવા માંડયા, રેલના પાણી તો ચઢનાજ હતા. થોડી ક્ષણોમાં તો વર્ષાનો પણ પ્રારંભ થયો અને રેલનું ભયંકર સલિલ પણ પ્રબળ વેગથી ધસવા માંડયું. રામરાજાનું સૈન્ય તે લાંબો પટ પસાર કરીને બહાર નીકળે તે પહેલાં તો તેની ઉપર ભરતીના નીર ફરી વળ્યાં, મહા પ્રયત્ને રામરાજા માત્ર તેમાંથી બચી ગયો. પણ તેવાજ ગફુરના દૈત્યો તેની પછવાડે હાજરજ હતા. રામરાજાએ અપૂર્વ હિંમત વાપરી બંદામાં પડતું મૂકયું અને તે તરંગો તરતો અરધી સરિતા ઉતરી ગયો. પણ તેટલામાં ગફુરના બે બળવાન સૈનીકોએ તેને પકડયો.

થાકેલો અને શ્રમ પિડિત હોવા છતાં રામરાજાએ તે બંનેનું અપૂર્વ સ્વાગત કર્યું, પણ અંતે તેને નમતું આપવાની ફરજ પડી. સરિતામાં બાથંબાથ કરતાં તેનાં સર્વ વસ્ત્રો નીકળી ગયાં હતાં. તે એક નાહાન બાળક પેરે કેવળ નિર્વસ્ત્ર અને ગફુરના બંદીવાન તરીકે બહાર નીકળ્યો. મુસલમાન સૈનીકોએ તેની ચેષ્ટા કરવામાં નીચતાની પરાકાષ્ટા કરી, પણ નિઃશસ્ત્ર નિર્વસ્ત્ર રામરાજાએ તે સઘળું સહન કરી લીધું. ગફુરે રામચંદ્રદેવ મનુષ્ય છે એટલું પણ વિસ્મૃત કરીને તેના હાથ પગ સખ્ત દોરડા વડે બાંધ્યા અને રાત્રીએ તેવીજ અવસ્થામાં પોતાની સાથે રાખી પ્રાતઃકાળે વિજાપુર તરફ પ્રયાણ કર્યું. વિજયનગરની પુનિત પ્રજાનું પુન્ય હજી અવશેષ હતું. વિદ્યાપુરના વૈધવ્યકાળને અલ્પ સમયની વાર હતી અને મુસલમાની સત્તાનો—શયતાની પાશવિકતાનો વિસ્તાર થવાનો હજી યોગ્ય અવસર આવ્યો નહોતો. એટલે માર્ગમાંજ ગફુરને રંગનાથના બંધુ મોરોપંતનો ભેટો થયો. મોરોપંત અને રામરાજા વચ્ચે દરબારમાં થયેલા વિખવાદથી બન્નેનાં હૃદય પરસ્પર કલુષીત થએલાં હતાં ખરાં પણ રામરાજાને મુસલમાન સત્તાનો ગુલામ બનાવવાની મોરોપંતની

ઇચ્છા નહોતી, બન્ને વચ્ચે ઝપાઝપી ચાલુ થઇ, અંતે મોરોપંતે એક પણ મનુષ્યનો પ્રાણ આપ્યા સિવાય ગફુરને તેના સર્વ સૈનીકો સહિત સ્વર્ગ પથનો અનુયાયી બનાવી દીધો—ખરી રીતે તો તે નર્ક પથનોજ અનુગામી થયો મોરોપતે પોતાના આર્ય હૃદયની સપૂર્ણ પ્રતિતિ કરાવી, રામરાજાપરનુ વૈર ભૂલી જઇ તેના બધનો દૂર કર્યા, તેને પોતાને મહાલયે લઇ ગયો અને પરિધાન કરવા માટે વસ્ત્રો આપ્યા. રામરાજા ભય અને લજજાથી વ્યાકુળ થઇ ગયો હતો. પોતાને શીરે વિગ્ની સર્વ વાર્તા તેણે મોરોપતને કહી અને તેમના પૂર્વકાલમા કરેલા અપમાન માટે ક્ષમા યાચવા લાગ્યો પરસ્પર એક બીજાના કલુષિત અતરો શાત થયા અને આઠેક દિવસ રામરાજાએ રગનાથના અતિથિ તરીકે ત્યાજ ગાળ્યા વિદ્યાપુરમા આવીને રામરાજાએ ત્વરીતજ રંગનાથને પોતાના સેનાનાયકની પદ્વી આપી અને એક રત્નજડીત તલવાર ભેટ મોકલી આપી પણ રગનાથના આવાસત્વારથી મોરોપતને બહુ આઘાત થયો જો કે રામરાજાનુ રક્ષણ મોરોપતે કરેલુ હતુ છતા સિહગઢનો રાજ્ય મુકુટ રગનાથને શિરે વિરાજતો હોવાથી રામરાજાએ સિહગઢની કિર્તિ વધારવા રગનાથનેજ ભેટઆદીથી સત્કાર્યો એ અયોગ્ય ન હતુ છતા આનુ ગુઢ રહસ્ય શુરવીર પણ ન્યુન બુદ્ધિશાળો મોરોપત જાણી શક્યો નહિ, અને રામરાજા સાથે વિના કારણે દ્વેશ કરવા પ્રવૃત્ત થયો આ ઘટનાથી સિહગઢ અને વિદ્યાપુર વચ્ચેનુ કૃત્રિમ વૈર સમી ગયુ હતુ અને આજના દરબારમાં સર્વથી મોખરે રગનાથ અને મોરોપત વિરાજેલા દ્રષ્ટિગોચર થતા હતા રગનાથે મરાઠાશાહી પાઘડી પહેરી હતી, તેનો લાંબો સ્વચ્છ પાયજામો અને સફેદ ખેસના શુદ્ધ મરાઠી પોષાકમા તેનુ પ્રભાવી મુખમડળ શોભતુ હતુ તેના મુખપર જેટલી

નિર્મળતા હતી તેટલીજ તેના હૃદયમા પણ સ્વચ્છતા હતી સ્વામી ભક્તિને સાટે મરી ફીટવા તેનુ હૃદય ઉભરાતું હતુ આજે તેના કપોલ પ્રદેશ પર કાઇ અવર્ણનિય છટા દ્રષ્ટિગોચર થતી હતી. આખોમા શાત કુમાસ હતી મુખમડળ પણ શાત હતુ, પણ તે ગભિરતા ભિરૂતાની નહોતી એ અપૂર્વ શાતિ તેના અભેદ્ય બળની પ્રતિકૃતિ હતી. આમ તેના મુખપર સ્વાભાવિક પ્રફુલ્લીતતા પ્રસરેલી હતી ત્યારે મોરોપત પોતાના મુખપર ઉભરાતી દ્વેષ વૃત્તિ દબાવી રાખવાનો ડોળ માત્ર કરતો હતો તેની ઇચ્છા રગનાથ કરતા આજે કોઇ પણ રીતે વધારે માન પામવાની હતી, પ્રાતકાળથી માડલીક રાજાઓ સરદારો અને ભાયાતો આવી દરબારગૃહમા વિરાજેલા હતા બરાબર આઠેક વાગ્યાનો સમય થતાં પ્રતિહારની વિજય ગર્જના સાથે રામરાજા, અફ્ઝલખાન અને અર્જુનદેવ સાથે દાખલ થયો અફ્ઝલખાનને જોતાજ મોરોપતે રગનાથનો પગ દબાવી તિરસ્કાર યુક્ત હાસ્યથી કહ્યુ, "જોયુ, આ હરામખોર હજી દૂર થાય છે. ?"

"તેનો હવે લેશપણુ આપણને ભય નથી. પૂર્વકાળમા રામરાજા સાથે આપણને એ ગૃહસ્થ ઉપરથી દ્વેશ ઉપસ્થિત થયો હતો, પણ તે સમય અને વર્તમાન સમયમા બહુ ભિન્નતા છે રામરાજાનુ તમે રક્ષણ કર્યુ ત્યારથી તેને આપણી શુદ્ધ નિષ્ટાનો પરિપૂર્ણ પરિચય થયો છે અને તેથીજ મહારાજશ્રીએ મને 'મહાસેનાનાયક'ની પદવી અર્પી છે, તથા મહારાજે આપણુ જે અદ્વિતિય સ્વાગત કર્યું છે, તેજ મહારાજના નિર્મળ હૃદયનુ દિગ્દર્શન કરાવે છે." રંગનાથે ધીમે રહી મોરોપતને જવાબ આપ્યો.

મોરોપતને આ ઉત્તરથી કાંઇ સમાધાન થયુ નહિ. તેને તો આજે રગનાથ સ્વાર્થદેવતાનો પ્રત્યક્ષ અવતારજ લાગતો હતો. તે મનમાજ બબડયો, "અહા રગનાથ! રામરાજાના દરબારમા અપમાનીત થએલામાં અને આજના રગનાથમા કેવો આકાશ પાતાળનો તફાવત પડી ગયો છે. મારા પુરૂષાર્થથી પણ પોતાને ઇષ્ટ માન મળ્યુ કે આજે હવે તેને રામરાજા સપૂર્ણ ન્યાયી જણાય છે, પણ યાદ રાખજે રગનાથ! મોરોપત પોતાના પુરૂષાર્થનુ ફળ બીજાને કદીપણ ચાખવા દેનાર નથી અને પોતે જગતમા અપમાનીત થનાર નથી હજી મારા બાહુમા પરાક્રમ કરી કિર્તિ મેળવવાની શક્તિ છે ત્યારે તારામા કિર્તિ અને અધિકાર મેળવવા માટે રામરાજા પ્રતિ દૃઢ ભક્તિ છે, ઠીક છે જોઉ છુ વિધિની ઇચ્છા શુ છે?" આમ રગનાથના દુર્ગુણોનુજ ગાન કરતા તેણે પ્રકટ રીતે ઉત્તર વાળ્યો, "હા તે ખરી વાત છે."

રામરાજા દરબારીઓની વિજયગર્જના સાથે સિહાસનારૂઢ થયા આજનો રામચદ્રનો અપૂર્વ વૈભવ ઇદ્રપુરીને પણ શરમાવે એવો હતો. સમૃદ્ધિશાળી વિદ્યાપુરની ભૂમિ આજે હર્ષનાદથી ગર્જી રહી હતી થોડીવાર ગઇ કે રામરાજાએ સભાજનોને ઉદ્દેશી ઘણુંજ સક્ષેપમા વિવેચન કર્યું 'સભાજનો, નાગરીકો અને અન્યાન્ય સરદારો! 'કૃષ્ણદેવ મહારાજાના મૃત્યુ પછી તમારી સ્હાયતાથીજ મે વિદ્યાપુરની સલ્તનતને જીવત રાખી છે. દુરાત્મા વ્યકટેશ્વર દને યવનશાહને સિહાસનારૂઢ કરી જે કુટિલકલક આપણા કપાળમા લગાડયુ છે, તેનો નાશ કરવાનો આ સર્વોત્તમ અવસર આવ્યો છે. વિદ્યાપુરનુ ગએલુ અસખ્ય ધન અને કીર્તિ પાછી પ્રાપ્ત કરવી એ આપણો ધર્મ છે. આ મહાયુદ્ધ એ મહારાષ્ટ્રના જીવન મરણનો પ્રસગ છે અને તે

યુદ્ધ ખરેખર અંતિમ અને અદ્વિતીય નીવડશે તેથી કાંતો સર્વકાલ માટે મહારાષ્ટ્રની વિજયપતાકા ફરફરતી રહેશે કાંતો સદાસર્વદા મહારાષ્ટ્ર પરતંત્રતાના બંધનોમાં બદ્ધ થશે અને જે ધર્મને રક્ષવા આપણા પૂર્વજોએ અને આર્યરૂપી મહર્ષિઓએ અનેક કષ્ટો સહન કર્યાં છે, તે પરમપાવનકારી આર્યધર્મ યવન તલવારથી છિન્નભિન્ન થશે. આપણું સ્મરણ પણ જગતને આશ્ચર્યવત લાગશે અને કશાપણ સત્કર્મ, કર્યા વગર આપણી દેહ હતી ન હતી થઇ જશે હવે આપણે આજે યુદ્ધ વ્યવસાયનોજ વિચાર કરવાનો છે યુદ્ધ કયે પ્રકારે કરવું અને કયે કયે સ્થાને કોને કોને નિયત કરવા તે સર્વ વિધિ તૈયાર કરી આવતી કાલે પ્રાતઃકાળે આપણે વિજાપુર પર આક્રમણ કરવાનો પ્રારંભ કરવો જોઇએ તુંગભદ્રાનો વિશાળ તટ દુશ્મનોને ખાળવા માટે વિદ્યાપુરના મહારાજ્યને ઇશ્વરદત્ત મર્યાદ છે અને એજ માર્ગે પરરાજ્યોના આક્રમણો આપણી ઉપર થયા છે મહાસેનાનાયક તરીકે અર્જુન દેવ છે, તેમને યુદ્ધને મોખરે રાખવા કરતા તેમનું સૈન્ય સંગ્રામને અંતર ભાગે રહેશે એજ વિશેષ લાભદાયી અને અધિક શ્રેયસ્કર છે, કારણકે કદાચિત આગલા લશ્કરનો દૈવયોગે નાશ થયો તો પાછળથી અર્જુન દેવનું સૈન્ય ધસી આવતા દુશ્મનોના ટોળાને ખાળી શકશે અર્જુનદેવ પોતે પણ યુદ્ધકળા વિશારદ છે અને તેમનું સૈન્ય પણ તેવુંજ બળવાન છે એની સર્વગણને સંપૂર્ણ પ્રતિતિ છે. તે સિવાય આપણું જે આરબ અને મુસલમાન સૈન્ય છે તેનું આધિપત્ય આ વખતે હું રણધિરસિંહને સોંપું છું બાકીના જે સઘળા માંડલીક સૈન્યો છે તે સઘળાનું આધિપત્ય રંગનાથ કરશે અને વિદ્યાપુરના સૈન્યની એક બળવાન ટુકડી મારી સાથે રાખી હું પણ સંગ્રામમાં સ્વાજ

આવીશ. વ્યુહરચના ઘણીજ વિકટ છે અને તે પ્રસગે ગાદીપતિને ઘણોજ ભય હોય છે. નવ ગ્રામના જાગીરદાર સગ્રામ વખતે મારા દ્વારપાળનુ કાય કરતા હતા પણ તે આ સમયે દુર્ભાગ્યે કાળ શરણ થવાથી એ સ્થાન મોરોપત સાચવશે આપણે તુગભદ્રાનો આખો પ્રદેશ રોકી નાખવાનો છે અને પ્રથમ આક્રમણ કરવુ નથી પણ દુશ્મનોને નદિ ઉતરતાજ અટકાવવા છે એમનો ગુસ્સો એ પ્રમાણે સમનો જાય કે પછી આપણે એવુ ભિષણ આક્રમણ કરવુ કે સાગરના તોફાની મોજા જેમ ક્ષણ ભર ચઢી ઉતરી જાય તેમ યવનદળનો મહાવૃદ્ધી હમેશને માટે ઉતરી જાય આ પ્રણાલી ઘણીજ ઉત્તમ છે છતાપણ તેમા મારો દોષ હોયતો તે બતાવવાની સવને છૂટ છે" રામરાજા બોલતા અટકયા અને સર્વત્ર એક તિવ્ર દૃષ્ટિપાત કર્યો, કોઇ કાઇ બોલ્યુ નહિ અને પળવાર દરબાર ગૃહમા શાતી પથરાઇ ગઇ. રામરાજાએ પોતાના વિચારને સર્વે સહમત છે એમ માની લીધુ અને કહ્યુ, "ત્યારે હવે સમયનો વ્યથ વ્યય કરવાની કશી આવશ્યકતા નથી સધ્યાકાળે નૃસહભગવાનના મદિરમા પ્રાર્થના થયા પછી આપણે આપણા નિયતસ્થાનો સભાળી લઇશુ અને આવતી કાલે પ્રભાતે યુધ્ધ-ક્ષેત્ર પ્રતિ પ્રયાણ કરવાનો આરભ કરીશુ."

"મહારાજ !" મોરોપતે ઉભા થઇ કહ્યુ. રામચદ્રદેવે જે સમયે "મારા દ્વારપાળનુ સ્થાન મોરોપત સાચવશે" એ વાકય ઉચ્ચાર્યું તેજ વખતે મોરોપતનુ હૃદય ક્રોધથી ભભુકી ઉઠયુ હતુ પણ ક્રોધ દબાવી તે બેસી રહ્યો હતો અને જ્યારે સધ્યાકાળેજ સર્વના નિયતસ્થાનો સભાળી લેવાનુ રામરાજાએ ફરમાવ્યુ ત્યારે મોરોપતથી શાત બેસી રહેવાયુ નહિ, દરબારીઓને રામરાજાની યુદ્ધ યોજના સપૂર્ણ

અનુકુળ લાગી હતી તેથી સઘળા દરબારીઓનુ લક્ષ મોરોપંત પ્રતિ ખેચાયુ. "આપે જેમ અન્ય સરદારોને અને માંડલીકોને સગ્રામમા સૈનાધિશ તરીકે રાખ્યા છે તેજ પ્રકારે મને કોઇ સ્થાન મળે તો મહારાજશ્રીની મારા પર ઘણી કૃપા થશે, કારણકે દ્વારપાળ જેવુ નિંદ્ય અને નિંદ્યકૃત્ય એક રાજ્યનો ભાયાત બજાવે એ સર્વથા અયોગ્ય છે"

"મોરોપંત!" રામરાજાએ ઉત્તર આપ્યો, 'તમારા જેવા સુશીલ અને કાર્યદક્ષ પુરૂષના હૃદયમા આવા નીચ વિચારો ઉદ્ભવવા એજ મહા શોકનો વિષય છે મારા દરબારમા પ્રતિહારનુ કાર્ય બજાવવુ એ નિંદ્ય છે ખરૂ પણ રણભૂમિ ઉપર એ કૃત્ય કોઇ પ્રકારે અધમ લેખી શકાય નહિ વાસ્તવીક રીતે દ્વારરક્ષા કરનાર મનુષ્ય તો એકલોજ એ કાર્ય કરે છે પણ તમારી સાથે તો તમારૂ સૈન્ય પણ છે એટલે મારા રક્ષણનુ કાર્યજ તમને સોપાયેલુ છે. દ્વારપાળની અસાવધતાથી શત્રુના અનુચરો આપણી ગુપ્ત ગોષ્ટિઓ જાણી લઇ આપણા કાર્યને છિન્નભિન્ન કરી નાખે છે જ્યારે તમારા જેવા યોદ્ધાના હાથમા આવુ સ્થાન હોય તો મારી એ ભિતિ નિર્મૂળ થઇ જાય અને એટલા માટેજ મે આપને એ સ્થાને નિયત કર્યા છે તેમા લજ્જા કે અપકીર્તિનો ક્યા આભાસ છે મને તો લાગે છે કે એમા પણ તમારા ધર્મનોજ વાસ છે"

"મહારાજ! તે વાત સત્ય છે છતાં આવી ઉત્કૃષ્ટ ભાવના પ્રજાજનોના અતરમા વસતી નથી તેમની દ્રષ્ટિમા મારા કૃત્યથી સિહગઢની કીર્તિ કલકીત થશે" મોરોપંતે પોતાની વાત યથાયોગ્ય સાબીત કરવાને બહાનુ શોધી કહાડયુ.

"વિદ્યાપુરની પ્રજા એટલી બધી મૂર્ખ નથી અને તેમ હોય તો પણ આપણે તો વરિષ્ટ વ્યક્તિ તરફથી જે આજ્ઞા મળી તેને માન્ય

કરવીજ હિતાવહ છે જો આમ દરેકને પોતપોતાનુ સ્થાન નિર્માલ્ય અને પોતાની કીર્તિનો નાશ કરનારૂ લાગે તો મારે વિજાપુર સાથે યુદ્ધ કરવાનુ તજી દઇ સત્વળો કાળ તમારી સાથે વિષ્ટિ કરવામાજ ગાળવો જોઇએ સારામા સારા યોદ્ધાને એક સૈનીકનુ કાર્ય સોપ્યુ, એથી તેની કીતિ ઘટતી નથી કિંતુ સહસ્ત્રધા વૃદ્ધિ પામે છે એક સ્થળ એવુ હોય કે તેનુ રક્ષણ સૈનીકો કોઇપણ પ્રકારે ન કરી શકે તો ત્યા મહારથી-ઓને પણ જવુ પડે છે, વસ્તુત તેથી તે મહારથીની કિંમત ન્યૂન થતી નથી કૃષ્ણ ભગવાન અર્જુનથી લક્ષાવધી ઉત્તમ હતા પણ તેમણે અર્જુનનુ સારથીપણુ સ્વિકાર્યુ હતુ, એથી શુ જગતમા તેમની પ્રભુતા વિસ્મૃત થઇ ગઇ ? ઉલટુ તેથીજ લોકો તેમની વધારે પ્રસશા કરે છે માટે એવી આશકા કેવળ નિષ્પ્રયોજન છે, અને તમારા જેવો ધર્મવિર આમ ક્ષોભથી ગુસ્સે થાય એ પણ અઘટિત છે"

"મહારાજ! તે ગમે તે હોય પણ મારે માટે કોઇપણ પ્રકારે એ સ્થાન યોગ્ય નથી અને મનની આવી ઉદ્વેગ પૂર્ણ સ્થિતિમાજ જો મને તે કાર્ય સોપશો તો તેથી એ કાર્ય કોઇપણ પ્રકારે સિદ્ધ થશે નહિ"

"મોરોપત! તમને એ સ્થાન પ્રતિકુળ લાગતુ હોય છતા મારા પ્રત્યેના માનની ખાતર પણ તમે એ સ્થળ સ્વિકારી લ્યો, તમારી આવી વર્તણુકથી મારી આજ્ઞાનુ તમે ઉલ્લઘન કરો છો તમારે કોઇ પણ પ્રકારે એ સ્થાન સ્વિકારવુજ પડશે. જો મારી આટલી આટલી વિનતી છતા પણ તે પ્રતિ તમે દુર્લક્ષ કરશો તો મારી સત્તાથી પણ તમને એ કાર્ય બજાવવુ પડશે" રામરાજાએ પોતાની સત્તાનો પ્રભાવ બતાવવાનો પ્રારંભ કર્યો.

"મહારાજ ! તે કદી પણ બનશે નહિ અને તમારી સત્તાના ભયથી મોરોપત ભડકશે નહિ, મે આપને પ્રથમથીજ એ સ્થાન મને ન આપવા વિનતી કરી છે છતા પણ જો આપ તે વાતનો સ્વિકાર નહિ કરશો તો તેથી નાહક જોખમ વહોરી લેવા જેવુ થશે. મારી બુદ્ધિએ જે નિર્ણય કર્યો છે તેજ સત્ય છે અને તેથી આપ મને એવો આગ્રહ ન કરો એમાજ આપની શોભા છે" મોરોપતે ઉત્તર વાળ્યો.

"તમારી બુદ્ધિ કરતાં મારી બુદ્ધિનો નિર્ણય અનેકધા સ્વિકાર્ય છે. વળી 'જોખમ !' એ શબ્દ તો મારા શબ્દકોષમા છેજ નહિ તો પછી તેનો મારે શો ભય છે મોરોપત ! આફત તો રામરાજાએ અનુભવીજ નથી અને આફતથી આ રામચંદ્ર કદિ ડરતો પણ નથી. મારા માડ લિકોના અને સૈનીકોના બળ પર જ્યા સુધી રામરાજા નિર્ભય છે ત્યા સુધી આવી અલ્પાલ્પ ધમકીનો તેને શો ભય છે ? મોરોપત આવા શબ્દોનો ઉચ્ચાર કરવો એ તમારી મૂર્ખતા–મહાંધતા છે."

છેલ્લા શબ્દો સાભળી મોરોપતના ધૈર્યનો અત આવી ગયો, 'આફત આજ સુધી રામરાજાએ અનુભવીજ નથી' એ વાક્ય સાભળી મોરોપતને ગફુરે રામરાજાની કરેલી દુર્દશા યાદ આવી અને તેણે તેજ ક્રોધાવેશમા ઉત્તર આપ્યો, "હા ! તમારી વાણીજ કેવી અસત્ય છે, તે દિવસે મૃગયા વખતે સૈન્યને વૃદ્ધાસરોવરમા ડુબાડી દઇ નગ્નાવસ્થામાં ગફુરના બદીવાન થઇ જતા હતા અને આ મોરોપતને હસ્તે મુક્તિ મેળવી હતી તે પ્રસગ તમને યાદ છે ? જાણતા નથી કે મારી ખાનદાનીને લીધેજ તમારો પ્રાણ બચી શક્યો છે ત્યારે... ....."

તે આમળ બોલવા જતો હતો પણ પોતાની થએલી દુર્દશાનું વર્ણન ભરદરબારમાં થાય તે રામરાજા સાખી શકયો નહિ, "ઓ નીચ મોરોપંત ! મારા ઉપર એવી આપત્તી કદી આવીજ નથી અને તે મારૂં રક્ષણ પણ કોઇ વખત કર્યું નથી. મોચણનો દીકરો તું કેટલો ખાનદાન છે તે હું જાણું છું. નીચ ! ઉભો રહે હવે તારા પાશવૃંક કૃત્યોનો બદલો તને મળવોજ જોઇએ ' રંગુ "–રામરાજાએ એક સૈનીકને બુમ મારી કહ્યું,—આ નીચ મોચીને પકડી બદીવાન બનાવો ખાસડાં શિવવાનું મૂકી રાજદરબારમાં વિરાજવું આ નિમકહરામને શોભતું નથી "

મોરોપંતના પિતા સુદરરાવને બે સ્ત્રી હતી. મોટી સ્ત્રીનો પુત્ર રંગનાથ હતો અને બીજી સ્ત્રીનો પુત્ર મોરોપંત હતો આ બીજી સ્ત્રી ઉપપત્નિ તરીકે રાખેલી હતી અને તે મોચણ જાતની હતી એમ કહેવાતું હતું મોરોપંતના ક્રોધનો પણ હવે પાર રહ્યો નહિ.

રામરાજાના મુખમાંથી મોરોપંતને પકડવાની આજ્ઞા થઇ તેનો અમલ થાય તે પહેલાજ મોરોપંતે "રામરાજા ! યાદ રાખ તારા પણ દહાડા ગણાય છે," એમ કહ્યું અને દરબારનો ત્યાગ કરી અશ્વસ્વાર થઇ પોતાના વિદ્યાપુરના મહાલય તરફ પોતાનો ઘોડો દોડાવી મૂકયો રંગુ તેની પાછળ પડયો પણ મોરોપંત કોઇ અજ્ઞાત સ્થળે આબાદ રીતે છટકી ગયો રામરાજાએ શોકપૂર્ણ મુદ્રાએ ઉદ્દગાર કાઢયા, "માડળીકો ! ખરેખર મહારાષ્ટ્રનું દુર્ભાગ્યજ છે. આજના દરબારમાં કોઇપણ વિઘ્ન નહોતું ત્યારે મોરોપંતે કકાશથી આપણા સર્વેના મન ઉદ્વેગ પૂર્ણ કરી નાંખ્યાં છે પણ તેથી ડરવાનું કાંઇ પ્રયોજન નથી. આપણે જેમ વ્યુહ રચના કરી છે તેનો સધ્યાકાળથીજ પ્રારંભ કરવાનો છે "

"મહારાજ ! મોરોપંત ગમે એવો પણ બાળક છે તેને હું કોઇ પણ પ્રકારે સમજાવી આપને શરણે લાવીશ અને આપની પ્રત્યે પૂજ્ય ભાવથી વર્તે એમ તેને સમજાવીશ" રંગનાથે ઉભા થઇને પોતાના મૂર્ખ બંધુના દુષ્કર્મની ક્ષમા માગી તેને મોરોપંતની આવી વર્તણૂકથી બહુજ આઘાત થયો.

"રંગનાથ ! તમારી પ્રાર્થનાથી હું તેને દરબારમાં પુનઃ સ્થાન અવશ્ય આપીશ, પરંતુ યુદ્ધવ્યવસાયમાં તે કોઇપણ પ્રકારે વિઘ્ન ઉપસ્થિત ન કરે તેની તમે સંભાળ રાખજો, હવે આજે સાંજનો દરબાર નૃસિંહભગવાનના મંડપમાંજ થશે અને તેમની ભગવીપતાકાને **યાવતચંદ્ર દિવાકરૌ** કાયમ રાખવા અને મહારાષ્ટ્રના આ મહારાજ્યની વિજય ઘોષણા વિશ્વમાં પ્રવર્તાવવા ત્યાંથીજ આપણું સૈન્ય મુહુર્ત કરશે" રામરાજાએ ઉપરોક્ત શબ્દનો ઉચ્ચાર કર્યો, વારાંગનાનું રણ ગીત આરંભાયું અને દરબારીઓમાં પ્રસરેલી ખિન્નતા સંગીતના પ્રભાવથી દૂર થઇ

— લાવણ્યમયી —

ઉઠો ક્ષત્રીયો ! શસ્ત્ર સજીને ભારતનો કરવા ઉદ્ધાર,
પરાસ્ત કરશો દુશ્મન દળને વિરતાનો વરીએ શ્રૃંગાર,
યુદ્ધ વિના આ પુનિત દેશનું ગૌરવ લેશ નહિ ટકનાર,
ગરજાવો જયઘોષ ગગનમાં ભરતભૂમિનો જયજયકાર
ધર્મપ્રાણ રસરત્ન ખાણ આ આર્યાવર્ત અમોલો દેશ,
વિર ભૂમિના વિર તમે ભય હૈયે હોય નહિ લવ લેશ,

દેશકાજ દિલદાઝ ભરીને કરજો મોક્ષ તણો સત્કાર,
ગરજાવો જયઘોષ ગગનમા ભરતભૂમિનો જયજયકાર,
ધર્મતણી સરિતા, ધિરતા જહીં વેદતણા પ્રકટ્યા મહાજ્ઞાન,
યુગયુગની વરી કિર્તિ પ્રભા–ધન મેળવતા જગમા સન્માન,
સ્વાધીનતા જીવના, જીતવા દ્રઢ ટેકધરી પછી હોય ન હાર,
ગરજાવો જયઘોષ ગગનમા ભરતભૂમિનો જયજયકાર,

મોહ અને મમતા ધનમા રમતા નહિ દેહ તણુ કલ્યાણ,
ચાર અર્થ અહીં સિદ્ધ કરીને અતરથી ઇચ્છો નિર્વાણ,
યુદ્ધ મહીં મરતા મળશે નક્કી કર્ણિક સ્વર્ગ તણો સત્કાર,
ગરજાવો જયઘોષ ગગનમા ભરતભૂમિનો જયજયકાર

પ્રતિહારની સભા વિસર્જન થવાની હાક સાથે રામરાજા મહાલય પ્રતિ પ્રયાણ કરી ગયા દરબાર વિસર્જન થયો મોરોપતના અગ્નિની વર્ણનના વર્તમાન વિદ્યુતવેગે વિદ્યાપુરીમા પ્રસરી ગયા, વિરાંગનાઓ રણવાટે વળવા સ્વામીને સબોધવા લાગી, વિરમાતાઓ પોતાના પુત્રને રણવિદાય આપતા વિરના ઉત્પાદક શબ્દ ઉચ્ચારવા લાગી, વિજય નગરમા શ્રીમદ્ કૃષ્ણચદ્ર મહારાજના કર્મયોગનો અવતાર થયો



પ્રકરણ ૨૦ મું.

બાજી બદલાઇ.

આખો દિવસ અફ્ઝલખાને રામરાજાની સાથેજ ગાળ્યો રામરાજાએ પણ અર્જુનદેવ અને રંગનાથ જોડે વ્યુહરચના સબંધી વાદ કરવામા સઘળો વખત ગાળ્યો સંધ્યાકાળ થયો નૃસિંહ ભગવાનના મંદિરમા દરબાર ભરાયો અને અધિકારીઓએ પ્રયાણનો મંગલ મુહૂર્ત કર્યો. અફ્ઝલખાને રામરાજાના આરબ અને મુસલમાન ધર્માનુયાયી સૈનીકોનુ નેતૃત્વ સ્વિકાર્યું હતુ. આજે વિદ્યાપુરીનો ઉત્સાહ અવર્ણનીય હતો. રામરાજાનુ પ્રચંડ સૈન્ય મંદવેગે પ્રયાણ કરતુ હતુ સંધ્યાકાળના શુભ મુહુર્તે પ્રયાણ કર્યો પછી સૈન્યને વિશ્રામ આપવામા આવ્યો અને અર્જુનદેવે સૈનીકોને જવાની આજ્ઞા આપી અફ્ઝલખાન પણ રામરાજાની આજ્ઞા લઇ પોતાને મહાલયે આવ્યો. રામરાજાના દરબારમા જે મુસલમાન અબળાના સબંધમા ખટપટ ઉપસ્થિત થઇ હતી તે રમણી અદ્યાપી પર્યન્ત તેની સાથેજ હતી અને વનવિહારથી તેની સાથે જે અન્ય વ્યક્તિ આવી હતી તે અન્ય કોઇજ નહિ પણ એજ સ્ત્રી હતી અફ્ઝલખાને જઇને તેને કહ્યુ "હવે હુ જાઉં છૂ વિદ્યાપુરના રાજ્ય સાથે વિજાપુરનો એક મહાન વિગ્રહ શરૂ થાય છે. પ્રભુની કૃપાથી સત્વર વિજાપુરનુ નિકંદન વાળી હુ પાછો આવીશ પણ દૈવયોગે મુસલમાનોનો વિજય થયો અને સંગ્રામક્ષેત્રમ. મારો અંત આવે તો તમે તમારા પિતાને ત્યા વિજાપુર ચાલ્યા જજો હૂં તમને યુદ્ધના સઘળા વર્તમાન આપતો રહીશ અને તમારી આજ્ઞા યથાવિધિ પાળે એવા

અનુચરો પણ તમારી સેવામા રાખીશ વિદ્યાપુરનુ સૈન્ય વિજાપુર કરતાં બલાઢ્ય છે છતા પણ ભાવીની પ્રબળતાથી વિપરીત પરિણામ આવવા પણ સભવ છે"

"મને લાગે છે, કાંતો તમે ઉદ્વેગમા બોલો છો અથવા મારી મશ્કરી કરો છો ? તે સિવાય આવા અધં દગ્ધ શબ્દો તમારા મુખમા આવે નહિ." તે સ્ત્રીએ કટાક્ષથી ઉત્તર આપ્યો

નહિ, હુ સાચુજ કહુ છુ. એ સઘળા ઇતિહાસથી તમે સર્વથા અજ્ઞાત છો એટલે તમને મારૂ કથન અયુક્તભાસતુ હશે પણ તેવુ કશુજ નથી વિજાપુરના બાદશાહની કુટિલ રાજ્યનીતિને આ મારૂ સઘળુ પરિવર્તન આભારી છે તમારા રક્ષણના બદલામા વિજાપુરના બાદશાહે મારો ઘણોજ તિરસ્કાર કરેયો છે, અને રામરાજા હિદુ રાજા છતાપણ તે ગુણગ્રાહી છે એટલે મે વિજાપુરના સામ્રાજ્યની સેવાનો અસ્વિકાર કરી રામરજાનોજ આશ્રય લીધો છે રામરાજાના આ યુદ્ધમા વિજાપુરનો વિનાશ સિદ્ધ છે એ વાત વાદગ્રસ્ત નથી અને તેવુ થતા આખી વિજાપુરની સલ્તનતનો માલીક હુ પોતેજ થઇશ એ પરમ ભાગ્યને હુ કોઇ પણ રીતે જવા દઇશ નહિ." અફ્ઝલખાને પોતે ગ્રહેલો માર્ગ યોગ્ય છે એની પુષ્ટીમા ઉપર્યુક્ત વિવેચન કર્યું.

"તમે સત્ય માનો છો તે વાત રાજ્યના વિપ્લવકાળનો એક માત્ર દભ છે, જ્યારે જ્યારે વિદેશી રાજ્યોને પરાસ્ત કરવા હોય ત્યારે કુશળ યોદ્ધાઓ આવીજ શઠનિતિનો ઉપયોગ કરે છે રાજ્યલોભી રામરાજા એક તસુ ભૂમિ પણ કોઇને આપે એવો નથી તે આપને વિજાપુરની સલ્તનત આપી દે, મને એ કોઇ પણ પ્રકારે સત્ય લાગતુ નથી" તે સ્ત્રીએ પોતાની મનોભાવના વ્યક્ત કરી.

"તે વાત સત્ય છે, પરતુ રામરાજાનો મારા પ્રત્યેનો સબંધ ઘણોજ ભિન્ન પ્રકારનો છે કોઇપણ પ્રકારે તે કપટ કરવાનો નથી એવી મને ખાત્રી છે, અને જે પળે મને રામરાજાના કુટિલ ભાવની માહીતી થશે તેજ પળે વિજયી સૈન્યનુ આક્રમણ રામરાજા ઉપર લઇ જવાનુ હુચુકીશ નહિ, વળી રામરાજાને મારા બળમા અપૂર્વ શ્રદ્ધા છે અને મારા પ્રત્યે તે કુટુબી મનુષ્યોના જેટલુજ વાત્સલ્ય ધરાવે છે" અફઝલખાને ઉત્તર આપ્યો

"આપ કેમ જાણી શકો છો કે હસ્તિના દનુશાળ જેવો એ પ્રેમ કપટયુક્ત નથી સ્વાર્થી મનુષ્યો પોતાનો સ્વાથ સાધવા અનેક કપટજાળો રચે છે, અને રાજદ્રોહીઓના કેવા અનિષ્ટ હાલ થાય છે તે પણ તમે પ્રત્યક્ષ અનેકવાર નિહાળ્યુ છે દુર્ભાગ્યે વિજાપુરની સલ્તનતનો કાળ થયો તો પછી એજ સ્વાર્થાધ રામરાજા તમને કેવો સત્કાર આપશે એ કલ્પના મને બહુ ભયજનક લાગે છે જેના હ્રદયમા બિલકુલ દયા નથી તેજ રાક્ષસ પ્રત્યેથી તમે આવી બદલાની આશા રાખો છો અને તે પણ તમારા ધર્મનો અને પિતૃભૂમીનો દ્રોહ કરી તેના વિનિમયમા સુખ અને સલ્તનત ભોગવવાની આકાક્ષા રાખો છો! કેવો ભયકર અને પાશવીક વિચાર છે! જે કલ્પના આવતાજ મને સર્વાગ કપ થાય છે તે વિચારનો અમલ કરવામા તમારી સઘળી પ્રભુતા પ્રયોજાય છે તેનો મને ખેદ થાય છે"

"તમારી અને રામરાજાની વચ્ચે જન્મ પામેલી દ્વેષ અને ઇર્ષા વૃત્તિના અસ્તિત્વને લીધે રામરાજાનુ સાચુ હ્રદય તમે નિરખી શકયા નથી એ બહારથી જેટલો ઉગ્ર દેખાય છે તેટલોજ અતરથી શાત છે અને તેનું માયાળુપણુ ઘણુ ઉદાર છે તમને તેને પ્રત્યે અવર્ણનિય દ્વેષ છે પરતુ તમારે માટે એ તેને ઘણો સ્નેહ છે અને ઉન્મતાવસ્થામા

થએલા પોતાના આ કૃત્યને માટે તેને ઘણોજ શોક થાય છે" રામરાજાના હૃદયની સ્થિતિ અફઝલખાન જે પ્રમાણે સમજ્યો હતો તે પ્રમાણે તેણે વર્ણવી બતાવી

"ગમે એટલો શોક અને સતાપ થતો હોય તો પણ દોષવાન મનુષ્યને તેના કૃત્યની શિક્ષા મળવીજ જોઇએ હૃદયનો પશ્ચાતાપ એજ મોટી શિક્ષા છે એ વાત સત્ય છે પરંતુ રામરાજા એવા સતાપથી ભવિષ્યમા આવા દુષ્કર્મો કરતો અટકે એમ નથી, અને મારા ઉપર જેવો દુઃખદ પ્રસગ ઉપજ્યો તેવોજ દુઃખદ પ્રસગ બીજી સ્ત્રીઓ ઉપર ન થાય તેટલા માટે એનો નાશ કરવોજ યોગ્ય છે સર્પનું શરીર બહારથી સુદર રગોવાળુ દેખાય છે પણ તેના શરીરમા પ્રાણઘાતક હળાહળ ભરેલુ છે રામરાજાનો પણ વાક્સર્પ તેટલોજ રમ્ય છે પણ તેનુ વિષ મહાઅનિષ્ટ કર હશેજ " ગમે તે પ્રકારે પોતાની વાત સિદ્ધ કરવાનો તે અબળાએ પ્રયત્ન કર્યો

"વિદ્યાપુરનો સાચો નરેશ રામરાજા છે પણ તેનો સર્વ કાર્યભાર હાલમા મારી ઇચ્છાનુસારજ થાય છે જ્યારથી હુ અત્રે આવ્યો ત્યારથી રામરાજાનુ હૃદય રાજ્ય કાર્યભાર પ્રત્યે લવલેશ પણ નથી અને હુ કહુ છુ તેજ પ્રમાણે તેનુ સઘળુ વર્તન ચાલે છે એજ તેના ઉજ્વળ મનો ભાવને સિદ્ધ કરવા બસ છે વળી આપણો લાભ કયા છે તે પણ આપણે જોવુ જોઇએ વિજાપુરના રાજ્યમા મારી રાજ્યદ્રોહી તરીકે ખ્યાતી વધી છે એટલે હાલ ના પ્રત્યેક મુસલમાન મારા લોહીનો તરસ્યો બની રહેલો છે આવી સ્થિતિમા તેજ રાજ્યનો પુનઃ અનુગ્રહ પ્રાપ્ત કરવો અસાધ્ય છે અને આમ વિજાપુરનો નાશ થતાજ મારે માટે રાજસિંહાસન તૈયાર છે." અફઝલખાને કહ્યુ

પ્રત્યુત્તરમા તે સ્ત્રીએ એક ભયકર હાસ્ય કર્યું, "ગમે એટલા રાજસિહાસનો, ભોગવિલાસો અને વૈભવો કરતા સ્વધર્મરક્ષણની કિંમત અનેકધા વધારે છે શુ તમે તમારા મુસલમાનધર્મનો નાશ કરાવી હિંદુ રાજ્યનુ રક્ષણુ કરશો ? પ્રત્યક્ષ રીતે હિંદુરાજ્ય વિજેતા થાય તો તેથી મુસલમાન ધર્મને હાની નથી એમ દેખાય છે, પણ ધર્મ વાસ્તવીક રીતે રાજ્યાશ્રયથીજ ચિરકાલ ટકી શકે છે, અને આજ મુસલમાન ધર્મનો આટલો પ્રબળ પ્રચાર છે એ મુસલમાન ધર્મગુરૂઓના ઉપદેશનો પ્રભાવ નથી પણ મુસલમાન યોદ્ધાઓની તલવારનો પ્રભાવ છે કોઇપણ ધર્મનો પ્રચાર કે તેની રક્ષાનુ મુખ્ય સાધન સમશેરજ છે"

"તમે મુસલમાન ધર્મનુ ગૌરવ ગાઓ છો પણ ત્યારે તેમણે જગત ભર પ્રવર્તાવેલી કપટ નિતિને વિસરી જાઓ છો ધર્મ પ્રવર્તાવના નિર્મળ નિર્દોષ સ્ત્રીઓના શિયળ લૂટવા બાળકોની કતલ કરવી અને કેવળ નિર્દયતાનોજ ઉપયોગ કરવો એ જરાપણ ઇષ્ટ નથી, અને આવી ધર્માંધતા પણ રાજપુરૂષોમા હોય એ અયોગ્ય છે તમે હાલમા પણ જુઓ છો કે રામરાજાના સૈન્યમા એક લાખ સૈનીકો મુસલમાન ધર્મ પાળનારા છે, અને જેવી સ્વતત્રતાથી વિદ્યાપુરમા વસે છે તેવી રીતથી એક પણ હિંદુ વિજાપુરનો નાગરીક નથી એ પરથી શ્રેષ્ઠ રાજ્યકાર્ય પ્રણાલી કયા છે એનો નિર્ણય કરવો સહેલો છે"

'ધર્મના પ્રચાર અર્થે ગમે તેટલા પાપ થાય અને વિધર્મી ઉપર ગમે એવા જુલ્મ વર્તાવવા પડે એમા કોઈપણ પ્રકારે ભયકરતા નથી. રામરાજાના સૈન્યમા એક લાખનું મુસલમાન સૈન્ય છે એ અહોભાગ્ય છે. જો તમે મારા કથનનો પ્રતિકાર કરશો તો હુ સન્યાસીની થઇને

એ પ્રત્યેક મુસલમાન સૈનીકો પાસે ફરીશ અને પવિત્ર મુસલમાનધર્મની રક્ષા માટે ભિક્ષા માગીશ, તથા મુસલમાન રાજ્ય સામા મુસલમાનોજ યુદ્ધ કરે એ કેવુ મહદ્ પાપ છે, એ તેમને સમજાવીશ અને તમારી ભાવના ધુળ ભેગી કરી નાખીશ" તે સ્ત્રીએ કહ્યુ તેના મુખપર ક્રોધ આવી ગયો

"એ સઘળુ આ મહાલયના સુદર ઓરડામા વાતો રૂપે ઠીક છે તેવુ વર્તન કરતા આકાશ પાતાળ એક કરવા પડશે પહેલા તો તમારા સૌંદર્યને જોઇ એ જડપ્રકૃતિના મુસલમાનો તમારામા હશે એટલી પવિત્રતાને પણ હરિ લેશે અને રામરાજાને આ વર્તન જણાશે તો તે પણ તમારો પ્રાણ લેશે આમ ઉભયપક્ષની વિપત્તિ સિવાય એમા અન્ય ફલિતાર્થ મને લાગતો નથી"

"તો તે દુ ખ પણ સહન કરવા હુ તત્પર છુ મુસલમાન ધર્મની રક્ષા કરવા માટે હ્રદયપર વજ્ર પડે તો પણ મને આનદ છે, અને અતે મૃત્યુ એ તો મારે માટે છેજ રામરાજાના દરબારમા કરેલી મારી પ્રતિજ્ઞા તમને વિસ્મૃત તો નજ હોય! એ પ્રતિજ્ઞા પૂર્ણ કરવાનુ વચન લઇનેજ હુ તમારી પાસે વસી છુ તમે મારા વિશ્વાસનો વધ કરશો તો હુ તમારે લીધે આત્મવધ કરીશ તે સિવાય જગતમા મને શાન્તિ મળનાર નથી, પણ મારૂ આવુ દુ ખમય મૃત્યુ એ તમારા પણ મૃત્યુનુ કારણ થશે એ સ્મરણમા રાખજો હુ તમારી પાસે આટલી આટલી યાચના કરૂ છુ પરતુ તમારી વૃત્તિ બદલાતી નથી ત્યારે તમને જે શ્રેયસ્કર લાગે તે તમે કરો, મને જે શ્રેયસ્કર લાગશે તે હુ કરીશ આજથીજ હુ આ મહાલયનો ત્યાગ કરૂ છુ અને જોઉં છુ કે રામરાજા કે અન્ય કોઈ પણ વ્યક્તિ મને શી રીતે નિષ્ફળ કરી શકે છે?"

"ત્યારે તમે મને શુ માર્ગ બતાવો છો? એક તરફ શત્રુના સૈન્યનુ આક્રમણ શરૂ થયુ છે બીજી તરફ રામરાજાની સેના શસ્ત્ર સજ્જ બની આવતી કાલે પ્રભાતે પ્રયાણ કરનાર છે મારા પ્રત્યે વિજાપુરના રાજ્યનો તો દ્વેશ છેજ ત્યારે હવે આ વિજાપુરનો પણ રાજ્યાશ્રય છોડી નિરાશ્રીત દશામા જીવન ગાળવુ અને સદાકાળ માટે એક સૈનીકના જેવી અવસ્થાજ કાયમ રાખવી? એક તરફથી રામ-રાજાની પ્રિતિ, તેને આપેલો વિશ્વાસ અને બીજી તરફથી તમારો ઉપ-દેશ એ બે વચ્ચે મારી સ્થિતિ અત્યત દુખદાયક થઈ પડી છે"

"મારી તમને એવી સલાહ છે કે વિદ્યાપુરના સૈન્યને લઈ તમારે આજે ને આજેજ વિજાપુરને આશ્રયે ચાલ્યા જવુ રામરાજાનો તમારા પર અત્યત વિશ્વાસ છે તો તમારે તેને સમજાવી ગમે તે પ્રકારે વિજાપુરના રાજ્યપર પ્રથમ આક્રમણ લઇ જવાનો દ્દઢ નિશ્ચય કરવો અને વિજાપુરના રાજ્યમા તમારૂ સૈન્ય દાખલ થયુ કે તમારે બાદશાહના પક્ષમા મળી જવુ. તમારૂ ત્યા પ્રયાણ થાય તે પહેલા આ ગોઠવણની બાદશાહસલામતને તમારા ગુપ્ત અનુચર માર્ફત ખાત્રી આપવી આ સિવાય અન્ય માર્ગ અવશેષ નથી આમ કરવાથી બાદશાહને તમારા ઉપર દ્વેશ હશે તે પણ મટી જશે અને ઉલટો તે તમને ધન્યવાદ આપશે, તથા વિદ્યાપુરની સમસ્ત સલ્તનત પણ તમારે ભાગેજ આવશે ધર્મનો અને પિતૃભૂમિનો દ્રોહ કરવાથી વિજાપુરની સલ્તનત મેળવશો અને ધર્મરક્ષા કરતા વિદ્યાપુરનો વિશાળ દેશ પ્રાપ્ત કરશો, કહો હવે તમેજ, તમને આ બેમાથી શુ વધારે પ્રિય છે? વિજાપુર કે વિદ્યાપુર?"

"તમારૂ કહેવુ મને ઘણુજ યોગ્ય લાગે છે પરતુ બાદશાહ વિઘાપુરની સલ્તન્ત મને આપશેજ એની શી ખાત્રી છે, કારણ કે વિજાપુર ગોવળકોડા આદિ ચાર મુસલમાન રાજ્યો એકત્ર થઇને આ વખતે વિઘાપુર ઉપર આક્રમણ કરશે એટલે તેઓ વિજેતા થશે તોપણ વિઘાપુરનુ વિશાળ સામ્રાજ્ય ચાર ભાગે વહેચાઇ જશે ત્યારે રામરાજા વિજેતા થતા ચારેચાર મુસલમાની રાજ્યોનું સ્વામીત્વ તેની પાસે આવતા ગમે તે એક રાજ્ય પણ મારે ભાગે અવશ્ય આવશે" અફ્‌લખાને તે સ્રીના માર્ગમા કેવો ભય રહેલો છે તેનુ દિગ્દર્શન કરાવ્યુ

"તેની ચિતા રાખશો નહિ, બાદશાહના દરબારમા મારો પિતા મોટા ઉમરાવ પદપર છે તેની માર્ફતે પણ વિઘાપુરનુ રાજ્ય તમારે ભાગે આવે એવો યત્ન હુ કરીશ અને તે ફળીભુત પણ થશેજ કારણ કે વિઘાપુરના લોકો ઉન્મત અને તોફાની છે ચારે ચાર મુસલમાની રાજ્યોમાથી એકપણ રાજ્યમા તેમને વશ રાખવાની સત્તા નથી. તમે વિઘાપુરના રાજ્યના વિશ્વાસપાત્ર છો એટલે વિઘાપુર અતે તમારાજ ભાગ્યમા આવશે વળી જેમ વિજેતા મુસલમાન બાદશાહનો તમને ભય છે તેવીજ સ્થિતિ રામરાજાની છે રામરાજા હિદુધર્મના રક્ષણને માટે યુદ્ધ કરે છે અને તેની ઇચ્છા મહારાષ્ટ્રમાથી મુસલમાની રાજ્યોને સર્વથા દુર કરવાની છે. તમે એક મુસલમાન છો એ રામરાજા જાણે છે. તો જે વ્યક્તિ મુસલમાની રાજ્યોના વિદ્ધ્વંશ કાજે સમશેર ખેચે છે તે વ્યક્તિ શુ એટલી બધી મુર્ખ હશે કે એ જીતાએલા રાજ્યો પુન મુસલમાન મનુષ્યનાજ હસ્તમા તે જવા દેશે, પણ મને આજે સર્વથી વધારે આશ્ચર્ય થાય છે તે એ છે કે રામરાજા જેવા પાષાણુ હ્રદયના પુરૂષ સામે ભર દરબારમા મારે માટે તલવાર ખેચનાર અફ્‌ઝલખાન સમશેરનુ શરણુ છોડી પરાશ્રયી થવાની વાત કેમ કરે છે ?"

'તમો આ સઘળો પ્રસગ શી રીને ઉદ્દભવ્યો તેનીજ પૂર્ણ માહીતી નથી આ સગ્રામ તમે ધારો છો તેવુ ધર્મયુદ્ધ નથી, પણ આ વ્યુહનુ મૂળભૂતકારણ હુ પોતેજ છુ રામરાજાના દરબારમા હુ આવી રહ્યો તે વાતની બાદશાહને ખબર થતાજ તેણે મને પુનઃ બાદશાહને સોપી દેવા કે યુદ્ધ માટે તત્પર રહેવા પત્ર લખ્યો હતો રામ-રાજા મારા વિશ્વાસ પર શતાવધી મનુષ્યોને સગ્રામ ક્ષેત્રપર હોમ દેવાને તત્પર થયો જે મનુષ્યે મારે કાજે આટલા કષ્ટો સહન કર્યા અને જેણે પોતાના સમગ્ર રાજ્યની ચિંતા ત્યાગી ને પણ મારો પરમ સત્કાર કર્યો તેનો હુ દ્રોહ કરૂ?"

"નવાબ સાહેબ! આતો રાજ્યદરબારી કામો છે નથી નાના બાળકોના ખેલ વિશ્વાસઘાતથી ડગલે અને પગલે ભયભિત થઇ પાછા હટશો તો આ યુગમા તમારૂ કદીપણ કલ્યાણ થવાનુ નથી આ યુગ વિશ્વાસઘાતકતાનો અને પાશવીકતાનો છે છળકપટ અને પ્રપચકર્મનો પ્રયોગ કરશો તોજ વિજય પ્રાપ્તી થશે, ઈષ્ટ હેતુ પણ સાધ્ય થશે. રામરાજાનો આ યુદ્ધના અતિમ હેતુ સ્વધર્મરક્ષાનોજ છે તમારી રક્ષાનો નથી પણ ચાર ચાર મુસલમાનોના એકત્રિત બળ સામે યુદ્ધ કરવુ એ પણજ ભયગ્રસ્ત છે, એ રામરાજાથી અજ્ઞાત નથીજ. તેટલા માટેજ એણે અદ્યાપીપર્યંત યુદ્ધ કર્યુ નહિ પણ તમારી આ તકરારનુ બહાનુ મળતાજ તેણે યુદ્ધને અર્થે તૈયારીઓ કરવા માડી, રામરાજા એટલો ભોળો અને વિશુદ્ધ હૃદયનો નથીજ કે તમારે માટે પોતાનું સૈન્ય હોમવા તત્પર થાય!"

"અને હુ તમારા કથા પ્રમાણે વિદ્યાપુરનો દ્રોહ કરૂં પછી તમે કહો છો તેવુ પરિણામ ન આવે તો શુ કરવુ? મારો વિજાપુરના બાદ-

શાહે પ્રતિકાર કર્યો તો વિનામૃત્યુએ મરવુ પડશે અને સઘળી ભાગ્યો-દયની ગોઠવેલી બાજી બગડી જશે આવો સુયોગ મારા આખા જન્મમા પુન પ્રાપ્ત થવાનો નથી અને આ બાજી હારી ગયો તો મારી દુર્દશા કદીપણુ મટવાની નથી તમે હજીપણુ પૂર્ણ વિચાર કરો અને તમારો નિશ્ચય ફેરવો."

"હુ તમને સઘળુ કહેવાનુ કહી ચુકી છુ બનાવવાનુ બનાવી ચુકી છુ હવે મારે કાઇજ કહેવાનુ નથી એક તરફ તમારૂ વૈભવી જીવન અને બીજી તરફ મારી સાથેનુ જીવન એ બેમા તમને શુ વધારે ઇષ્ટ લાગે છે જો મારી સાથે જીવન ગાળવુ હોય તો મારી સલાહને અનુસરો વૈભવી જીવન ગાળવુ હોય તો મને તમારી સમશેર આપો અહીજ હુ તમારી આ કુટીલ નીતિને મારા પ્રાણુનો ભોગ આપીશ અને મારા જીવન સગ્રામની પુર્ણાહુતી કરીશ મારા ઉઘાડા નેત્રોએ રામરાજાનો વિજય હુ નિરખી શકુ નહિ મારા રક્તના એકેક બુદમા રામરાજા માટે દ્વેશ અને વેર ભરેલા છે દુર્ભાગ્યે મારો સર્પીણીનો અવતાર નથી નહિતો ડશ કરીને પણુ રામરાજાનો મે પ્રાણુ લીધો હોત, પણુ યાદ કરો, તમે મારી પ્રતિજ્ઞા યાદ કરો,અને તત્સબધે તમે આપેલુ વચન યાદ કરો, પછી ભલે તમને જેમ યોગ્ય લાગે તે કરો મારે તેની પરવા નથી."

"હુ નિરૂપાય છુ, શુ કરૂ તમે આમ છેલ્લે પગથીએ બેસો છો ત્યારે મારે હારવુ પડે છે હુ આજ રાત્રીએજ રામરાજા પાસે જઇશ અને તેનો વિચાર બદલાવી નાખીશ પરતુ તમે શુ કરશો ? મારા ગયા પછી સઘળો પ્રપચ ફૂટી જશે અને ત્યારે રામરાજા તમારો વધ કરશે ?"

"મારી ચિંતા નિષ્પ્રયોજન છે, વનવિહારમા તમારો મહાલય છે ત્યા મને મૂકી આવો વનવિહાર ઉપર સત્તા મુસલમાનોની છે ત્યા હું નિર્ભયપણે રહીશ"

વિદ્યાપુરના દુર્ભાગ્યે બાજી બદલાઇ ગઈ અફઝલખાને બે અશ્વ તૈયાર કરાવ્યા અને પોતાના સૈન્યમાથી એક હજાર સૈનીકોને વનવિહારનુ રક્ષણ કરવા ત્યા મોકલી દીવા પોતે તે સ્ત્રીને સાથે લઈ અશ્વસ્વાર થયો આખા માર્ગમા તેનુ મસ્તિક વિચારશુન્ય ગતિમા રહ્યુ 'પોતે હિંદુ છે' એ રામરાજાના તેમજ પ્રભાવતીના શબ્દો તેને સ્મૃતિમા આવ્યા પણ મૃગલોચનીનુ બળ સંસારમા એટલુ બળવાન છે કે અંતે તેનોજ વિજય થયો અફઝલખાન વનવિહારમા પહોચી ગયો કૃષ્ણ-મહાલયના એક ભાગમા તેને ગુપ્ત રાખી અફઝલખાનનો અશ્વ પાછો ફર્યો માર્ગમાજ વનવિહારના રક્ષણ માટે મોકલેલુ સૈન્ય તેને મળ્યુ

"નુરમહંમદ!" અફઝલખાને તેના નાયકને ઉદ્દેશીને કહ્યુ "વન-વિહારમા સઘળો જનાનો છે માટે એક પણ હિંદુ કે મુસલમાનને અંદર દાખલ કરશો નહિ, અને કોઈપણ બળપૂર્વક અંદર આવવાનો આગ્રહ કરે તો તમારા સૈન્યનુ એક મનુષ્ય રહે ત્યા સુધી તેને અટકાવજો, તમે આ કામ સારી રીતે પાર પાડશો તો તમને હું એક ઉત્તમ જાગીરની બક્ષીસ આપીશ પણ ખૂબ લક્ષમા રાખો કે કામ ઘણુ ભયાનક છે. આપણી હાર થઈ કે ત્વરીતજ વિજયી સૈન્યની આખ વનવિહાર પર રહેશે ચાલો હું જાઉં છુ તમે સત્વર પ્રયાણ કરી જલદી જઇ પહોચો" છેલ્લો શબ્દ બોલતા અફઝલખાનનો અશ્વ દોડયો. બરાબર મધ્યાન્હકાળે તે પાછો વિદ્યાપુરમા પોતાને મહાલયે આવી રહ્યો જેના હૃદયમાં નિરંતર

વિદ્યાપુરના વિજયનોજ વિચાર રમી રહ્યો હતો અને ગમે તે પ્રકારે મુસલમાનોને પરાસ્ત કરવા પ્રયત્ન કરતો હતો તેજ અફ્ઝલખાનની મનોવૃત્તિ ક્રમે ક્રમે બદલાવા લાગી તેની ભાવનામા એકાએક પરિવર્તન થયુ, માતાએ કહેલા અતિમ શબ્દ તેના સ્મરણમા આવ્યા વિજાપુરની સેવા કરવાનો ત્યાગ કરી વિજાપુરની નોકરીનો સ્વિકાર કરતી વખતે પ્રભાવતીએ અફ્ઝલખાનને જેમ પોતે વિજાપુરનો દ્રોહ કરે છે તેજ પ્રમાણે વિદ્યાપુરનો દ્રોહ ન કરવા શિખામણ આપી હતી અદ્યાપી પર્યન્ત તેનો નિશ્ચય દૃઢ થયો નહિ પલમા વિજાપુરના પક્ષમા જવાના તો ઘડીમા વિદ્યાપુરના સેવક તરીકે કાર્ય કરવાના વિચારો તેના હૃદયક્ષેત્રમા ઘુમી રહ્યા હતા વિદ્યાપુરના પક્ષ કરતા તેની ભવિષ્યની સઘળી આશાઓ ફળીભૂત થતી હોય એમ તેને લાગતુ જ્યારે વિજાપુરનો પક્ષ કરવામા નિભયતા નહોતી તેના હૃદયમા અનેક વિચારો ઉત્પન્ન થયા પોતે શુ કરવુ તેનો કદાપિણુ અતિમ નિર્ણય થયો નહિ અફ્ઝલખાન જરા પલગ પર નિદ્રા લેવાની ઇચ્છાથી આડો થયો એટનામા દ્વારપાળે આવીને કોઇ તેને મળવા આવે છે એમ સમાચાર કહ્યા થોડીવાર થઈ કે પૂર્વ-કથીત મોરોપત અફ્ઝલખાનના શયનગૃહમા દાખલ થયો મોરોપતના નેત્રો સ્વાર્થ લાલસા અને નીચતાથી અધ થઇ ગયા હતા તેની દેહમા રામરાજા પ્રત્યે દ્વેષ ભરેલો હતો દેશભકિતની ભાવના સર્વથા મૃત પ્રાય થએલી હતી તેની ક્રોધાક્રાંત મુખમુદ્રા રાક્ષસના જેવી કઠીન ભાસતી ભ્રકુટીમા ઇર્ષા છવાએલી હતી ધર્મરક્ષાનો જ્વલત અગ્નિ લાલસારૂપી રાખથી નિસ્તેજ થઈ ગયો હતો અફ્ઝલખાન તેને જોતાજ તેના આગમનનુ પ્રયોજન સમજી ગયો અને પૂછ્યુ " કેમ મોરોપત ; આટલા બધા મોડા ?"

"અફ્ઝલખાન ! તમે જાણો છો કે ભર દરબારમા બાદશાહે મારૂ કેવુ ભયકર અપમાન કર્યું, તેનો બદલો વાળવા અને અભિમાની રામરાજાને સાવધ કરવા હુ આવ્યો છુ તમારૂ પણ એ નરાધમ રામરાજાએ એવુજ અપમાન કર્યુ હતુ, તે તમને પણ વિસ્મૃત નજ થયુ હોય એનો ગર્વ ઉતારવો એ આપણી ફરજ છે આપણા જેવા દરબારી પુરૂષોનુ પણ જે રાજા નિર્લજપણે અપમાન કરતા હોય તેનો નાશ થવોજ જોઇએ" મોરોપતે કહ્યુ રગનાથ અને રામરાજા સાથે દરબાર-ગૃહમા જે દ્વેશ થયો હતો તે દિવસથી મોરોપતનો અફ્ઝલખાનની પ્રવૃત્તિઓ જાણવા એક ગુપ્ત સેવક નોકરરૂપે અફ્ઝલખાનને ત્યા રહ્યો હતો અફ્ઝલખાન પેલી મુસલમાન સુદરીને લઇ વનવિહાર તરફ વળ્યો કે તે દૂતે ત્વરીતજ સઘળા વર્તમાન મોરોપતને જઇને કહ્યા અફ્ઝલ-ખાન રામરાજા સાથે પ્રપચ કરવાનો છે એ વતમાન મોરોપતને મળતાજ મોરોપત અફ્ઝલખાનને આવીને મળ્યો

"મોરોપત ! તમે જાણો છો કે હુ વિજાપુરના રાજ્યનો સેવક છુ તમે મારી પાસે તેની વિરૂદ્ધ જરાપણ સકોચ વિના વાત કરો છો એ તમારી ભૂલ છે તમને હુ હમણાજ કેદ કરાવી રામરાજાના દરબારમા મોકલી દઇશ તમે જાણો છો કે રામરાજા દેશદ્રોહીઓને કેવી ભયકર શિક્ષા આપે છે તમારી સન્મુખ મૃત્યુ આવીને ઉભુ હોય એમ લાગે છે" અફ્ઝલખાને કહ્યુ,

"નવાબ સાહેબ ! જવાદો એ વાત, તમારી ભાવના કેવી છે તેની મને પૂર્ણત માહીતી છે, તમે રામરાજા સાથે યુદ્ધ આરભવાનો નિશ્ચય કર્યો છે અને તેટલા માટેજ તમે બેગમસાહેબને કોઇ નિર્ભયસ્થાને મોકલી દીધા છે, માટે હવે શુ કરવુ તેજ પ્રશ્ન અવશેષ છે. સમય

થોડા છે અને કાય ઘણુ છે. હુ પણ મારા સૈન્ય સાથે પ્રભાતે તમારે સહયોગી બની બાદશાહને શરણે જવા ઇચ્છુ છુ મને અને બાદશાહને બિનકુલ પરિચય નથી માટે આપ કૃપા કરી એકવાર બાદશાહ સાથે મારી મુલાકાત કરાવી આપશો એજ મારી ઇચ્છા છે, ગમે તે પ્રકારે રામરાજાનો નાશ કરવા મારૂ હૃદય તલસી રહ્યુ છે અને હુ એનો નાશ કરીશ ત્યારેજ મને શાતી વળશે ” મોરોપતે ઝનુનથી ઇસ્કેરાઇને કહ્યુ

‘ મોરોપત ! તમારી ધારણા ઘણીજ ભૂલ ભરેલી છે રામરાજાએ તમારૂ ગમે તેવુ પ્રખર અપમાન કર્યું હોય તોપણ તે હિંદુ છે, તમારો ઉભયનો ધર્મ અને જાતિ એક છે તેનો આશ્રય તજીને વિજાપુરના બાદશાહને શરણે જવુ કોઇપણ પ્રકારે હિતાવહનથી તમે હિંદુરાજાનો દ્રોહ કરશો તે સાથે તમારે હિંદુધર્મને પણ તિલાજલી આપવી પડશે ક્રોધાવેશથી તમે દેશ દ્રોહ કરવા તત્પર થયા છો પણ હજી વિચાર કરો એકવાર તમારા ધર્મનો ત્યાગ કર્યા પછી સમગ્ર જીવન તમને એવાજ શોક અને સતાપમા ગાળવુ પડશે અને, અત્યારે ઉન્માદાવસ્થામા તમે જે કર્મ કરવા તત્પર થયા છો તેને પરિણામે તમારે અખડ અનુતાપ અને પશ્ચાતાપ ભોગવવો પડશે તમે મને મુસલમાન તરીકે જાણો છો અને સઘળી વાત મને હૃદય ખોલીને કહો છો ત્યારે મારો પણ ધમ છે કે હૃદય ખોલીને સર્વ વાતની તમને માહીતી આપવી જોઇએ ” અફ્ઝલખાને કહ્યુ

“અફ્ઝલખાન ! તેની તમારે દરકાર કરવાનુ કશુ પ્રયોજન નથી. મનુષ્યો માત્ર સસારમા પાપ અને પુન્યનો ભેદ રાખી પોતાનો જીવન સગ્રામ ચલાવતા હોય તો સૃષ્ટિમા અને સ્વર્ગમા અતરાયજ કશો વિદ્યામાન ન હોત ! પરતુ સઘળા મનુષ્યોની જીવન સરિતા ધમગામી

હોતી નથી અને તેથીજ જગતનુ ચક્ર વર્તમાન દશાએ ચાલ્યુ જાય છે. જે કર્મો મનુષ્યો ધારણા પૂર્વક નથી કરતા અથવા નિષ્પ્રયોજન કર્મો આદરે છે તેમને તેવો પરિતાપ સહન કરવો પડે છે પરતુ હુ મારી સ્વેચ્છાથી મારા શત્રુનુ નિકદન વાળવા તત્પર થયો છુ અને તેને અગે જે જે ભયકર લાભાલાભની મને પ્રાપ્તી થશે તે સહન કરવાની મને સપૂર્ણ શક્તિ છે મારા જીવનની કાર્ય દિશાજ હવે પરિવર્તનમય બની ગઈ છે આજ પર્યન્ત મારૂ ધ્યેય વિજાપુરનો નાશ કરવાનુ હતું હવે મારૂ ઇષ્ટ બદલાયુ છે એટલે તેનુ પરિવતન થતા મને ઉન્નટો આનદ થશે" મોરોપતે પોતાની ઇચ્છાનો સ્ફોટ કરતા કહ્યુ

"મોરોપત ! તમે બહાદુર છો, શુરવીર છો અને ધર્મને કાજે પ્રાણ અર્પનારા છો વિદ્યાપુરનો વિનાશ કરવાનો અદ્યાપી પર્યન્ત મારો દૃઢ સકલ્પ થયો નથી તમારાથી સર્વથા અજાતનજ હોય કે હુ પ્રથમ વિજાપુરનો અને મુસલમાન ધર્મનો રક્ષક હતો જ્યારથી મે એનો વિનાશ કરવાનુ પણ ક્યુ તે સમયથી મારો આત્મા અનુતાપથી એટલો પ્રજળ્યા કરે છે કે તેનુ વર્ણન કરવા પણ હુ અશક્ત છુ, અને એટલાજ માટે હુ તમને આવા દુષ્કર્મ કરતા ખાળવા યત્નો કરૂ છુ એમા મારો લેશ સ્વાર્થ નથી છતા હુ તમને એવો ઉપદેશ આપુ છુ તેનુ વાસ્તવીક કારણજ આ છે મોરોપત ! મારો પણ કાર્ય વ્યવસાય અદ્યાપી હુ નિયત કરી શક્યો નથી અને એનો મારો દૃઢ નિશ્ચય છે કે રાજ્યધર્મ વાપરવામા જેટલુ વિદ્યાપુર કુશળ છે તેટલુ 'વેજાપુર નથી અને મારૂ હૃદય તો વિદ્યાપુરની સેવા કરવાનેજ મને પ્રેરણા ક્ર્યા કરે છે' અફ્ઝલખાને મ્લાન મુદ્રાથી ઉત્તર આપ્યો મોરોપત પોતાનો પાસો નિષ્ફળ જતો જાણી હતાશ થયો પરતુ પુન. એકવાર પોતાના વાક્ચાતુર્યનો

ઉપયોગ કરવાનુ ઇષ્ટ ધાર્યું ચડાલ દેશદ્રોહી રાક્ષસો નીચતાની પરિકાષ્ટા ક્યા સુધી આદરી શકે તેનુ મોરોપત પ્રત્યક્ષ ઉદાહરણુ હતુ

અફઝલખાન ! "મોરો પતે પુન કહ્યુ "તમારો વિચાર ઘણોજ શ્રેષ્ટ છે પણુ જ્યારે જ્યારે ઉન્મત્ત નરેશો સિહાસનારૂઢ થાય છે, ત્યારે ત્યારે તેમનો મદમર્દન કરવા રાજ્યાધિકારીઓને પ્રવૃત્ત થવુ પડે છે અને એજ સાચા રાજ્યભક્તનો ધર્મ હોય છે રામરાજાનુ આવુ ઉદ્ધત વર્તન ચાલુજ રહેશે તો ઉત્તર આર્યાવર્તના બલાઢ્ય મ્લેચ્છ ભૂમિપતિઓ વિદ્યાપુરનો અવશ્ય વિનાશ કરશેજ, અને ત્યારે હિદુ સામ્રાજ્યને શિરે ભયકર ઉત્પાત પ્રવર્તાશે તેના કરતા વિજાપુરની સત્તાજ વિદ્યાપુર ઉપર આરૂઢ થાય તો તે કોઇ રીતે હાનિકારક નથી મારે રામરાજાનોજ માત્ર વિનાશ કરવો છે હીંદુધર્મનો પરિત્યાગ કરવાનુ મને લેશપણુ પ્રિય નથી હુ હિદુધર્મનો દ્રોહ કરવાની ઇચ્છા કરતો નથી પણુ માત્ર રામરાજાનુ નિકદન વાળવાજ ઇચ્છુ છુ રામરાજાનો વિનાશ થતાજ હુ મારા સૈન્ય બળથી અને સુલ્તાનની સ્હાયતાથી વિદ્યાપુરની વિજય પતાકાનો પુનરૂદ્ધાર કરીશ, પણુ અફઝલખાન ! તમે મુસલમાન છતા હિદુધર્મની રક્ષા કરવાનો આગ્રહ કેમ કરો છો તે હુ સમજી શકતો નથી શુ તમને તમારા ધર્મ કરતા પણુ રામરાજાનુ અસ્તિત્વ વધારે પ્રિય છે ?"

"રામરાજાના જીવન વિષયક પ્રશ્નની અતિ અગત્ય નથી પણુ હવે મને વિચાર પ્રજાજનોનો આવે છે હુ મુસલમાન છુ પણુ મારૂ હૃદય મુસલમાનોના જેવુ પાશવીક અને જડ નથી તેનુ કારણુ ભિન્ન છે, પણુ તે હુ આપને દર્શાવી શકતો નથી, એ મ્હારા દુર્ભાગ્ય છે વિજાપુર વિજેતા થતાજ નિર્બળ અને નિર્મળ સ્ત્રીઓનો અવતાર

પાપમય થઇ જશે વિદ્યાપુરમા પાશવિકતાનુ સામ્રાજ્ય પ્રવર્તશે અને નિર્દોષ બાળકોની પણ કતલ થશે તેમના નિશ્વાસના ભાગી થતા મારો આત્મા ડરે છે કારણકે ધર્મદ્રોહના અનુતાપથી પ્રજ્વલિત થઇ જે ભયકર દુખમય દશા મારે ગાળવી પડી તે પરથી મને પૂર્ણ અનુભવ છે, કે લક્ષાવધી સ્ત્રી પુરુષોને એવુ જીવન પસાર કરવુ પડશે એ વિચારનો મારામા આવિર્ભાવ થતા હુ કપુ છુ અફઝલખાને પોતાના અતરનો સ્પષ્ટ ચિતાર આપ્યો પ્રભાતની જેવી અધઆર્ય અબળાના સચ્ચારિત્રનોજ આ પ્રભાવ હતો, અફઝલખાનની આ ધર્મ બુદ્ધિ શુભાવતીને આભારી હતી

"અફઝલખાન !" મોરોપતે અફઝલખાનને ઉત્તર આપતા કહ્યુ, "તમારી આવી ધર્મ પરાયણતાથી હુ ખરેખરજ ખિન્ન થાઉ છુ રાજદ્વારી કાર્ય વ્યવસાયોમા અધાર્મિકતા એજ તેનો પ્રાણ હોય છે, આપના કથનાનુસાર મુસલમાન રાજ્ય પ્રણાલિકા ભ્રષ્ટ અને નિદ્ય હોય તો વિદ્યાપુરનુતત્ર આપણા હસ્તગત કરવા આપણી પાસે સૈન્યબળની વિપુલતા છે, અને વિદ્યાપુરની સત્તા તમારે હસ્તગત થતા તમે વર્તમાન કાળમા હિદુ તરીકે જેવુ જીવન ગાળો છો તેવુજ જીવન રાજ્યાસના રૂઢ થયા પછી ગાળશો તો આપને અને વિદ્યાપુરને અધિક લાભ છે તમે વિદ્યાપુર વાસીઓના પ્રીતિભાજન છો એ દિવસ આવવો પણ આપણા સમશેરને લીધે અસાધ્ય નથી"

"તમારૂ કહેવુ સર્વથા અસત્ય અને અનાદરણિય તો નથીજ પણ તેનુ આચરણ ભયકર છે રામરાજાની સહાયતા વિના મુસલમાન રાજ્યોને પરાસ્ત કરવા આકાશ કુસુમવત છે અને મુસલમાની રાજ્યો વિદ્યાપુરનુ રાજ્ય પોતાને હસ્તગત કરવાજ યુદ્ધ આદરે છે ત્યા આપણો

હેતુ સિદ્ધ થવો દુર્લભ છે વળી બાદશાહ અલીઆદીલશાહને હિંદુઓની ધર્મશ્રદ્ધા પર અચળ વિશ્વાસ છે તમે બાદશાહનો આશ્રય ઇચ્છો છો પણ તે દુષ્પ્રાપ્ય છે, તમે સત્ય ભાવનાથી વિજાપુરનુ શરણુ સ્વિકારો છો કે રામરાજાની કુટિલ નિતિનુ તે માત્ર એક અગ છે તેનો બાદશાહ નિર્ણય કરી શકશે નહિ અને શકા વૃતિથીજ તમારો સ્વિકાર કરશે તેમા અંતે અહિત તમારૂજ છે તમે જ્યાસુધી મુસલમાન ધર્મનો સ્વિકાર કરી અભક્ષ વસ્તુનુ ભક્ષણ કરી મુસલમાન ધર્મની દિક્ષા ન લેશો ત્યાસુધી કોઇપણ પ્રકારે તમારો ભાગ્યોદય અશક્ય છે, અને અતે વિજાપુરના રાજ્યને વિજય પ્રાપ્તી થઇ તો પછી તમને તે દેહાન્તની શિક્ષા ફરમાવશે એમ હુ તો અનુમાનીત કરી શકુ છુ" અફ્ઝલખાને કહ્યુ

"બાદશાહ સલામતનો વિશ્વાસ પ્રાપ્ત કરવો એ દુર્ઘટ નથી, મને દૃઢ વિશ્વાસ છે કે બાદશાહનો હું પૂર્ણ પ્રેમ પ્રાપ્ત કરીશ મને માત્ર તમારી એટલીજ સ્હાયતાની આવશ્યકતા છે, કે બાદશાહ સાથે કોઇ પણ પ્રકારે મારૂ મિલન કરાવો એજ તમારા પ્રત્યે મારી પાર્થના છે હુ મારૂ સઘળુ સૈન્ય અને મારા આત્મીયજનોને લઇ તુગભદ્રાના નીર ઉતરી ચાલ્યો જવાનો છુ અને બાદશાહની જ્યા સત્તા પ્રવર્તતી હોય ત્યાજ મારા સૈન્યની છાવણી નાખીશ તમે પણ સત્વર તૈયારી કરો અને પ્રભાતકાળે મારી સાથેજ આવી મને સ્હાયતા આપો અફ્ઝલખાન ! મારી આપની પાસે એટલીજ અતિમ ભિક્ષા છે તે મારી અભિલાષા પૂર્ણ કરો" દયાર્દ્ર મુખ મુદ્રાથી મોરોપતે ઉત્તર આપ્યો

અફ્ઝલખાન ક્ષણભર નેત્ર મીંચી વિચાર ગ્રસ્ત થઇને બેઠો થોડા સમયમા અનેક લાબી લાબી વિચારમાળા ફેરવતો અને વિચાર સાગર તરીને પોતાની નૌકા વિજાપુરનો દ્રોહ કરનાર મનોભાવને કિનારેજ

લાગ્યો, બસ નિશ્ચય થયો. કપટકળાથી વિદ્યાપુરનો વિનાશ કરવો એજ હવે તેનું ધ્યેય થયું. હવે પોતાનો વિચાર કયા પ્રકારે આચરણમાં મૂકવો તેજ પ્રશ્ન અવશેષ રહ્યો. ક્ષણવાર પછી તેણે જણાવ્યું,

"ઠીક મોરોપંત ! તમારી મનેચ્છાને હું પુર્ણ અનુમત છું. હવે આપણે કેવો માર્ગ ગ્રહણ કરવો એ ઘટના વિવાદાત્મક છે. બોલો તમારો એ બાબતમા શો મનોભાવ છે ? બાદશાહના લશ્કરમ પ્રકટપણે જઇ વિદ્યાપુરનો વિરોધ કરવો કે રામરાજાના અનુગામી રહી કાપટ્ય વ્યુહથી રામરાજાને પરાસ્ત કરવો ?"

"તે પ્રશ્નનો ઉત્તર આપવાનુ અત્યારે કશુ પ્રયોજન નથી. બાદશાહના દરબારમા ગયા પછીજ આપણો ભાવી કાર્યક્રમ નિયત થશે આપણે માત્ર એટલી સાવધાનતા રાખવાની છે કે વિદ્યાપુરની વિજયપતાકાના વિનાશ થયા પછી એ સિહાસનનો અધિષ્ઠાતા તમારા કે મારા સિવાય કોઇ અન્ય થાય નહિ, તમારે ખૂબ સ્મરણમા રાખવાનુ છે કે મારી મનોભાવના તમનેજ વિદ્યાપુરના ભાવી નરેશ તરીકે આરૂઢ કરવાની છે." મોરોપંતે અફઝલખાન ઉપર જાળ પાથરી

"ઠીક, ત્યારે તમે સત્વર પ્રયાણની તૈયારી કરો હુ તમને તુગભદ્રાની પાસે વિજાપુર નરેશના યુદ્ધમેદાનમા મળીશ" અફઝલખાને નિશ્ચય પૂર્વક કહ્યુ. મોરોપંત સત્વર ચાલ્યો ગયો, અને અફઝલખાનનો એક સેવક તેની આજ્ઞાથી શયનગૃહમા આવી સલામ કરીને સામો ઉભો રહ્યો. "ગોવિંદ !" અફઝલખાને તેને ઉદ્દેશીને કહ્યુ, "જા, રામરાજાને કહે, ખાસ કાર્યપુરસર પ્રભાતકાલે અફઝલખાન વિજાપુરના બાદશાહ પાસે જાય છે. તમો સઘળા સૈન્ય સાથે પ્રાત:કાળમા અવશ્ય પ્રયાણ

કરજો. હું ત્યેજ તમને મળીશ. અત્યારે તમને મળવાને અવશેષ સમય નથી તેથી દિલગીર છું" ગોવિંદ શિર ઝુકાવીને ચાલ્યો ગયો.

પ્રાતઃકાળ થયો. મોરોપંત અને અફઝલખાન ઉભયનું વિજાપુરને માર્ગે પ્રયાણ થયું. પ્રારબ્ધની કુટિલતાથી સઘળી બાજી બદલાઈ ગઈ. આ પરિવર્તન રામરાજાએ દરબારમાં મુસલમાન અમળાના કરેલા અપમાનને આભારી હતું.

પ્રકરણ ૨૧ મું,

મ્લેચ્છરાજને શરણે.

પ્રભાતનો અવસર થયો. મંદમંદ અનિલની શીતલ લહરો પ્રસરવા લાગી પક્ષીઓના મધુર સ્વર કર્ણેન્દ્રિયને આનંદ આપતા હતા. નૃસિંહ ભગવાનનું મંદિર ખુલ્લા ચોગાનમા આવેલું હતુ જે દરબારમા રંગનાથ અને અફઝલખાન વચ્ચે કલહ થયો હતો તે દેવાલય આ દેવાલયથી ભિન્ન હતુ એક વિદ્યાપુરમા નૃસિંહ ભગવાનના નાના મોટા ઓગણીસ દેવાલયો હતા પરંતુ સાત દેવાલયો ઘણાજ સમૃદ્ધિશાળી અને કીર્તિવંત હતા. ગઇ કાલે સંધ્યાકાળે જે મંદિરમા પ્રાર્થનાનો દરબાર એકત્રિત થયો હતો તે મંદિરથી થોડેક છેટેજ આ પ્રચંડ મંદિરનો વિસ્તાર લગભગ અર્ધા મૈલની ભૂમિપર હતો

• રામરાજા ત્યા સ્તુતિ કરવા ગયો અને થોડીવાર રહી પાછો ફર્યો પ્રયાણ ચાલુ થયુ પ્રભાતકાળના રમ્ય અવસરમાં વાજીત્રોની વિપુલતા સાથે વિદ્યાપુરનુ પ્રચંડ સૈન્ય ચાલતુ હતુ સૌથી અગ્રભાગે સુંદર કિનખાબી આભરણો પરિધાન કરેલ રામરાજા ગર્વાંકિત મુદ્રાએ ચાલતો હતો તેના મુખપર અલૌકીક તેજ અને ઉત્સાહ હતા મસ્તકમા અનેક વિચાર લહરીઓ ઉદ્દ્ભવતી હતી. પોતાના વિજયના અને ભાવી મળનાર રાજ્યોના વિચાર સ્વપ્નમા ઘુમતી તેની મનોભાવનાને અન્યત્ર વિહરવા અવકાશ નહોતો. તેનુ હૃદય હર્ષાતિરેકથી ભરેલુ હતુ આખો વિજાપૂરનો નાશ કરવાના મદથી ચળકતી હતી તેની ચલ આજે અદલાઇ ગઇ હતી તેની સાથે તેવાજ ઉત્સાહપૂર્વક અર્જુનદેવ ચાલતો હતો. સર્વના મુખમંડળ પર પ્રફુલ્લિતતા વિસ્તરેલી હતી પણ હતભાગ્ય ભારતવર્ષ !

તારા દુર્દૈવે વિદ્યાપુરના એ માર્ગપર એ નરકેસરીના પગલાં છેવટનાંજ અંતિમ હતા રાજરત્નરૂપ રામરાજા પુનઃ વિદ્યાપુરની ભૂમિને પોતાના ચર્ણથી સુહાવવાનો નહોતો આર્યધર્મના ધુરંધર રક્ષણહારનુ નેતૃત્વ વિદ્યાપુરને ભાગ્યે બહુ અલ્પકાળ માટે હતું પાછળ રાજભક્ત નાગરીકો દેખી શકાય એટલે દૂર ઉભા રહી આશીર્વચનો ભાખતા હતા પણ તેમના આશિર્વચનો નિષ્ફળ જવાના હતા હાય દૈવ ! રામરાજાની દેહ વિદ્યાપુરના નાગરીકો પુન અવલોકવાના નહોતા નૃસિંહ ભગવાનના મંદિરપર ફરફરતી ભગવી ધર્મપતાકા ! તારો નિધનકાળ બહુ દૂર નહોતો વજ્ર જેવી દિવાલો થોડા દિવસમા તૂટવાની હતી અને આર્યાવર્તના અંગોર ચિન્હરૂપ વિજયશાલી વિદ્યાપુરના સામ્રાજ્ય ઉપર વિધર્મિવિજેતાઓનુ શાસન પ્રવર્તવાનુ હતુ રામરાજાનો ભોગ કુસંપદૈત્યને થોડાજ દિવસમા અપાવાનો હતો જે દોષથી ઉત્તરના રાજ્યો છિન્નવિછિન્ન થઇ ગયા, જે દોષથી પંજાબની પવિત્ર ભુમિના વિરપુત્રોના રાજ્ય મુકુટનુ ભેદન થયુ અને પરચક્રના આક્રમણનો માર્ગ નિષ્કંટક થયો તેજ આ વૃત્તિ પુન વિદ્યાપુર માટે નીકળવાની હતી જેની સત્તા દીલ્હીની બાદશાહાતને કંપાવતી તે વિજેતાનો કુસંપથી નાશ થવાનો હતો રામરાજાની નિષ્કપટતાનો લાભ લઇ તેની દેહનુ ભક્ષણ કરવા ઉત્સાહી બનેલા કાપટ્ય ધુરધરોનો ભોગ થઇ રામરાજા હિંદુધર્મને નિરાશ્રીત દશામા મૂકી જવનો હતો. હિંદુમંદિરોની પુન દુર્દશા થવાની હતી પણ એ સત્વળુ કાળ મહારાણીના ઉદરમા હતુ તેના પ્રસવકાળને હવે થોડોજ અવકાશ હતો, છતા એ બનાવ ક્ષુદ્ર માનવ પ્રાણીથી ન સમજાય એ સ્વાભાવિક હતુ લશ્કર જેમ જેમ આગળ વધતુ તેમ તેમ તેની ગતિ વેગવતી થતી હતી. ધીરે ધીરે સૂર્યનારાયણમા ક્રૂરતા આવવા લાગી

શ્રમ લાગવાની શરૂઆત થઇ પણ રામરાજાનો દ્રઢ સંકલ્પ હોવાથી સૈન્યનુ પ્રયાણ ચાલુજ રહ્યું. ધીમે ધીમે સધ્યાકાળને એક પ્રહર અવશેષ રહ્યો અને સઘળુ સૈન્ય તુગભદ્રાને તીરે આવી વ્યવસ્થિત ગોઠવાયુ અફઝલખાન ન હોવાથી તેના સૈન્યની સરદારી રામરાજાએ પોતે લીધી અને પોતાના સૈન્યનુ નેતૃત્વ રાજભક્ત રંગનાથને સોપ્યુ રામરાજાએ પુન એકવાર સઘળા સૈન્યને એકત્રિત કર્યું, એટલામા એક સૈનીકે આવી રામરાજાને નમસ્કાર કરી કહ્યું, "રાજાધિરાજ ! મોરોપત પોતાના સૈન્ય સાથે બાદશાહને શરણે જવા ઉપડી ગયો છે અને ભદ્રાને પેલે પાર થોડે દૂર પડાવ નાખ્યો છે. અફ્ઝલખાન પણ તેની સાથેજ છે."

"ભલે જાય, જેને ખોવાનુ નથી તેને રોવાનુ નથી એવા અસખ્ય રાજ્યદ્રોહીઓ વિજાપુરનો આશ્રય ગ્રહણ કરે તેની મને લેશ પણ નથી દરકાર, મારી મદદગાર તો એકજ છે શ્રી હરિની સરકાર મારા સઘળા સૈનીકો ધર્મદ્રોહ કરીને રામરાજાનો પરિત્યાગ કરી યવનશહના ચર્ણમા પોતાના શીર પટકે તો પણ મારૂ કાર્ય નહિ અટકે અને એમનો વિયોગ પણ મારા દીલમા ન ખટકે, જાઓ, તમને આજ્ઞા છે એવીજ કુશળતા પૂર્વક તમારી કાર્યવાહી કરો અને સ્વદેશના સ્વધર્મનિષ્ટ સેવક બની વિદ્યાપુરના વિજયી વિરોને અનુસરો "

સેવક શીર નમાવી ચાલ્યો ગયો. રામરાજાએ એકત્રિત થએલા સૈનીકોને ઉદ્દેશીને કહ્યું, ' મારા સામતો ! વિદ્યાપુરની સ્વતત્રતાના સત મહતો ! તમે અત્રે એકત્રિત થયા છો એજ તમારી રાજભક્તિનુ જ્વલત ઉદાહરણ છે તમારી અસ્ખલિત દેશદાઝ એજ તેનુ પ્રધાનકારણ છે. હમણાંજ હુ ખબર વર્તમાન આવ્યા છે કે મોરોપત મારા પ્રત્યેની વિરુદ્ધ વાસ્નનાથી મ્લેચ્છ રાજાને શરણે સિધાવ્યા છે પરંતુ તેથી

આર્યસત્તાના અનુગામીઓ અવશ્ય ફાવ્યા છે. એવા અર્ધદગ્ધ સરદારો યુદ્ધનો આરંભ કરે અને સંગ્રામમાં પ્રવૃત્ત થયા પછી પરચક્રને અનુસરે તેના કરતા પ્રથમથીજ તેનો નાશ થાય એ શ્રેષ્ઠ છે. અને આપણો વિજય નિર્વિવાદ સિદ્ધ છે એનું એજ ચિન્હ છે, પરંતુ તમે જે ધર્મ કાજે આપણા પ્રાચીન ઋષીગણોએ અવર્ણનીય શ્રમ ઉઠાવ્યો અને પ્રાણ દાનને પણ જે ધર્મભાવના કાયમ રાખી તેના રક્ષણને માટે કટિબદ્ધ થાઓ, તમારો દેશ, ધર્મ અને પૂર્વજોને કાજે જરાપણ પ્રાણ આપતા ડરશો નહિ કે ભયભિત બની સંગ્રામમાંથી પાછા ફરશો નહિ આ ધર્મયુદ્ધ છે તેમા જીવત રહેશો તો દ્રવ્ય અને કીર્તિ મળશે અને મૃત્યુ થયુ તો મોક્ષ મેળવવાની મહત્વાકાંક્ષા ફળશે, વળી આપણો પરાજય થતાજ આપણા બાળકો અને સ્ત્રીઓની દુર્દશાનો પ્રારંભ થશે અને આપણી પૂર્વરક્ષિના કીર્તિ સ્વર્ગગામિનિ થશે શું તમે તમારી સ્ત્રીઓના, માતાઓનું અને વહુ, દીકરી, ભગિનીઓનું શિયળ ખંડિત થાય એ ચહાઓ છો ? નહિજ, તો હવે ઢીલના રાખો અને યુદ્ધમા પ્રાણાહુતી આપવાને તૈયાર થાઓ, એક દિવસ મૃત્યુ તો સઘળાનેજ પોતાની કારીકટારીની તિક્ષ્ણધારથી સંહારે છે, પણ યુદ્ધમા મળેલુ મૃત્યુ અમે તેવા પાપોને પણ તારે છે. માટે મારા શૂરવીર સૈનીકો ! જાગૃત થાઓ અને તમારી દેશની યજ્ઞવેદીમા તમારા દેહનુ બલિદાન આપો આપણે સ્વદેશના રક્ષણને માટેજ સંગ્રામ કરવાનો છે. જે એનો દ્વેષ કરશે તે અનંત કાળ પાપાધિકારી થશે અને અવશેષ જીંદગી પરિતાપથી પૂર્ણ કરશે જો તમારી ઇચ્છા ન હોય તો હજી પણ યુદ્ધવ્યવસાયનો ત્યાગ કરીએ અને યવનનાથને ચરણે આપણુ શીર ધરીએ, બોલો ભારતવર્ષના શ્રેષ્ઠ પુરૂષો ! તમને એમાથી કયો માર્ગ અધિક પ્રિયકર અને હિતાવહ લાગે છે"

"રાજાધિરાજ ! એવો તો કોણ અધન્ય કમભાગ્ય આર્ય હશે કે જે અનિવાર્ય યુદ્ધકાર્યનો ત્યાગ કરી માતૃદ્રોહી થઇ પિતૃભૂમિના રક્ત અને માંસથી પોતાનું ઉદર ભરશે મહારાજ મહારાષ્ટ્રીઓની વિશ્વવિખ્યાત વિરતાને અમો કદાપી શ્યામવર્ણી થવા દઇશું નહિ. જ્યાંસુધી અમારી દેહમાં રક્તનો સંચાર છે ત્યાં સુધી અમારી જનની જન્મભૂમિ ઉપર અકથનીય પ્યાર છે માટે આપ જરાપણ શંકા ધરશો નહિ અને પાછા ફરવાનો વિચાર પણ ઉદ્‌ભૂત કરશો નહિ" એક સૈનાધિપે નમ્રતાથી વિરતાદર્શક ઉત્તર આપ્યો

"અને મોરોપતે જે દ્રોહી કૃત્ય કર્યું તેની લેશ પણ પરવા રાખશો નહિ અમારા બાહુમાં બળ છે અને પ્રાણમાં પ્રાણ છે ત્યાં સુધી આપણો દેશ નિર્ભય છે" બીજા સેનાનીએ તેવોજ ઉત્સાહ પ્રેરક ઉત્તર આપ્યો ક્ષણાર્ધમાં સૈન્ય સર્વત્ર પ્રસ્થાન કરી ગયું રામરાજાએ રંગનાથને બોલાવ્યો અને કહ્યું "રંગનાથ ! તમે જાણી ગયા હશો કે મેં અત્યારે અત્રે તમને શા માટે નિમંત્ર્યા છે મોરોપત આપણો એક શુરવીર સુભટ છે અને તેની પાસે અપૂર્વ બળવાળું સૈન્ય છે એ સર્વબળનો ઉપયોગ આપણી સામેજ થશે તો તેથી નાહક આપણો નિ:પાત થશે અને એ સૈનીકોનો અને આપણા સૈનીકોનો પરિચય હોવાથી અન્ય મનુષ્યોને તેનો પાસ લાગવા પૂર્ણત: સંભવ છે"

"મહારાજ ! આપનું કથન સર્વથા સત્યપૂર્ણ છે મારા બંધુ મોરોપતે જે ભયંકર દેશદ્રોહ કર્યો છે અને વિદ્યાપુરનો વિનાશકારી દ્રોહ આદર્યો છે એથી મારા હું શતાવધી હતભાગ્ય સમજું છું. મહારાજ ! મારૂં હૃદય ગ્લાની અને શોકથી ભરેલું અને દુ:ખથી વિદિર્ણ થયેલું છે. મારા બંધુએ આપનો જે ભયંકર દ્રોહ કર્યો છે તે

મારે હું કયા શબ્દોમા કયા મુખે ક્ષમા યાચના કરૂ ?” રંગનાથે અશ્રુપૂર્ણ નેત્રોએ ઉત્તર આપ્યો.

“નહિ નહિ, રંગનાથ ! પ્રત્યેક મનુષ્યોનુ જ્ઞાન અને ભાન ભિન્ન ભિન્ન હોય છે. તેમ પ્રત્યેકની પ્રકૃતિ પણ સર્વદા અસગત હોય છે એકજ માતાને ઉદરેથી જન્મધારણ કરેલા બે બાળકો પૈકી એક સ્વધર્મનિષ્ટ દેશસેવક હોય છે બીજો જનની દ્રોહી નરપિશાચ નિપજે છે. ત્યા આ તો તમારો સગો સહોદર નથી એટલે તમારા મુખપર પ્રસરેલી ખિન્નતા નિષ્કારણ–નિષ્પ્રયોજન છે. મારો માત્ર પ્રશ્ન છે તે એ કે હવે પુન કોઇ પણ પ્રકારે મોરોપત આપણા પક્ષમા આવે કે નહિ ? અને આવે તો તે આપણને હિતાવહ છે કે નહિ ?” રંગરાજાએ પોતાનો આદર્શ જણાવ્યો.

“મહારાજ ! મોરોપતને પુન લાવવો એ કાર્ય જેટલું આદરણીય છે તેટલોજ આપનો પ્રશ્ન પણ વિચારનીય છે એકવાર પતિત થએલા અધમ પુરૂષ ઉત્તરોત્તર પતન-પામતા જાય છે અને તત્સબધે સમગ્ર રાષ્ટ્રને હાની થાય છે મોરોપત કદાચ આપણા પક્ષનો સ્હાયક થાય તોપણ હવે તેનો વિશ્વાસ કરવો મને ઠીક લાગતો નથી. કદાચિત ન કરે નારાયણ અને મોરોપત આપણા સૈન્યમા વિખવાદ પ્રવર્તાવે અથવા તો પુન ચાલુ સગ્રામમા આપણો દ્રોહ કરે તો તે વધારે અનિચ્છનીય છે” રંગનાથે પોતાનો નમ્ર મત પ્રદર્શિત કર્યો.

“ના રંગનાથ ! મોરોપતની સ્હાયતા તો હુ યાચતોજ નથી પણ મને જે સાલે છે તે તેનુ સૈન્ય છે. આપણાજ અન્ન જળથી પોષાયલા મનુષ્યો આપણોજ વધ કરવા કારણભૂત થાય એ આપણા

પરમ દુર્ભાગ્યની પરાકાષ્ટા છે તેથી મોરોપતને કોઇપણ પ્રકારે અત્રે બોલાવી તેને કેદ કરી લેવો અને તેના સૈન્યનુ નિતૃત્વ તમનેજ હસ્તગત કરવુ એવો મારો સકલ્પ છે."

"મહારાજ ! તો મને આજ્ઞા આપો હુ એકલોજ તુગભદ્રાના તિરપ્રદેશમા હાલ જ્યા મોરોપતનો મોરચો હોય ત્યાં જાઉ અને તમારી તથા જગદાધારની કૃપાથી આપણા સત્કાર્યમા સફળ થાઉ મને આજ્ઞા અને આશીષ આપો પરતુ આપ સગ્રામને માટે સર્વથા તત્પર રહેજો અને અફઝલખાન પુન આવે તો તેના પ્રત્યે પણ દુર્લક્ષ આપશો નહિ. સઘળા શત્રુઓને હવે બરાબર સાવધાનતાથી અવલોકવા જોઇએ, એ સ્મરણમા રાખજો "

"તેની તમે લેશ માત્ર પણ ચિતા રાખશો નહિ, હવે મોરોપતના આ દુષ્ટ કર્મો ઉપરથી હુ નવીન કાઇક શીખ્યો છૂ, તમે જાઓ અને તમારૂ કાર્ય આરભો." રામરાજાએ આજ્ઞા કરી ક્ષણાર્ધમા રગનાથનો કાર્ય વ્યવસાય પરિવર્તનશાલી થયો રગનાથ એકલોજ ભદ્રા નદિના નીરને અસ્થિર કરતો નૌકામાં બેસીને સામે તીરે નીકળી ગયો ત્યાથી શરૂ થની આમ્રપટા વટાવતાંજ રંગનાથને મોરોપતનુ સૈન્ય દ્રષ્ટિગોચર થવા લાગ્યુ. મોરોપતે રગનાથને જોઇને પ્રેમપૂર્વક આવકાર આપ્યો અને બોલ્યો, "પધારો બધો !"

"મોરોપંત ! હવે આ સત્કાર અસ્થાને છે. તારા પ્રાણઘાતક કૃત્યથી સુવર્ણમહનુ નિષ્કલક નામ પતિત થયું છે અને આપણી પવીત્ર ધર્મ ધારી કાયા પણ અપાવન થઇ છે તે ભયકર દેશ દ્રોહ કરીને આપણુ જીવન સદાકાળ માટે કલુષિત કરી નાખ્યુ છે. મોરોપત ! આ ધર્મદ્રોહ

કર્યા છતા ઉજ્વળ મુખ લઇ બોલતા તને લેશ માત્ર પણ સંકોચ થતો નથી એજ આપણા દુર્ભાગ્યનુ પરમ ચિન્હ છે શું મુખ લઇ તું મારી સામે નિહાળી રહ્યો છે ?"

"સહોદર ! મારૂ ભયંકર અપમાન કરનાર અને દ્વાર રક્ષક જેવુ નિંદનીય કાર્ય સોપીને આપણા કુળની કીર્તિને સર્વદા કલંકિત કરનાર રામરાજાનુ શરણુગ્રહી મારી દુર્દશા નિરખી રહેનાર રંગનાથને મને એવા પ્રશ્નો પૂછવાનો શો અધિકાર છે ! ભ્રાતા ! અત્યારે આ વિષ્ટા કરવાનુ તમને યોગ્ય લાગે છે પણ જે સમયે રામરાજાએ મારૂ અપમાન કર્યુ તે પ્રસંગે તમે એક પણ શબ્દ મહારાજને કહ્યો ? હવે તમે શું મુખ લઇને મારા પ્રત્યે તિરસ્કાર દર્શાવો છો ?" તેવોજ કટાક્ષ પૂર્ણ પ્રત્યુત્તર આપતા મોરોપને ઉત્તર દીધો

'ભાઇ ! તારા શબ્દો માત્ર કેશ અને ઉદ્વેગથી ભરેલા છે રામરાજાના દરબારમા મે તારો પદ ૧ ર્યો તેના કરતા દેશદ્રોહ એ અધિક નીચ અને નિંદનીય કૃત્ય છે અને કોઇપણ પ્રકારે તને શોભા સ્પદ નથી." રંગનાથે પોતાના વર્તનની યોગ્યતા સાબીત કરતા કહ્યુ.

"આપણુ સ્વમાન જ્યા ન જળવાય, જ્યા તિરસ્કાર મળે એ સઘળાજ સ્થળો મનુષ્ય માત્રને કાજે નકામા છે જે દુષ્ટ પુરૂષે તમારૂ પણ ભયંકર અપમાન કર્યુ તે પુરૂષનો પક્ષ લેતા તમને સંકોચ થતો નથી એ પણ મને આશ્ચર્યની ઘટના લાગે છે જે એકવાર રામરાજાનો નાશ કરવાનો વિચાર કરતો હતો તેજ ગૃહસ્થ મહાસેનાનાયકનુ અભિધાન અને પારિતોષ મળતા પોતાનુ વર્તન બદલી નાખે એ અધીક નીચ છે કે તેવા નિંદ્ય સ્થળનો ત્યાગ કરે તેજ મનુષ્ય અધિક

અધમ છે ? જે સ્વાર્થ પટુતાના પ્રભાવે તમે રામરાજામા અનુરક્ત થયા છો તેજ સ્વઅર્થસિદ્ધિને કાજે હુ યવનશાહનો ભક્ત થયો છુ." મોરોપંતે પોતાનો વાસ્તવીક વિચાર દર્શાવ્યો.

'જ્યા સ્વાર્થ સત્તા દ્રવ્ય છે ત્યા ધર્મને દેખો નહિ,
હિત આપણુ જ્યા હોય ત્યા કૈ પાપને પેખો નહિ.
અન્યાય હાથ થકી થડે તે કષ્ટને લેખો નહિ,
શુ લાભ છે તેના વિના બસ અન્ય કૈ દેખો નહિ
નિજ સ્વાર્થ પહેલો સાધવો ખોટુ ખુદાનુ નામ છે,
સાચો સગો ખલ્કે ખુદા જોરૂ જમિનને દામ છે"

'અહા ! કેવો મૂખ વિચાર ! મોરોપત ! મે કદી પણુ રામરાજાનો કે વિદ્યાપુરનો દ્રોહ કરવાના વિચાર માત્રને પણુ મારા હૃદયક્ષેત્રમા સ્થાન આપ્યુ નથી માત્ર આપણા સિહગઢ ઉપર રામરાજાનુ આક્રમણુ થાય તો તેનાથી આપણી રક્ષા કરવી એજ મારો પ્રધાન ઉદ્દેશ હતો, અને તેને કાજેજ મે' રામરાજા જોડે યુદ્ધ આદર્યું હતુ રામરાજા વડે હિદુ ધર્મનુ રક્ષણુ થાય છે અને તેથીજ ભારતવર્ષના આપણી પ્રતિભા પ્રવર્તાય છે. મોરોપત ! જે ઘડીએ રામરાજાની કાયા નિષ્પ્રાણુ થઇ તેજ દિવસે હિદુ ધર્મના પતનકાળનુ મગલાચરણુ આરભાશે અને આપણો પરમપ્રતાપી પુનિત આર્યધર્મ મૃત પ્રાય થઇ જશે શુ તુ તારી સ્વાર્થવેદી ઉપર સમગ્ર વિદ્યાપુરવાસીઓના બલિ આપી દેશે ? શુ એક આર્યસતાન પોતાના સત્યધર્મનો પરિત્યાગ કરી હિદુધર્મનો નાશ કરવાને સહાયભૂત થશે. મોરોપત ! રામરાજા જોડે અમે એટલુ વૈર હોય પણુ તેનો બદલો હિદુધર્મનો વધ કરીને વાળવો એ અધમ વિચારને

અંતરમાં સ્થાન આપવું એજ મહા ભયંકર છે." રંગનાથે મુખ પર ગ્લાનીનો આવિર્ભાવ આણીને જણાવ્યું

"શું છે વચન આ વિરના શું ધર્મનું આ જ્ઞાન છે?
તમ અંગમાં વ્યાપી રહ્યો બસ લોભનો શયતાન છે,
આ લક્ષણો વિરના નથી હેવાનના આ કામ છે,
મૃત્યુ અને પરિતાપએ તુજ કાર્યનો અંજામ છે,
સુખભોગ શું માગી રહ્યો નિજ ધર્મની હત્યા વડે,
વિજળી પડી આકાશથી કાં પ્રાણ તારો ના પડે?"

"રંગનાથ! ક્ષમા કરો તમારા સઘળા શબ્દો હવે મારા ઉપર કશીપણ અસર નિપજાવી શકશે નહિ મારો પ્રધાન ઉદ્દેશ રામરાજાનો વિનાશ કરવાનો છે હિંદુધર્મનો નાશ કરવો એવું હું લેશપણ યાચતો નથી અને તેવી મારી મહાત્વાકાંક્ષા પણ નથી. માત્ર ગમે તે પ્રકારે રામરાજાનોજ નાશ કરી મારે મારૂં હૃદય તૃપ્ત કરવું છે મારા હૃદયમાં વૈરનો બીપણ અગ્નિ એટલો પ્રજ્વલિત થઇ રહેલો છે, કે સમગ્ર જગતની આહુતી પણ રામરાજા વિના—તેમાં અપાય તો તે સમે કે કેમ એ વાદગ્રસ્ત છે" મોરોપતે દૃઢતા પૂર્વક કહ્યું

"તારી આવી હઠાગ્રહબુદ્ધિથી ખરેખર મને દ્વિગુણીત શોક ઉપજે છે. રામરાજાએજ ભારતવર્ષના ભુષણરૂપ છે તેનો નાશ થતા અવશ્ય ભયંકર ઉત્પાત થશે .... ."

"રંગનાથ!' તેને વચ્ચેજ બોલતો અટકાવી મોરોપત બોલ્યો. "બસ હવે તમે ચાલ્યા જાઓ, જો એક ઘડીનો પણ વિલંબ કરશો તો મારે તમારે વિરોધ થશે અને હું તમને અહીંજ બલિદાન આપીશ."

"મોરોપત ! ભલે તારી એવીજ ઇચ્છા છે તો તેમ કર. પણ તું આ ભયંકર દ્રેષ કરે છે ઇતિહાસના પૃષ્ઠ ઉપર તારૂં નામ દેશદ્રોહી તરીકે યાવત્ચંદ્રદિવાકરૌ કાયમ રહેશે, ભવિષ્યની પ્રજા તારા ઉપર ફિટકાર કરશે અને આપણી પરમપવિત્ર વિર પ્રસવિની આર્ય જનનીના ભયંકર શોકમાં તારી દેહ બળીને ભસ્મીભૂત થઇ જશે તુ સુજ્ઞ છે, સહનશીલ છે પણ દ્રેશ અને ઇર્ષાથી તારા નયનો બંધ થયા છે તેથીજ વર્તમાન સમયે તુ આપણી ભાવી અવનતિને પ્રત્યક્ષ અવલોકી શકતો નથી આજ પર્યન્તનો આપણો સમળો સબંધસ્નેહ અને ભ્રાતૃત્વનો ત્યાગ કરીને મારે તારી ઉપર શસ્ત્ર સંચાલન કરવાની ફરજ પડશે અને તારાજ હસ્તના આઘાત સહવાનુ દુર્ભાગ્ય મને પ્રાપ્ત થશે મોરોપત એ સઘળા અનર્થ વિદિર્ણ કરવાનુ તારા હસ્તમા છે. આટલુ થયા છતા પણુ જો તારો જીવન વ્યવસાય અવશેષ રહેશે તો તારી મનોભાવના સિદ્ધ થશે કે કેમ એ શંકા સ્પષ્ટ છે." રંગનાથે અંતરથી નિરાશાપૂર્વક ઉત્તર આપ્યો.

> "પરમ પ્રિય દેશને કાપી, હળાહળ ધર્મને આપી,
> હૃદયમા લોભને સ્થાપી, જીવન શાને બગાડે છે ?
> પ્રભુએ દેહ આ તારી, સુજ્ઞ છે દેશ હિતકારી,
> છતા પણુ નર્કની બારી, સ્વહસ્તે કા ઉઘાડે છે !
> હણીને બંધુઓ તારા, વહાવી લોહીની ધારા,
> બની કા આત્મહત્યારા, ભવે અગ્નિ લગાડે છે ?"

"પરંતુ રંગનાથ ! રામરાજા જેવી પરાઇ વ્યક્તિને માટે અને વિદ્યાપુરના પરાયા રાજ્ય માટે તુ પ્રાણાર્પણ કરવા કેમ તત્પર થયો

છે એ હું સમજી શકતો નથી સિંહગઢનું શત્રુઓથી રક્ષણ કરવું એ આપણો ધર્મ છે પણ સિંહગઢનાજ શત્રુ રામરાજા માટે સિંહગઢના સૈન્યની અને અંતે પ્રજાની ધૂળધાણી કરવી એ સર્વથા અનિષ્ટજ લેખાય! તો એ તો બતાવો કે કયા લોભને વશ થઇ તમે આ કાર્ય કરવા ઉધુક્ત બન્યા છો?"

"જ્યાં ભારતવર્ષીય આર્યપ્રજાના રાજ્યો છે તે સઘળાંજ રાજ્યોની મ્લેચ્છ શૃંખલાથી રક્ષા કરવી એ મારૂં મહદ્ મંતવ્ય અને આર્યોનું પરમ કર્તવ્ય છે. તે ધર્મને વશ થઇનેજ હું આ ધર્મ કૃત્ય કરવા પ્રેરાયો છું તે સિવાય સ્વાર્થ પટુતા કે કાર્ય સાધકતાનો તેમાં એક અંશ માત્ર પણ વિધમાન નથી પરંતુ પિતૃભૂમિનો પરિત્યાગ કરૂં એવો હું અનાર્ય કુલોત્પન્ન શયતાન નથી, તેનું શું તને ભાન નથી? જેને સ્વદેશ અને પોતાના પૂર્વજો પ્રત્યે માન નથી તે વિશ્વમાં વસવા યોગ્ય ઇનસાન નથી આપણી ક્ષત્રિયોની દેહ જન્મભૂમિપર સ્નેહ રાખવા સૃજેલી છે અને યુદ્ધમાં પાદાર્પણ કરી પ્રાણ અર્પવા એજ સાચો ધર્મ છે તેને તું સ્વાર્થાંધ થઇ વિસરી જાય છે ત્યારે રંગનાથ એજ પતિતપાવની આર્યયોધ્ધાને શરણે જાય છે એજ માત્ર મારા વ્યુહવ્યવસાયનો પ્રધાન હેતુ છે અને ક્ષત્રીયોના શરીર એ ભારત માતાના દુઃખનીધિ તરવાના સેતુ છે મોરોપંત! એ ધર્મ યજ્ઞનો દ્રોહ કરવો એ મહદ્ પાપ છે અને અવશેષ જીવનને ભસ્મીભુત કરે એવો એનો પ્રજવલિત પરિતાપ છે"

"પણ મને માત્ર મારા સ્વાર્થનોજ સંતાપ છે. દ્રવ્ય અને સુખ ભોગ સિવાય નશ્વર સંસારમાં અન્ય કાંઇ વિધમાન નથી અને હાથ આવેલી એ બાજીનો પરિત્યાગ કરે એવો મોરોપંત નાદાન નથી. અનિત્ય સંસારમાં સત્ય ધર્મ કે ઇશ્વર જેવું કંઇજ સંભવિત નથી

ત્યા દેશ અને ધર્મની ઘેલછાથી આવેશ યુક્ત થઇ સંસારનો ત્યાગ કરવો એ વ્યવહારકુશળ મનુષ્યનું કાર્ય નથી."

"નથી હુ ધર્મને જોતો, નથી હુ દેશને રોતો,
પ્રથમ હિતને બધા ગોતો, મને તો સ્વાથ પ્યારો છે.
પ્રભુ જો સ્વર્ગથી આવે મને પરમાર્થ બતલાવે,
નહિ મુજને કદી ભાવે, પ્રભુ એવો અકારો છે
ખજાનો દામથી ભરવો, જનો નવ સ્વાર્થને કરવો,
ન મારે મોક્ષને વરવો, હવે તો એજ ધારો છે."

"મ્લેચ્છ રાજને શરણે થવાની ભાવનાથીજ તારામા કેવા અનિચ્છનીય સસ્કાર જન્મે છે તેનુ તુ પ્રત્યક્ષ ઉદાહરણ છે અને હવે તારા જેવા પાપીનો નાશ કરવો એજ મારો અતિમ સકલ્પ છે મોરોપત! તને અતિમ વદન છે! અભિનદન છે! મારી આટલી આટલી વિનતીથી પણ તારૂ પથ્થર જેવુ હૃદય પિગળતુ નથી એ પ્રાલબ્ધ પ્રકોપનુ પરિણામ છે તુ આવો જડવત્ કેમ થયો તે હુ સમજી શકતો નથી હશે? હવે તને વિનવવો એ માત્ર નિર વલોવી ધૃત પ્રાપ્તીની આશા રાખવા જેવુ અઘટિત છે બધો! તારી સાથે તારો પરિવાર પણ આજે અનાર્ય થાય છે અને એક સૂર્યવંશી ક્ષત્રી યેનુ શુદ્ધ કુટુબ મ્લેચ્છ ધર્મમા પલટાય છે એનીજ મને આજ ભયકર ગ્લાની થાય છે, જાઉ છુ મોરોપત!" રઘનાથે કહ્યુ આગળ બોલવા જતા તેના નેત્રમાથી તેના અતરની પ્રતિકૃતિ રૂપે અખડિત અશ્રુ પ્રવાહ ચાલુ થયો, ક્ષણવાર તે મોરોપતની સામે જોઇ રહ્યો અને ઉઠયો જેવો ઉઠીને જાય છે કે તતક્ષણેજ મોરોપતના

થોડાક સૈનીકો તેની આસપાસ ફરી વળ્યા. મોરોપતે રંગનાથને ઉદ્દેશીને કહ્યું, "રગનાથ ! મને દેશ દ્રોહનુ ફળ મળવાનુ તો બાકી છે પણ તે પહેલાજ કુટુંબ દ્રોહનુ પરિણામ તુ ભોગવ ! બોલ ! હવે તારા જીવન મરણનો પ્રસગ મારી દયાપર અવલબેલો છે તુ રામરાજાની ભક્તિમાં ઘેલો છે, હવે સઘળુ સૈન્ય લઈ મારે વશ થાય છે કે સદાકાળ સસારનો ત્યાગ કરી પ્રભુના અક્ષયધામનો અનુગામી થવા મારી સમશેરને શરણે જાય છે"

"ઓનીચ ! અનાર્ય મોરોપત ! કર, હજી પણ અવશેષ પાપ કર્મો પરિપૂર્ણ કર કે જેથી તારી જીદગીનો સત્વર અત આવે ! તારા જેવા નીચ રાક્ષસને હાથે દગોનો ભોગ થવો એ પણ મારા પરમ ભાગ્ય છે અને તેનુ મને અવર્ણનીય અભિમાન છે મારા પ્રાણ જાય તેની મને પરવા નથી મારા દેશની, ધર્મની અને આર્યતાની મને આવશ્યકતા છે મોરોપત ! સકટમા પણ હુ સિહનો સતાન છુ મારી રગરગમાં આર્યરક્તનો સચાર છે અને સગ્રામમા મૃત્યુ પામવુ એજ મારા જીવનનો નિરધાર છે જેની એવી દૃઢમનોભાવના છે તેનો રક્ષણકાર જગતનિયતા સરજનહાર છે ત્યા તારી તલવારનો પ્રહાર નિષ્ફળ નિવડનાર છે

"ક્ષત્રી કદી સગ્રામથી સમશેર ત્યાગી જાય છે
શયતાન તે સસારમા મહા પાપ ભાગી થાય છે.
દૃઢ ભાવના ઉરમા વશી તલવારથી ટળશે નહિ,
આ પિડમા છે પ્રાણ ત્યાં મમ ટેક એ ચળશે નહિ
'રક્ષા કરીશ તલવારથી હુ મર્યાદા હિંદુત્વની,
'મરતાં હૃદય પોકારશે 'હુ હિંદુ છું' એવી ધ્વની."

"રંગનાથ! જ્યારે ભય દૃષ્ટિ સન્મુખ આવી પ્રત્યક્ષ નિરખાય છે ત્યારે મહારથીઓ પણ ગર્વગળીત થાય છે, પણ પોતાનું સ્વાત્માભિમાન ટકાવી રાખવા વાક્ચ્છળતાની સહાયતાથી ધૈર્ય રાખી રહે છે એનો મને અનેકવાર અનુભવ છે તને પણ એવુંજ મૃત્યુને સન્મુખ નિહાળી થાય છે અને તેથીજ આવા ઉચ્છૃંખલ શબ્દજાળનો પ્રયોગ પ્રયોજાય છે તું આ ઉભયવચનો કોની સન્મુખ ઉભો રહી બકે છે તેનું તને ભાન છે? જેનાથી આજ પર્યન્ત તારી દેહનું રક્ષણ થયું, તારે કાજે જેણે અનેક સંકટ વેઠ્યા તેના પ્રતિ આવા વચનો વાપરવાથી નિતિ-મર્યાદાનું ઉલ્લંઘન થાય છે તેનું તને જ્ઞાન છે?" રંગનાથે તેવાજ કટાક્ષપૂર્વક કહ્યું

"ચુપ રહે બદમાસ! તને મારા કાર્યાકાર્યની સમાલોચના કરવાનો અધિકાર નથી તું અત્યારે મારો બંદિવાન છે મારી આજ્ઞાને વશ રહેવા ધર્મથી બંધાએલો છે તારે માત્ર તારા ધર્મોનુંજ યથાવિધિપાલન કરવું એમાજ તારી ખાનદાની છે"

"જે મનુષ્ય પોતે અધર્માચરણ કર્યા છતા અન્ય વ્યક્તિઓ સાથે ધર્માચરણની આકાંક્ષા રાખે છે એજ તેના પાપી જીવનની નિશાની છે તારી સાથે વિશેષ વાર્તાલાપ પણ હું મ્હાતો નથી કારણ કે મારા પવિત્ર શબ્દો સાંભળવાનો તને જરાપણ અધિકાર નથી" રંગનાથે તેટલાજ બળપૂર્વક ઉત્તર આપ્યો

"ઠીક, ત્યારે હવે ભોગવ તારા દુષ્કર્મના ફળ!" કહી મોરોપંતે પોતાની સમશેર ખેંચી કાઢી ક્ષણવાર વધારે થઇ હોત તો રાજ્યભક્ત રંગનાથ આ અનુતાપી વિશ્વનો પરિત્યાગ કરી તે સચરાચર સરજનહાર

ભવભયહારકની ગોદમા વિશ્રામ લેવાને ચાલ્યો જાત પણ એટલામા મોરો-પતના એક વૃદ્ધ ચૈનીકે ઉઠીને હાથ જોડીને મોરોપતને વિનતી કરી જણાવ્યુ, "મહારાજ ! ક્ષમા કરો, આપના મુકુટચુડામણી રગનાથનો વિના કારણ વધ કરવો એ રાજ્યધર્મથી ઉલટુ છે આપણુ વૈર રામરાજા પ્રત્યે છે છતા નિષ્પ્રયોજન બધુત્વના પરમ પાતકથી ભ્રષ્ટ થઇ કિરતારની અવકૃપા વહોરી લેવી ઇષ્ટ નથી રગનાથ ગમે એવો પણ આપનો ભાના છે. સિહગઢનો અને અમારો સર્વશ્રેષ્ઠ ભાગ્ય વિધાતા અને અસખ્ય અનાથ માનવીઓનો જીવન દાતા છે તેમનો વધ કરવાથી નિષ્કારણ આપણા સૈન્યમા કલેશ જન્મ પામશે અને આપની મહદેચ્છાઓ વિફળ નિવડશે, વળી ક્ષાત્રધર્મનો વિચાર કરતા પણ રગનાથનો વધ કરવો દુષ્કર્મજ છે તેમા ન પડવા મારી આપ નામવરને સ્પષ્ટ પ્રાર્થના છે"

"પણ દુશ્મનોનો વિનાશ કરવો એ તો આર્યધર્મનુ આવશ્યકદાયક અગ છે" મોરોપતે પોતાની દલિલ પ્રવિષ્ટ કરી

"હાજી, પણ રગનાથ શત્રુ નથી કિવા આપણો મુકુટમણિ રાજેન્દ્ર છે અને યુદ્ધ પછી વિદ્યાપુરનુ છત્ર તેમને શિરેજ રાખવુ એ આપણો દૃઢ નિશ્ચય છે એ ધર્મવૃત્તિમા જેની આશક્તિ છે તેનાજ પક્ષમા સદા સર્વદા વિજય છે" તે વૃદ્ધે પોતાનુ સમર્થન કર્યું

" તો હાલમા યુદ્ધના અત પર્યન્ત રગનાથને બદીવાસ આપો પછી તેનો યોગ્ય તે સર્વ નિશ્ચય થશે," મોરોપને કહ્યુ

"એજ આપનો નિર્ણય બરાબર છે ઉદારતા તો ક્ષત્રીઓનો પરમ ધર્મ છે," વૃદ્ધ પુરૂષે પુન. પોતાનો હર્ષ વ્યક્ત કરતા ઉત્તર આપ્યો.

"એજ મોરોપત મહારાજને છાજતુ સર્વથા શ્રેષ્ઠકર્મ છે" એક બીજા સેનાનીએ પોતાનુ ડહાપણ દર્શાવ્યુ

રંગનાથને બદિવાન કરી સાથે રાખવામા આવ્યો એટલામા અફ્ઝલખાન પણ આવી પહોચ્યો અને મોરોપતે વિજાપુરને માર્ગે પ્રસ્થાન કર્યુ

પ્રકરણ ૨૨ મું.

વિજાપુરમાં યુદ્ધવિચાર.

"ખાદિમે ઇસ્લામ! ખુદાતાલાના પાક નામથી આજે આપણે કાર્ણાગના રાજ્યનો વિનાશ કરી આપણા પાક મઝહબનો પ્રચાર કરવાનો છે અને તલવારથી બધી આલમને આપણે વશ કરી લેવાની છે, તે ટેજ હવે વિદ્યાપુર સાથે યુદ્ધ આરંભાશે તે સમયે આપણી વચ્ચે માહોમાહે વિખવાદ ન પ્રવર્તાય તે માટે ગમે તે એક સુલતાનને આપણે આપણો સરનશીન બનાવવો જોઇએ" વિજાપુરના બાદશાહે પોતાના યુદ્ધવિચાર માટે બોલાવેલા દરબારમા ઉપરોક્ત વચનોનો ઉચ્ચાર કર્યો,

"આ ણી વિજયપ્રાપ્તિમા કશો પણ પ્રત્યવાય ન ઉપસ્થિત થાય તેટલા માટે તમારી ઇચ્છાને હુ પૂર્ણત અનુમત થાઉં છુ આપણા ગૃહકલહોથી આપણને કેવી ભયકર હાનીઓ વેઠવી પડે છે તે સ્પષ્ટ છે વસ્તુત પુન એજ માર્ગનુ અવલબન કરવાનો રતિમાત્ર પણ ઉદ્દેશ કોઇનો હોઇ શકે નહિ અમારા રાજ્યો વિજાપુરની સલ્તનતમથીજ વિસ્તરેલા છે, એટલે તમેજ અમારા અધિનાયક છો" અહમદ નગરના સુલ્તાને અત્યત વિનિતભાવથી ઉત્તર આપ્યો

"નામદાર! મનુષ્યમાત્ર ભ્રાન્તિને પાત્ર છે તે સુત્રાનુસાર આજ પર્યન્ત જો કે આપણી શક્તી ભલે આપણા અતકલહથી કુઠીત થઇ ગઈ હોય પણ હવે આપણા સુભાગ્યે સઘળા મુસલમીન રાજ્યો યુદ્ધાર્થે એકત્રિત થયા છે એજ આપણુ મહાભાગ્યનુ સનૂચિન્હ છે વિજાપુરના રાજ્યેજ દક્ષિણની ભૂમિમા પેગબર સાહેબની વિજયપતાકાનુ આરોપણ કર્યું છે

અને અમારી સકલ વિદ્યમાન જાહોજલાલી પણ આપના પૂર્વજોનેજ આભારી છે, એટલે આપ સિવાય અન્ય એક પણ વ્યક્તિ એવી દૃષ્ટિ ગોચર થતી નથી કે જે સઘળા રાજાઓનુ નેતૃત્વ સાચવી યુદ્ધની યશસ્વી કીર્તિનો સહભાગી થાય" બેદનુરના સુલ્તાને ઉપરોક્ત કથનને પુષ્ટિ આપતા પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો

"અસ્તુ, ત્યારે મને જે મહાન ભય રહેતો હતો તે સર્વથા પ્રારમ-માજ નિર્મૂળ થયો છે તે માટે હુ તે પાક ખુદાતાલાનો સતત આભારી છુ અનેક વખતે સેનાધિપને નિયત કરતા નાહક વિતંડાવાદ જન્મ પામે છે અને સૈનીકોના હૃદય પરસ્પર કલુષિત થાય છે તમારી સુજ્ઞતાથી એ પ્રશ્નના વિચારને હવે અવકાશજ રહ્યો નથી હવે યુદ્ધાર્થે પ્રયાણ ક્યારે કરવુ તે હુ સંધ્યાકાળે જણાવીશ અને "

"નામદાર ! એક પ્રવાસી આપની આજ્ઞાની પ્રતિક્ષા કરતો દ્વારે ખોટી થાય છે તે આપને મળવા માગે છે" દ્વારપાળે બાદશાહની વાક સરિતાનો અવરોધ કરીને જણાવ્યુ ક્ષણાર્ધમા બાદશાહની આજ્ઞા થતા તે પ્રવાસી દરબારમા આવી બાદશાહને પ્રણામ કરીને ઉભો રહ્યો તેના પ્રત્યુત્તરમા બાદશાહે જણાવ્યુ કે, 'તમો ક્યાથી આવો છો ? અને કોણ છો ? તથા શા માટે આવ્યા છો તે જણાવશો ?"

"જહાપનાહ !" બાદશાહના પ્રશ્નના ઉત્તરમા તે આગતુક વ્યક્તિએ જણાવ્યુ, "જે ભૂમિએ આજ પર્યન્ત અનેક નરરત્નોને જન્મ આપ્યો છે અને જેની કીર્તિથી સૃષ્ટિના દશે દિગ્પાલ ડોલી ઉઠે છે તે ભૂમિમાથી હુ અત્રે આવુ છુ. મારી જન્મદાત્રી જનની તે પરમધર્મ ધારીણી વિદ્યાપુરની ભૂમિ છે અને હુ એનો સતાન છુ. તથા રામરાજાનો સેવક

છૂ અમે ક્ષત્રીયો શત્રુઓને પણ અમારા બંધુતુલ્ય માનીએ છીએ અને તે સઘળાનુ કલ્યાણ થાય એવો માર્ગ ગૃહણ કરવો એને અમારો ધર્મ પ્રમાણીએ છીએ આજ પર્યન્ત વિદ્યાપુર અને વિજાપુરમા જે પરમ-મત્રીભાવ હતો તેનો આ યુદ્ધથી સદાને માટે નાશ થશે અને આ રાજ્યો સર્વકાલ માટે પરસ્પર ક્લેષમા પ્રવર્તાશે એ અનર્થ ટાળવાનુ આપ નામદારને હસ્તગત છે માટે તમને સલાહ છે કે આપણે આ યુદ્ધ વ્યવસાયને તજી દેવામાજ આપણુ સવનુ હિત છે"

"તમારા કથન પરથી સ્પષ્ટ થાય છે કે તમે રામરાજાના દૂત છો, તમારી આ વાણી સાભળી તમારામા કેટલી નિર્બળતા વિદ્યમાન છે તે પ્રત્યક્ષ થાય છે, જેનામા ભિરૂતાનો વાસ છે તેનેજ રણુસગ્રામનો ત્રાસ છે અને તેનો અતે યુદ્ધમા વિનાશ છે મુસલમાનોનો ધર્મ હિદુરાજ્યોનો નાશ કરવો એજ સ્પષ્ટ છે તમે તેને જાણો છો છતા પણ આ વો ... ય ચ ... નુ શુ પ્રયોજન છે યુદ્ધ વ્યવસાયને બધ રાખવાનો એકજ માર્ગ માત્ર અવશેષ છે અને તેમ થાય તોજ તમારૂ રાજ્ય ચીર્જાયુ ભોગવી શકે એ પણ નિર્વિવાદ છે સદ્દગત બાદશાહ આદીલશાહે વિદ્યાપુરની સ્વતત્રતા નામે કરી છે જો રામરાજા એજ પ્રમાણે અમારે શરણે આવે તો તેને આશ્રય આપવો એ અમે સર્વથા ઉચિત ધારીએ છીએ તે સિવાય અન્ય કોઈ પણ પ્રકારે તમારી મનોભિલીત થાય એમ નથીજ" બાદશાહે શાત અને ગભિર મુદ્રાથી નિશ્ચય દર્શક પ્રત્યુત્તર આપ્યો.

"જહાપનાહ! આપ સુજ્ઞ છો છતા પણ આર્યલોકોના રીતરીવાજોથી અજ્ઞાત હો તે અશક્ય નથી યુદ્ધથી વિનાકારણુ લક્ષાવધી મનુષ્યોનો વિનાશ થાય છે અનેક વ્યક્તિઓ દિન અને હિન અવસ્થામા પીડાય

છે અને અવશેષ સૈન્ય સમુદાય મદમસ્ત થઇ અસત્ય કાર્ય આદરવામા પ્રવર્તાય છે તે વિપત્તિ ટાળવા પ્રથમ શત્રુને પણ સદ્‌માર્ગનો બોધ કરવો એ ધર્મપ્રાણ આર્ય પ્રણાલીકાનો પ્રધાન ઉદ્દેશ અને ઉપદેશ છે તદ્-નુસાર હુ આપની સેવામા ઉપસ્થિત થયો છુ વિદ્યાપુરના વિજયી વિરો પોતાના બાહુબળમા મસ્તાન છે અને તેઓના હૃદયમા સ્વદેશ સ્વાતન્ત્ર્યનુ દૃઢ અભિમાન છે તેને આપ ભિરૂતા કહો છો એ માત્ર આપનુ પ્રકટ અજ્ઞાન છે" તે યુવકે બાદશાહને તેવોજ કટાક્ષમય ઉત્તર આપ્યો.

"નિર્લજ સરદાર ! તુ આ શબ્દો કોની સન્મુખ ભાખે છે તેનુ કઈ તને જ્ઞાન છે ? તારો નિધનકાળ તારા આ વર્તનથી પાસે આવતો હોય એમ જણાય છે અને તારા ભાવીની તુ ઉચ્ચારે છે તે ઉગ્રશબ્દોથી મને બરાબર પ્રતિતિ થાય છે તારા વર્તનથી તું મારો અપરાધી ઠરે છે પણ બાદશાહ દયા રાખી તને ક્ષમા કરે છે"

"નામદાર ! એ પણ સર્વથા અધર્મજ છે હુ માત્ર રામરાજાનો અનુચર છૂ અને તેની આજ્ઞાને અનુસરવુ એજ મારૂ કર્તવ્યકર્મ છે મારા શબ્દોની કટુતાની શિક્ષા પણ તેજ રામરાજાને ઘટે છે છતા પણ આપ જ્યારે તેનો શિક્ષાર્થી મને ઠરાવો છો ત્યારે આપના રાજ્યમા ન્યાય કેટલા પ્રમાણમા પ્રવર્તે છે તે સાહજીક જણાઈ આવે છે આવીજ વિદગ્ધવૃત્તિથી ક્લેશ કરવો એને હુ અધર્મ માનુ છુ અને તેથીજ તેવા યુદ્ધને અટકાવવા એને મારો ધર્મ સમજુ છુ

"વિર યુવક ! તમારી આવી મન્જુલ વાણીથી હું ખરેખર તમને ધન્યવાદ આપુ છુ તમારી અને મારી વચ્ચે ધર્મભિન્નતાનો મહાન સાગર નિસ્તરેલો છે અને આપણા ઉભયના હૃદયમા તેથીજ અન્યો અન્ય પ્રતિ દ્વેશ ભરેલો છે. તમારી આવી વીરતા અને સૌજન્યતાનાં ફળો તમે

હિંદુજાતીમા જન્મ્યા છો એ તમારા દુર્ભાગ્યની પરમ નિશાની છે અને એવા ધર્મનો પરિત્યાગ નથી કરતા એ તમારી નાદાની છે. આવી અનુપમ શુરવીરતા અને ધૈર્ય ધારકતા હિંદુઓને શોભાસ્પદ નથી આર્યો ભિરૂ, આત્મતેજ વિહિન, નિર્બળ અને દિન છે તેમનામા વિરતાનો જરાપણ સચય નથી અને હિંદુ ધર્મ પણ તેવોજ અસત્ય ઘટનાત્મક છે તમે જો તમારા ધર્મનો પરિત્યાગ કરી અમારા ધર્મનો સ્વિકાર કરશો તો તમારૂ ભાવી સુધરી જશે અને તમારી આવી દુર્દશા પણ સત્વર નષ્ટ થશે રામરાજાના દરબારમા એક દૂત તરીકેજ જીવન ગાળવુ તેના કરતા વિજાપુરના બાદશાહના દરબારમા સર્વ શ્રેષ્ઠ સરદાર તરીકે જીવન વ્યતીત કરવુ એ અધીક આદરણીય છે" બાદશાહે પોતાના વાકચાતુર્યથી તે યુવકને વશકરી લેવાના ઉદ્દેશથી કહ્યુ

"બાદશાહ,' તે યુવકે કૃત્રિમ હાસ્ય કરતા જણાવ્યુ, 'તમે શુ મને એવો સ્વાર્થી, નીચ અને નિમકહરામી ધારો છો કે હુ પરમ પ્રભાવશાલી સિંધાપુરની ભુમિના ત્યાગ કરી તમારા સુખ શોકનો ભાગી થાઉ? આજ પર્યન્ત જે જનની એ મારૂ રક્ષણ કર્યુ, જે પરમ ધર્મથી મારામા આવી વિમળતાના નિવાસ થયા, તેનો હુ વિનાશ કરૂ તો મારા જેવો અધમ અને નીચ પ્રાણી અન્ય કોણ કહેવાય? વિરતા એ તો હિંદુઓનુ પરમ ભુષણજ છે જે પુરૂષો એનો નાશ કરે છે, તેઓ હિંદુ નામનો પણ લોપ કરે છે અસખ્ય ધીર અને વીર પુરૂષો આર્યાવર્તના પુનીત ભૂમિમા જન્મ્યા છે, હજી તેવા નરકેસરીઓ વિદ્યમાન છે અને ભવિષ્યમા પણ એવાજ પુરૂષો ભારતની પવિત્ર ભૂમિમાથી પાકશેજ હુ ભારતીનો સાચો સતાન છુ તે તમારા આવા વાગ્જાળથી કદી પણ વશ થવાનો નથી એ નિશ્ચિતપણે માનજો"

"જો તમે સાચા ક્ષાત્રધર્મને અનુસરવા ઇચ્છતા હો તો યુદ્ધ કરવું એજ સાચો ક્ષાત્રધર્મ છે તેમા પ્રત્યવાય ઉપસ્થિત કરનારા પ્રત્યેક કર્મો તમારે માટે ત્યાજ્ય છે જો તમારામા સાચી વિરતાનો નિવાસ છે તો તમને યુદ્ધનો અટકાવ કરવાનો શા માટે અભિલાષ છે ? તમારા જેવા વિર પુરૂષનો વધ કરતા અમારા અતરમા દયા અને અનુકપાનો સચાર થાય છે અને તેથીજ તમને મુસલમાન બનાવવા મારૂ મન પ્રેરાય છે"

"બાદશાહ ! મોત એ ક્ષત્રીયોનુ શ્રેષ્ટ કર્મ છે અને આર્યવિરોનો એજ અનુપમ ધર્મ છે તેથી મૃત્યુથી મારા મનમા ભયનો લેશ માત્ર પણુ સચાર થતો નથી મરણુનો મારે શોક નથી કે જીવન પર હુ મોહનોનથી મારૂ ધ્યેય તો મારા દેશનુ પરમ ગૌરવ અખડીત ટકી રહે એજ છે અને તેની સિદ્ધિને માટે વેઠવા પડતા કષ્ટો, મારૂ જીવન પણુ તેજ છે" યુવકે ઉત્તર આપ્યો

"પ્રિય પાઠકગણુ ! અત્રે શકા થશે કે આ વિર યુવક તે કોણુ હતો ઉક્ત યુવક તે રામરાજાનો ગુપ્ત દૂત હતો અને મોરોપત તથા અફ્ઝલખાન જ્યારથી બાદશાહને શરણે આવ્યા છે એવી રામરાજાને માહીતી થઇ કે તેજ પળેથી તે તેમની ગુપ્ત ધારના જાણુવાના અભિલાષથી બાદશાહના દરબારમા આવ્યો હતો અને કોઇપણુ પ્રકારે બાદશાહના સેવક તરીકે તેના દરબારમાજ રહેવાથી તેની ઉત્કટ મનોભાવના હતી થોડીક ક્ષણો ગયા કેડે તેણે પુન બાદશાહને ઉદ્દેશીને કહ્યુ, "નામદાર ! આપની ઇચ્છા મને તમારો અને મુસલમાન ધર્મનો સેવક બનાવવાની છે પરતુ હુ એકવાર વિદ્યાપુરનો પ્રતિકાર કરૂ તો પુન જીવન પર્યન્ત મને કદીપણુ ત્યા આશ્રય મળી શકે નહિ અને જો ભવિષ્યમાં આપ પણુ મારો ત્યાગ કરો તો મારી દશા કેવી વિષમ અને શોચનીય થાય

એ નિર્વિવાદ છે તો પછી શુ આપ સર્વ કાલ માટે મને આશ્રય આપવાને પ્રતિજ્ઞા પૂર્વક બન્ધાઓ છો? અને ત્યા હુ જે કાર્ય બજાવતો હતો તેજ કાર્ય અત્રે પણ સોપવાની આપ ખાત્રી આપો છો? જો આપ તે પ્રમાણે વચન આપવાનુ સાહસ ઉચિત ગણતા હોતો હુ આ પળેથીજ આપની સેવા સ્વિકારવા તૈયાર છુ, અને મારો વિદ્યાપુર સાથેનો સઘળો સબધ તજવા પ્રતિજ્ઞાથી વચન આપુ છુ ”

" વિરસરદાર ! તમારા જેવા એક શ્રેષ્ટ સરદારને આશ્રય આપવો એ મારા પરમ ભાગ્ય છે એમ હુ માનુ છુ અને જન્મ પર્યન્ત તમને મારા દરબારમા રાખવાનુ વચન પણ આપુ છુ પરતુ હવે તમે મને જણાવશો કે તમારુ નામાભિધાન શુ છે ? અને તમે રામરાજાના દરબારમા શુ કાર્ય કરતા હતા ? તે બતાવશો તો અત્રે પણ હુ તમને તેજકાર્ય સોપીશ અને તેથી તમારો પણ જીવન વ્યવસાય નિયમિત પણે ચાલ્યો જશે ”

"જગત આ દેહને ગોવિદના અભિધાનથી સબોધે છે અને રામરાજાના અગરક્ષકનુ કામ બજાવવુ એજ મારો ધર્મ છે' તેણે અલ્પ ઉત્તર આપતા કહ્યું

" ઠીક છે તો તમને તમારી ઇચ્છા પૂર્વક અત્રે પણ એજ કાર્ય સોપવામા આવે છે, પણ સ્મરણમા રાખજો કે હવે તમે વિદ્યાપુરના સેવક નથી પણ વિજાપુરના રાજસ્તમ્ભ થયા છો સ્વામીનુ હીત કરવુ એજ સેવકનુ પ્રધાન કાર્ય છે એ લક્ષમા રાખશો અને તમારી એકનિષ્ઠા અને કિર્તી એવીજ નિષ્કલકીની રહે તે માટે સાવધાન રહેજો જાઓ, નિર્ભયપણે રહો અને આનદ કરો. અમીર અલ્લી ! આ નવા સરદારની

ઇચ્છા પ્રમાણે એમનો સર્વ બંદોબસ્ત કરજો આ સઘળી વાતચીતથી મારૂં મસ્તિક શ્રમિત થયું છે તેથી હાલનો હું દરબાર બરખાસ્ત કરૂં છું " અતિમશબ્દ બોલી બાદશાહ ત્વરીતજ દરબાર ગૃહનો ત્યાગ કરી ગયો અને તેજ ક્ષણે સઘળો દરબાર પણ વિસર્જન થયો અલ્લી આદીલ-શાહે વિશ્રાતી માટે પોતાના બંગલાના એક સુંદર ઓરડામાં વિશ્રામ લીધો થોડી ક્ષણો ગઇ કે એક દ્વારપાળે આવીને હસ્તદ્વય કરીને કહ્યું, " જહાંપનાહ ! આપ નામદારનો ભૂતકાલીન સેવક અફઝલખાન આપને મળવા માગે છે અને અતિ અગત્યનું કાર્ય હોવાથી હાલને હાલ આપ તેને મળો તે માટે પ્રાર્થના કરે છે "

'અફઝલખાન' નામ સાંભળતાજ બાદશાહ વિચારસાગરમાં લિન થઈ ગયો ધર્મઘાતક અફઝલખાન અત્યારે શા માટે આવતો હશે ? શું કોઈ શુદ્ર પ્રપંચથી તે આવતો હશે કે પોતાના દુષ્કૃત્યોની ક્ષમા ભિક્ષા યાચવા આવતો હશે ? આમ તેના હૃદયમાં અનેક વિચારો ઉદ્દભવ્યા અને આથમ્યા જગનાર રહીને પતિહારને પ્રશ્ન કર્યો "એકલોજ છે કે સાથે બીજા સૈનીકો છે અને એકલો હોયતો શસ્ત્ર સજીને આવે છે કે કેમ તેની સંપૂર્ણ તપાસ કરો, અને એકલો હોય તો સર્વ હથિયારો લઈ લીધા પછી તેને અંદર આવવાની આજ્ઞા આપો, તથા વજીર મહમદને કહો કે અત્યારે તેઓ એકસો સૈનીકો જોડે મહાલયના દ્વાર આગળ હાજર થાય " દ્વારપાળ શિર નમાવી ચાલ્યો ગયો કે અફઝલ-ખાન ત્યાં દાખલ થયો તેના મુખપર શરમ અને ગ્લાનીનો સ્પષ્ટ પાદુર્ભાવ જણાતો હતો, "મનુષ્યનું એકવાર ઉન્નત સ્થાનેથી પતન થાય છે કે પછી તેનો ઉત્તરોત્તર અધીકને અધીક નિપાત થતો જાય છે એ નિયમ ખરેખર મારા સબંધમાં મૂર્તિમત થયો દેખાય છે. જે

પ્રસંગોમાં મેં વિજાપુરનો ત્યાગ કર્યો તે પળથી મારો અવનતી કાળ આરંભાયો, હજીપણુ તેનો અંત આવે એવું લાગતું નથી, અને વિજાપુરની સેવા સ્વિકાર્યા પછી તો ખરેખર મારા પાપી જીવનની પરાકાષ્ટા થશે એમાં શું સંદેહ છે ?" આ પ્રકારે અનેક તર્ક વિતર્ક રચતો અફ્ઝલખાન બાદશાહના ઓરડામાં દાખલ થયો અન્યોન્ય દૃષ્ટિ મળતાજ અફ્ઝલખાને સલામ કરીને વિનિત ભાવથી પ્રાર્થના કરતા કહ્યું,

"નામદાર ! હું આપનો ભુતકાલીન વફાદાર સેવક અફ્ઝલખાન આજે ઘણા વખત પછી આપના ચરણમાં શિર નમાવવાનું સદભાગ્ય પ્રાપ્ત કરે છે જગતની આંખે ધર્મ દ્રોહી ઠરેલો છતા મુસલમાની સત્તાને ગગનગામી બનાવવા ઇચ્છનાર મારૂ હૃદય હજી આપનાજ પ્રતાપને સ્મરે છે, અને આપ જોશો કે હવે થોડાજ સમયમાં વિદ્યાપુર ઉપર પણ તમારીજ પ્રભા વિસ્તરે છે."

"અફ્ઝલખાન ! તમારો સત્કાર કરવાને અમારી પાસે લોહ શૃંખલા અને કારાગૃહ તૈયાર છે તેનો અનુભવ અલ્પ સમયમાજ તમને કરાવવામાં આવશે, પરંતુ વિજાપુરના અન્નથી પોષાઈને તેનો દ્રોહ કર્યા પછી આજે પુનઃ મારે શરણે આવવાનું અને મારો આશ્રય સ્વિકારવાનું તમને શું પ્રયોજન છે તે જણાવશો ? તમારા સ્થાને અન્ય વ્યક્તિને મે અધિકૃત કર્યા છે એટલે હવે તમારી અમને કશીપણ આવશ્યકતા ન હોય એ સ્પષ્ટ છે" બાદશાહે અફ્ઝલખાનને પ્રશ્ન કર્યો.

"નામદાર ! જગતને માત્ર અવલોકવાને બે નેત્ર છે જ્યારે રાજ કર્મચારી કાપટ્યકળાકુશળ યોદ્ધાઓને ચાર નયનો હોય છે હૃદય ચક્ષુનો ન્યાય ચર્મનયનોથી સર્વથા ભિન્ન હોય છે. જગતે મને ધર્મ

વિનાશક અને પરધર્મપોષક તરીકે જાણ્યો હશે પરતુ વિજાપુરના કુશળ રાજકર્મચારીઓની પણ એજ માન્યતા હોય તો તે તેમના અલ્પજ્ઞાનનું પ્રત્યક્ષ પ્રમાણ છે કિંતુ તેમની પરીક્ષણ શકિતનો લોપ થયો હોય એવુજ સ્પષ્ટ થાય છે સ્વધર્મ રક્ષા અને તેનો પ્રચાર એજ જેનુ ઇષ્ટ છે તેને જગત પોતાને કાજે શા ઉદ્‌ગાર વ્યકત કરે છે તેની સાથે સબધ નથી" અફઝલખાને આત્મપ્રસશામય માર્મિક ઉત્તર આપ્યો

"અફઝલખાન તમારી આવી દમ્ભવાણીથી તમારો મનોભાવ સ્પષ્ટ થવો અશક્ય છે તમા। હૃદયમા અત્યારે કોઇ પ્રકારનો ઉન્માદ પ્રવર્તેલો હોય એમ સમજાય છે અને તેથીજ તમારા વચનો પણ અવમાનીત થાય છે જો તમે ઇસ્લામી ધર્મનો દ્રોહ નથીકર્યો તો અદ્યાપી પર્યન્ત રામરાજાના દરબારમા રહી તેના દુશ્મનો સાથે યુદ્ધ કરવાનુ શુ પ્રયોજન હતુ વાઉ ? અને અન્યાન્ય મુસલમાન રાજ્યોને પરાસ્ત કરી વિજેતાની કીર્તિનો યશ ભાગી રામરાજાને બનાવવાનુ શુ કારણ હતુ ? આ તમારા કૃત્યોજ તમારૂ હૃદય વાચવાને સમર્થ છે પછી તમને મુસલમાન ધર્મના સરક્ષક ગણવામા શુ અર્થ છે અને તેથીજ તમારી યાચના પણ હવે તો વ્યર્થ છે" બાદશાહે પોતાની દ્રષ્ટિથી અફઝલખાનના જીવનની આલોચના કરી

"નામવર ! આપનુ અનુમાન સાધારણત સુન્દર દેખાય છે પણ શુદ્ધ ધ્યેય સત્વર પ્રાપ્ત થવા અયોગ્ય સાહિત્યનો પણ પ્રયોગ કરવો એ રાજ પુરૂષોનુ પ્રધાન કર્તવ્યકર્મ ગણાય છે જે પુરૂષો એ કુટિલનીતિને અનુસરે છે તેજ અંતે વિજયને પ્રાપ્ત કરે છે. એ સિદ્ધાન્તાનુસાર

અધાપી પર્યન્ત મે મારૂ જીવન ગાળ્યુ છે અને રામરાજાનો પ્રેમ એટલો બધો પ્રાપ્ત કર્યો છે કે મારા ઉપર તેની અવર્ણનીય કૃપા થઇ છે તે મારીજ ઇચ્છા પ્રમાણે વર્તે છે અને વિદ્યાપુરમા સર્વ સ્થળે ગુપ્ત રીતે મારીજ સત્તા પ્રવર્તે છે જો આજ પર્યન્ત મે રામરાજાના પક્ષમા રહી વિદ્યાપુરનો અભ્યુદય થાય એવા કૃત્યો ન કર્યા હોત તો તેનો આટલો પ્રેમ મેળવવા નિષ્ફળ નિવડત અને આજ થોડાજ સમયમા મસ્ત થનારા જે રમ્ય દૃશ્યો હુ નિહાળુ 'છુ તે કદીપણ દેખવાનો અવ સર ઉપસ્થિત ન થાત આવો ભાવી લાભ પ્રાપ્ત કરવાજ મે આજ પર્યન્ત નિંદ્ય અને દ્રોહી કર્મો કર્યા છે બાકી મારા અતરમા તો વિજાપુરનો અને મુસલમાનોનો ઉદયકાળ સત્વર કેમ થાય તેજ સદા સર્વદા રમી રહેતુ છે"

"તો શુ તમે આજ પર્યન્ત માત્ર દાંભિકતાથીજ રામરાજાનો પક્ષ સ્વિકાર્યો છે, અને હવે તમે મારો આશ્રય માગો છો ? પણ તમારા શબ્દોપર હવે વિશ્વાસ રાખી શકાતો નથી એટલે તમને અત્રે આશ્રય આપવા હુ જરાપણુ ચ્હાતો નથી તમને આશ્રય આપ્યાથી માત્ર એક પ્રકારનો નવીન ભય ઉપસ્થિત થવા સભવ છે તો એવી વિપત્તિ સ્વહસ્તેજ વહોરી લેવા વિજાપુર કેવળ અશક્ત છે"

"પરતુ વિજાપુર મુસલમાન ધર્મના સેવકોમા અનુરક્ત છે અને આ અફઝલખાન પણુ તેજ ધર્મનો દૃઢ ભક્ત છે તથા પયગબરના પવિત્ર ફરમાનો પર આશક્ત છે તો પછી મારો સ્વિકાર કરવામા બાદશાહને શો ભય છે ? મારા ઉમદા કૃત્યોના બદલામા રામરાજાએ મને એક લાખ સૈનીકોનુ આધીપત્ય આપ્યુ છે. જો આપની આજ્ઞા હોય તો એજ

સૈન્યથી રામરાજાનુ નિકંદન વાળવા હુ સમર્થ છુ માત્ર મને તમારી આજ્ઞાની આવશ્યકતા છે

"અફ્ઝલખાન ! તમારૂ કથન જો કે બહુ રમ્ય છે પણ તેનો કૃત્યમા પ્રયોગ કરવો એ બહુ ભયકર છ, કારણ કે તમારો વિશ્વાસ કરતા મારા સઘળા ફરમારીઓ મારો વિરોધ કરશે વળી તમે જે પ્રમાણે વિજાપુરના અભ્યુદય માટે વિદ્યાપુર સાથે પ્રપચ નાટકમા પ્રવૃત્ત થયા જણાવો છો તે પ્રમાણે વિદ્યાપુરની વિજય પ્રાપ્તિ માટે આ પ્રપચ રચના નથી એ પણ કેમ માની શકાય ? તમે સ્પષ્ટ રીતે રામરાજાને શરણે ગયા છો અને વિજાપુરના દ્રોહી થયા છો, એ જગત જાણે છે એટલે તમને આશ્રય આપતા વળી મુસલમાની રાજ્યોમા અતકલહ ઉત્પન્ન થશે, કારણ કે સઘળા સરદારોને તમારાપર અકથની દ્વેષ છે આવા સયોગોમા જો તમે વિજાપુરના અને મુસલમાન ધર્મના સત્ય સતાન હોતો વિદ્યાપુર સાથેના યુદ્ધની પરિસમાપ્તી થાય ત્યા સુધી અમારા બદીખાનામાજ રહો જો તેમ કરશો તો યુદ્ધ પૂર્ણ થયા પછી પુન હું તમને તમારા અધિકાર પદ પર નિયત્રીત કરીશ

"નામદાર ! મારો મુખ્ય ઉદ્દેશ અને ઉપદેશ વિજાપુરની સેવા કરવાનોજ છે તેને માટે જે સકટો પડે તે ભોગવવા હુ તૈયાર છુ, અને તેજ પ્રમાણે કારાગૃહવાસને પણ સહૃદય આવકાર આપવા હુ તત્પરજ રહીશ, પરતુ એથી આપને કોઇપણ પ્રકારનો લાભ થશે નહિ હુ જો યુદ્ધ વ્યવસાયમા પ્રવર્તેલો રહીશ તો મારી તલવારના પ્રહારથી રામરાજાના શતાવધી સૈનીકોને ક્ષણવારમા શૈયાશાયી કરી દઇશ અને વિજાપુરની વિજય પતાકાને સત્વર ગગન વિહારી બનાવી દઇશ, તેથી કર્તવ્ય ધર્મ પાળ્યોનો મને સતોષ થશે, જાણે અજાણે આપનો દ્રોહ કરે

હોય તો તે દોષ જશે અને મારા પરનો મુસલમાન બધુઓનો પણ રોષ જશે, પછી તો આપની આજ્ઞાને અનુસરવા હુ તૈયારજ છુ "

"જો તમારો આટલો બધો મારા પ્રત્યે પ્રેમ છે તો જાઓ પુન તમને એકવાર આશ્રય આપુ છુ અને તમ રો નાશ કરવાની લીધેલી પ્રતિજ્ઞાને ઉથાપુ છુ પરતુ તમે મારા પૂર્ણ નિષ્ઠાવાન ભક્ત છો એને માટે કાઇપણ સબળ સા મીતીની મને અનિવાર્ય આવશ્યકતા છે"

"નામદાર ! હુ તે પણ આપવા તૈયાર છુ હુ એકલોજ આપની સેનામા આવ્યો નથી પણ મોરોપત નામક એક અન્ય સરદારને પણ આપને શરણે લેતો આવ્યો છુ જો આપની ઇચ્છા હશે તો તેને પણ આપની સન્મુખ હાજર કરીશ મોરોપત સિહગઢના રાજાનો ભાયાત છે અને અડગ, ટેકી અને શુરવીર યોધ્ધો છે એ પ્રસિદ્ધ વાત છે " અફ્ઝલખાને પોતાનો સ્વાર્થ સાધવા કેવળ મન કલ્પિતકથા ઉપસ્થિત કરી

"જો તમે મોરોપતના આટલા વખાણ કરો છો ત્યારે તેને પોતાના ધર્મકર્માનુયાયી રામરાજાનો આશ્રય છોડી અત્રે આવવાનુ શુ પ્રયોજન છે ? જે મનુષ્ય ખરો ટેકી હોય તે કદી પણ આવુ ધર્મવિઘાતક વર્તન કરે એ અસભવનીયજ છે અને જે મનુષ્ય ધર્મદ્રોહ કરે છે અને પરાયા ધર્મને આચરે છે તેનો વિશ્વાસ કરવો એ તો મૂર્ખતાની પરિસીમા છે રામરાજા અતિ કપટી અને કાર્ય દક્ષ છે તે કદાપી પણ પોતાના માડ-લીકોને આવુ વિદ્રશક કાર્ય કરવા દે એ અયુક્ત છે મોરોપત આપણો આશ્રીત થાય અને યુદ્ધ પ્રસગે કપટ કળાથી આપણો વિનાશ કરવા પ્રવૃત્ત બને તો તે પણ શક્ય છે અને રામચદ્રદેવ તેવો કપટ કળાનો ધુરધર આચાર્ય છે."

"આપ કહો છો તેવો પ્રપચ રચાવાનો પૂર્ણત: સભવ છે. પણ આમા તેવુ કશુજ નથી. આ પ્રસગમા ઘટના એવી છે કે રામરાજાને મોરોપત સાથે કલેશ થયો છે અને તેમાથી મોરોપત રામરાજાનો દ્રોહી બન્યો છે તેથીજ તે આપનુ શરણ લઇ રામરાજાનો વિનાશ કરવા ઇચ્છે છે"

"અફ્ઝલખાન ! જો એવા ઉદ્દેગથીજ મોરોપંત રામરાજાનો શત્રુ બન્યો હોય તો એ શત્રુતા કેવળ અલ્પકાલિન છે, કારણ કે એ ઉદ્દેગ અને ક્રોધ સમી જતાજ તે પુન: રામરાજાને શરણે જશે એવા અર્થદગ્ધ પુરૂષોને આશ્રય આપવો એ પણ અન્યાયજ છે પણ વારૂ મોરોપતને પરિવાર શુ છે તેની માહીતી છે ?"

"પરિવારમા એને એક વીસ વર્ષની વયની કન્યા છે તે સિવાય અન્ય આત્મીયમનુષ્યોનો તો દુષ્કાળજ છે"

"તો જો મોરોપત પોતાની પુત્રીનો વિવાહ મારી સાથે કરે તો આપણે તેનો સત્કાર કરી આશ્રય આપીએ."

પ્રત્યુત્તરમાં અફ્ઝલખાન જરા કઠોર રીતે હસ્યો અને કહ્યુ "બાદશાહ ! એ આપની યાચના કોઇપણ પ્રકારે ફળીભૂત થાય એમ નથી મોરોપત હિદુધર્મનો દઢ અનુયાયી છે અને મરતા પણ તેમાજ તેની વૃત્તિ સ્થિરસ્થાયી છે આપજો હઠાગ્રહ બુદ્ધિથી શરણે આવેલા મહાત્થાને જવા દેશો તો પુન એવો પ્રસગ હસ્તગત થવાનો નથી મોરોપત આપનો આધીન થશે તો તેની સાથે તેનો બધુ પણ આપણા પક્ષનો અનુગામી થશે અને તેનુ સઘળુ સૈન્ય આપને શરણે આવશે આવો સુયોગ જવા દેવો એ આપના જેવા રાજધર્મજ્ઞાતાને શોભા સ્પદ નથી."

"જો મોરોપંત મારી માગણીનો પ્રતિકાર કરે તો તેને આદર આપવાની અમને જરૂર નથી તમે જાઓ અને મારો આ મનોભાવ તેમને જણાવો. જો મારી ઇચ્છાનો મોરોપંત તિરસ્કાર કરશે તો તેનો નાશ કરતાં મને રજ માત્ર પણ વિલંબ થવાનો નથી મારા અસંખ્ય સૈનીકો પડેલા તો એનેજ છિન્નવિછિન્ન કરવાના કાર્યમાં પ્રવૃત્ત થશે."

"મારે તો મને હજી પણ આપણા દુર્ભાગ્યજ લાગે છે કારણકે ..."

"નહિ, અફઝલખાન!' તેની વાક સરિતાનો પ્રવાહ અટકાવી બાદશાહે ફરમાવ્યું, "હું તમારી સલાહ ઇચ્છતો નથી. તમે જઇને મોરોપંતને મારો સંદેશ કહો અને મારી માગણી કબુલ કરવો, કાંતો તેને પકડી મારી પાસે લાવો એ બેમાંથી એક કાર્ય પણ તમારે હસ્તે પાર પડશે તોજ તમને અહીં આશ્રય મળશે નહિ તો તમારી પણ એજ દશા થવાની છે"

'ઠીક તો હું જઇને મોરોપંતને આ વર્તમાન આપું છું અને જો તે તેનો અસ્વિકાર કરે તો તેને તેજ ક્ષણે બંદીવાન કરી આપની પાસે લાવવાની પ્રતિજ્ઞા કરું છું" કહી અફઝલખાને બાદશાહને સલામ કરી પોતાનો માર્ગ લીધો.

મોરોપંતના દુર્ભાગ્યનો પ્રરંભ થઇ ચુક્યો હતો હવે આગળ શું પ્રકાર બને છે તે આગામી પ્રકરણોમાં જોઇશું હાલ તો પ્રભુ ભારતવર્ષના સર્વ દ્રોહીઓની એવીજ દુર્દશા કરો એ પ્રાર્થનાપૂર્વક આ પ્રકરણની અત્રેજ પરિસમાપ્તી કરીશું

ચિત્ર ૫ મુ   વિનાશીની વામા



'આર્ટિસ્ટ ઠાકોર'

"આર્ય ધર્મના ઉદ્ધારને માટે હું આ ચિતા સ્વિકારું છું આ ચિતાના તણખે તણખામાંથી એવો ભયંકર અગ્નિ ઉત્પન્ન થશે કે યવન ધર્મ અને યવન પ્રજાનો સર્વ નાશ થશે એ ઇશ્વરનો આદેશ છે"

પ્રકરણ ૨૩ મુ]

પ્રકરણ ૨૩ મું,

અરૂણાનો આત્મભોગ.

વિભાવરીનો રમણીય અવસર હતો. એક બાજુથી શીતળ સમીરની સુખદાયક લહરીઓ પ્રસરતી હતી આકાશ નિર્મળ હતું ન્હાનકડા તારાના યુથો દ્રષ્ટિગોચર થતા હતા વૃક્ષ અને લતાઓની ઘટા સર્વત્ર પ્રસરેલી હતી નિશાચરોનો ભયંકર સ્વર કર્ણગોચર થતો હતો. કેવળ શાંતિનું સામ્રાજ્ય વિશ્વપર સ્થપાએલું હતું. જગત નિદ્રાદેવીના સુખપૂર્ણ અંકમાં ઝુલતું હતું. પ્રાણી યુગલોની જીવનરૂપ યામીનીનું બળ ધીમે ધીમે વૃદ્ધિ પામતું હતું ચારેમેર અંધકારમાં છવાએલી વૃક્ષ ઘટાઓ દેખાતી હતી. તે અવલોકનારા માનવ હૃદયમાં સ્વાભાવીકપણેજ ભયનો સંચાર થતો હતો રાત્રીદેવીના ભયંકર સ્વરૂપનાં જાણે ન્યુનતા ન રહેલી હોય તેમ ને પુરવાને ઘુવડ આદી પક્ષીઓના રવ કોઈ કોઈવાર કર્ણગોચર થતા હતા. રાત્રીનો સમસમાટ પણ તેવોજ નિત્ર અને ભયાનક હતો ઘોર અંધકાર સર્વત્ર વિસ્તરેલો હતો તારાઓનો પ્રકાશ પણ વૃક્ષરાજીઓની અંદર પ્રવેશવા અસમર્થ હતો. થડી અપાર હતી તેમાં મહાગાઢનો પાર્વતીય પ્રદેશ હોવાથી ત્યાં શીતપવનનું બળ દ્વીગુણીત પ્રમાણમાં હોય તે સ્વાભાવિક હતું એવા અંધકારમાં મોરોવત એક તખ્તના પર્યંકપર ચત્તો પડી વિચારનિદ્રાનું અનુભવન કરી રહ્યો હતો "મનુષ્યના ભાગ્યનો જ્યારે જ્યારે ઉદય થવાનો હોય ત્યારે ત્યારે પાપ અને દુષ્કર્મોની સહાયતા વિના તેવો ઉત્કર્ષ થતોજ નથી ભાગ્યોદય સત્ય નિષ્ઠાથી કે ધર્મપરાયણતાથી જગતમાં કદીપણ સાધ્ય થતો નથી, આજ પર્યંત પ્રતિ-

હાસના શ્વેત પૃષ્ઠપર શ્યામ અક્ષરે અનેક સત્યઘટનાત્મક વૃત્તાંતો આલેખાયા છે અને નાશ પામ્યા છે. દિવાકરની ચઢતી કળા સમાન અનેકાનેક નરવીરોના ભાગ્યભાનુ આકાશગામી થઇ અવનત થએલા જગત જાણે છે. એક વીરપુરૂષના અસ્ત સાથેજ અન્યાન્ય નરવીરોના ઉપ કાળનુ મંગલાચરણ થાય છે અને પરાજયી પુરૂષના હાડ, માંસ અને ચર્મથી વિજેતાઓના ભગનચુંબીત મહાલય ચણાય છે એકના શોકાશ્રુજ નવીન સ્થળે પ્રમોદોત્પાદક નિવડે છે સંસાર આ અસાર છે તો કીર્તિ અને વૈભવનો મોહ છોડી ક્ષણીક આવેશોને વશ થઇ સદાકાળના સુખ અને સમૃદ્ધિનો નાશ કરવો એ સુજ્ઞ મનુષ્યનુ કર્તવ્ય નથી જીવન અનન્તકાળ પર્યન્ત ગતિમાન રહેતુ નથી દેહ ક્ષણીક છે તો પછી તેનો સુખ ભોગ પણ ક્ષણીક હોય તેમા શુ આશ્ચર્ય છે, માટે હવે તો એકવાર વિચાર કરી જે માર્ગ ગૃહણ કર્યો છે તેજ હિતાવહ છે દુરાત્મા રામરાજાના દરબારમા અપમાન અને તિરસ્કાર સહન કરી જી ન ગાળવુ કોઇપણ પ્રકારે ઇચ્છનીય નથી અને વર્તમાનયુગમા તેની સત્તા એટલી બળવાન છે કે તેને ઉધ્યાપવાનુ મારામાં સામર્થ્ય નથી એટલે હાલ તો કોઇપણ પ્રકારે વિજાપુરના બાદશાહનો આશ્રય સેવોજ ઉપકારક છે. વિજેતા થયા પછી કદાચ બાદશાહ વિદ્યાપુરનેજ પાટનગર બનાવશે તો પણ વડીલ બંધુ રંગનાથ બંદીવાન હોવાથી આપણો સિંહગઢ સદા સર્વદા નિર્ભય છે અને જ્યારે વિજાપુર નરેશની સત્તા બળહીન થશે ત્યારે વિદ્યાપુર ઉપર આક્રમણ કરવુ પણ ઠીક પડશે" મોરોપતની આમ વિચારમાળા ચાલતી હતી એટલામા દ્વારરક્ષક અનુચરે આવીને વર્તમાન આપ્યા કે "અંદર આવવાની આપની આજ્ઞાની પ્રતિક્ષા કરતો અફઝલખાન દ્વારે આવીને ઉભો છે"

"મુકુંદ! તેને સત્વર આદર આપીને અંદર લાવો અને મારી બીજી આજ્ઞા થતા સુધી કોઇ સુપરિચિત વ્યક્તિને પણ પ્રવેશ કરવાનો અવસર ન મળે એવી વ્યવસ્થા કરો." મોરોપંતે મુકુંદ નામક દ્વારપાળને આજ્ઞા આપી

"આજ્ઞા મહારાજની!" કહી મસ્તીક નમાવીને મુકુંદ ચાલ્યો ગયો કે તરતજ અફઝલખાને ત્યા પ્રવેશ કર્યો

"આવો અફઝલખાન! શુ સમાચાર છે વિજાપુરનો બાદશાહ અનુગ્રહ કરે છે કે નહિ તે પ્રથમ મને જણાવો." મોરોપંતે ઉદ્વેગ-પૂર્ણ સ્વરથી પ્રશ્ન કર્યો

"બાદશાહ આપની પ્રાર્થનાને સર્વાંશે સ્વિકારે છે પરંતુ એક મહા વિઘ્ન તેમા ઉપસ્થિત થયુ છે, અને જો બાદશાહની અનુજ્ઞાથી તમારૂ વર્તન પ્રતિકૂળ હોય તો તમને અત્રેજ બંદીવાન બનાવવાની તેમના સૈનીકોને આજ્ઞા આપી છે." અફઝલખાને મોરોપંતના દુર્ભાગ્યની દુઃસહ પ્રસ્તાવનાનો પ્રારંભ કર્યો

"જો મારે બાદશાહનો આશ્રય સ્વિકારવો છે તો પછી તેમની આજ્ઞાને શિરસાવંદ્ય ગણવી એ મારો ધર્મજ છે અને તેજ મારૂ સત્ય કર્તવ્ય છે, માટે તમે લેશપણ સંકોચ વિના બાદશાહની આજ્ઞા મને સંભળાવો અને રામરાજાનો વિનાશ કરવા કટિબદ્ધ થાઓ. હવે વિલંબ કરવામા આપણને હાનીજ છે રામરાજા તુગભદ્રાના પ્રદેશમા પોતાનુ સૈન્ય અતિત્વરાપૂર્વક ગોઠવી રહ્યા છે તો આપણે પણ પ્રતિઘાતક સૈન્યનો વ્યવસાય યથાવિધિ આરંભવોજ જોઇએ" મોરોપંતે જણાવ્યું

"મોરોપંત! તમારી કન્યા અરૂણાને બાદશાહ પોતાની બેગમ બનાવવા માગે છે, અને તેની એ મનોભાવના પૂર્ણ થાય તોજ તમને

સ્હાયતા આપવી એવો તેનો દુરાગ્રહ છે." અફઝલખાને બાદશાહની શરત સ્પષ્ટ રીતે વ્યક્ત કરી

મોરોપતનું અંતર અફઝલખાનના અંતીમ શબ્દો સાંભળી સ્તબ્ધવત્ થઇ ગયું. અત્યાર પર્યન્ત તેનું હૃદય હર્ષાતિરેકથી આનંદ-સાગરમાં વિહરતું હતું ત્યાં શોકનું આંદોલન ફરી વળ્યું અને નવીન તરંગ સર્વથા વિદિર્ણ થઇ ગયા. તેના મુખપર શોકના આવરણો નીરખાવા લાગ્યા. અફઝલખાન મોરોપતની હૃદયવૃત્તિ પારખી ગયો અને શાંતને ગંભીર વાણીથી જવાબ દીધો, 'મોરોપત! વિચારના વ્યવસાયમાં પ્રવૃત્ત થવાનું હવે નિષ્પ્રયોજન છે. એક તરફ રામરાજાનો ભય તમારે શીરે ઝઝુમે છે અને અન્ય બાજુએ બાદશાહના વિશાળ સૈન્ય સમૂહની સમશેરો તમારો કંઠચ્છેદ કરવા ઉંચી થએલી છે, માટે હવે તો સત્વર નિશ્ચયપર આવો અને તમારો ભવિષ્યનો જીવન વ્યવસાય ચલાવવા પ્રવૃત્ત થાઓ."

"અફઝલખાન! બાદશાહની આ શરત એવી તો અસાધ્ય છે કે તેથી મારૂં હૃદય વિદિર્ણ થઇ જાય છે. મારી આર્યકન્યા એક મુસલમાન બાદશાહના અંતઃપુરગામીની થાય એ ઘટના સર્વથા અનિચ્છનીય છે. તેનો વિચાર આવતાંજ મારી દેહમાં કંપનો આવિર્ભાવ થાય છે, એ સ્થિતિનો તો તમે પણ અસ્વિકાર નહિ કરશો. બાદશાહ કોઇ પણ અન્યાન્ય પ્રકારથી મને આશ્રય આપવા ચહાતો હોય તો બાકીની સર્વ શરતો મને વધુ અને માન્ય છે અથવા યુદ્ધ ખર્ચના વિનિમય તરીકે પણ જે માગે તે આપવા આ મોરોપત તૈયાર છે." મોરોપતે ઉત્તર આપ્યો.

"પરંતુ આ મહાયુદ્ધના બદલા યોગ્ય એવી રકમ હાલ તમારી પાસે ક્યાં છે કે તમે દ્રવ્ય લાલચથી તમારૂં કાર્ય સિદ્ધ કરી શકો. તમારૂં દ્રવ્ય તે તમારી કન્યાજ છે અને બાદશાહ તે તો ઇચ્છેજ છે. એટલાજ માટે મેં પ્રથમ તમને દેશદ્રોહી કાર્ય ન કરવા વિનવ્યા હતા. આજે તમે અહીં નિઃસહાય છો અને બાદશાહનું લશ્કર તમારી સર્વત્ર ફરી વળેલું છે જો તમે આનંદપૂર્વક તમારી કન્યાને યવન અંતઃપુરમાં ન મોકલશો તો તે માટે બાદશાહની તલવાર તત્પર છે. તો તમારા સર્વ નાશ પછી પણ જે ઘટના અનિવાર્ય છે તેનું પ્રથમથીજ આચરણ કરવું એજ શ્રેષ્ઠ પુરૂષોનું જેષ્ઠ કાર્ય છે."

"અફઝલખાન ! પુત્રીની અનુમતિ વિના તેને યવન અંતઃપુરમાં મોકલવાનો મને અધિકાર નથી અને અરૂણા કદી પણ મ્લેચ્છ માનવનાથનું પાણી ગૃહણ કરનાર નથી તેની ધર્મ ઉપર સંપૂર્ણ આસ્થા છે અને અંતઃકરણપૂર્વક તે મુસલમાનોને ધિક્કારે છે તો બાદશાહની આજ્ઞાનું શી રીતે પાલન થઇ શકે એમ છે ?"

"મેરૂપત ! વિપત્તિકાલ સઘળું કરાવવા સમર્થ છે તો પછી અમુક કાર્ય કરવાનો અને અમુક કામ ન કરવાનો તમારો આગ્રહ નકામોજ છે બાદશાહે જે ધાર્યું છે તે પ્રમાણે તે કરવાનોજ જો તમારે હવે ધર્મ રક્ષા કરવી હોય તો હજી પણ એક માર્ગ અવશેષ છે. તમારી પુત્રી જે સમયે યવન સૈનિકોના હસ્તગત થવાનો પ્રસંગ આવે ત્યારે આત્મહત્યાથી પણ પોતાના નશ્વરદેહનો ત્યાગ કરી તેની ઇચ્છા પ્રમાણે સ્વધર્મરક્ષા કરશેજ. અસંખ્ય ક્ષત્રાણીઓ મુસલમાનોના જાલીમ પંજામાથી વિરક્ત થવા એજ રીતે વિરગતિને પામી ગઇ છે, એટલે

પુત્રીને એવુ જણાવી તમે શમશેર ખેંચીને બાદશાહની સામે થાઓ અને યુદ્ધ કરતા કરતા બાદશાહના અનેક સૈનીકોને મૃત્યુદાન દઇ તમે પણ મોક્ષદશાને પામો એજ તમારે માટે પણ પ્રસશા પાત્ર છે." અફ્ઝલખાને ક્ષત્રીયોને શોભે તેવો માર્ગ બતાવ્યો.

"અફ્ઝલખાન ! જો પુત્રીમરણથી પણ બાદશાહ મને આશ્રય આપનો હોય તો બાદશાહને પુત્રીદાન દઇને સ્હાયતા મેળવવા કરતા પુત્રી મરણથી પ્રાપ્ત થતી સ્હાયતા વધારે શોભાસ્પદ છે." મોરોપતે નીચતાની પરાકાષ્ટાએ જઇને ઉત્તર દીધો.

"જો તમારી પુત્રી અત્યારેજ સ્વર્ગવાસીની થાય તો તમેજ તમારા શીરપરનુ સકટ ટાળવા વિષ પ્રયોગથી તેનો વિનાશ કર્યો છે એ દસ્તાક્ષર થાય અને તેથી તો તે તમને પ્રતિસ્પર્ધી ગણીને શિક્ષા આપવાજ પ્રેરાય એમ મને અનુમાન થઇ શકે છે. માટે હવે તો મૃત્યુ કે ગૌરવપતન એ બેજ માર્ગ તમારે માટે અવશેષ છે તમારી સાથેના આ મારો વાર્તાવિનોદ પણ આપણી મિત્રતાનુજ પ્રતિબિબ છે બાકી તો તમારો નકારાત્મક પ્રત્યુત્તર મળતાજ તમને બદીવાસ આપવાની મને આજ્ઞા છે"

'અફ્ઝલખાન ! બાદશાહનુ જો આપનેજ એ પ્રમાણે ફરમાન છે તો હુ અત્રેથી પુન રામરાજાના સૈન્ય શીબીરમા પ્રસ્થાન કરૂ એટલી કૃપા આપ દર્શાવશો તોજ હવે મારી આપત્તિનો વિનાશ થાય એવો સભવ છે, એટલે એક રીતે મારા મરણ જીવનનો પ્રશ્ન તમારી દયા ઉપર અવલબેલો છે હવે તમે જેમ ફરમાવશો તેમ વર્તવા હું તૈયાર છુ. તમે મને શી સલાહ આપો છો ? તમે હિદુઓમા ઘણો

કાળ ગાળ્યો છે અને અમારા રીતરીવાજોના સંપૂર્ણ માહીતગાર છો એક આર્ય કન્યા મુસલમાન પુરૂષને વરે એ અધર્માચાર શું કોઇપણ પ્રકારે શિષ્ટ છે ? અને બાદશાહના શિબિરમાં કન્યાને બળાત્કારે મોકલું તે પણ અનિષ્ટ છે."

"જો મારા એકલાના હાથમાંજ એ સત્તા હોત તો તમને હું બાદશાહના ભયથી વિમૂક્ત થવા રામરાજાના સૈન્ય શિબિરમાં અવશ્ય પુન પ્રસ્થાન કરવામાં બાધા ન કરત પરંતુ શોકપ્રદ ઘટના એ છે કે તમારા ફરતું વિજાપુરનું સૈન્ય ફરી વળેલું છે અને હાલમાં પણ તમે એના એક પ્રકારના કારાગૃહનિવાસી છો. તો પછી હું તમને શી રીતે બંધનમૂક્ત થવા દઉં હું જો તમને બંધનમૂક્ત થવા દઇશ તો તમારી દુર્દશાની મારા સંબંધમાં પણ પુનરાવૃત્તીજ થશે આવા વિપ્લવકાળમાં તમને શી સલાહ આપવી તે પણ મહાભયકારક વાત છે એટલા માટેજ મે તમને દેશ અને ધર્મનો વિનાશ ન કરવા વિનવ્યા હતા. દેશદ્રોહી અને ધર્મભ્રષ્ટ મનુષ્યોને પોતાની ઉત્તરાવસ્થામાં કેટલો અનુતાપ થાય છે. તેનું હું પ્રત્યક્ષ દૃષ્ટાંત છૂં અને તેથીજ મારૂં હૃદય અત્યારે શોક અને પાપથી પ્રજ્વલીત હોવાથી તમને ધર્મરક્ષણાર્થે સ્વર્ગગામી થવાનો ઉપદેશ આપવાની ધૃષ્ટતા કરી શકું છું."

"ઠીક છે અફ્ઝલખાન હું બાદશાહની આજ્ઞા સંબંધે મારો અંતિમ નિર્ણય મારી પુત્રી સાથે આ સંબંધે વાદ કર્યા પછી આપને જણાવીશ" મોરોપંતે ઉત્તર આપ્યો.

"તો કાલે પ્રભાતકાલ પર્યન્ત હું ગમે તે પ્રકારે શાંતી રખાવીશ, અને બાદશાહને તમને બદીવાસ આપતો અટકાવી રાખીશ."

અફઝલખાને અધર ઉત્તર આપ્યો અને તે પુન અત્રે બનેલા વર્તમાન કહેવાને બાદશાહ પાસે પ્રસ્થાન કરી ગયો મોરોપત એકલો પડયો. એકલા પડયા પછી તેના અંતઃકરણમા અનેકાનેક તર્ક વિતર્ક ઉદ્દભવવા લાગ્યા. પોતે ઉન્માદાવસ્થા ભોગવતો હોય એમ લાગ્યુ અને આવેશને વશ થઇ કેવી ભયંકર ભૂલ કરી હતી તેનુ તેને યથાર્થ જ્ઞાન થયુ. અફઝલખાને બુદ્ધિમાન શત્રુ તરીકે તેને જે અપ્રતિમ ઉપદેશ આપ્યો હતો તેની વાસ્તવીક કિંમત હવેજ તેના સમજવામા આવી તેની વિચારમાળાના મણકા અતિતિવ્ર ગતિએ ફરવા લાગ્યા, "શુ મારે પુન રામરાજાને શરણે જવુ ? મારી ટેક મૂકી દેવી કે પુત્રીને બળાત્કારે બાદશાહના રણવાસમા મોકલાવવી ? ગમે તેમ પણ બાદશાહ વિધર્મી છે, હુ શુદ્ધ હિંદુ છુ તો કોઇપણ પ્રકારે આ ઘટના તો નજ ઉપસ્થિત થવા દેવી જોઇએ મે રંગનાથને પણ બંદિવાસ આપી મહા અનર્થ કર્યો છે જો હાલ તેની સાથે વૈરભાવ ન કર્યો હોત તો આ ભયંકર વિપત્તિ ક્ષણાર્ધમા વિદિર્ણ થઇ જાત, પરંતુ હજીએ રંગનાથનુ હૃદય મારે પ્રત્યે શત્રુતા દાખવી મારો દ્રોહ તો નહિજ કરે, ત્યારે તેને બોલાવી આ કાર્યની સલાહ પુછુ ? તેને બોલાવી શુ કહુ ? મારી મૂર્ખતા કયા શબ્દોમા વ્યક્ત કરૂ ? અરૂણાને શુ કહુ ? નિર્દોષ અરૂણા ! આ તારા મુર્ખ પિતાના પાપનુ પરિણામ તારે ભોગવવાનુ ! હરિ ! હરિ ! હુ કેવો નરાધમ નિચ માણસ, મે મારો ધર્મ ખોયો, વડીલ બંધુને કેદ કર્યો અને આ એકની એક કન્યા અરૂણા તેનો પણ મારી દુર્બુદ્ધિમાજ બલિ અપાવાનો. ગમે તે થાય રંગનાથને બોલાવી મારે સલાહ તો લેવીજ જોઇએ.

"મુકુંદ! મુકુંદ!" મોરોપતે બુમ મારી. "જી" મુકુંદે હાજર થઇ પ્રતિ ઉત્તર આપ્યો. "અત્યારેને અત્યારે રગનાથને બધન મૂક્તિ આપોને મારી પાસે હાજર કરો" થોડી ક્ષણોમાજ સિહગઢનો વિજેતા સ્વામી–મોરોપતનો નરાધમ કારાગૃહવાસી–રગનાથ ત્યા દાખલ થયો. તેના નેત્રો લાલચોળ હતા. મુખપર ક્રોધની કરચોલીઓ પડેલી હતી ગર્વથી, ગૌરવથી મસ્તક આકાશમા વિહરતુ લાગતુ હતુ મોરોપતે રગનાથને અવલોકતાજ વિનય કર્યો, "પધારો, રગનાથ!"

"કેદીઓ પ્રત્યે મહારાજાનો આવો વિનય શોભાસ્પદ નથી" રગનાથે કટાક્ષ કર્યો

"બધુ રગનાથ!" મોરોપતે અત્યત દયાર્દ્ર વાણીથી કહ્યુ, "હુ મહારાજ નથી કિતુ તમારો સેવક છુ. મદોન્મત થઇ મે જે અધમતાની પરાકાષ્ટા કરી હતી તેના ભૂડા ફળ આજ હુ ભોગવુ છુ. મારી મુર્ખતા અપર છે અને મે પાપકર્મની પરપરા કરી છે. તમારો સેવક થવા પણ હુ અનાધિકારી છુ તેણે તમને બદીવાસ આપ્યો છે. પણ હવે એ કૃતઘ્નનુ વિસ્મરણ કરી મને સત્ય સલાહ આપો. અફઝલ ખાનને મે બાદશાહના દરબારમા સહાયતાની યાચના કરવા મોકલ્યો હતો પણ દુર્ભાગ્યે બાદશાહે એવો પ્રત્યુત્તર વાળ્યો છે કે જો મારી અરૂણા તેની બેગમ થાય તોજ તે મને સહાયતા આપવા તત્પરતા દર્શાવશે અને હુ તેના કથનનો પ્રતિકાર કરૂ તો બળાત્કારે પણ તે અરૂણાને લઇ જશે અને તે માટે તેમણે આપણી સર્વત્ર પોતાના સૈનીકો ગોઠવ્યા છે. હુ ગમે એટલો નીચ છુ છતા પણ મારી પુત્રી બાદશાહને વરે અને પિતાજીનુ અભિધાન અપવિત્ર થાય એ મને શ્રેષ્ઠ ન લાગે તે સ્વાભાવીકજ છે માટે હવે શુ કરવુ તે સલાહ આપવા મે તમને

અત્રે નિમગ્યા છે. મારા સમસ્ત સૈન્યના સત્ય અધિકારી આપ છો અને હુ પણુ આપનો સેવક છુ. મારા થએલા સઘળા દોષોને માફ કરો અને મારી અરૂણુાને બચાવો"

"મહા અનર્થ થયો છે, વિજાપુરનુ સૈન્ય જો સર્વત્ર ફરી વળેલુ હોય તો એમાથી નિવૃત્ત થવાનો એકપણુ શિષ્ટ માર્ગ અવશેષ નથી તેમજ મુઠ્ઠીભર સૈનીકો લઇને વિજાપુરના સૈન્ય સાગર સામે થવુ એથી કોઇપણુ પ્રકારે વિજય નથી ધર્મ તો અવશ્ય છેજ અને એ ધર્મ સાચવતા મૃત્યુ થાય તો આપણુા પરમ સદભાગ્ય છે, માત્ર ચિતા અરૂણુાની છે યુદ્ધમા આપણો નિપાત થાય એનો સિદ્ધ અને શાશ્વત ભવિષ્ય છે, તો પાછળથી પણુ મ્લેચ્છ સૈનીકો અરૂણુાની ભયકર દુર્દશા કરશે" રગનાથે કહ્યુ

"એટલાજ માટે હવે હુ બાદશાહની સ્હાયતાનો અવરોધ કરવા ઉભો છુ. આપણા અતર વ્યવહારોમા પણુ બાદશાહ આમ હસ્તક્ષેપ કરે તો એ અસહ્ય છે, ત્યારે હવે અરૂણુાનુ રક્ષણુ થાય એવો કયો માર્ગ અવશેષ છે? જો અરૂણુાને પુરૂષ વેશે સૈનીકોમા રાખીએ તો સૈનીકો જોડે લઢતા લઢતા તેનો પણુ કાળ થાય અને આપણે બધન મૂક્ત થઇ મોક્ષ ભાગી બની શકીએ"

"પણુ આ વ્યવસ્થા મને નિર્ભય લાગતી નથી, કારણુ કે ભાગ્યની કુટિલતાથી જો અરૂણુા પરાસ્ત થઇ તો પણુ તેની ભુડી ગતિજ થવાની માટે ગમે તેમ કરીને તેનો તો તારી કુટિલતાને પરિણુામે કાળ થાય તોજ આપણી રજપુતોની પ્રતિષ્ઠા જળવાય તે સિવાય નહિ"

"હુ અરૂણુાને બોલાવુ અને તેને સવ વાત નિવેદન કરૂ તો કેમ? તેના પણુ શી ઇચ્છા છે તે આપણે જાણી શકીએ અને પછી જે માર્ગ અધિક નિર્ભય હોય તે માર્ગે પ્રયાણુ કરીએ,"

રંગનાથે અનુમતિ આપી અને અરૂણા આવીને પિતાની સેવામાં ઉપસ્થિત થઇ મોરોપંતે ધીમે ધીમે તેને સર્વ વાતથી જ્ઞાત કરી તેનો અભિપ્રાય માગ્યો થોડી ક્ષણો તેણે મૌનનું અવલમ્બન કર્યું અને પછી ધીરવાણીથી રંગનાથને ઉદ્દેશીને કહ્યું, "કાકાજી ! પિતાજીએ મહામોટી ભૂલ કરી છે એ તો નિર્વિવાદ છે, પણ હવે તે ભૂલ ટાળવાનો અવકાશ નથી હું કોઇ પણ પ્રકારે દુશ્મનોને હસ્તગત થવાની નથી અને મારી માતાને લજાવવાની નથી જ્યાં સુધી મારી નસમાં આર્યરક્તનો સંચાર છે ત્યાં સુધી હું કદાપી પણ નિચતાનો સ્વિકાર કરવાની નથી હું આનંદપૂર્વક ચિતાપ્રવેશ કરીને મારો દેહ પાડીશ, તમે મારા દેહને અગ્નિમાં બાળી મૂકજો અને તેજ સમયથી અલીઆદીલશાહનો નાશ કરવાના ભિષણ યજ્ઞમાં પ્રવૃત્ત થજો પિતાજીને તેમના દોષ માટે ઠપકો આપશો નહિ તેમણે ભૂલ તો કરી છે પણ હવે તેમને તેના કાર્યોનો પરિપૂર્ણ પરિતાપ થાય છે મારે માટે ચિતા તૈયાર કરાવો અને વિષ-જામ લાવો હું તે અવશ્ય આનંદપૂર્વક પી જઇશ હિંદુધર્મને રક્ષવા કાજે પ્રાણ પાથરીશ"

"અરૂણા ! મારી પ્રિય અરૂણા ! ખરેખર મારી મૂર્ખાઇનોજ તું ભોગ થઇ પડી છે છતાં તારા મુખમાં જે ઉત્તમ શબ્દ પ્રવાહ વહે છે તે માટે તારા જેવી પુત્રીનો પિતા હોવાથી હું મને ગૌરવવાન સમજું છું. બેટા ! હજી પણ તારા રક્ષણની પૂર્ણત ચેષ્ટા કરીશ અને જ્યારે મારૂં સર્વબળ સંપૂર્ણ થશે ત્યારેજ તને ચિતાપ્રવેશ કરવાની આજ્ઞા આપીશ ત્યાં સુધી હું તારૂં પૂર્ણ રક્ષણ કરીશ બેટા ! ભય કે ચિંતા રાખીશ નહિ."

"પિતાજી! મૃત્યુ એ મનુષ્યોની શાશ્વત ગતિ અને આત્માની પ્રગતિ છે, વળી આવા સત્કાર્યમાં દેહ પડે એ મારા સદ્‌ભાગ્ય છે. મને જેટલો પહેલા આનંદ હતો તેટલોજ અત્યારે પણ છે. મારો ઉત્સાહ મારામાં વિદ્યમાન છે ધર્મરક્ષા કરતા પ્રાણાર્પણ કરવું પડે તો મને જરા પણ ક્લેશ નથી કે શોક નથી અને હુ સદા સર્વદા નિર્ભય છૂ માટે આપ સુખેથી યુદ્ધ વ્યવસાયનો આરંભ કરો અને ધર્મમાર્ગને અનુસરો" અરુણાએ જવાબ દીધો અને તે પોતાના તંબુમા પ્રસ્થાન કરી ગઇ અરુણાના ગયા કેડે રઘનાથે પુન એક સૈનીકને ગુપ્ત અનુચર તરીકે શત્રુ સૈન્યની પ્રવૃત્તિ નિહાળવા મોકલ્યો તપાસ કરી આવતાં ખબર મળી કે મોરોપતના સૈન્યથી ચારગણુ સૈન્ય તેનો સંહાર કરવા બાદશાહે રોકેલુ હતુ—પ્રયુ. પ્રભાતના ચાર વાગ્યાનો સમય થયો. પક્ષીઓનો કિલકિલાટ આજે વિજયબાળાનુ સ્વાગત જેવો લાગતો હતો. વાયુની મંદ લહેર આવતી હતી એક બાજુએ મોરોપતના સૈનીકો સશસ્ત્રદશામા ઉભા હતા. એક બાજુએ ચિતા રચવામા આવી હતી અરુણે પ્રત્યક્ષ યમદેવનુ સ્વરૂપ ધારણ કર્યું હતુ વિજાપુરની દરમા ામા વાગતા નગારા સિવાય અન્ય સ્વરનો તો લ ઉદ્‌ભવ પણ નહોતો અલ્પકાળમા અરુણા સસ્મિતવદને ત્યા ઉપસ્થિત થઇ અને પોતાના કોમળ કરથી સૈનીકોને ઉદ્દેશી કહેવા લાગી "મારા દેશભક્ત સૈનીકો! વંદન છે! અભિનંદન છે! તમને સ્વર્ગે જતી આ અરુણાન આજે હુ તમારાથી વિખુટી પડુ છુ અને તે જગતનિયંતાના પરમ ધામમા વિશ્રામ લેવાને જાઉ છુ મારો દેશ મને પ્રાણપ્રિય છે તેની રક્ષા કરતા હુ દેહ આપું છુ અને તમે પણ આપજો, એમ કહુ છુ મૃત્યુના સાથીઓને મરણનો ભય હોતો નથી, શુર પુરુષ કદી સગ્રામથી રોતો નથી, પાછુ વળીને જોતા નથી

કે પોતાનું બિરદ ખોનો નથી સંસારમાં દરેકને શિરે મૃત્યુ તો છેજ, તો ભય રાખી કાયાનું રક્ષણ કર્યા કરવું અને અવિચળ સુજ્ઞાએથી કથાનું ઉલ્લંઘણું કરવા વ્યર્થ પ્રયત્ન આદરવો તે અનર્થ છે અને અસમર્થ-જનોનો ઉપાલંભ અને દંભ છે. સંસાર અનિત્ય છે કાયાનો નાશ અનિવાર્ય છે માટે તે દેહનો દેશ યજ્ઞમાંજ ઉપયોગ થવો જોઇએ.

મિહમદના સરદારો! તમેજ મહારાષ્ટ્રના મહારથી છો મારો તમને એજ સંદેશ છે કે મૃત્યુથી ડરશો નહિ સંગ્રામથી પાછા ફરશો નહિ અને પૂર્વજોની કીર્તિને કલંકીત કરશો નહિ તો સ્વર્ગની અખૂટ સમૃદ્ધિ મેળવશો પિતાજીના રોષનું કેવું ભયંકર પરિણામ આવ્યું તે તમે જાણો છો પરંતુ તેથીએ પ્રજાને લજ્જા થયો છે, દેશદ્રોહનો બદલો કેવો વિપત્તિકર મળે છે તે તમે નિહાળ્યું છે અનુરાગ અને અનુતાપથી તમારા હૃદય પ્રજ્વલિત રહેતા હશે, પણ જો તમને મારી વાસ્તવીક લાગણી હોય તો તરવાર ખેંચી મારા મરણનો બદલો લેવા અત્યારેજ પ્રતિજ્ઞા કરો અને તમારામાં લોહીનો એક અંશ પણ હોય ત્યાં સુધી યવનરક્તના તરસ્યા બનો. હે! નરપુંગવો! વિદ્યાપુરના વિજયી રાજ્યનું સિંહાસન સ્થાપી આપણા પૂર્વજોએ આપણને આપેલું છે. શું તમે એવા હતભાગ્ય નિર્વીર્ય છો કે એ પુનીત દેશને રાક્ષસોના હાથમાં જવા દઇ કીર્તિનો નાશ કરશો? નહિ નહિજ, તમારાપર મને શ્રદ્ધા છે તમે વિર માતાપિતાના પુત્ર, વિરભગીનીના બંધુ અને વિરઅબળા-ઓના આત્માધાર છો તમારી નસેનસમાં આર્યરક્ત વહે છે, માટે યુદ્ધ સિવાય અન્ય શબ્દનો ઉચ્ચાર સરખો પણ કરશો નહિ હવે તો યુદ્ધ! યુદ્ધ!! અને યુદ્ધ!!! જીવન રહેશે તો સ્વદેશને માટે. મૃત્યુ થશે તો સ્વદેશને માટે. એ નિશ્ચય કરો અને એ નરાધમ બાદશાહ

પાસે મારા મરણનુ વૈર લેવા તત્પર થાઓ. પિતાજી ! આપને પણ હવે અંતિમ વંદન !" કહી અરૂણાએ વિષનો જામ પી લીધો વિષ એટલુ પ્રાણઘાતક અને વિપુલ પ્રમાણમા હતુ કે ત્વરીતજ તેને તેની અસર જણાવા લાગી, તેણે સ્વહસ્તેજ ચિતામા જઇને સ્થાન લીધુ અને ફરી કહ્યુ, "આર્ય ધર્મના ઉદ્ધાર કાજે હુ આ ચિતા સ્વિકારૂ છુ આ ચિતાના તણખેતણખામાથી એવો ભયકર અગ્નિ પ્રજ્વલિત થશે કે યવનધર્મ અને યવન પ્રજાનો સર્વ નાશ થશે એ ઇશ્વરનો આદેશ છે" ચિતા સળગાવવામાં આવી તરતજ તે બેશુદ્ધ થઇ ઢળી પડી. ચિતા એકદમ પ્રજ્વલિત થઇ અને એક ક્ષણમા તો તેનો આત્મા અજરામર આત્માભિરામના આનદમય આવાસમા પ્રયાણ કરી ગયો. અરૂણાની આત્મવિહિન દેહ ચીતામા મૂકી, તેની જ્વાળાએ આકાશમા જઇ પ્રજાને ઉદ્દેશી કહ્યુ —

"અથળા અરૂણા આજ આ થઇ ભસ્મ સ્વર્ગે જાય છે,
ભારત દશાનુ હાય ! આ શુ ભાન તમને થાય છે ?
જાગો હજી વિર ! અપ્સરા સ્વર્ગે ઉભી સત્કારતી,
જ્વાળા ગગનગામી બની સમશેર લ્યો પોકારતી.
કાયા તજો માયા મૂકી તમ ધર્મ રક્ષા કારણે,
ઓ હિદુઓ ! આવો મરી કિરતારને પ્રિય બારણે."

પ્રાત:કાળનુ સહજ આગમન થયુ દેશભક્તિની વેદીપર અરૂણાનુ બળીદાન દેવાયુ આર્યાવર્તના સદભ ગ્યનો એક પ્રકારે અરૂણોદય થયો 'નૃસિહ ભગવાન'ના વિજયઘોષ સાથે સૈન્ય સગ્રામે ચઢ્યુ યુદ્ધનો આરભ થયો રણક્ષેત્રે પ્રત્યક્ષ ક્રૂરતાનુ સ્થાન લીધુ.

ચિત્ર ૬૯ વિનાશિની વામા



'આર્ય વામા'

આર્યતાની પરમમૂર્તિ, ગૌરવનો અપ્રતિમ અવતાર અને વીરતાની પ્રતિકૃતિરૂપ વનનાએ ધર્મને માટે મૃત્યુનો સહર્ષ સત્કાર કર્યો

પ્રકરણ ૨૪ મું ।

પ્રકરણ ૨૪ મું.

વિનાશીની વામા અથવા રામરાજાનો સર્વનાશ.

યુદ્ધનો વ્યવસાય ચાલુ હતો મોરોપતના સૈન્ય સાથે વિજાપુરના બાદશાહનુ સૈન્ય લડી રહ્યુ હતુ એ ખબર મળતાજ રામરાજાએ પોતાના સૈન્યને સાવધાન રહેવાની સુચના આપી અફ્ઝલખાન બાદશાહ પાસેથી સીધો રામચદ્રદેવ પાસેજ ગયો હતો અને યુદ્ધમાં પોતે કેવો પ્રપચ કરશે તે સબધી એક સદેશ એક અન્ય અનુચર સાથે બાદશાહને કહાવી દીધો હતો. અફ્ઝલખાને એ યુદ્ધના રામરાજાને વર્તમાન આપ્યા અને કપટભાવથી કેવળ મનસ્વીકથા ઉપસ્થિત કરી કહ્યુ, "મહારાજ! આપ સર્વને મોરોપત દેશદ્રોહી લાગે છે પણ તેણે આપની અપૂર્વ સેવા બજાવી છે અને તેથીજ અત્યારે તે સામે તીરે શત્રુ સાથે સગ્રામ ચલાવી રહ્યા છે વિજાપુરના વિશાળ સૈન્ય સમુહ સામે મોરોપતના અલ્પ સૈનીકો મહાસાગર સમીપ જળબિદુ સમાન ન્યુન છે માટે તેને સહાયતા આપવા આપણે સૈન્ય મોકલવુજ જોઇએ નહિ તો અતે મોરોપતની અને તેના સૈનીકોની પાયમાલીજ થશે માટે હવે આપણે સર્વ સૈન્યને સામેપાર મોકલવુ એજ આવશ્યક અને આવકારદાયક છે"

"અફ્ઝલખાન! તમારૂ કથન અનાદરણીય નથી પણ આ કિનારે લક્ષ સૈનીકોની તો અવશ્ય જરૂરજ છે જો તમે પોતે તમારા સૈન્ય સાથે અત્રે રહેવાને તત્પર હો તો હુ આજપળે સૈનીકોને અત્રેથી પ્રસ્થાન કરવાને આજ્ઞા આપુ છુ"

"નામદાર ! મારૂ સૈન્ય કેટલુ બળવાન છે એ તમારાથી અજ્ઞાત નથી તેની આમ સ્હાયતા તજી દેવામા કશો લાભ નથી, પછી જો મારૂ અહીં રહેવુજ અધિક હિતાવહ હોય તો હુ આપની આજ્ઞા માનવા સજ્જ છુ " અફ્ઝલખાને કપટપૂર્વક પોતાના ઉપરોક્ત શબ્દો ઉચ્ચાર્યા

"બસ ત્યારે હવે તમે અહીંજ રહો હુ લશ્કરને પ્રસ્થાન કરવાની આજ્ઞા આપુ છુ " રામચદ્રદેવે અફ્ઝલખાનની કપટજાળનો ભોગ થતા જણાવ્યુ અને સમીપ બેઠેલા અર્જુનદેવને આજ્ઞા આપી, "અર્જુનદેવ ! સૈન્યને એકદમ સામે પાર ઉતરવાની આજ્ઞા કરો "

રામચદ્રદેવની આજ્ઞા થતાજ અસખ્ય નૌકાઓ સરિતામા દ્રષ્યમાન થવા લાગી તો પણ સઘળુ સૈન્ય સામે તીરે જતા બરાબર પાચ કલાકનો અવસર ગયો ત્યા મોરોપત અને આદીલશાહના સૈન્યનુ યુદ્ધ ચાલતુજ હતુ એકમેક પક્ષના શુરવીર સેનાનીઓના તિવ્ર પ્રહાર અરસપરસ એક બીજાને ભેદી નાખતા હતા પાચ કલાકના અવસરમા તો આદીલશાહના સૈન્યે મોરોપતના સૈન્યનો ઘાણ વાળી નાખ્યો પચાસ હજાર સૈનીકોમાથી માત્ર એકસો ત્રેપન સૈનીકો અવશેષ રહ્યા ને પણ તેના બદીવાન તરીકેજ અવશેષ રહેવા પામ્યા મોરોપત અને રગનાથ અતુલ શૌર્ય દર્શાવી અને રણમા પડયા, અને બાદશાહની વિજયપતાકા આકાશમા વિહરવા લાગી મેદાનમા અસખ્ય હિદુ મુસલમાન વીરોના શીર હિન શબો દ્દષ્ટીગોચર થવા લાગ્યા જ્યા ત્યા ઘવાએલા, લોહીથી વહેતા અનેક શરીરના અગો દેહથી વિરક્ત થઇ પડેલા હતા કેટલીક નિચેતન કાયામા તો પ્રાણ હતો અને તેઓ મૃત્યુભજનુ વિચિત્ર નૃત્ય કરતી દેખાતી હતી એકદર અવલોકનાર ગમે એવા વજ્ર દેહના પાષાણુના હૃદયનો હોય તો પણ તેનામા દયાનો સચાર થતો હતો. સસારની નિ:સારતા તો જાણે

ત્યા પ્રત્યક્ષ અવતરેલી હતી અને મોહમાયામા મસ્તાન બનેલા માનવીઓને મુગો પણ અસરકારક, હૃદયસ્પર્શી પણ ક્ષણજીવી ઉપદેશ આપતી ભયનુ સામ્રાજ્ય પુર્ણત વ્યાપેલુ હતુ ગીધ, ઘુવડ, સમડી આદી પ્રાણીઓ પોતાને મળેલા ભક્ષથી આનદીત થઇ એક સ્થાનેથી બીજે સ્થાને જતા નીરખી શકાતા હતા રામરાજાનુ સૈન્ય એટલા અવકાશમા ભોજન કરી તૃપ્ત બની યુદ્ધ કરવા સજ્જ થયુ, અને આગળ વધવા લાગ્યુ જેમ તે આગળ વધી અદ્રષ્ય થયુ તેમ અફ્ઝલખાને પણ પોતાના સૈનીકોને સરિતા ઉતરવાની આજ્ઞા આપી રામરાજાનુ સૈન્ય આગળ વધ્યુ અને જ્યા મોરોપતના સૈન્ય સાથે સગ્રામ થયો હતો ત્યાજ અટકયુ આ વખતે સાઝે ત્રણેક વાગ્યાનો સમય થયો હતો એટલામા સામેથી ચદ્ર તારાથી અકિત શ્વેતપતાકા આવતી દ્રષ્ટિગોચર થઇ એક તરફથી 'અલ્લાહુ અકબર' અને એક તરફથી 'હરહર મહાદેવ'ના સ્વર્ગને ડોલાવી નાખનાર ધ્વની ઉઠયા થોડીજ ક્ષણોમા બન્ને સૈન્યનો ભેટો થયો અને પ્રબળતાથી વજ્ર પ્રહારો થવા માડયા ઘાયલ પુરૂષોની કારમી ચીસો અને વિરતા ઉત્પાદક જીવત માનવીઓના ધ્વનીથી રણસગ્રામ ગર્જી રહ્યુ ! સમશેરોનો ખણખણાટ, બદુક આદીના કર્ણભેદક અવાજ અને અન્યાન્ય શસ્ત્રોના ઘર્ષણથી ઉપજતા શબ્દ રણસગ્રામને વિશેષ ભયાનક બનાવતા હતા રામરાજાનુ પણ સૈન્ય ઘણુ વિશાળ હતુ અને સામે વિજાપુરના સૈન્યમા પણ મનુષ્યોની વિપુલતા હતી બન્ને પક્ષમા મહાન શુરવીર યોદ્ધાઓ વિદ્યમાન હતા એટલે યુદ્ધ પ્રચડ બળથી ચાલતુ હતુ મહારાષ્ટ્રની ભૂમિમા થએલા યુદ્ધોમા આ સગ્રામ દક્ષિણ ભારતના ઇતિહાસમા ચિરકાલ ટકી શકે એવો હતો સૈન્ય એટલા બધા પ્રબળ જોરથી યુદ્ધ કરવા લાગ્યુ કે થોડાજ સમયમા અગ્રભાગના સૈનીકો પરમાત્માના પરમ

ન્યાયાલયમા પોતાના યોગ્યાયોગ્ય કાર્યનો ઉત્તર આપવા પહોચી ગયા ત્યા તરતજ રામરાજાનો અને અલ્લી આદીલશહનો ભેટો થયો, રામરાજાને નિહાળતાજ યવનસેનાએ એવો પ્રચડ હુમલો કર્યો કે પ્રથમ આક્રમણેજ રામરાજાને પરાસ્ત થવાનો પ્રસગ આવ્યો પરતુ પાછળથી ત્વરીતજ અર્જુનદેવની સ્હાયતા આવી પહોચતા રામરાજા નિર્ભયપણે પોતાનુ ગૌરવ રક્ષી શકવાને સદ્‌ભાગ્યવાન નિવડયો અને ક્રોધપૂર્વક ધીમે ધીમે પાછા હડતા મિરૂ બાદશાહને ઉદ્દેશી બોલ્યો, "ઓ નિર્લજ નિમકહરામ બાદશાહ ! તારૂ રાજ અને વિજાપુરનુ સામ્રાજ્ય વિદ્યાપુરના શુરા સૈનીકોની અસ્થિપર ચણાએલા છે તે સ્થળે પદારોપણ કરી સગ્રામ કરનાર ઓ અધમ શયતાન ! બદમાસ બેઇમાન ! નક્કી માન કે તારો નિધનકાળ સમિપ આવ્યો છે તે સિવાય તને આવી દુર્બુદ્ધિ સુઝે પણ નહિ અને મારી સામે આક્રમણ કરવા તુ પ્રેરાય પણ નહિ, પણ અવશ્ય માનજે કે આ તારા કુટિલ સગ્રામમા તને લેશપણ વિજય મળનાર નથી, તારૂ કમભાગ્ય ટળનાર નથી અને તે ધારેલી મહત્વાકાક્ષા કદીપણ ફળનાર નથી, જો તુ જીવત દશામા મારો બદીવાન થયો તો તારા ભુડી રીત પ્રાણ લઇશ ત્યારેજ મને શાન્તી વળશે ઓ નરાધમ ! આપણી સ્વાર્થ પિપાશા ખાતર શા કાજે આ શતાવધી સૈનીકોનો વિનાશ કરાવે છે આવ ! બાદશાહ ! બળ હોય તો મારી સામે આવી આ શેરની સમશેરનો સ્વાદ લઇ તારૂ વેર તૃપ્ત કર" રામરાજા આ શબ્દો બોલી રહ્યો હતો પણ તેને ખબર નહોતી કે તે જે સ્થિતિ અલ્લીઆદીલશાહની કલ્પતો તેજ દશા તેની પોતાની થવાની હતી તેને સ્વપ્નેયે ખબર નહોતી કે પોતાની રક્ષા ખાતર પાછળ રખાએલા લક્ષ સૈનીકોથીજ પોતાનુ મૃત્યુ થવાનુ હતુ તેના મનમા રચાતા વિચારો એજ સ્થિતિમા નાશ પામવાના હતા.

દુરાત્મા પ્રાલબ્ધ ! ભારતવર્ષપર તારી કુદૃષ્ટિ થવાની હતી. વિદ્યાપુરના પ્રાચીન સામ્રાજ્યના સૌભાગ્યનો નાશ થવાનો હતો થોડાજ કલાકોમાં વિદ્યાપુરના ગગનચુમ્બીત મહાનગો અગ્નિમાં બળી ખાખ થવાના હતા, અને તેની સકલ જાહોજલાલી–કીર્તિધન કરમાઈનાશ પામવાનું હતું માણસોથી ઉભરાઈ જતા રાજમાર્ગપર કુતરા, ગૃધ્ર અને શિયાળોની પ્રબળ વસ્તી થવાની હતી મહાલયના દ્વાર યવનસૈનીકોના પ્રહારથી તૂટવાના હતા અને તેની સર્વથા અવદશા થવાની હતી રાજમહાલયપર ફરફરતી ભગવીપતાકા મરણ પામી તે સ્થાને અર્ધચંદ્રાંકીત શ્વેતપતાકા ઉડવાની હતી અમરાપુરીવત વિદ્યાપુરી સ્મશાન દશામાં પરિવર્તન પામી આર્ય ગૌરવની આદર્શતાનો અંત આણવાની હતી નૃસિંહ ભગવાનના સર્વ મંદિરોના ચુરેચુરા થઇ જવાના હતા જ્યાં વેદમંત્રોના ઉચ્ચાર થતા હતા, જે યજ્ઞકુંડમાં પવિત્ર ઘૃત આદીની આહુતી અપાતી તનો વિલય થઈ ત્યાં અગ્રાહ્યપદાર્થો પડવાના હતા જ્યાં કોમળ કુસુમોની મનોહર સુવાસ પ્રસરાતી, ત્યાં ગૌમાતાના રક્તનો અભિષક થવાનો હતો પણ આ સઘળું કાળરાક્ષસનું ભાવીનાટક મદોન્મત રામચંદ્રદેવ શી રીતે જાણી શકે ?

રામરાજા આ શબ્દો બોલતો હતો પણ તેને સ્વપ્નેયે માહીતી નહોતી કે પાછા શબ્દો સર્વથા નિષ્ફળજ નિવડનાર છે રામરાજાના આવા ઉગ્ર શબ્દો સાચા રહેવા જેટલી દુર્બળતા અલ્લી આદીલશાહના અંતઃકરણમાં નહોતી તેણે પણ રામરાજાને તેવોજ કટાક્ષપૂર્વક ઉત્તર આપતા જણાવ્યું, "રામરાજા ! જેમ દીપકનો લય થવાનો હોય ત્યારે તેનો પ્રકાશ વધારે પડે છે, ઘનઘોર અભ્રો છવાયેલા હોય પણ વૃષ્ટિ થવાના ક્ષણ પહેલા ઘણો ઝગઝગાટ થાય છે, તેમ તારા આ શબ્દો તારો મૃત્યુકાળ કેવળ સમિપ હોય એમ સ્પષ્ટ પ્રતીતિ આપે છે ઓ ચંડાળ ! તું મને બંદી•

વાન બનાવી મારી દુર્ગતી કરવા ઇચ્છે છે પણ તારાજ આત્માનો અને કયાના સદાકાળને માટે વિયોગ થવાનો અવસર પાસે છે. વિદ્યાપુરના રાજપુરષોથી કદી વિજાપુર આયુષ્યમાન થયુ હોય તો પણ તેથી વિજાપુર વિદ્યાપુરનુ ગુલામ નથી, તેમ તારી સાથે પણ યુદ્ધ કરવાની મને આવશ્યકતા નથી જે મનુષ્ય મારા સૈન્યની સામે ટકી શકતો નથી તે માણસ મારી સાથે યુદ્ધ કરવાની આકાક્ષા રાખે એ નીર વલોવી ઘૃત પ્રાપ્ત કરવા જેવુ છે ઓ કાફર રામરાજા ! થોડાજ વખતમા હુ વિજાપુરનો સમ્રાટ અલ્લી આદીલશાહ મારી તલવારથી તને ઠાર કરીશ, તારા દેહનો સહાર કરીશ, અને વિદ્યાપુરના તારા મહાલયમા વિહાર કરીશ. તારી સર્વ કીર્તિને ચીરી નાખીશ અને તારા મહાલયની રાણીઓને મારી બેગમ બનાવીશ રામરાજા ! મુસલમાનો તારા જેવા કાયર નથી તેઓ રણધીર, ગભીર અને શુરવીર છે તેમની તલવારો દુશ્મનોને મારવા સૃજાએલી છે મૃત્યુ તો અમારો ખેલ છે ધર્મને માટે રણમા પડી સ્વર્ગે જવાનુ સાચા મુસલમાન બચ્ચા છોડશે નહિ અને પોતાનો આત્મા અધર્મ માર્ગમા જોડશે નહિ, તારા જેવા વિધર્મીને તે કદી છોડશે નહિ અને હિદુઓનો વધ કરવાની પોતાની પ્રતિજ્ઞા તોડશે નહિ રામરાજા ! અમે થોડાજ સમયમા તારો અને તારા રાજ્યનો નાશ કરી આ મુસલમાની ધર્મનો જયજયકાર વર્તાવીશુ, મહારાષ્ટ્રમાથી તારા ધર્મનો ઉચ્છેદ કરીશુ અને સદાકાળ માટે અમારા રાજ્યની સ્થાપના કરીશુ તુ મહાન યોદ્ધો કહેવાય છે પણ જયારે આ નરકેસરીના હાથમાથી વિજય પ્રાપ્ત કરી શકે ત્યારેજ હું જાણીશ કે તુ સાચો શુરવીર છે ઓ શયતાન ! તું જો કે તારા મદિરોનો આવતી કાલેજ નાશ થાય છે અને તે પર અમારી ધ્વજા ફરકતી નીરખાય છે કે નહિ ”

આમ ઉભય નરેશોએ અન્યોન્ય પ્રતિકટાક્ષ કરી કહ્યુ સંધ્યાકાળ થયો પણ સગ્રામ અટક્યો નહિ અને રાત્રીએ બીજા પ્રહરે યુદ્ધ અટક્યુ રામ-રાજાના સૈન્યે એક એવુ આક્રમણ કર્યું કે વિજાપુરના સૈનીકોને પાછા હઠવાની ફરજ પડી રામરાજાનુ સૈન્ય આગળ ધસ્યુ પણ આગળ જતા કાટાની વાડનો એક એવો નાનો કોટ આવ્યો કે ત્યા અનિચ્છાએ રામરાજાને અટકવુ પડ્યુ. રાત્રીના સમયમા એ કટકકોટ ક્યા પર્યન્ત વિસ્તરેલો છે તે નિરખી શકાયુ નહિ એટલે વિધાપુરના સૈનીકો સશસ્ત્ર દશામા ત્યાજ સ્થભ્યા અફ્ઝલખાને સેનાપતિ અર્જુનદેવના નામથી તે સૈન્યમા એવી આજ્ઞા ફેલાવી દીધી કે જેથી તુગભદ્રાની પેલી પાર રણાગણમાથી એક લક્ષ સૈનીકો ઉપડી ગયા અને તેનુ સ્થાન અફ્ઝલખાને તુગભદ્રાની પેલી પાર રાખેલા પોતાના સૈન્યવડે લીધુ આ ઘટનાની રામચદ્રને માહીતી તો થઈ પણ યુદ્ધનો પ્રસગ હોવાથી તે કાઈ બોલી શક્યો નહિ અને આ કાર્ય અફઝલખાનની નિજ યુદ્ધવૃત્તિને આભારી ગણી તેણે તેનો પ્રતિકાર કર્યો નહિ તેની કુટિલતા શુન્નીર પણ ભોળા રામરાજાના હૃદયમા વસી શકી નહિ જરા જ। સૂર્યનો પ્રકાશ નીકળતા રામરાજાએ કટક કોટનો નાશ કરાવી સૈનીકોને આગળ વધવાની આજ્ઞા આપી. બન્ને સૈન્ય સાગરો સામ સામે ગોઠવાયા રામરાજાએ પોતાના પૂર્વ પશ્ચિમના સૈનીકોને ઉત્તર દિશાએ વધવાની આજ્ઞા આપી આ સ્થાન અત્યારે અફ્ઝલખાનના સૈનીકોથી પુરાએલુ હતું આ પ્રમાણે સૈન્ય વધતાજ રામરાજાએ પોતાના હરોવના સૈનીકોને યુદ્ધ કરતા ધીમે ધીમે પાછે પગલે હઠવાનો હુકમ આપ્યો આ પ્રમાણે થવાથી પ્રતિ પક્ષીઓનુ સૈન્ય પરાસ્ત થયુ છે ગણી વિજાપુરના સૈન્યે એક ગભીર આક્રમણ કર્યું. વિજાપુરના સૈન્યની દક્ષિણે પૂર્વે અને પશ્ચિમે રામરાજાનું

સૈન્ય હતુ ઉત્તર દિશાની હાર રોકી વિજાપુરી સૈન્યને પાછા હઠતા અટકાવવાનો રામરાજાનો પ્રયાસ હતો પણ સ્વામીદ્રોહી અફ્ઝલખાને રામરાજાની દક્ષિણે પોતાનુ સૈન્ય ઉપસ્થિત કરી રામરાજાને પાછો હઠતો અટકાવ્યો રામરાજાની પૂર્વે પશ્ચિમે અને દક્ષિણે અફ્ઝલખાનનુ સૈન્ય આવ્યુ અને ઉત્તર ભાગે બાદશાહના સૈનીકો હતા પળવારમા યુદ્ધનો રગ બદલાયો અને અફ્ઝલખાનના સૈન્યે રામરાજા તથા અર્જુનદેવ આદીના શરીરપર શસ્ત્રાસ્ત્ર સચાલન કરવાનો પ્રારભ કર્યો, આ દેખતાજ રામરાજાના ગાત્રા શિથીલ થઈ ગયા અને માત્ર અર્ધાજ કલાકમા રામરાજાના સઘળા સૈન્યનો નાશ થયો પ૬૭ સો સૈનીકોને કેદી બનાવી અફ્ઝલખાને રામરાજાને કેદ કર્યો તેને જોતાજ અલ્લી આદીલશાહે તેના શીરપર તલવાર ચલાવી પણ તેનો પ્રહાર થાય તે પહેલા અલ્લી આદીલશાહના દરબારમા નવીનજ આશ્રીત થએલા ગોવિંદે પોતાની સમશેર શાહપર એવી પ્રાણઘાતક રીતે વાપરી કે અલી આદીલશાહ બેશુદ્ધ થઈ પૃથ્વીપર ઢળી પડયો ગોવિદપર અસખ્ય સમશેરોના પ્રહાર થયા અને તેનો આત્મા પ્રભુને પથે પરવરી ગયો યુદ્ધ સમાપ્ત થયુ કે અફ્ઝલખાને જાનેજ સામે તીરે પડેલા સૈનીકોને અને સેનાધિપને જઇ ઉદ્દેશીને કહ્યુ કે 'વિજાપુરનો સપૂર્ણ પરાજય થયો છે માટે મહારાજા તમને શસ્ત્રાસ્ત્ર અત્રેજ છોડી બોલાવે છે"

ભોળા રજપુતોએ ચડાળ અફ્ઝલખાનની વાણી સત્ય માની પણ જેવા તેઓ સઘળા રણસગ્રામને સ્થળે ગયા કે તેમનાપર તિડોના ટોળા તૂટી પડયા અને એક પણ મનુષ્યને આયુષ્યવાન રાખ્યો નહિ યુદ્ધનો અત આવ્યો. દુર્ભાગી હિદુસ્થાનના કિર્તિધનરૂપ વિદ્યાપુરનુ પતન થયુ રણક્ષેત્રમા મુસલમીન પતાકા ઉડવા લાગી અફ્ઝલખાને રામરાજાને

ત્વરીતજ બદીવાનની દશામા વનવિહાર મોકલી દીધો, અને વિજાપુરના સવ ગૃધ સૈનીકોને નિષ્પ્રાણુ વિદ્યાપુરનુ માસ અને અસ્થિ ચુથવાની આજ્ઞા આપી આ વર્તમાન મળતાજ વિદ્યાપુર નિવાસીઓએ પોતાને હસ્તે સ્રીપુત્રોની કતલ કરી અને જમરી રસાકસી પછી પોતાનો પ્રાણુ છોડયો મહાલયમાની સવ રાજકુળની સ્રીઓએ સમિપના સરોવરમા જળ સમાધિ લીધી રાજગઢના રક્ષકોએ પ્રબળ યુદ્ધ પછી પ્રાણુ આપી રાજગઢ મુસલમાનોને સોપ્યો વિદ્યાપુરના રાજગઢમા એક પણુ મનુષ્ય જીવત દશામા મળી શકયો નહિ મુસલમાન સૈનીકોએ રાજગઢ હસ્તગત કર્યો કે ત્વરીતજ તેમણે રણુવાસનો માર્ગ લીધો પણુ તેમને હતાશ થઇ પાછા ફરવુ પડયુ બીજો ત્રાસ કરવા માટે વિદ્યાપુરનો દ્રવ્યકોપ પસદ કરવામા આવ્યો વિજાપુરના સૈનીકોએ સ્વચ્છદતાથી સવ કોપ લુટી લીધો અને બહાર આવી રાજમહાલયને આગ લગાડી, ગગનગામી રાજમહાલયની જ્વાળા આકાશમા વિહરવા લાગી અને ભારતની ભાવી પ્રજાને એક દિવસ આજ સ્થિતિ ભોગવવાની છે એની જાણે સૂચના ન આપતી હોય તેમ જણાવા લાગ્યુ વર્ષોની શિલ્પકળાથી શૃગારેલો અને અખુટ દ્રવ્ય ખરચી રચેલો મહાલય આમ પળવારમા નાશ પામ્યો વિદ્યાપુરના કુશળ ચિત્રકારોના અદ્દભુત કાર્યો ક્ષણુવારમા ધૂળ મળી ગયા જે સ્થળે સગીતના ગાનતાન થતા અને મહારાજા રામચદ્રદેવ રગરાગમા મહાલતા તે સ્થળ ગૃધ કે શ્વાનનુ વિશ્રામધામ થઇ પડયુ. પછી તેમની સમશેરોનો પ્રવાહ નગર નિવાસીઓના બગલાઓ ઉપર પડયો યથેચ્છ રીતે તેમણે સઘળુ ગામ પ્રજાળી નાખ્યુ અને વિદ્યાપુરનો—ભારતના એક પવિત્ર નગરનો અત આણ્યો. અતે નૃસિહ ભગવાનના મદિરો પણુ તેમની ક્રોધ જ્વાળામા ભસ્મિભૂત થયા નૃસિહ ભગવાનની પ્રતિમા તોડી

ફેંકી દેવામા આવી અને યજ્ઞકુંડો અપવિત્ર કરી ગૌમાતાના પુનિત રક્તનો ત્યા અભિષેક કરવામા આવ્યો ઉપરાંત શયતાનોચિત અત્યાચારો તેમણે કર્યાં. સઘળુ દ્રવ્ય લુંટી લીધુ પુન બીજે દિવસે પણ બાપદાદાથી ચાલતા આવેલા એજ ખાનદાન ધધામા પ્રવૃત્ત થયા અને નગરના નાના મોટા સઘળા ઘરો પ્રજાળી વિદ્યાપુરને વિરૂપ દશા આપવાના અતૂટ પ્રયત્નો કર્યા રામરાજાએ પોતાની કિર્તિ કાયમ રાખવા સુદર મહાલયો, કિર્તિ-સ્થમ્ભો ચણ્યા હતા પ્રલય રાક્ષસના પ્રચડ મુખમા તે સઘળાની આહુતી અપાઈ આ સ્થાને એક મોટુ વિશાળ નગર વસેનુ હશે કે કેમ એ પણ અજાણ્યા માનવોને માટે શકાનો વિષય થઇ પડયો ત્યા માત્ર એક સ્મશાનવત વિશાળ મેદાન દૃષ્ટિગોચર થવા લાગ્યુ આ સવ લૂટ લઈ સૈનીકો વિજાપુર પ્રસ્થાન કરી ગયા એક માસ પર્યન્ત પ્રજામા ઉત્સવ પાળવાની આજ્ઞા કરવામા આવી અને તે પ્રમાણે વિજેતા મનુષ્યો રગ-રાગમા એકતાન બન્યા ! શી મનુષ્યોની નિર્બળતા છે ? જેમ એક મનુષ્ય અથવા પ્રાણીનો નાશ થતા તેના આત્મીય વર્ગમા ક્લેશ અને શોક ઉદ્ભવે છે પણ ગૃધ્ર સમડી શિયાળ આદિ પ્રાણી પોતાનો જાણે દિપોત્સવી ઉત્સવ ન હોય તેમ આનદમા લીન થાય છે પોતાનાજ વર્ગના એક-પક્ષીનુ નિધન થયુ હોય તોપણ તેનુ માસ ભક્ષણ કરવામા તેઓ તત્પર બને છે. એવીજ દશા વિજાપુરમા પ્રવતતી હતી મનુષ્ય બધુને હણી તેમનુ એક પ્રકારનુ માસ ભક્ષણ કરવામાજ વિજેતાઓ પોતાની સર્વ શ્રેષ્ઠતા અને મહત્તા માનતા હતા શી માનવોની દુર્બળ દશા ? વસ્તુત વિદ્યાપુરનો વિનાશ થયો. અસ્તુ.

* * * * *

વનવિહારમા જે મહાલયમા રામચદ્રદેવ રહેતો અને નોકરોપર સત્તા ચલાવતો તે રામચદ્ર ત્યા આજ બદીવાન તરીકે પડયો હતો તેનુ મન શાકથી, આર્યધર્મના ભાવી નિધનથી, સ્વકુળના સત્યાનાશથી, આત્મીય સ્ત્રી વગના અનિષ્ટ કાલ્પનીક ચિતારથી અને પોતાની આવી દશાથી આકુળ વ્યાકુળ થઇ રહ્યુ હતુ તેના મનની સ્થિતિ દર્શાવવા લેખીની સામર્થ્યવાન નથીજ આ સમયે વનવિહારમા અફ્ઝલખાન, પ્રભાવતી, ગગા, અને અફ્ઝલખાને પોતાના મહાલયમાથી મોકલેલી અફ્ઝલખાનને વિજાપુર દ્રોહી બનાવનાર સ્ત્રી અને તેનો એક પુત્ર તથા રામરાજા એમ પાચ પ્રધાન વ્યક્તિઓ હતી પ્રભાવતી અને ગગા રામરાજા આવે તે પહેલા સમીપના દરગાહમા ગયા હતા મધ્યાન્હકાળે અફ્ઝલખાને પોતાના સરદારોને એકત્રિત કરી એક સ્થાને બેસાડયા અને બદીવાન રામરાજાને ત્યા આણવાની આજ્ઞા કરી

શોક કર ! રોઇલે ! ઓ વનવિહાર ! દુર્ભાગી વનવિહાર ! તારો રક્ષક આજ તારા સ્થાનમા નિર્ભયપણે મૃત્યને આવકાર દેવા આવે છે અહા ! શી ભાગ્યની કુરલીલા છે રામચદ્રને યવન સૈનીકો ધક્કા મારતા માર્ગમા પાડી નાખી લાતોના પ્રહારથી ઉઠાડતા અફ્ઝલખાન સમીપ લઇ આવ્યા. રામચદ્ર ક્રુદ્ધમુદ્રાએ આવીને ત્યા ઉપસ્થિત થયો થોડીવાર રહી અફ્ઝલખાને પ્રશ્ન કર્યો, "રામરાજા ! તે અનેક મુસલમાન સૈનીકોનો વધ કર્યો છે મુસલમાન ધર્મનો નાશ કરવા તારી સમશેર ઉપાડી છે છતા મુસલમાનો કાયમ છે બોલ ચડાલ ! તને શી શિક્ષા કરવી જોઇએ ?"

"શિક્ષા તે કોને હોય પતિવ્રતાને કે પાખડી વેશ્યાને ? એકવાર વિજાપુરના સ્વામીને ત્યાગનાર અને મારો આશ્રય લઇ મારા અન્નથી

પોષાઇ હુણુહરામી થનાર રાક્ષસ શિક્ષાને પાત્ર છે રામરાજા તો કેવળ નિર્દોષ છે તેને શિક્ષા શાની હોય ? આજ ભલે તુ વિજેતા છે તો મને તારી ઇચ્છામા આવે એવી શિક્ષાકર પણુ જો તારો ઇશ્વિર સાચો હશે, તારા ધર્મમા સત્યતાનો અશ સરખોયે વિઘમાન હશે તો કિરતારના દરબારમા શિક્ષા તો તને થશે ઓ પાતકી અને ઘાતકી બેઇમાન અફઝલખાન ! શુ મુખ લઇ તુ મને પ્રશ્ન કરે છે ! વિચાર કર, તારૂ રક્ષણુ કોણે કર્યુ ? તારી દેહને કોણે પોષી તેનેજ તુ આજે પુછે છે તને શુ શિક્ષા કરવી જોઇએ ? મારા સૈન્યમા અધિકારપદ પર રહી કાપટયથી મારો સર્વનાશ કરનારનેજ પ્રથમ તો શિક્ષા આપવાનો મારો અધિકાર છે ”

“મૃત્યુને માથે આવેલુ નિહાળી ભય ઉપસ્થિત થાય છે અને તેથી આ શબ્દો બોલાય છે તે અફઝલખાનથી બરાબર સમજાય છે પરતુ આવા શબ્દોથી તારો વધ કરવાનુ કાર્ય બાકી રહેશે નહિજ ચાલ તૈયાર થા, મરવાને તૈયાર થા, હવે તારો અતકાળ આવી રહ્યો છે, પણુ જો હજી તુ મુસલમાન ધમ ગૃહણુ કરશે અને વિજાપુરના બાદ-શાહનું વર્ચસ્વ સ્વિકારશે તો બાદશાહ તમને નાગરીક તરીકે નગરમા રહેવા દેશે. બોલ મૃત્યુ પસદ છે કે આયુષ્ય રાખવાનો અભિલાષ છે.”

“આકાશના ટુકડા થાય કે જગતને જગાડનાર ભાનુ નિષ્પ્રાણુ થાય, ચંદ્રમામાથી હળાહળ ઝેર વર્ષે કે સાગરનુ પાણી અમૃતવત મધુર થાય, પણુ રામરાજા પોતાની ટેક છોડવાનો નથી અને પોતાની દેહને પરધર્મમા જોડવાનો નથી તે મારૂ રાજ્ય લૂટી લીધુ, મારા પવિત્ર દેશનો વિનાશ કર્યો પણ હજીએ હુ વિઘાપુરનો મહારાજ છુ ; હિદુ ધમનો શિરતાજ

છુ ! વિધર્મિઓને હુ અત કરણ પૂર્વક ધિક્કાર છુ અને ધિક્કારતો રહીશ. મારી નસોમા આર્ય રક્ત વહે છે અને તેમા જે ચેતન્ય છે એ પ્રભુના તેજ છે. તે તેજ વિદ્યમાન છે ત્યા સુધી મને મારા ધર્મનું અભિમાન છે, મને હવે જીવવામા આનદ નથીજ મારે મૃત્યુજ જોઇએ છે"

"ગભરાવાનું શુ પ્રયોજન છે? તારે તે અવશ્ય મળશેજ પણ જો તને હવે જીવત રાખવામા આવે તો તુ શુ કરી શકે?"

"ચિરી નાખુ, તારા જેવા પાપીઓના કાળજાને ચિરી નાખુ. અસખ્ય મ્લેચ્છોને તમારી જીનતમા ધકેલી દઉ અને અનાર્ય ધર્મને આ દુનીયામાથી ઉખેડી નાખવા શક્ય તેવા સવ પ્રયત્નો સપૂર્ણ રીતે કરી તારી અને તારા ધર્મની પરિસમાપ્તી કરૂ તારા મહાલયોને બાળીને ભસ્મ કરૂ, તારા ધર્મ ગૃહો તોડાવી નાખુ અને દરગાહનો નાશ કરાવી જ્યા ત્યા મારા પવિત્ર ધર્મની ઘોષણા ગરજાવી દઉ એજ માત્ર મારા ભાવી જીવનનો કાર્યક્રમ રહેશે અને તેમ થયુ તો તુ અને તારો ધર્મ બે પ્રહરમા નિમુળ થશે. જ્યા સુધી મારા દેહમા પ્રાણ છે ત્યા પર્યન્ત કદી પણ હુ મુસલમાની ધર્મને સ્વિકારવાનો નથી, મારા ધમને માગ્વાનો નથી"

'ઠીક છે તો હુ જોઉં છુ કે કેવી રીત તુ મુસલમાન ધર્મનો સ્વિકાર નથી કરતો" અફ્ઝલખાને રામરાજાને કહ્યુ, અને પછી એક અનુચરને ઉદ્દેશી ફરમાવ્યુ 'જા એક ગાયને અહીં પકડી લાવ, અને તેને ચીરી એક જામ રૂધિરનો તૈયાર કર"

આ શબ્દો સાભળતાજ રામરાજાના શરીરમા અદ્રષ્ય કપનો આવિર્ભાવ થયો, તેણે અફ્ઝલખાનને ઉદ્દેશીને કહ્યુ, "અફ્ઝલખાન'

કોઈ વ્યક્તિનો ધર્મભગ બળાત્કારે કરવો એ યુક્ત નથી, તેમજ મનુ-ષ્યનુ ભુષણુ પણુ નથી, તમારે મારો વિનાશ કરવો હોય તો આનદ પૂર્વક કરો પણુ આવુ દુષ્ટ કાર્ય ન કરશો અફ્ઝલખાન ! અહીં તારા પર મે અસખ્ય ઉપકારો કર્યા છે તે જો તને યાદ હોય તો મારી આટલી વિનતીને માન આપી મને જે જોઇએ છે તે આપ–મને મૃત્યુ આપ–તારી તલવાર ચલાવ;'

"ગમરાજા ! બળાત્કારથી તારો ધર્મ ભગ કરવો કે નહિ તે મારી સત્તા પર અવલબેલુ છે તેના વિચારનો તને અવકાશ નથી પણુ તારો તો જરૂર ધર્મ ભાગવામા આવશેજ" અફ્ઝલખાને ઉત્તર દીધો

"ઠીક ત્યારે તે પહેલા હુ તને કહુ છુ તે સાભળ હુ તારો પિતા થાઉ છુ અને પ્રભાવતી એ તારી મા " રામરાજા આગળ બોલતો હતો આ વાક્યથી અફ્ઝલખાનની મુખરેખામા વિલક્ષણુ પરિ-વર્તન થયુ રામરાજાએ જે સ્ત્રીનો બુરખો ઉતારેલો હતો તે રાક્ષસિણી પણુ ત્યા બુરખો સાથે લઈ વિદ્યમાન હતી, આ પરિવર્તનથી રખેને રામ-રાજાનો વધ રહી જાય એમ જાણી ગમરાજાને બોલતો અટકાવી તેણે અફ્ઝલખાનને ઉદ્દેશી કહ્યુ, "આ પાપી પ્રપચ રચે છે એનો આજ પળે વધ કરો નહિ તો હુ મરૂ છુ" એમ કહી હસ્તમા કટાર લઈ તે ઉભી થઈ ગઇ


"આપણે એનુ કથન સાભળીએ તો શુ દોષ છે ?" અફ્ઝલખાને પૂછ્યુ.

"લ્યો હુજ ત્યારે મરૂ છુ" આટલોજ ઉચ્ચાર કરી તે રમણીએ પોતાનાજ કઠમા કટાર મારી પણુ તે વાગે તે પહેલા અફ્ઝલખાને તેને

બચાવી લીધી અફ્ઝલખાનનો હાથ ચિરાયો, તેજ ક્રોધમા તેણે રામરાજાનુ શીર અને ધડ જુદા કરી નાખ્યા અને તેના રક્તમા હાથ ભરી તે વડે અફ્ઝલખાને પેલી સ્ત્રીને-રાક્ષસીણીને બુરખો ઓઢાડયો બુરખાનુ મૂલ્ય વિદ્યાપુર અને વિજાપુરના લાખો મહારથીઓના મૃત્યુ જેટલુ અકાયુ! એ અમળાનુ હૃદય આત્મસંતોષથી હમવા લાગ્યુ ગયો! મહારાષ્ટ્રનો મહારથી મરાયો અને વિદ્યાપુરને વાસ્તવ વૈધવ્ય પ્રાપ્ત થયુ નુર-ઉન-નિસ્સા બુરખો ઓઢી મહાલયમા ચાલી ગઇ રામરાજાની ધર્મપત્નિ વિશ્વ મોહિની પણ અફ્ઝલખાનના હસ્તમા પકડાઈ હતી, અફ્ઝલખાને તેને એક વૃક્ષ સાથે ઉંધે મસ્તિકે લટકાવી નીચેથી ચિતા સળગાવી તેનો પ્રાણ લીધો, છતા જરાપણ ડર્યા વિના"આર્યતાની પરમમૂર્તિ, ગૌરવનો અપ્રતિમ અવતાર અને વિસ્તારની પ્રતિકૃતિરૂપ તે લલનાએ ધર્મને માટે મૃત્યુનો સહર્ષ સત્કાર કર્યો "અર્થાત વિશ્વમોહિની પણ અને બળીને ભસ્મ થઇ પડી થોડીક ક્ષણો ગઇ કે પ્રભાવતી અને ગગા પણ આવી પહોચ્યા પ્રભાવતીએ આ ભયભિત દ્રષ્ય નિહાળ્યુ અને અફ્ઝલખાનને તે સબંધમા પૂછ્યુ, અફઝલખાને સર્વકથા પ્રભાવતીને નીવેદન કરી પ્રભાવતીએ ક્ષણવાર શોકથી મુક્તતા ધારણ કરી અને પછી કહ્યુ "અફ્ઝલખાન! ઘણા વર્ષોથી,ઘણા યત્નોથી, હૃદયના ગુપ્તભાગમા છુપાવી રાખેલી કથા આજ પ્રકટ કરૂ છુ હુ ઘણા વર્ષ પૂર્વે રામરાજા સાથે ગુપ્તપણે પરણી હતી અને તેનાથીજ તુ અને તારી બ્હેન એમ બે સતાન જન્મ્યા હતા, તેમાથી તારી ભગિની કોઇ સ્થાને ગુમ થઈ છે પિતૃવધ કરી તે મહા અનર્થ કર્યો છે રામરાજા તારા એ પિતા થાય છે, અને તેનો વધ કરી તે મહાપાપ કર્યું છે પણ હવે તે મિથ્યા થનાર નથી વિદ્યાપુરનો સર્વનાશ થયો છે, તેમ ભવિષ્યમા વિધર્મીઓ મુસલમાનોના પણ ધર્મસ્થળનો નાશ કરશે. આજે હિદુઓ

રડે છે આવતી કાલે મુસલમાનો રડશે અને આપણા દેશની વૃથા હાની થશે. ધર્મ તો સર્વે સરખા છે દરેક ધર્મનુ કેન્દ્ર તો ઇશ્વર છે સાધ્યમાં ભિન્નતા નથી સાધનમાં ભિન્નતા હોય તે માટે લડવાનુ કે દ્વેષ-કલેશ કરવાનુ શુ પ્રયોજન છે? મુસલમાન અને હિંદુ બન્ને ધર્મો પવિત્ર છે અરસપરસ બળાત્કારથી જે હિંદુ અથવા મુસલમાન પ્રતિધર્મીઓને સ્વધર્માવલબી બનાવવા ફરમાવે છે કે પ્રયત્ન કરે છે તે નરપિશાચ-શયતાન-છે, બન્ને ધર્માવલબીઓ પોતાનો સત્યધર્મ વિસરી ગયા છે. તેનીજ વાસ્તવ જાગૃતી કરવાની અનિવાર્ય આવશ્યકતા છે આમ પરસ્પર કલેશ કરવાથી હિંદુ અને મુસલમાનો ઉભયની શક્તિઓ ક્ષીણ થશે તો દેશની મહાહાની થશે અને કોઇ નવીન ધર્માવલબીનું વર્ચસ્વ તમારા ઉપર પયોજાશે આજ જેમ મુસલમાનો હિંદુને અને હિંદુ મુસલમાનને પીડે છે તેમ બન્ને પ્રજા અન્ય ધર્માવલબીથી પીડા પામશે, ભારતવર્ષનું અધ પતન થશે અને મુસલમાન સઘળા નિર્વિયપુતળા પેરે વર્તશે આ આગામી દશા અટકાવવી હોય તો હિંદુ અને મુસલમાનોએ પરસ્પરના ધર્મ-કલહોનો નાશ કરવો જોઇએ અને પરસ્પર સ્હાયતાથી વર્તી કાળક્ષેપ કરવો જોઇએ. જો તેમ ન થાય તો અવદશા તમારા શીરપર અવસ્થ છે આજ જે મુસલમાનો હિંદુઓને જૂટી જૂટી રંગરાગમા મસ્તાન છે તેના પુત્રો રસ્તે ભિક્ષુક થઇ રવડશે અને મરશે માટે પુન મારો ઉપદેશ છે કે ધર્મકલહોને ભૂલી જાઓ, પણ તે થવાનુ નથીજ, કારણ કે હજી હિંદુ અને મુસલમાનોમા અખુટ શરીરબળ છે તેમને પરસ્પર યુદ્ધો કરવા દો જ્યારે તેઓ અરસપરસ એકમેકનો વધ કરતા થાકશે ત્યારેજ તેઓ શાંત થશે, ત્યારે આ ભૂતકાલીન દશા માટે પસ્તાશે, પણ હાલ આપણી પાસે એવી કોઈ અદ્ભુત શકિત નથી કે જે આ મહાસાગર

[ચિત્ર ૮ મુ   વિનાશાના વામા



‘આર્ટિસ્ટ ડેન’

“અફઝલખાને તે યુવતીને પૃથ્વીપર પટકી તેને પરલોક પથ ગામીની બનાવવા સમશેર ઉચકી

પ્રકરણ ૨૫ મુ]

જેવી વિશાળ જાતીને એકત્ર કરે પરંતુ અંતે તે થશે અને તે ન થાય ત્યાં સુધી કષ્ટ તો તમારા ભાગ્યમાં છેજ હવે મારે અધિક કાંઇ કથવાનું નથી મારી પણ જીભ ખેંચાય છે અને નયને અંધારા વળે છે અફ્ઝલખાન! એ બેવાર સ્વામીદ્રોહ કરી, વિશ્વાસઘાત કરી, તે પાપની પરાકાષ્ટા કરી છે" આટલું બોને છે એટલામાં તો વિદ્યાપુર વિનાશીની નુર-ઉન-નિસ્સા અફ્ઝલખાનની રક્ષિતામાળા આવી તેને વળગી પડી. પ્રભાવતીએ નુર-ઉન-નિસ્સાને તેના જીવનનો કાળ ક્યાં અને કેમ ગયો તે વાત પૂછી, પ્રત્યુત્તરમાં તેણે સઘળી રામરાજાના દરબારમાં બનેલી ઘટના કહી અને પોતે અફ્ઝલખાન સાથે ગુપ્તરીતે પરણી છે અને હાલ તેને પુત્ર થયો છે એમ પણ સ્પષ્ટ કર્યું પ્રભાવતીના આંખમાંથી અસ્ખલીત અશ્રુધારા વહેવા લાગી તેણે મંદમંદ સ્વરે કહ્યું, 'મહા અનર્થ થયો! અફ્ઝલખાન આ તારી સગી ભગિની અને મારી પુત્રી થાય છે. તમે બે ભાઇભગિની તે વરવધુ થયા મારી ગુમ થએલી પુત્રી અને રામરાજાથી અપમાનીત થએલી તેજ સ્ત્રી આ મારી કન્યા થાય હાય! કેવો કુટિલ યોગ! શી દૈવની દશા!

"માતા! માતા! મે અધમતાની પરાકાષ્ટા કરી મને ક્ષમા કરો" અફ્ઝલખાને સજળ નેત્રે કહ્યું, પણ તેનો પ્રતિઉત્તર મળે તે પહેલા વૃદ્ધ પ્રભાના પ્રાણ શોકથી અનુતાપથી સ્વર્ગે ગયા અફ્ઝલખાને તે યુવતીને પૃથ્વીપર પટકી તેને પરલોકપથગામીની બનાવવા સમશેર ઉચકી, અને ક્રોધપૂર્વક નુર-ઉન-નિસ્સાને કહ્યું "ઓ દુષ્ટા! તારાથીજ સઘળો અનર્થ થયો, પિતૃવધ પણ તે કરાવ્યો હાય! એમની મારાપર કેટલી મમતા!" તેના નયનો નીરથી ભરાઇ ગયા નુર-ઉન-નિસ્સા

પણ પોતાનો પિતા રામચન્દ્રદેવ છે એમ જાણી શોકીન થઇ, પરંતુ શોક વ્યક્ત કરે તે પહેલા એ અફ્‌ઝલખાનની સમશેરે તેને આ લોકનો પરિત્યાગ કરાવ્યો બીજો વધ પોતાના બાળપુત્રનો કર્યો અને એજ સમશેર અંતે પોતાના કંઠપર ચલાવી રાક્ષસ અફ્‌ઝલખાન સંસાર તજી ગયો. રહી બિચારી રોતી કકળતી વૃદ્ધા ગંગા તેણે ત્યાંની સરિતામાં પડતુ નાખી તેજ પળે પ્રાણ આપ્યો આમ પલકમાં રામરાજા, તેની સ્રી પ્રભાવતી, સાસુતુલ્ય વૃદ્ધ ગંગા, પુત્ર અફ્‌ઝલખાન, દુહિતા—નવીનયુગની પુત્રવધુ નુર–ઉન–નિસ્સા અને તેના બાળકનો અંત આવ્યો. આમ એક વિચિત્ર પરિવારનો શોકજનક અંત થયો રામરાજા અને તેના રાજ્યનું માત્ર સ્મરણ રહ્યું તેની કિર્તી ધૂળમા ભળી ગઇ. ત્યાંના અન્ય સરદારોએ તેમને ત્યાનીજ ભૂમિમાં દફનાવ્યા જે વનવિહાર રામરાજાને પ્રિય હતો ત્યાજ તે અને તેના પ્રિય પરિવાર સાથે દટાયો અર્જુનદેવ આદી સર્વ મરણ પામ્યા જે સૈનીકોને વિજાપુરના લશ્કરે પકડયા હતા તેને બાદશાહે અરધો ખાડો ખોદી દટાવ્યા અને પછી તે પર હાથીઓ દોડાવી તેમનો વધ કરાવ્યો વિદ્યાપુરનો આ ઇતિહાસ લખવાને પણ કોઇ સમર્થ વિદ્યાપુરવાસી વિદ્યમાન ન રહ્યો. રામરાજા ગયો પણ તેની પરમ ધર્મધારકતા, વિરતા, ધીરતા, અખૂટ શૌર્ય અને તેથી કિર્તિને મૂકતો ગયો જ્યાસુધી રામરાજાની ભાષા*

---

* રા. આપટેકૃત 'વજ્રાઘાત'મા રામરાજાને 'કર્ણાટકી' ભાષા બોલનાર જણાવ્યો છે, પણ એક સુસંકૃત ઇતિહાસજ્ઞ સદ્‌ગૃહસ્થનો એવો અભિપ્રાય છે કે રામરાજા મહારાષ્ટ્રી–મરાઠી કુળનો અને મરાઠી ભાષા બોલનારો હતો આ અભિપ્રાયને અનુસરીને તેનો અને તેની સલ્તનતનો

બોલનાર એકપણ મનુષ્ય જીવત હશે ત્યા પર્યન્ત રામરાજાની કિતિ શાશ્વત છે અને કિતિ છે ત્યા પર્યન્ત રામરાજા અમર છે અને તેથી મહારાષ્ટ્ર પણ અમર છે એમ અનતકાળ પર્યન્ત પોતાના ધીર અને વીર પુરૂષોની કિર્તીના પ્રતાપથી વિર ભૂમિ મહારાષ્ટ્ર ! અમર રહો ! અમર રહો !! અમર રહો !!!

ઉક્ત નવલકથામા ‘ મરાઠા ’ અને ‘ મહારાષ્ટ્ર ’ થી નિર્દેષ કરવામાં આવ્યો છે કેટલાક કારણોથી ઉપરોક્ત અભિપ્રાયજ વધારે સત્ય ઠરે છે

લેખક.



પ્રકરણ ૨૫ મું.

ઉપસંહાર.

પ્રસ્તુત નવલકથાનો પ્રારંભ મહારાજા કૃષ્ણદેવના રાજ્યકાળથી થાય છે અને મહારાજા રામદેવરાવના અંત સાથેજ તેનો પણ અંત આવે છે. એ કાલનું ઐતિહાસિક સત્ય અને સત્યાભાસ-પરિસ્થિતિ અનુસાર કાલ્પનીક કથા પ્રસંગનું સંમિશ્રણ તે આ ઉક્ત ઉપન્યાસ છે તેમાં સત્ય અને સત્યાભાસ કેટલા અંશમાં વિદ્યમાન છે તેનું પ્રસ્તાવનામાં યથાર્થ વિવેચન છે જેથી પાઠકો ઐતિહાસીક અજ્ઞાનમાં પ્રવેશ કરી શકે એમ નથી. પ્રસ્તુત કથના મૂખ્યપાત્રો રામરાજા કૃષ્ણદેવ અને રામરાજાનો વડિલ સહોદર અર્જુનદેવ અથવા તિરૂમલ્લરાય એ સત્ય ઐતિહાસીક પાત્રો હોઇ તેમનો જીવન વ્યવસાય ત્યાંજ પ્રવૃત્તિમાન થઇ કાળદેવતાની ભયંકર ગોદમાં વિશ્રામ લે છે પછી તેનું અવશેષ જીવન અન્યત્ર ઉદ્ભવવાનો શી આવશ્યકતા છે અવશેષ પાત્રો-કદાચ સત્ય પણ હોય અને તે કાળે આવા મનકલ્પિત વર્ણનના બનાવો બન્યા પણ હોય-પરંતુ તે પાત્રો ઐતિહાસિક કિંવા દંતકથાના આધાર વિના યોજેલા હોવાથી તેનો જીવન પરિચય ન આપી શકાય એમ છે, માટે માની લઇએ કે એ પાત્રોનો અંત યુદ્ધમંજ વિનાશ થયો વ્યંકટેશ્વરદ તે દેશગૌરવ વિઘાતક કામ કરી આદિલશાહને તખ્તારૂઢ કર્યો એ પણ ઘણે અંશે સત્ય ઘટના છે (રા આપટેકૃત 'વજ્રાઘાત'ના એક પ્રકરણપરથી એ સાબીત થાય છે) કૃષ્ણદેવ મહારાજા અને રામદેવ રાવ બન્ને વિરપુરૂષો હતા તેમનો સ્વભાવ દયાળુ છતાં રાજ્યસરક્ષણાર્થે આચરવા પડતા દયાહિન કાર્યો પણ તેમને હાથે સિદ્ધ થતા, તથા આર્યધર્મ અને આર્યતાના પ્રબળ રક્ષકો હતા. પ્રજાના કલ્યાણ

પર સપૂર્ણ લક્ષ આપતા અને લોકો પૈસે ટકે આબાદ હતા. એકલા વિદ્યાપુરના–વિજયનગરના સામ્રાજ્યમાજ મલીકટ જેવા ત્રણસો બદરો હતા. (જુઓ ઇલિયટ કૃત હિન્દનો ઇતિહાસ ભા ૪થો) આથી વિદ્યાપુરનો વિદેશ જોડે કેટલો વ્યાપાર વ્યવહાર હતો અને નાવિક-કળામા નગરવાસીઓ કેટલા પ્રવિણ હતા તેનો ખ્યાલ આવી શકે છે

જ્યારે પ્રસ્તુત સગ્રામમા રામરાજા હાર્યો ત્યારે તેના વારસો ૫૦૦ હાથીઓપર નગદ કચન લાદી રાજનગરમાથી ન્હાસી ગયા હતા (જુઓ sewell's The Forgatten Emperor) આથી એ સામ્રાજ્યની ધનાઢયતાનો પણ ખ્યાલ આવી શકે છે અત્યારે પણ વિજયનગરના પ્રાચીન ક્ષેત્રપર તેના ખડેરો અવલોકાય છે અને હૃદય ચિરાય છે જમીન ખોદતા ભવ્ય મકાનોના પાયા હાથ લાગે છે.

આવા અમૂલ્ય મહારાજ્યનો પૂર્ણ જેપાઉત અનાથ અબળાઓને ધર્મ-ભ્રષ્ટ કરી, મહાલયો–પુસ્તક મગ્રહાલયો અને નગરો બાળી મૂકી અને બાલ, યુવાન, વૃદ્ધોની કતલ કરવાનો ખાનદાન આબરૂદાર ધધો ચલાવી નિર્દયરીતે નાશ કરવા માટે વિજેતાઓ પ્રત્યે સ્વાભાવીક રીતેજ ઘૃણા ઉપજે છે અને નિશ્વાસ નિકળે છે કે હાય દૈવ ! ! !

પ્રસ્તુત સગ્રામસ્થાન તુગભદ્રાને તીર આવેલુ હતુ અને તે 'તાલિકોટા' ના નામથી પ્રખ્યાત હતુ પ્રસ્તુત તાલીકોટા હાલ જીર્ણ અને ખડેર દશામા છે પણ ત્યાથી ત્રીસ માઇલપર હાલનુ 'તાલિકોટા' નામે સાડા છ હજાર મનુષ્યોની વસ્તીવાળુ ગામ વિદ્યમાન છે રામરાજાના એક ભાઇએ યુદ્ધક્ષેત્રમાથી પલાયન કરી દક્ષિણમા ચદ્રગિરિમા પોતાનુ સ્વતત્ર રાજ્ય સ્થાપ્યુ હતુ અને તેની પાસેથી મદ્રાસની ભૂમિ વેચાતી લઇ આગ્લપ્રજા (અગ્રેજો) એ પોતાનો દ્રુમ ચલાવ્યો હતો. એ ચદ્રગિરિ

મદ્રાસના વાયવ્ય કોણમા સીત્તેર મૈલપર હતુ અને તે કાળે કરી તેનો પણ વિનાશ થયો. વસ્તુત વિજાપુરથી અનેકધા મ દિરો–મહાલયોથી ભરેલુ, મહાધનાઢ્ય નગર વિદ્યાપુર, વિદ્યાપુર સામ્રાજ્ય અને રામરાજાનો અત થયો ઇ. સ ૧૫૬૫. તત્પશ્ચાત અલ્પ અવસરમાજ અલી આદિલ-શાહ પણ મૃત્યુવશ થયો મુસલમાન કુળદિપક બેગમ ચાંદબીબી તે આજ અલીઆદિલશાહની પત્નિ હતી. વિજાપુરનુ રાજ્ય સ્વતત્ર રાજ્ય તરીકે ઇ. સ ૧૬૩૮ સુધી વિદ્યમાન રહ્યુ ઇ સ ૧૬૪૭મા મોગલ શહેનશાહ શાહજહાએ તેને માડલિક બનાવ્યુ, આર્યકુળ ઉદ્ધારક શુરવીર શિવાજીએ પણ તેને અનેક વેળા પરાસ્ત કર્યું અને અતે ઇ સ ૧૬૮૬મા ઔરગઝેબના પુત્ર આજીમે તેને ખાલસા કરી મોગલ મહારાજ્યમા નિયુક્ત કર્યુ

અવશેષ વિદ્યાપુરના માડલીકોની પણ એજ ગતિ થઇ અને કેટલાક નાના સસ્થાનો મોગલ મહારાજ્યમા શૃ ખલાબદ્ધ થઇ આયુષ્ય-વાન થઇ રહ્યા રામરાજાના વશજો તે ‘ પોલીગાર ’ કહેવાય છે, એ પોલિગારોનો મુખ્ય પોલીગાર આગળ જતા મૈસુરનો મહિપતિ થયો તેનોજ વશ આજ સુધી મૈસુરના તખ્તપર આરૂઢ છે વિદ્યાપુરના નાશ પછી ૧૨૧ વર્ષે વિજાપુરનો પણ નાશ થયો અર્થાત સત્તરમી શતાબ્દી સુધીમા તે બન્ને રાજ્યો વિનાશને પામ્યા, પરતુ જેમ વિજયનગરના રાજ્ય સાથે વિજયનગર પણ વિરગતિને પામ્યુ તેમ વિજાપુરના સબધમા થયુ નહિ તે શહેર અદ્યાપી પર્યન્ત એજ નામથી કાયમ છે, અને હાલ તે મુબાઇ ઇલાકામા ગણાય છે. પ્રસ્તુત સમયે વિજાપુરમા માત્ર પચ્ચીસ ત્રીસ હજાર મનુષ્યોની વસ્તી હોય

સમુદ્રથી પોણા બસો ફુટની ઉંચાઇએ તેના પ્રાચિનત્વની યાદ આપે છે સુલતાન મહમદનો રોજો અને તેનો ઘુમટ કે જેઓ ઘુમટ સકલ જગતમા નથી તે (આ ઘુમટનો વ્યાસ ૧૨૨ ફુટ, અંદરથી ઉંચાઇ ૧૭૫ ફુટ, બહારના ભાગથી ઉચાઇ ૧૯૮ ફુટ અને જાડાઇ ૧૦ ફુટ છે) તથા અન્યાન્ય મકાનો અવલોકનારને મુગ્ધ કરી નાખે છે એવા મકાનો અમદાવાદ સિવાય મુબાઇ ઇલાકામા અન્યત્ર એક પણ સ્થળે નથી. મદ્રાસ ઇલાકાના વાયવ્ય કોણમાં પ્રાચીન વિજયનગર વસેલુ હતુ તેની પાસેજ હાલમા એજ નામનુ ગામડુ વિધમાન છે, અને તેની પાસેજ અગ્નિ કોણમા વર્તમાનકાળનુ પ્રસિદ્ધ 'બલારી' શહેર દ્રષ્ટિએ પડે છે વાચક! એજ સોળમી સદીનુ અલ્પ ચિત્ર તે આ 'વિનાશીની વામા અથવા રામરાજાનો સર્વ નાશ.'

પાઠકગણ! તુ હિંદુ વા મુસલમાન ગમે તે હો, પરતુ નવલકથામા અન્યોઅન્ય પ્રતિ કરેલા કટાક્ષ ઇ સ ૧૫૬૫ના યુગના હતા. આ વિસમી સદીમા તેની ભ્રાંતિ પણ તારા મનમા ન લાવતો અને આનદથી લલકારતો રહેજે કેઃ—

" અમે વિર–ભારતના સતાન,
ભલે હો હિંદુ–મૂસલમાન . . . અમે
ક્ષુદ્ર ભેદ સૌ ભૂલી પરસ્પર, થઇશુ પ્રેમ નિધાન
એક દેશ આ હિંદ આપણો, ધરી તેનુ અભિમાન અમે .
દભ દ્વેશને તજી કરીશુ ઐક્ય સુધાનુ પાન ..
'ક્ષણિક' એક સ્વરેથી વદીએ, 'જય ભારત!' અમ પ્રાણ...અમે...

અને તે સાથેજ તારા ઇષ્ટદેવને સન્મુખ રાખી પ્રતિજ્ઞા કરી લે કે —

" પ્રમિત મુજ પ્રાણને સાટે,
કરીશ ઉદ્ધાર ભારતનો ' "

ओ३म शाति शाति शांति



" રાજા ભરથરી. "

છપાય છે　　　ચાર ચીત્રો સાથે　　　છપાય છે



આરંભ થયું નું સીનસ હાલ
કિંમત નવ આનાની ટીકીટો
મોકલી મંગાવી લ્યો

વધુ માટે વાંચો " રાજા ભરથરી "